અંતરનાં અજવાળાં

અંતરનાં અજવાળાં

- હરીશ વટાવવાળા

: પ્રકાશક :
એમ. એમ. સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

Antarna Ajwala (અંતરનાં અજવાળાં)
A Spiritual essays by Hareesh Vatavwala
Pub by : **M. M. Sahitya Prakashan**
Mahavir Marg - Anand

અંતરનાં અજવાળાં

હરીશ વટાવવાળા

મૂલ્ય : ૧૫૦-૦૦
નકલ : ૧૦૦૦
આવૃત્તિ : ૨૦૧૦

આવરણ
ગુર્જરી સાહિત્યાલય ડાકોર
ચરોતર સાહિત્યાલય નડિયાદ

પ્રકાશક
એમ. એમ. સાહિત્યપ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ આણંદ

મુદ્રક
અર્પણ પ્રિન્ટરી, આણંદ

VISIT…

LANZAROTE

Caliente.COM

અર્પણ

આત્મીય સ્વ. શ્રી જયપ્રકાશ દવે,
ભાઈશ્રી મનુભાઈ પટેલ (વાસદવાળા)
અને
ભાઈશ્રી સતીશ ડણાકને

જેવું જીવન તેવો જ અભિગમ.

જેમણે 'જલારામદીપ'માં આ આધ્યાત્મિક નિબંધોને
પ્રગટ કર્યા અને મારા જીવનનો અભિગમ બદલાઈ ગયો.
- હરીશ વટાવવાળા

હરીશ વટાવવાળાનું લેખન સર્જન

નવલકથા : ઓગળતી ભીનાશનાં મૃગજળ (૧૯૯૧)
ડૂમો (૨૦૦૩) અહીં આંસુ ત્યાં દર્પણ (૨૦૦૪)
આયનામાં એકલતા (૨૦૦૯)પછીત (૨૦૧૦)

કવિતા : સૂરજ ઊગવાની ક્ષણ (૧૯૮૩)
દર્પથી દર્પણ (૨૦૦૦) મોરપીંછ મંજીરા (૨૦૧૦)

જીવનલક્ષી : અશક્યને શક્ય બનાવો
(૨૦૦૬-૨૦૦૮-૨૦૧૦)
અંધકારમાં તેજકિરણ (૨૦૦૭)

બાળસાહિત્ય : વિક્રમ-વૈતાળની કિશોરકથાઓ
(૨૦૦૫-૨૦૦૮-૨૦૧૦)

વિવેચન : અંગત-સંગત (૨૦૦૩) અક્ષરનો ઉત્સવ (૨૦૦૪)
અનાગત (૨૦૦૯)

સંશોધન : ગઝલ : પરંપરા, પરિવર્તન અને પ્રયોગ (૨૦૦૫)

ચરિત્ર : અમીર નગરીનો ફકીર બાદશાહ :
ઈન્દુલાલ યાજ્ઞિક * (૨૦૧૦)

સંત ચરિત્ર : પરબ્રહ્મના ચરણમાં (૨૦૦૬)

સંત સત્સંગ : ઊંચી મેડી સંતની (૨૦૧૦) } મધ્યકાલીન સંતો
બ્રહ્મતેજનાં યાત્રીઓ (૨૦૧૦) } મધ્યકાલીન સંતો
પરમપદના પ્રવાસી (૨૦૧૦) } અર્વાચીન સંતો
સંગમતીર્થ સંતો (૨૦૧૦) } અર્વાચીન સંતો
કૃપાસિંધુ સંતો (૨૦૧૦) દલિતોદ્ધારક સંતો

આધ્યાત્મિક-	:	અંતરનાં અજવાળાં
નિબંધ		ચિંતન સૃષ્ટિ (૨૦૧૦)
		તત્ત્વનો ટકોરો (૨૦૧૦)
સંપાદન	:	વિશ્વકવિતા (૧૯૯૫)
		આંખ મીંચુ ત્યાં તમે યાદ આવ્યાં (૨૦૦૫)
		ધ્વનિ-પ્રતિધ્વનિ (૨૦૦૮)(કવિ ડાહ્યાભાઈ પટેલ 'દિનેશ'ની પ્રતિનિધિ ગઝલોના આસ્વાદ)
આસ્વાદ	:	ડૉ. મોહન પરમાર :
		વાર્તા આસ્વાદ અને અધ્યયન (૨૦૦૮)
સેલ્ફ-	:	કાર્યક્રમનું સંચાલન કેવી રીતે કરશો? *
ડેવલેપમેન્ટ		(૨૦૦૯-૨૦૦૯-૨૦૧૦-૨૦૧૦)

* આ નિશાનીવાળાં પુસ્તકો શિક્ષણ વિભાગ:ગુજરાત રાજ્ય દ્વારા **'વાંચે ગુજરાત'** યોજના હેઠળ પસંદગી પામેલ પુસ્તકો છે.

આ ક્ષણે...

આ ચિંતનાત્મક નિબંધો લખાયા તે પહેલાં મેં ક્યારેય આધ્યાત્મિક ચિંતન તરફ મન વાળ્યું નહોતું. એ તરફ મારી દૃષ્ટિ જ નહોતી પણ એ સંસ્કારનું મારામાં ક્યારેક ક્યારેક સિંચન થતું હતું. એની અનુભૂતિ પણ હું કરતો હતો. અંદરથી કશુંક તત્ત્વ મને ઢંઢોળતું હતું પણ તેને શબ્દબદ્ધ કરવાનું મારું ગજું નહોતું અને એ ભૂમિકાએ હું પહોંચ્યો નહોતો. હું સ્વત્વમાંથી જ બહાર આવી શકું તેમ ન હોતો. તેમાં મારી કાચી સમજણ હતી તેનો પણ હું સ્વીકાર કરું છું. એ સિંચનને ચિંતનમાં પરિવર્તન કરવા મેં ક્યારેય પ્રયત્ન કર્યા નહોતા.

પણ...

'જલારામદીપ' નામના 'જીવનલક્ષી સામયિકનાં પ્રથમ અંક જુલાઈ ૧૯૮૩ માં પ્રગટ થનાર હતો. ત્યાં ઓચિંતા જ મને 'શ્રીરામ પ્રકાશન'ના કાર્યાલયમાં બોલાવ્યો. ત્યાં સંયોજક અને 'શ્રીરામ પ્રકાશન'ના માલિકો એવા સ્વ. શ્રી જયપ્રકાશ દવે, શ્રી મનુભાઈ પટેલ (વાસદવાળા) અને 'જલારામદીપ'ના તંત્રીશ્રી સતીશ ડણાક બેઠા હતા. તેમણે મને 'ચિંતન'કોલમ લખવા માટે આગ્રહ કર્યો. હું મારી શક્તિઓને જાણતો હતો. હું એ પણ જાણતો હતો કે આ તો 'કીડી ઉપર કટક', એટલે કે હાથીના પગનું વજન હતું. હું એ ભાર કેમ કરીને વહન કરી શકીશ! એની પણ ચિંતા હતી. એટલે મેં વિનયપૂર્વક ના પાડી પણ ભાઈશ્રી સતીશ ડણાકના અતિઆગ્રહને કારણે મેં અંશતઃ હા પાડી અને કહ્યું પણ ખરું કે, " લખાશે તો લખીશ." એવી શરત પણ રજૂ કરી.

મારી 'ચિંતન'ની આ કોલમ 'જલારામદીપ' સામયિકના પ્રથમ અંકથી જ વાચકોમાં લોકપ્રિય બની. હવે તો ચિંતનાત્મક લેખો લખવાનું મારા માટે ફરજનો એક ભાગ થઈ ગયો. પછી તો આ સામયિક સંપૂર્ણ

રીતે ‘વાર્તા માસિક’બની ગયું. પણ સામયિકની સાત કોલમો આધ્યાત્મિક વિચારો પ્રકટ કરતી રહી. મારી આ ‘ચિંતન’ કોલમમાંથી કેટલાક લેખો તારવી-સારવીને અહીં આ ગ્રંથ ‘અંતરનાં અજવાળાં’ માં પ્રકટ કર્યા છે.

આ ચિંતનાત્મક નિબંધો લખતાં લખતાં મેં વેદો, ઉપનિષદો, શાસ્ત્રો, શ્રીમદ્ ભગવદ્ગીતા, ભાગવત અને આધ્યાત્મિક ગ્રંથોનો સઘન અભ્યાસ કરવાનો મોકો મળ્યો. જેની પ્રતીતિ અહીં પ્રકટ થયેલ લેખોમાંથી જરૂર ભાવકને થશે જ. શ્લોકોને આધારે મને જે અભિપ્રેત હતું તેને સ્વરૂપ આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. તેમાં હું પારંગત થયો છું કે સફળ થયો છું એવું કહેવાનો મારો લગીરે આશય નથી. ન જ હોઈ શકે પણ મારી જાતને આધ્યાત્મિક સ્તર સુધી લઈ જવાનો માત્ર આંશિક પ્રયત્ન માત્ર છે. હું તેમાં કેટલો સફળ-નિષ્ફળ તે તો ભાવકો જ નક્કી કરશે. પરંતુ મારી આ ‘ચિંતન’ની કોલમ વાચકોને ગમવા લાગી જેને કારણે ઈ.સ. ૧૯૮૩માં શરૂ થયેલી મારી આ આધ્યાત્મિક યાત્રા ૨૦૦૫ એટલે કે બાવીસ વર્ષ સુધી આ ‘ચિંતન’ની કોલમ દ્વારા ચાલુ રહી. મારી આ આધ્યાત્મિક યાત્રા દરમિયાન મારો જીવન પ્રત્યેનો અભિગમ પણ બદલાતો ગયો. હું સમજણો થયો. જીવન જીવવાની એક નૂતન રાહ મળી. એ મારા માટે જીવનની એક મોટી ઉપલબ્ધિ છે. મારી આ આધ્યાત્મિકયાત્રા અહીં અટકતી નથી, પણ ‘જલારામદીપ’સામયિકમાં ‘સંત ચરિત્રદર્શન’- અન્ય કોલમ સાથે - તે ચાલુ રહી. આ કોલમમાં આપણા પૂર્વસૂરી એવા આધ્યાત્મિક સંતોનાં જીવનચરિત્રનો તુલનાત્મક અભ્યાસ, તેમની જીવનરીતિઓ, કાર્યો, વિધિઓ અને સમાજને ઉન્નતભ્રૂ તરફ લઈ જવાની અને તેમની આધ્યાત્મિક ચેતનાને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. જેના પાંચ ગ્રંથો આ ગ્રંથની સાથે જ પ્રકટ થાય છે. એનો મને અનહદ આનંદ છે.

મને આધ્યાત્મિક ક્ષેત્રે વાળવા માટે આ મિત્રોનો ઓશિંગણ છું. તેમજ મારામાં રહેલી આધ્યાત્મિકતાને લોકપ્રત્યક્ષ કરવામાં **એમ.એમ.પ્રકાશન - આણંદ** ના સંવાહક મિત્ર એવા યાકુબભાઈ મલેકનો પણ આ ક્ષણે આભારી છું તેમના દ્વારા જ હું આપની સમક્ષ છું. આ ગ્રંથ ‘અંતરનાં અજવાળાં’ વિશે આપનો પ્રતિભાવ મને ગમશે.

- હરીશ વટાવવાળા

‘અક્ષરા’
એ/૬૦, વિષ્ણુકુંજ-૧,
રાજેશ ટાવરની પાછળ, ગોત્રી રોડ,
વડોદરા - ૩૯૦૦૨૩.
મો.નં. : 9574118369

અનુક્રમણિકા

૧. માધોજી તુમ પાંવ ધરન કો ઠેકાનો

ક્ષર અક્ષર અરુ અક્ષર પરકી,
સબહી સમજ ઉર લાવે;
સબ ગુન પૂરન પરમ વિવેકી,
ગુણ કો માન ન આવે.

– મુક્તાનંદ

ભારતીય ધાર્મિક પરંપરાએ સાહિત્ય,સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્ર વગેરે સર્વે કળાઓનો સદય-સમાદર કર્યો છે. ભગવાન શ્રી સહજાનંદસ્વામીની કળાપ્રીતિ તો અનુપમ છે. અનેક પ્રાતઃ સ્મરણીય મહામુક્તોએ શ્રીજી મહારાજની ચેષ્ટાઓ, લીલાઓ, શૃંગાર અને ઓળખ કરાવી છે. વિદ્યા અને કળાની ઉપાસના એ સ્વામિનારાયણ સંપ્રદાયનું આગવું અને ઓજસ્વી પ્રદાન છે.

આપણા ભક્તિ-સંગીતની પરંપરામાં ભક્તકવિઓનો ફાળો હમેશાં ગૌરવપ્રદ રહ્યો છે. શાસ્ત્રોના ગૂઢાર્થને એક માત્ર શબ્દ દ્વારા તેના પુદ્‌ગલના રંગોનો પરિચય ક્ષણમાં કરાવે છે. એનું કારણ છે, ભક્તના શબ્દની સરળતા સાથે સહૃદયતા ભળેલી હોય છે. ભક્તહૃદયમાંથી અહર્નિશ ઊઠતા ભણકારા ચિત્તની સપાટી પર ઝિલાય છે. તેને સર્જક પોતાનાં સર્જનોમાં

પ્રતિબિંબિત કરીને ઈશ્વરદત્ત શક્તિઓ દ્વારા ધર્મનું અને સમાજનું ઉર્ધ્વિકરણ કરે છે.

નંદપંક્તિના સંતોએ ધર્મ, વૈરાગ્ય અને ભક્તિનાં માહાત્મયસભર કીર્તનો સત્સંગને ભેટ ધર્યાં છે. તે પદોમાંથી સહજાનંદસ્વામીના સમયમાં પ્રકટ થયેલા અને સહજાનંદસ્વામીએ જેમને ભાગવતી દીક્ષા આપી છે તેવા સંતો દ્વારા 'અક્ષર' અને 'પુરૂષોત્તમ'ની ઓળખ કરાવતાં પદોનો આ લેખમાં ઉલ્લેખ કરેલ છે. આ પદોનું વારંવાર પઠન કરતાં તેમાં રહેલ રહસ્યોનું જેમ જેમ ઉદ્‌ઘાટન થાય છે. તેમ તેમ શ્રીજી મહારાજે સ્થાપેલ ગુણાતીત જ્ઞાનનું સાયુજ્ય વધે છે. અને પ્રકટની નજીકથી ઓળખ થાય છે. આ પદો શ્રીજીમહારાજની મૂર્તિનાં, ઉપદેશનાં, પ્રાપ્તિનાં, મહિમાનાં, ઉત્સવનાં, લીલાનાં, ચેષ્ટાનાં અને સંત-મહિમાનો સાક્ષાત્કાર કરાવી શ્રીજી મહારાજનો સંજીવની પ્રસાદ ભાવકને અર્પણ કરી દિવ્યભાવને પ્રકટ કરે છે. સંતોએ આવાં અનેક પદોની રચના કરી ગુજરાતી ભક્તિસાહિત્યને ન્યાલ કર્યું છે.

સર્વે અવતારના અવતારી એવા ભગવાન શ્રી સહજાનંદસ્વામીએ અમદાવાદમાં સાબરમતી નદીના પવિત્ર કિનારે નારાયણઘાટ ઉપર ૫૦૦ પરમહંસો કે જે તેમના અવતારની સાથે જ અક્ષરધામ સહિત લઈ આવ્યા હતા. તે સૌ પરમહંસોને એક જ દિવસે ભાગવતી દીક્ષા આપી.

એવા નંદપંક્તિના પરમહંસ સંતોએ શ્રીજીમહારાજની ગતિવિધિ ઉપર લખેલાં પદોમાં રહેલ દિવ્યભાવની પ્રતીતિ આજે પણ આપણને થાય છે. તે દિવ્યભાવ જ્યારે શબ્દ થઈને પ્રકટે છે ત્યારે 'અખિલ બ્રહ્માંડ'માં સર્વવ્યાપ્ત શ્રીહરિ પ્રકટ સ્વરૂપે ભક્તની, સંતની સાથે જ રહે છે. જૂજવેરૂપે

કે અનંતસ્વરૂપે નહિ, માત્ર એક જ શ્રીજીસ્વરૂપે !

સદા કરવો રે, હરિજનનો સંગ

દુર્લભ દર્શન સંતનાં...
જીરે સંત સભા મધ્યે શ્રી હરિ, સદા રહે છે રે,
વાલો અક્ષરનાથ, અડસઠ તીરથ જેના ચરણમાં;
એવા સંતથી રે, વેગે થઈએ સનાથ... દુર્લભ.

– મુક્તાનંદ

જેના ચરણમાં અડસઠ તીરથ છે એવા સંત મળવા મુશ્કેલ છે. એવા સંત એના જીવનમાં કોઈ એવી ક્ષણો અનુભવે છે કે જ્યારે તે વ્યાવહારિક જગતની પ્રપંચલીલા ભૂલી, નિજમાં નિમગ્ન રહીને આત્માના એકાન્તમાં પોતાના ને વિશ્વના અસ્તિત્વ વિશે ચિંતનમગ્ન બને છે. ત્યારે સંતના હૃદયમાંથી શબ્દ ભગવાનની સ્તુતિ બનીને પ્રગટ થાય છે અને જે ભક્ત/સંત ચિંતનશીલ રહે છે, તેનો શબ્દ પણ બળવત્તર થઈને પ્રકટે છે. પોતાના લોહીના લયમાં ઓતપ્રોત થઈને, રંગાઈને શ્રીજીના સ્વરૂપનું નખશિખ વર્ણન કરે છે. એમાં પોતાના અંતરનો આનંદ ઉમેરાય છે. એ આનંદના ઓઘમાં ભક્ત, સંત વ્યક્તિ વ્યક્તિ સાથે, સમાજ સાથે,સમગ્ર વિશ્વ સાથે અને 'અક્ષરધામના ધામી'ને એક સ્થાનમાં આવવાનો, સાથે રહેવાનો, સાથે ગતિ કરવાનો સાદ કરે છે અને નવા વિશ્વનું નિર્માણ કરી વૈશ્વિકચેતના જગાડે છે. આવા સિદ્ધાવસ્થાને પામેલા સંત તો –

– જીરે ત્રિભુવનની સંપત મળે
તોય ન તજે રે, અર્ધપળ હરિધ્યાન,
બ્રહ્મરૂપ થઈ હરિને ભજે;
એવા સંતને રે, કીચ કનક સમાન...

– મુક્તાનંદ

ભક્ત જેમ જેમ આત્મલક્ષી બને છે, તેમ તેમ તે ભગવાનની નજીક પહોંચીને પરકાયા પ્રવેશ કરી શકે છે. આત્મલક્ષી બનેલો ભક્ત ભગવાનમય થઈ જાય છે. તેની આંતરચેતનાને જાગ્રત કરી પોતાના ધ્વનિનો ગુંજારવ કરીને દિશાઓને વીંધી જાય છે. આવો ભક્ત પોતાનાં દાયિત્વોને પોતાના આંતરકોષના ખરલમાં ઘુંટીને જે શબ્દ આપે છે તેના હૃદયનો ધ્વનિ બનીને પ્રકટે છે. ત્યારે –

– આઠે પહોર આનંદ જેના અંગમાં
રમે ગોવિંદ એવા સંતના સંગમાં.

– પ્રેમસખી

જ્યારે ગોવિંદ આઠે પહોર સંતની સાથે રહે ત્યારે સંતને, ભક્તને તો અભય ક્ષણો જ પ્રાપ્ત થાય. કારણ કે એવા ભક્તનો, સંતનો યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) તથા ક્ષેમ (પ્રાપ્તિની રક્ષા) નો ભાર ઉઠાવનાર સ્વયં શ્રીજીમહારાજ છે. પછી તો એ ચિરંજીવક્ષણો આનંદનો અબ્ધિ બનીને ભક્તના હૃદયમાં ઉછાળા મારવા લાગે. આવા ભક્તની/સંતની સાથે ભગવાન પણ અહર્નિશ તેના લોહીના લયમાં સતત ધબક્યા કરે છે. એવા સંતને માટે શ્રીજી મહારાજ કહે છે :

– ભૂ કો ભાર હરું સંતન હિત,
કરું છાયા કર દોઈ;
જો મેરે સંતકું રતિ એક દૂવે,
તેહી જડ ડારું મેં ખોઈ...

– મુક્તાનંદ

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : 'જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કોઈ જગતમાં સુખદાયી નથી... સત્પુરૂષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તો પણ અતિ પવિત્ર થઈ જાય છે...' (ગઃ અં : વ : ૭) આ સત્પુરુષ તે 'ગુણાતીત રહી હરિગુણ ગાવત...'(બ્રહ્માનંદ). અહીં ગુણાતીતાનંદસ્વામીનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. આ સંદર્ભે મુક્તાનંદ સ્વામીનું આ પદ તપાસીએ.

– પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા,
ગીધ ગુણિકા કપિવૃંદ કોટી;
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે ભજી,
પ્રગટ ઉપાસના સૌથી મોટી

– મુક્તાનંદ

વર્તમાન કાળે ગુણાતીતજ્ઞાનના પ્રવર્તક પ્રગટ બ્રહ્મસ્વરૂપ વિશ્વવંદ્ય પ્રાતઃસ્મરણીય પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં શ્રીજી મહારાજ પ્રત્યક્ષ બિરાજમાન છે. તો એવા 'પ્રકટ'સંતની ઓળખ કરીને જીવ અને શિવનું સાયુજ્ય કરી લેવું... માટે જેમ પોતાના શરીરને વિશે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાનને ભગવાનના સંત વિશે આત્મબુદ્ધિ રાખવી જોઈએ અને

ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો જોઈએ...'(ગ : અં : વ :૭) એ માટે શ્રીજી મહારાજે મુક્તાનંદસ્વામીના શ્રીમુખે કહાવ્યું છે :

– નારદ મેરે સંતસે અધિક ન કોઈ...
મમ ઉર સંત અરૂ મેં સંતન ઉર,
વાસ કરું સ્થિર હોઈ...

– મુક્તાનંદ

ભગવાન સહજાનંદસ્વામી તેમના શ્રીમુખે કહે છે : '...જે ભગવાનના ચરણાવિંદ વિશે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.' (ગઃ અં : વ : ૭) આ ભગવાનનું ધામ તે કયું ?

શ્રીજી મહારાજે તેમના શ્રીમુખે કહેલા આ 'વચનામૃત'નું ચિંતન કરીએ તો સમજાય છે કે ભગવાન જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે, ત્યારે તે પોતાનું 'અક્ષરધામ' સાથે લઈને જ આવે છે. 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ.' (પ્રેમાનંદ). ભગવાન રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાનું 'અક્ષરધામ' સાથે લઈને જ અવતાર ધારણ કર્યો હતો. એ રીતે 'भक्तोऽसि मे सखा:' (શ્રીમદ્ ભગવદ્ગીતા : અ : ૪ : ૩) એમ કહી અર્જુનને પોતાનો મિત્ર અને ભક્ત કહીને સંબોધન કર્યું. એ રીતે પણ 'અક્ષરધામ'નું ભગવાને જ્ઞાન કરાવ્યું છે. પછી 'કાશીએ જઈને કરવત'મૂકાવવાની શી જરૂર ? જે ચરણોમાં અડસઠ તીરથ છે તેવા વર્તમાને જે પ્રકટ શ્રીજીસ્વરૂપ છે તેની જ ઓળખ કરી 'અક્ષર પુરુષોત્તમ'

ઉપાસના કરી લેવી તે 'છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'

આ અક્ષરધામ વિશે શ્રીજીમહારાજનાં મંતવ્યો સ્પષ્ટ અને નોંધપાત્ર છે : 'જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને, સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે, તે અક્ષરનાં બે સ્વરૂપ છે : (મૂર્ત-અમૂર્ત અથવા સાવયવ-નિરવયવ) એક તો નિરાકાર (નિરવયવ) એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મ મહોલ કહીએ અને એ અક્ષર બીજે (સાવયવ) રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.' (ગ : વ :૨૧) મુક્તાનંદસ્વામી પણ પરબ્રહ્મની ઓળખ કરાવતાં કહે છે :

– જી રે મહિમા મોટો છે મહંતનો,
જેને સેવે રે,
છૂટે માયાનું જાળ,
પ્રીત વધે પરબ્રહ્મમાં.

– મુક્તાનંદ

'છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે' એવું કહીને ભગવાનશ્રી સહજાનંદ સ્વામીએ તેમના રહેવાના ધામની ઓળખ કરાવી છે : 'ભગવાનનું સ્વરૂપ ભગવાનના ભક્તને અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ વાર્તા કરવી.' (ગઃપ્રઃવઃ૭૧) 'એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપપમાં અને અક્ષરધામને વિશે રહ્યા જે, ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે

અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે અને સર્વ કારણના પણ કારણ છે અને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (ગઃઅઃવઃ૩૮) એ પ્રકટની ઓળખ થતાં પ્રેમાનંદ સ્વામીએ ભાવવિભોર થઈને કહ્યું : હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ.

– પ્રેમાનંદ

"સંવત ૧૯૦૮ (ઈ.સ.૧૮૫૨)ના વૈશાખ વદી પડવાને દિવસે સ્વામીશ્રી ગોપાળાનંદસ્વામી સવારે જાજરૂ ગયા પછી પ્રાગજીભક્ત હાથ ધોવરાવતા હતા. પાસે જાગાભક્ત તથા શિવલાલભાઈ પણ ઊભા હતા. વડોદરાના હરિભક્તો બાપુ રાઈજી તથા પ્રેમાનંદ વગેરે સ્વામીશ્રીની રજા લેવા આવ્યા ત્યારે બાપુ રાઈજીએ કહ્યું : 'સ્વામી ! એકવાર વડોદરા સામી દૃષ્ટિ કરો.' સ્વામી હાથ ધોતાં ધોતાં બોલ્યા : 'હવે વડોદરા સામી દૃષ્ટિ ન હોય, હવે તો અક્ષરધામમાં જ્યાં મહારાજ બિરાજે છે ત્યાં દૃષ્ટિ હોય કાં જૂનાગઢમાં. જ્યાં જૂનાગઢના જોગી જે સાક્ષાત અક્ષરધામ છે ત્યાં દૃષ્ટિ હોય.'

બાપુ રઈજી તો આ વાતનો મર્મ સમજ્યા નહિ, એટલે રજા લઈ ચાલતા થયા. પણ પ્રાગજી ભક્ત, જાગાભક્ત તથા શિવલાલભાઈ ત્રણેયે મળીને સ્વામીને એકાંતમાં પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી ! આપે કહ્યું કે અક્ષરધામમાં મહારાજ સામી દૃષ્ટિ હોય તે તો સમજાયું પણ જૂનાગઢના જોગી સામી દૃષ્ટિ રાખવાનું કહ્યું તે સમજાયું નહિ. સ્વામીશ્રીએ કહ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢના જોગી તો મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. મહારાજ તેમનાથી અણુમાત્ર છેટા નથી.' આમ

કહી તેઓ સંવત ૧૯૦૮ (ઈસ.૧૮૫૨) ના વૈશાખ વદી ચોથને રવિવારે યોગકળાએ કરીને ગોપાળાનંદ સ્વામી દેહત્યાગ કરીને શ્રીજીની આજ્ઞાથી અક્ષરધામમાં ગયા." (બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત : પૃ:૨૧-૨૨)

ભગવાન શ્રીજીમહારાજ - 'જે હરિ અક્ષરબ્રહ્મ આધાર' છે તે 'અક્ષરબ્રહ્મ' છે અને અક્ષરધામના અધિપતિ છે. તેવા નંદપંક્તિના પરમહંસ સંતોને પણ 'મૂળ અક્ષરબ્રહ્મ' સ્વામી શ્રી ગુણાતીનંદસ્વામી છે. તેવી પ્રતીતિ થયેલ અને શ્રીજી મહારાજે પણ પોતાના અક્ષરધામની ઓળખ આપતાં કહ્યું છેઃ

मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते ।
भूयान्मंडत्र समानन्दो यतो धीमाडक्षरं समे ॥४९॥

(હરિલીલા કલ્પતરૂ સ્કં:૭અ:૧૭)

આ રીતે મૂળ અક્ષરબ્રહ્મ એ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદસ્વામી અક્ષરધામ સ્વરૂપે સત્સંગમાં પ્રકટ થયા. તેનો ઉલ્લેખ 'હરિલીલા કલ્પતરૂ'માં ધ્યાનાર્હ બને છે. મૂળજી શર્મા એ ગુણાતીતાનંદસ્વામીના પૂર્વાશ્રમનું નામ છે. એ સંપ્રદાયમાં સર્વવિદિત છે.

પ્રેમાનંદ સ્વામી પણ તેમનાં પદમાં અક્ષરની ઓળખ કરાવતાં કહે છે :

- અનંત કોટિ ઈન્દુ તરની સમ, અક્ષર તેજ પ્રકાશે હો;
તામહિ મુક્ત કોટિ મીલી સેવત, પદરજ પરમ ઉલ્લાસે હો...
ઐસે પરમ પુરુષ પરમેશ્વર, અક્ષરધામ કે ધામી હો;
માયા કાલ આદિ કે પ્રેરક, પ્રેમાનંદ કે સ્વામી હો...

શ્રીજીમહારાજ કહે છે : 'એ (નિરવયવ)અક્ષરધામને પામ્યાં જે ભક્ત તે પણ (સાવયવ) અક્ષરનાં સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે અને એ (નિરવયવ) અક્ષરધામને વિશે શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ તે સદા વિરાજમાન છે અને એ અક્ષરધામને વિશે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા છે એવા અનંત કોટિ મુક્ત રહ્યા છે, તે સર્વે પુરુષોત્તમના દાસ ભાવે - દયા સિન્ધુ જાની દાસ, બ્રહ્મપુર દીનો વાસ - વર્તે છે.' (ગ:પ્ર:વ:૨૧) એવા ભક્તોને શ્રીજી મહારાજ પોતાના ધામમાં લઈ જાય છે. પ્રેમાનંદસ્વામીએ તેની પ્રતીતિ કરાવતાં તેમના એક પદમાં કહ્યું છે :

- સહુ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.

શ્રીજી મહારાજ એ અદ્વિતીય સર્વસ્વસ્વરૂપ વિશ્વનિયંતા ભગવાન પોતે જ છે, જેનાં દર્શન માનવજાતિ માટે દુર્લભ છે, જેમનું સ્વરૂપ ચિન્મય છે, તેજોમય છે, રસઘનમૂર્તિ છે. જેમના સ્વરૂપની સ્મૃતિમાત્ર હૃદયાકાશે દિવ્યભાવની અનુભૂતિ કરાવે છે. જેમની દૃષ્ટિમાત્રથી જીવનું કલ્યાણ થઈ જાય છે. શ્રીજી મહારાજ તો સૌ સત્સંગીઓના હૃદયમાં ધબકતો લોહીનો લય છે, સર્વે અવતારના અવતારી વિભૂતિસ્વરૂપનું 'અક્ષરધામ' છે. તેની ગુણાતીતાનંદ સ્વામીને પ્રતીતિ થઈ જ હતી. સર્વે સત્સંગીઓને જ્ઞાત કરવા તેમણે અનેક પદોમાં એવો નિર્દેશ પણ કર્યો છે !

આવા દિવ્ય વિભૂતિસ્વરૂપને ચર્મચક્ષુથી એક માનવી તરીકે નહિ, પરંતુ આંતરચક્ષુથી એક ભગવાન સ્વરૂપે ચાક્ષુસ કરવાના છે. તો આ

વિભૂતિસ્વરૂ તે ક્યું ? એ પ્રશ્ન પણ સહેજે ઉદ્ભવે. તો શ્રીજીમહારાજે પ્રકટ બ્રહ્મસ્વરૂપ વિશે નિર્ગુણ-સગુણ બંને રૂપ ધારણ કરનાર ભગવાનનું મૂળ સ્વરૂપ કેવું હોય છે તેની સ્પષ્ટતા કરતાં કહે છે : 'પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે. એ જ ભગવાનનું સદાય મૂળસ્વરૂપ છે અને નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે.' (કાઃવઃ૮)

શ્રીજી મહારાજે કારિયાણીના ૮મા વચનામૃતમાં કહ્યું છે કે : 'પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે.' તો વર્તમાનકાળે 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' કોણ છે? તો શ્રીજીમહારાજ સ્થાપિત ગુણાતીતજ્ઞાનના પ્રવર્તક અનાદિ મહામુક્તરાજ શ્રી પ્રાગજીભક્ત, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને એ પરંપરાના 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' અને સહજાનંદ સ્વામીની ચેતનાને સાંગોપાંગ ધારણ કરનાર વચનામૃતના ગ:મ:૧૩માં શ્રીજી મહારાજે તેમના શ્રીમુખે કહ્યું છે તેવા : 'તેજને વિશે જે મૂર્તિ છે,તે જ આ મહારાજનું પ્રગટ સ્વરૂપ છે.' આ સ્વરૂપ આપણા અંતરાત્મામાં અખંડ રહેલા સહજાનંદસ્વામી અક્ષરધામનું સુખ 'છતી દેહે'જ અનુભવ કરાવે છે. એવા પ્રકટ બ્રહ્મસ્વરૂપ વિશ્વવંદ્ય વિભૂતિસ્વરૂપ પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સ્વયં 'નારાયણ સ્વરૂપ'છે. તેમના દર્શનમાત્રથી સુખની દિવ્ય અનુભૂતિ થાય છે. આવા વિભૂતિસ્વરૂપ સંત વગર પારદર્શક દિવ્યદૃષ્ટિ કોણ આપે ? આવા સંત સાથે પ્રીતિ બંધાયા પછી મુક્તિ માગવાનું મન જ ન થાય અને વૈકુંઠ પણ નાનું પડે !

મુક્તાનંદસ્વામીએ તેમના એક પદમાં કહ્યું છેઃ 'રાત્રી સમયની પાછળની ચાર ઘડીએ ઊઠીને ભગવાન શ્રીજીમહારાજનું સ્મરણ કરવું અને

'સ્વામિનારાયણ'મહામંત્રનો જાપ કરવો અને 'પ્રગટ પરબ્રહ્મ'નું ધ્યાન ધરવું.' તે અનુસાર સ્વામીશ્રી મૂળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદસ્વામીએ તેમના પદમાં કહ્યા અનુસાર : 'સ્મરણ કરતાં અનંતસુખ પ્રાપ્ત થાય અને દિવ્યવિભૂતિ સ્વરૂપ એવા શ્રીજીમહારાજનાં દર્શન થાય તો 'ફોગટનો ફેરો ટળી જાય!' આ 'પ્રગટ પરબ્રહ્મ' એટલે વર્તમાનકાળે 'અક્ષર પુરુષોત્તમ' ઉપાસના પ્રવર્તક સદ્ગુરૂવર્ય પ્રમુખસ્વામી મહારાજ. તો આ વર્તમાનકાળે આપણી વચ્ચે 'પ્રકટ'નું સુખ આપનાર સંત કેવા છે ? તે પ્રેમાનંદસ્વામી તેમના એક પદમાં ઓળખ કરાવે છે.

– એસે પરમપુરૂષ પરમેશ્વર,
અક્ષરધામ કે ધામી હો;
માયા કાલ આદિ કે પ્રેરક,
પ્રેમાનંદ કે સ્વામી હો....



૨. અક્ષર પુરુષોત્તમ ઉપાસના : તુલનાત્મક અભ્યાસ

अजोडपि सन्नव्ययात्मा भूतानामीश्वरोडपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्म मापया ॥

અર્થાત્ :

'હું અજન્મા, નિર્વિકાર સ્વરૂપ અને સર્વ પ્રાણીઓનો ઈશ્વર છું ; છતાં પોતાની પ્રકૃતિનો આશ્રય કરી પોતાની માયા વડે જન્મું છું.'

ભગવાન સ્વામિનારાયણે એક વાત બહુ જ સ્પષ્ટપણે કરી છે કે ભારતખંડમાં ભગવાન કે ભગવાનના સંત સદા વિચરતા જ હોય છે. જો વિચરતા હોય તો જ તેમના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે જ મુક્તિ થાય. '**ऋते ज्ञानान्न मुक्ति :** ।' ભગવાનને જન્મ નથી અને મૃત્યુ પણ નથી. તેઓ કહે છે : 'શ્રીકૃષ્ણ ભગવાનનો દેવકીજી થકી જે જન્મ તે તો કથન માત્ર છે.'(ગઃ પ્રઃ ૧ઃ ૬૪)

જે સંતને સારાનરસા પંચ વિષયોમાં તુલ્ય ભાવ થયો હોય, 'એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારના ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના

ઉદ્ધારને કરે છે (ગ : પ્ર : ૧ : ૨૭).'

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણજીએ કહ્યું તે પ્રમાણે શ્રીજી મહારાજ સ્વયં અવતારી પૂર્ણપરુષોત્તમ હોવા છતાં, અવતારની રીત પ્રમાણે ગુરુ તરીકે, આચાર્ય તરીકે, ઉપદેશક તરીકે, મુક્ત તરીકે અને શિષ્ય તરીકે પણ વર્ત્યા છે. તેનો હેતુ તો ફક્ત એક જ હતો કે જે રીતે પોતામાં હેત થાય, તે રીતે એને સ્વરૂપનું જ્ઞાન કરાવી પોતાના 'અક્ષરધામ'ની પ્રાપ્તિ કરાવવી હતી. એટલું જ નહિ, તેવો ભાવ બતાવીને મુમુક્ષુને, ભક્તને કે શિષ્યને પોતાના ગુરુ કે ઈષ્ટ દેવ પ્રતિ કેવો ભક્તિભાવ, નમ્રતા અને ખપ હોવાં જોઈએ તે દર્શાવ્યું છે.

ભગવાન જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે, ત્યારે તે પોતાનું 'અક્ષરધામ' સાથે લઈને જ આવે છે. ભગવાન રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણે પણ તેમનું 'અક્ષરધામ' સાથે લઈને જ અવતાર ધારણ કર્યો હતો. એ રીતે '**भक्तोडसि मे सखा**'(શ્રીમદ્ ભગવદ્ ગીતા : અ : ૪ : ૩) એમ કહીને અર્જુનને પોતાનો મિત્ર અને ભક્ત કહીને સંબોધન કર્યું છે. એ રીતે પણ 'અક્ષરધામ'નું ભગવાને જ્ઞાન કરાવ્યું છે.

આ 'અક્ષરધામ' વિશે શ્રીજી મહારાજનાં મંતવ્યો સ્પષ્ટ અને નોંધપાત્ર છે : 'જે અકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને, સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરનાં બે સ્વરૂપ છે : (મૂર્ત-અમૂર્ત અથવા સાવયવ-નિરવયવ) એક તો નિરાકાર (નિરવયવ) રસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજે (સાવયવ) રૂપે કરીને નારાયણની સેવામાં રહે છે.

એ (નિરવયવ) અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ (સાવયવ) અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે અને એ (નિરવયવ) અક્ષરધામને વિષે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ તે સદા વિરાજમાન છે અને એ અક્ષરધામને વિશે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટિ મુક્ત રહ્યા છે. તે સર્વે પુરુષોત્તમના દાસ ભાવે વર્તે છે.' (ગ:પ્ર:વ:૨૧)

'અક્ષર પુરુષોત્તમ' ઉપાસના પ્રવર્તાવવા માટે 'વચનામૃત'માં શ્રીજી મહારાજે સ્પષ્ટતા કરી છે. 'ભગવાનનું સ્વરૂપ ભગવાનના ભક્તને અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ વાર્તા કરવી.' (ગ:પ્ર:વ:૭૧) 'એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં અને અક્ષરધામને વિષે રહ્યા જે, ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી એ બે એક જ છે, અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે અને સર્વ કારણના પણ કારણ છે અને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે અને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (ગઃ અં : વ : ૩૮) 'જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાનને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી... સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તો પણ અતિ પવિત્ર થઈ જાય છે... માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાનને ભગવાનના સંત વિષે આત્મબુદ્ધિ રાખવી જોઈએ અને ભગવાનના ચરણાવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને ગમી રહ્યો છે.'(ગઃ અં : વ : ૭)

'છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.' તેમ કહીને ભગવાન સ્વામિનારાયણે 'પ્રકટ'ની ઉપાસના કરવાનું મહત્વ વધારી દીધું

છે. પોતે સ્વયમ્ દ્રષ્ટિથી જોયેલ અને અનુભવેલ તેમ જ શાસ્ત્રોમાં પણ જેનો ઉલ્લેખ થયેલ છે તે પાછા વળીને સદા હૃદયને વિશે જે આકાશ છે તેને વિષે વર્તે છે તે પાછી વળીને સદા હૃદયને વિષે અતિશય તેજ દેખાય છે... તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ છે. તે અતિ પ્રકાશમય છે... એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે. તેને આત્માનું તત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ.' (ગ : મ : વ : ૧૩)

એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીજી મહારાજ જે પોતાના ધામ સાથે જે અવિનાભાવે સંબંધે જોડાયેલા છે તે સ્પષ્ટપણે સમજાવે છે કે : 'વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તે જો જાણે તો જીવને સંસારને વિશે વૈરાગ્ય થાય અને ભગવાન વિશે ભક્તિ થાય છે અને જ્યારે એ સર્વે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે જે સર્વ જીવ છે તે તો પાયાને વિશે રહે છે અને જે ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના ધામમાં જાય છે... તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે, અખંડ છે.' (ગ : પ્ર : વ : ૧૨)

ભગવાને જે ધામનું જ્ઞાન પ્રવર્તાવ્યું છે તે 'અક્ષરધામ'વિશે વેદાદિક શાસ્ત્રોમાં જે અક્ષરનું સ્વરૂપ પડદા પાછળ ઢંકાયેલું રહ્યું છે. પ્રચ્છન્ન રહ્યું છે તેનું રહસ્યોદ્‌ઘાટન કરતાં શ્રીજી મહારાજે બહુ જ સ્પષ્ટપણે સમજાવ્યું છે કે : 'અક્ષર' એ પુરુષોત્તમનું રહેવાનું ધામ છે, તેમના અનાદિ સેવક છે અને મુક્તિ માટેનું પરમ દ્વાર છે.' એ અક્ષરની ઓળખ આપતાં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણએ તેમના શ્રીમુખે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે : 'क्षरः सर्वाणि भूतानी कुटस्थो उच्यते '(અ : ૧૫:૧૬)અર્થાત્ : આ લોકમાં ક્ષર-નાશવંત અને અક્ષર-અવિનાશ એવા બે પુરુષો છે. તેમાં સર્વભૂતો એ નાશવંત પુરુષ છે. તેમનામાં રહેલો જે અંતર્યામી (કૂટસ્થ) પુરુષ તે અક્ષર-અવિનાશી કહેવાય છે.

'પુરુષોત્તમ'નો મહિમા સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે :

यस्मात्क्षरमतीतोडहमक्षरादपि चोतमः ।

अतोडस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

(અ : ૧૫ : ૧૮)

અર્થાત્ :

'હું આ ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું; તેથી લોકમાં અને વેદમાં હું 'પુરુષોત્તમ' (એ નામથી) પ્રસિદ્ધ છું.'

આમ કહી તેઓ આગળ કરે છે : 'જે મનુષ્ય મોહ વિનાનો થઈ મને આ પ્રમાણે 'પુરુષોત્તમ'સ્વરૂપે જાણે છે, તે સર્વજ્ઞ હોઈ મને સર્વભાવથી ભજે છે.' (અ : ૧૫:૧૯)

શ્રીજી મહારાજ પણ 'પુરુષોત્તમ'ની ઓળખ કરાવતાં કહે છે : જે ભગવાન 'પુરુષોત્તમ' છે તે તો સદા સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે, અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવા જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે... સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે... ભગવાનનો આકાર છે. તે તો દિવ્ય છે પણ માયિક નથી. અંતર્યામીપણે કરીને જીવ-ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે, તો પણ જીવ-ઈશ્વર સર્વેને તેમનાં કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મના ફળને દેવા વિષે નચિંતાપણું છે ને આકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે, માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું (ગ : પ્ર : ૫ : ૪૫) 'પોતાના ધામને વિશે રહ્યા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અક્ષરપુરુષ રૂપે કરીને માયા વિશે ગર્ભ ધરતા હવા' (ગ : પ્ર : ૫ : ૧૨)

'વચનામૃતની તત્વ ચર્ચા' કરતાં સંપ્રદાયના વિદ્વાન સાહિત્ય સર્જક 'અક્ષરધામ'ના અધિકારી સ્વ. શ્રી હર્ષદરાય ત્રિ. દવે જણાવે છે કે :

'શાસ્ત્રકારોએ, આચાર્યોએ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ આ બંને શબ્દો પર્યાય શબ્દો છે. તેમ સમજાવ્યું છે.અર્થાત્ અક્ષરબ્રહ્મ એ જ પુરુષોત્તમ પરબ્રહ્મ! આ પ્રકારની સંદિગ્ધ સમજણથી, લખાણોથી, ભાષણોથી પણ આચાર્ય હજુ સુધી સમજી શક્યા જ નથી'. શામળદાસ કોલેજ, ભાવનગરના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ડૉ. પી.એમ.મોદી. તેમણે જર્મનીમાં કીલ યુનિવર્સિટીમાં આપેલ 'થીસીસ'- Akshar a forgotton Chapter in the history of indian philosophy – માં શંકર, રામાનુજ, ગાર્બ, ડૉ. ડ્યુરાન, બાર્નેટ અને હીલ. આ દરેકના અક્ષર ઉપરનાં મંતવ્યો કેટલાં અધૂરાં છે તે સમજાવતાં કહે છે : 'while the Indians feel at liberty to understand, in each case, the word in the sense in which it fits best in to their own philosophical Systems, the europeans snow a certain tendency towards giving the word as far as possible one consistant meaning, But it is clear that none of them, Indian or European has endeavoured to study the world in the light of previous and later texts, not even Denssen, who having translated sixty upanised and most of the philosophical texts of the MAHABHARAT, was best equiped for the study' સ્વામિનારાયણ સંત સાહિત્યઃ પૃ. ૫૦)

શ્રીજી મહારાજ લોયાના ૧૪મા વચનામૃતમાં કહે છે : '... રામાનુજસ્વામીએ જેવી રીતે ક્ષર અક્ષર થકી પર જે પુરૂષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે. તે પુરૂષોત્તમ ભગવાનને વિશે તો અમારે ઉપાસના છે.'

શંકરાચાર્યજી અને રામાનુજાચાર્યજી કરતાં પણ પાશ્ચાત્ય તત્વજ્ઞો 'અક્ષર' ને સમજવા કાંઈક વધુ નજીક આવી શક્યા છે તે એક આશ્ચર્ય છે! તેના કારણમાં ડૉ. પી. એમ.મોદી કહે છે કે ભારતીય આચાર્યોએ પોતે જે વાદ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત કે દ્વૈત-પ્રવર્તાવ્યા હોય તેના ચોકઠામાં જ 'અક્ષર'

શબ્દનો અર્થ બેસાડવા પ્રયત્ન કર્યો છે. તેમ ડૉ. મોદી પણ અક્ષરને તેના યથાર્થ સ્વરૂપમાં સમજી શક્યા નથી.

યુગ ચિંતક વિચારક અને મહાયોગી શ્રી અરવિંદ મહર્ષિ પણ આ ‘અક્ષર’ને તેના યથાર્થ સ્વરૂપમાં ઓળખી શક્યા નથી. તેમણે તેમના ‘Essays on the Geeta’ માં ક્યાંક અક્ષર સંબંધી સ્પ્ટતા કરી છે અને વળી પાછા અસ્પષ્ટતામાં ઊતરી ગયા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૮મા અધ્યાયમાં **‘यद क्षरं वेद विदो वदन्ति’** ને સમજાવતાં તેઓ લખે છે :

This Supreme soul (Akshar) is the immutable (અવિનાશી) self existent (અનાદિ) Brahmn of whome the Ved-knowers speak & this is that into which the doers of askesis enter when they have passed beyond the affications of the windly of moratality and for the desire of which they Practise the control of the bodily passions. That eternal reality is the highest step, place, foothold of being (**पदम्**) therefore it is the supereme goal of the soul's movement in ‘Time’ itself no movement but a status original (ફૂટસ્થ), sempitemel and supreme **‘परम स्थानम् आद्यम्’**! આ શબ્દો ઘણા અંશે ભગવાન સ્વામિનારાયણે અક્ષરનો જે અર્થ સમજાવ્યો છે તે સાથે બંધ બેસે છે. પરંતુ ફરી તેઓ કહે છે : ‘for the impersonal , the infinite, the one on which all the permanent, mutable multiple activity of the world finds above itself its base of permanence, security and peace is the immobile self, the Akshar, the Brahmn (ch. xiv p. ૧૬૬)

અહીં વળી પરમાત્માને અક્ષર અર્થાત્ બ્રહ્મ પણ કહ્યા છે. જ્યારે બીજા સ્થળે But the geeta is going to represent the Ishwara,

the purushottama as higher even than the skill and immutable Brahmn(p.૧૬૪) આવી તો ઘણી અસંગતિઓ છે. જ્યારે વચનામૃતમાં પુરુષોત્તમ-પરબ્રહ્મ કે અક્ષરનો જ્યાં જ્યાં ઉલ્લેખ છે ત્યાં તે સ્વરૂપો ખૂબ જ સ્પષ્ટપણે વર્ણવ્યાં છે. જેથી ગમે તે વાદના વિદ્વાનને તે બંને સ્વરૂપોના અર્થ તે પ્રમાણે જ ઘટાવવા પડે કોઈ જગ્યાએ અસ્પષ્ટ વાત નજરે પડશે જ નહિ.

‘અક્ષર-પુરુષોત્તમ’નું રહસ્ય તત્વ સહિત તો શ્રીજી મહારાજના સમયમાં પણ ઘણાને સમજાયું નહોતું. શ્રીજી મહારાજે પોતાનું સ્વરૂપ જેમ છે તેમ જણાવવામાં ખૂબ જ સંકોચ રાખ્યો. કારણ કે જે જીવોએ તેમને વિશે આચાર્યપણાનો, સાધુપણાનો, મોટાપુરુષપણાનો ભાવ નક્કી કર્યો હોય; તે આવી સ્વરૂપનિષ્ઠાની આકરી વાત સાંભળીને કદાચ ડગી જાય અને પરિણામે તેવા જીવો સત્સંગ પણ મૂકી દે આથી જે જે જીવો ઉપાસનાના સામાન્ય અને મધ્યવર્તી વિચારોમાં દૃઢ થયા હોય અને તે વિચાર શ્રેણી પ્રમાણે કોઈ રામને, કોઈ કૃષ્ણને, કોઈ શિવને, કોઈ સૂર્યને માનતા હોય તેમનું પ્રધાનપણું સાચવી તેમની ઉપાસનાનો તે મધ્યવર્તી વિચાર ન ખેસવતાં, ઉપાસનાનું તે તે સ્વરૂપ આજે પોતામાં પ્રત્યક્ષ છે, એમ શ્રીજી મહારાજે મનાવ્યું, ‘હું દેહ નહિ હું તો દેહથી નોખો ને સર્વને જાણનારો એવો જે આત્મા તે છું’ (ગ : પ્ર : ૧ : ૬૧)

આ બ્રહ્મ અને પરબ્રહ્મનો સનાતન સિદ્ધાંત તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણએ **‘ब्रह्म भूतः प्रसन्नात्मा’** અર્થાત્ : બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલ પ્રસન્નચિત્ત મનુષ્ય ૮અ : ૧૮ – ૫૪) છે.’ તેવું તેમના શ્રીમુખે કહ્યું છે : તેમજ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે પણ તેમના શ્રીમુખે કહ્યું છે : **‘निजात्मानं ब्रह्मरुपम्’** ‘હું દેહ નહિ, હું તો દેહથી નોખો ને સર્વેને જાણનારો એવો જે આત્મા તે છું ’ એવી જે આત્મનિષ્ઠા તે જ્યારે અતિશય દૃઢ હોય ત્યારે કોઈ રીતે કરીને ધીરજ ડગે નહિ. (ગ : પ્ર : ૧ :૬૧)

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ તેમના શ્રીમુખે કહ્યું છે : '**ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।**' (અ :૪ : ૧૧) અર્થાત્ : જેઓ જે પ્રકારે મારે શરણે આવે છે, તેમને તે જ પ્રકારે હું ભજું છું.

આવી સરળ રીતથી અને સૌ સૌની ઉપાસ્યમૂર્તિની ગૌણતા ન થતી હોવાથી શ્રીજી મહારાજના આ ઉપદેશમાં લોકોને પ્રતીતિ થઈ. પરંતુ આવી વિચાર શ્રેણીથી અર્થાત્ સર્વોપરી ઉપાસનાની સમજણના અભાવથી અક્ષરધામ તો ન જ પમાય. એટલે શ્રીજી મહારાજે ખૂબ જ વિચારપૂર્વક અને જીવો ઉપર દયા કરી પોતાનું સ્વરૂપ યથાર્થ સમજાય એટલા માટે અતિશય બીક રાખીને કહ્યું : 'ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી કઠણ છે. તે નિશ્ચયની વાર્તા અટપટી છે માટે કહેતાં બીક લાગે છે. જે શું જાણીએ, વાત કરીએ અને તેમાંથી કોઈને અવળું પડે ને તેણે જે પોતાના અંગની દ્રઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને તૂટી જાય તો તે મૂળગેથી જાય અને તે વાતો કર્યા વિના પણ ચાહતું નથી અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત જો સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહી છે.' (લોયા : ૧ : ૧૮) વળી, 'જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચયરૂપ ગર્ભ હોય તેને ભગવાનનું જે અક્ષરધામ તે રૂપ ફળની પ્રાપ્તિ થાય છે. માટે એવો ઉપાય કરવો જેણે કરીને એ ગર્ભને વિઘ્ન ન થાય અને બીજાને પણ એવી વાત કરવી. જેણે કરીને ભગવાનના નિશ્ચયરૂપ ગર્ભનો પાત ન થાય.' (ગ : મ : ૧ : ૧૦)

શ્રીજી મહારાજે તો પોતાના સર્વોપરી સ્વરૂપના પ્રવર્તન માટે સ્વામી શ્રીગોપાળાનંદ સ્વામીને ઉમરેઠમાં દર્શન દઈ કહ્યું : 'મારા સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય હવે સત્સંગમાં સૌને કરાવો.' 'હું દેહ નહિ, હું તો દેહથી નોખો ને સર્વને જાણનારો એવો જે આત્મા તે છું.' (ગ : પ્ર : ૧ : ૬૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ શ્રી

ગુણાતીતાનંદ સ્વામી એટલે અક્ષર અને પુરુષોત્તમ. શ્રીજી મહારાજનું ધામ તે 'અક્ષરધામ'. 'અક્ષર' એટલે અનંતકાળ સુધી અવિનાશી અને શાશ્વત. શ્રીમદ્ ભગવદ્ ગીતા (અ : ૮ : શ્લોક : ૧૧ અને ૩)માં ભગવાને કહ્યું છે : '**यद क्षरं, वेदविदो वदन्ति**'વેદવેત્તાઓ જેને અક્ષર – અવિનાશી કહે છે તે '**अक्षरं ब्रह्म परमं**'નાશરહિત શ્રેષ્ઠ તત્વ બ્રહ્મ છે.

આ બે 'અક્ષર અને પુરુષોત્તમ' સનાતન પરમ્ દિવ્ય સ્વરૂપોની સર્વોપરી ઉપાસના કરતાં પહેલાં એ બંને સ્વરૂપો 'અક્ષર' અને 'પુરુષોત્તમ' વિષે જે વિભાવના છે તેને સ્પષ્ટ કરવી જોઈએ. શ્રીજી મહારાજે તો 'વચનામૃત'માં ઠેકઠેકાણે તેમની જ્ઞાનવાર્તામાં 'અક્ષર' અને 'પુરુષોત્તમ' વિશે સત્સંગીઓ, સંતો, બ્રહ્મચારીઓ અને સંસારીઓમાં કોઈ જ શંકા ન રહે તેવી વાતો કરી છે.

ઉપનિષદોમાં પરમતત્ત્વે સાકાર (સગુણ)અને નિરાકાર (નિર્ગુણ) એમ ઉભય પ્રકારે વર્ણવ્યું છે.

अपाणिपादो जवनो ग्रहीता
पश्यत्य चक्षु : स शृणोत्यकर्णः ।

એ રીતે શ્વેતાશ્વેતરોપનિષદ (૩:૧૯)માં પરબ્રહ્મને હાથ, પગ અને આંખ, કાન રહિત – નિરાકાર વર્ણવ્યું છે.

જ્યારે –

अथ य एषोडन्तरावित्ये हिरणमयः पुरुषो दश्यते ।
हिरण्यश्मश्रु र्हिरण्यकेश आ प्रणखात् सर्व एव सुवर्णः ॥

એ છન્દોગ્ય ઉપનિષદ (૧:૬:૬:)ના મંત્રમાં પરમાત્માને સોનેરી દાઢીવાળા, સોનેરી વાળવાળા અને પગના નખ સુધી સોનેરી વર્ણવી તેમના સાકાર સ્વરૂપનું વર્ણન કર્યુ છે.

શ્રી શંકરાચાર્ય મહારાજે નિર્ગુણ સ્વરૂપને પ્રધાન ગણ્યું છે અને સગુણને માયાશબલિત કહીને ગૌણ માન્યું છે. રામાનુજ વગેર ભક્તિમાર્ગના

આચાર્યોને સાકાર સ્વરૂપ ઈષ્ટ છે. શ્રી વલ્લભાચાર્ય પરબ્રહ્મને વિરુદ્ધ સર્વધર્મોનો આશ્રય માની સર્વભવનસમર્થ કલ્પે છે.

તો આ પ્રકારના ભિન્ન ભિન્ન મતો ધરાવનારાઓમાં કોણ સાચા છે? એવા શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીજી મહારાજ કહે છે : 'જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે અને મહા તેજોમય મૂર્તિ છે.' (ગ : પ્ર : વ : ૪૫)

આ રીતે 'પ્રકટ'ની ઉપાસનાનું મહત્વ સમજાવતાં શ્રીજી મહારાજ કહે છે : 'સગુણ-નિર્ગુણ ભેદ તો અક્ષર વિશે છે' (ગ:મ:વ:૪૨) પુરૂષોત્તમને તો સગુણ ન કહેવાય અને નિર્ગુણ પણ ન કહેવાય. 'अणोरणीयानं महतो महीयान' (કઠોપનિષદ:૧:૨:૨૦) ને સરળ ભાષામાં સ્પષ્ટતા કરતાં તેઓશ્રી કહે છે : 'તે અક્ષર નિર્ગુણપણે તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મ સ્વરૂપે છે અને સગુણ સ્વરૂપે તો જેટલું મોટું પદાર્થ કહેવાય તે થકી પણ અતિશય મોટું છે.' (ગ:મ:વ:૪૨)

ભગવાન પોતાનું આ ઐશ્વર્ય કેવી રીતે પ્રકટ કરે છે તે શ્રીજી મહારાજ આકાશનું દૃષ્ટાંત આપી સરળ રીતે સમજાવે છે. જેમ વર્ષા ઋતુમાં આકાશમાં અસંખ્ય વાદળો ઊપજે છે અને પાછાં લીન થઈ જાય છે તેમ 'ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણ અને સગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રકટ કરીને પાછું પોતાને વિશે લીન કરે છે'. (કા:વ:૮)

પ્રકટ બ્રહ્મસ્વરૂપની ઉપાસના વિશે શ્રીજી મહારાજ નિર્ગુણ-સગુણ બંને રૂપ ધારણ કરનાર ભગવાનનું મૂળ સ્વરૂપ કેવું હોય છે તેની સ્પષ્ટતા કરતાં કહે છે : 'પ્રકટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે. એ જ ભગવાનનું સદાય મૂળસ્વરૂપ છે અને નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે.' (કા:વ:૮) શ્રીજી મહારાજ પોતાના સ્વરૂપને સમજાવતાં કહે છે : " 'જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જ, 'જે

અક્ષરરૂપ જે તેજ તેને વિશે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે''' (ગ:મ:વ:૧૩)

શ્રી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાય સકળ સંપ્રદાયો અને ધર્મોનું ગૌરવ કરે છે. બીજે સંપ્રદાયો કે ધર્મોના ભોગે એણે પોતાનો પ્રચાર ઈચ્છ્યો નથી, પણ પોતાને સમજાયું છે તેમાં ભારોભાર દૃઢતા દાખવી છે.

શ્રીજી મહારાજે પ્રકટની ઉપાસના પ્રબોધી હતી : '... ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ, એ સર્વ અવતાર નારાયણના છે, તો પણ એ અવતારમાં ઋષભદેવજી બહુ ગમે તથા તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બે સરખા જણાય છે. અને એ ત્રણે અવતાર કરતાં કોટિ ઘણું શ્રીકૃષ્ણને વિશે અમારે હેત છે અને એમ જાણીએ છીએ જે 'બીજા સર્વે અવતાર કરતાં આ અવતાર બહુ મોટો થયો ને બહુ સમર્થ છે અને એમાં અવતાર અવતારી એવો ભેદ નથી જણાતો અને બીજા જે મત્સ્ય – કાચ્છાદિક ભગવાનના અવતાર છે, પણ તેમાં અતિ રૂચિ નથી અને આવી રીતે તો અમારે ઉપાસના છે જે, સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધો-ઊર્ધ્વ તથા ચારેકોર પ્રમાણે રહિત છે ને અનંત છે. અને તે તેજના સમૂહના મધ્યભાગને વિશે એક મોટું સિંહાસન છે તે તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરૂષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારેકોરે અનંત કોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે, એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ (લોયા : ૧ :૧૪)*



*અહીં ભગવાન સહજાનંદસ્વામીએ પ્રબોધેલ વચનામૃતની ભાષા જેમની તેમ મૂળભાષા રાખેલ છે.

૩. પ્રેમ અને મૃત્યુ

પ્રેમ અને મૃત્યુ એ એક જ સિક્કાની બે બાજુ છે, એક જ ઘટનાનાં બે નામ છે. એક જ વસ્તુને જોવા માટે બે દૃષ્ટિ છે. આ સમજવું ઘણું મુશ્કેલ છે. કારણ કે આપણે મૃત્યુથી બચવાનો અને પ્રેમને શરણે થવાનો પ્રયત્ન કરીએ છીએ. મૃત્યુથી બચવા માટે પ્રેમની સુરક્ષા માગીએ છીએ. પરંતુ પ્રેમ એ મૃત્યુનું જ રૂપ છે. મૃત્યુ તો પ્રેમનો ખોળો છે. એટલે જ આપણા જીવનમાં પ્રેમની વધુ આવશ્યકતા છે.

આપણે પ્રેમની ઉપાસના કરીએ છીએ અને ડર પણ અનુભવીએ છીએ. જરા ઊંડું ચિંતન કરીએ તો પ્રતીતિ થાય છે કે પ્રેમ ભય પમાડે છે. એટલે જ આપણે પ્રેમથી ડરીએ છીએ. પ્રેમમાં ખતરો છે, કારણ કે પ્રેમમાં સ્વનું સમર્પણ કરવું પડે છે. પોતાનામાંથી જાતને છૂટી પાડવાની છે. સ્વ મટીને સમષ્ટિના થવું પડે છે અને જે પહેલાં આપણે હતા તે રહેતા નથી. અસ્મિતા ઓગળી જાય છે. બળીને રાખ થઈ જાય છે. એ રાખમાંથી પુષ્પ ખીલે છે. એટલે જ ભય અને ડર લાગે છે.

આપણે પ્રેમનાં ગીત ગાઈએ છીએ, પ્રેમની વાતો કરીએ છીએ, પ્રેમની વાર્તાઓ વાંચીએ છીએ / કહીએ છીએ. આ બધી રીતો પ્રેમથી બચવા માટેની છે.

પ્રેમ એક એવી ઘટના છે. જે પરમાત્માના હાથની વાત છે. આપણા હાથની વાત નથી. ત્રણ ઘટનાઓ પરમાત્માના હાથમાં છે : જન્મ, મૃત્યુ અને પ્રેમ. બાકીની જે કોઈ ઘટનાઓ બને છે તેનું કોઈ જ મૂલ્ય નથી. જીવનનું સર્વસ્વ પરમાત્માના હાથમાં છે. પરમાત્મા એટલે સમષ્ટિ. જે વ્યક્તિના હાથમાં નથી.

પ્રેમ એ જન્મ અને મૃત્યુનો એક ભાગ છે. પ્રેમ મૃત્યુ છે અને જન્મ પણ. જૂનું **(Old)** મૃત્યુ પામે છે. નવાનો આવિર્ભાવ થાય છે. અહંકાર ઓગળે છે. આત્માનો આવિર્ભાવ થાય છે. દુનિયામાં કેટલા બધા પ્રેમ કરે છે ? પરંતુ તેમાં સુગંધ ક્યાં છે? જીવન તો દુર્ગંધથી ભરેલું છે. ઘૃણા, યુદ્ધ, રક્તપાત, કલહ અને વૈમનસ્યોથી વ્યાપ્ત છે. આપણે જે પ્રેમનાં ગીત ગાઈએ છીએ તે તો માત્ર ભ્રમણા છે. જીવનમાં જે નથી મળ્યું તેનાં ગીત ગાઈ મનને મનાવી લઈએ છીએ.

પ્રેમમાં અસ્તિત્વ ઓગળી જાય છે. જે રીતે મૃત્યુમાં. પરંતુ પ્રેમમાં તો એથીયે વિશેષ પ્રમાણમાં ઓગળી જાય છે. કારણ કે મૃત્યુમાં તો શરીરનો નાશ થાય છે. મનના અહંકારનો નહિ. ફરીથી નવો જન્મ પામે છે. અને અહંકારની નવી યાત્રા શરૂ થાય છે. મૃત્યુમાં તો માત્ર વસ્ત્રો જ બદલાય છે.

પ્રેમ એ મૃત્યુથી પણ સર્વોપરી છે. શરીર રહે છે. અહંકાર ઓગળી જાય છે. મન બદલાઈ જાય છે અને કંઈક નવાનો જન્મ થાય છે. જે આપણામાંથી અપરિચિત છે. જેની પહેલાં ક્યારેય ઓળખાણ થઈ નહોતી. કોઈ બીજું જ તત્ત્વ આપણી અંદર બેઠક લઈ લે છે. ક્ષણ પહેલાં અને ક્ષણ પછી જમીન-આસમાનનો ફેર પડી જાય છે. આંખોમાં એક અદ્‌ભુત

ઊર્જાનો પ્રકાશ ફેલાઈ જાય છે. પગમાં નૃત્યની ગતિ આવે છે. હૃદયમાં ગીતનું ગુંજન વિસ્તરે છે. ક્ષણ પહેલાં જ્યાં રણ હતું ત્યાં અસંખ્ય કમળ ખીલી ઊઠે છે. આ બધું માત્ર એક ક્ષણમાં જ ઉદ્ભવે છે. આ ક્રાંતિ છે. આ એટલી મોટી ક્રાંતિ છે કે આપણે ગભરાઈ જઈએ છીએ કે આ શું થયું ? એવી ભ્રાંતિ થાય છે આ એટલું મોટું રૂપાંતર છે કે આપણે ગભરાઈ જઈએ છીએ. એક વિસ્ફોટ થાય છે.

પ્રેમમાં જે આત્મસમર્પણ કરે છે તે પરમાત્માથી વધુ નજીક છે. પ્રેમ ભક્તિ છે અને ભક્તિનો આધાર પ્રેમ છે. પ્રેમ અને ભક્તિ અવિનાભાવી સંબંધે જોડાયેલાં છે. જો જીવનમાં બધા જ દરવાજા ખોલીને પ્રેમનું આગમન થયું તો તેની પાછળ પાછળ પરમાત્માનો પદધ્વનિ જરૂર સંભળાય છે.

પ્રેમને માટે, ભક્તિ માટે આપણે મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારાની શોધ કરતા ફરીએ છીએ. કારણ કે આપણે પ્રેમને સમજી શક્યા નથી. એટલે જ આપણને મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા બંધાવીએ છીએ. આ બધાં તો પ્રતીકો છે; પરંતુ પ્રેમ એ સાક્ષાત મંદિર છે, મસ્જિદ છે, ગુરૂદ્વારા છે, બાકી બધું વ્યર્થ છે. મનને સમજાવવાની ભ્રમણા છે.

પ્રેમ અગ્નિ છે. પીડા છે અને આનંદ પણ છે. પ્રેમ મૃત્યુ છે. એક છેડે મૃત્યુ છે તો બીજે છેડે જીવન છે. એક છેડે રાત્રી છે, અંધારૂ છે. બીજે છેડે દિવસ છે, ઉજાસ છે.

પ્રેમ માટે ચિંતન કરવું નકામું છે. મનના બધા જ દરવાજા ખોલી દો. ભય કોનાથી પામવાનું છે. આ શરીર તો નાશવંત છે. આપણે બચાવવા લાખ પ્રયત્ન કરીશું તો પણ નાશ પામનાર છે. મૃત્યુ આપણા બારણે ટકોરા

મારે તે પહેલાં બધું જ વહેંચી દો. પ્રેમને આમંત્રણ આપો. પછી મૃત્યુ આવતું નથી.

પ્રેમમાં મૃત્યુ છે અને પ્રેમમાં જ અમૃત પણ છે. પ્રેમથી જાણી શકાય છે કે આપણી અંદર કંઈક છે. મૃત્યુ છે જ નહિ. મૃત્યુથી જ અમૃતની અનુભૂતિ થાય છે. જે ખરાબ છે તે બળી જાય છે. સોનું બચી જાય છે. જેનું મૃત્યુ નિશ્ચિત છે તે મરી જાય છે. જે અવિનાશી છે તે બચી જાય છે, તેનો સાક્ષાત્કાર થાય છે.

વ્યક્તિએ પોતાના ભય આધારે પ્રતીક શોધ્યાં છે. એટલે જ લોકો પ્રેમને મૃત્યુ સાથેનો સંબંધ જોડતા નથી. કારણ કે મૃત્યુથી આપણે ભય પામીએ છીએ અને પ્રેમ સાથે સંબંધ જોડીએ છીએ, દોસ્તીનો હાથ લંબાવીએ છીએ. પરંતુ રજનીશના મતે તો : 'જે પ્રેમ સાથે સંબંધ જોડે છે. તે મૃત્યુ સાથે પણ સંબંધ જોડે છે, કારણ કે જેને પ્રેમની ઓળખ છે તે મૃત્યુ સાથે પણ દોસ્તી કરે છે. જેણે પ્રેમને જાણ્યો છે એણે મૃત્યુનું સુખ પણ જાણ્યું છે. કારણ કે મૃત્યુમાં જ અમૃતનો આવિર્ભાવ થાય છે.' (ભક્તિસૂત્ર)

આપણે મૃત્યુથી ડરીએ છીએ. એટલે જ પ્રેમથી ડરીએ છીએ. આપણું ચિંતન ભયને પ્રતિબિંબિત કરે છે. શાસ્ત્રોમાં લખ્યું છે : 'પરમાત્મા પ્રકાશ છે.' માણસ અંધારાથી ડરે છે. પરમાત્મા તો પ્રકાશ છે અને અંધારું બને છે. નહિ તો અંધારું કઈ રીતે મળે ? બધાં શાસ્ત્રો : ઉપનિષદ, વેદ, કુરાન પરમાત્માપ્રકાશ છે તેમ કહે છે. તો પછી અંધારૂ કે રાત કોની ? રાતનો રાજા કોણ ? અંધારાનો માલિક કોણ ? અંધારાનું સામ્રાજ્ય કોનું છે ? એનો એક જ જવાબ છે : માત્ર પરમાત્મા છે. પરમાત્મા ખુદ અંધારામાં રહે છે. ભયને કારણે આપણે અંધારાથી ડરીએ છીએ.

ડરને કારણે પરમાત્માને બે ભાગમાં વહેંચી દીધો છે. ભય આપણને જ નહિ. પરમાત્માને પણ બે ભાગમાં વહેંચી દે છે. અંધારુ ભય ઉત્પન્ન કરે છે. આ ભયને કારણે જીવનમાં ઘણાં રહસ્યોને આપણે પામી શકતા નથી. તેનું કારણ છે : ઘણાં રહસ્યો અંધારામાં છુપાયેલાં છે. આપણે શાંતિ અનુભવતા નથી. કારણ કે શાંતિનો સ્વભાવ અંધારા જેવો છે. પ્રકાશ જેવો નથી.

શાંતિ સમાધિ છે, આરામ છે, વિરામસ્થળ છે. પંતજલિએ કહ્યું છે : 'શાંતિ નિદ્રા જેવી છે.' તેથી નક્કી થાય છે કે શાંતિ અંધારા જેવી છે. રાત્રી જેવી છે. પ્રકાશમાં ઉત્તેજના છે. આપણે સૂઈ રહ્યા હોઈએ અને પ્રકાશિત બલ્બ આપણી આંખો ઉપર જ હોય તો આપણે સૂઈ શકતા નથી. પ્રકાશ આંખોને ઉત્તેજીત કરે છે. તાણ અનુભવીએ છીએ. આરામ મળતો નથી. એટલે જ બધી જ પ્રકૃતિ રાત્રે જ સૂઈ જાય છે.

આરામ માટે અંધારું જોઈએ, શાંતિ માટે અંધારું જોઈએ, સાધના માટે પણ અંધારું જોઈએ. પ્રકાશમાં તાણ અનુભવીએ છીએ. જો આપણે પ્રકાશમાં રહ્યા કરીએ તો પાગલ થઈ જઈએ. માત્ર બે-ત્રણ દિવસ જ જો ઊંઘી ન શકીએ તો તાણનો અનુભવ થાય છે. માટે જ અંધારું તો રોજે રોજનું ભોજન છે. ત્રણ દિવસ સતત ઊંઘી શકાય છે, જાગી શકાતું નથી. તેથી જ તો માણસે પરમાત્માને પ્રકાશ તરીકે ઓળખ કરાવી છે. અંધારું નહિ ! માણસમાં રહેલો ભય આમ કરાવે છે. કારણ કે અંધારાથી આપણે ભયભીત રહીએ છીએ.

પ્રકાશ તોડે છે, અંધારું જોડે છે. પ્રકાશ થતાં જ બધી જ વસ્તુઓ અલગ અલગ દેખાય છે. અંધારું થતાં જ આ વસ્તુઓ એકબીજામાં ઓગળી જાય છે. સૂર્ય પૂર્વથી આવે છે, પ્રકાશ ફેલાવે છે, પણ અંધારું ક્યાંથી આવે છે ? અંધારું તો દશેદિશાથી આવે છે. એની કોઈ નિશ્ચિત દિશા નથી. પ્રકાશ અનિશ્ચિત છે. અંધારું નિશ્ચિત છે. એટલે મૃત્યુ જીવનની

આવશ્યકતા છે. જે રીતે અંધારાની. જીવન તો માત્ર ક્ષણિક છે, અંધારું એટલે કે મૃત્યુ શાશ્વત છે. પરમાત્મામાં પ્રકાશ કરતાં અંધારું એટલે કે મૃત્યુ શાશ્વત છે. પરમાત્મામાં પ્રકાશ કરતાં અંધારું વધારે છે. પ્રેમ મૃત્યુ જેવો છે. તેમ છતાં આપણે મૃત્યુથી ભયભીત છીએ. અને કહીએ છીએ પ્રેમ જીવન છે. પણ જીવન તો ક્ષણિક છે. મૃત્યુ અનંત છે. અંધારાની અનુભૂતિ મૃત્યુની અનુભૂતિને સુખમાં પરિવર્તીત કરે છે.

મૃત્યુ અને અંધારાને જો આપણે અહોભાવથી સ્વીકાર કરીએ તો પ્રેમના રહસ્યને પામી શકીએ. કારણ કે પ્રેમ પણ અંધારાની માફક સુખદ છે. શીતળ છે.

મૃત્યુથી ભય પામવાનું, ડરવાનું કોઈ જ કારણ નથી. આપણી પાસે શું છે ? અને શું હતું ? તો એનાથી ડરવાનું કોઈ કારણ ખરું ? જેને પ્રેમની ઓળખ થઈ એ મૃત્યુને પણ ઓળખી જાય છે. અને જે મૃત્યુને ઓળખે છે તે જાણે છે કે મૃત્યુની પાર પણ કંઈક છે.



૪. અખંડ બ્રહ્માંડ

ભારતીય દર્શનશાસ્ત્રનો જે અર્થ થાય છે તે એ જ કે, જેના દ્વારા પરમાત્મદર્શન પામી શકાય તે શાસ્ત્ર અથવા તે વિદ્યા. મતલબ કે, દર્શનશાસ્ત્ર અથવા તત્વજ્ઞાન એ ધર્મની યુક્તિસંગત વ્યાખ્યા છે. આથી જ હિંદુઓ ધર્મ અને દર્શનને સાંકળનારી કડી કઈ છે એવો પ્રશ્ન કરતા નથી.

દાર્શનિક વિચારસરણીનાં ત્રણ પગથિયાં છે :

(૧) સ્થૂળ વસ્તુસમૂહનું પૃથક્પૃથક્ જ્ઞાન

(૨) સ્થૂળ વસ્તુઓને વર્ગવાર ગોઠવી તેમની વચ્ચે રહેલી સમાનતાને શોધી કાઢવી.

(૩) એ સામાન્યપણામાં પણ સૂક્ષ્મ વિચાર દ્વારા એકતાનો આવિષ્કાર કરવો.

આ બધું જે ઠેકાણે એકત્વ પ્રાપ્ત થતું હોય એવી કોઈ સર્વશ્રેષ્ઠ વસ્તુ હોય તો તે એકમ્ અદ્વિતીયમ્ બ્રહ્મ છે. ધર્મની પ્રથમ અવસ્થામાં ભિન્ન ભિન્ન પ્રતીકો અથવા વિધિઓની સહાયતા લીધેલી જણાઈ આવે છે. દ્વિતીય અવસ્થામાં પૌરાણિક ગાથાઓ અને ઉપદેશો વિશેષ જણાય છે; અને તેની છેલ્લી અવસ્થામાં દાર્શનિક તત્ત્વોના વિવરણને સ્થાન મળે છે. એમાંનાં

પહેલાં બે પ્રતીક અને પૌરાણિક ગાથા. એ તાત્કાલિક પ્રયોજન પૂરતાં હતાં, પણ સકળ ધર્મના મૂળ પાયારૂપ તો દર્શનશાસ્ત્ર જ છે. બીજું બધું તો તેના અંતિમ સ્થાનરૂપ જે પરમાત્મા તેને પહોંચવાના પગથિયાં માત્ર છે.

પશ્ચિમના દેશોમાં ધર્મ વિશેનો ખ્યાલ એવો છે કે બાઈબલના ન્યુ ટેસ્ટામેન્ટ અને ખ્રિસ્ત સિવાય કોઈ ધર્મની સંભાવના જ ન હોય. યહૂદી ધર્મમાં પણ મુસા અને અન્ય પયગંબરોના સંબંધમાં એવી જ ધારણા ચાલે છે. આનું કારણ એ છે કે, આ ધર્મો બધા પૌરાણિક ગાથાઓનાં વર્ણનો ઉપર આધાર રાખે છે. કુદરતી અને સર્વોત્કૃષ્ટ ધર્મ પૌરાણિક ગાથાઓ ઉપર આધાર રાખતો નથી. આધુનિક ભૌતિક વિજ્ઞાનીઓએ તો ધર્મનો પાયો વધુ મજબૂત કર્યો છે. સમસ્ત બ્રહ્માંડ એ એક અખંડ વસ્તુ છે. એવું આ વિજ્ઞાનશાસ્ત્રીઓની મદદથી હવે સાબિત કરી શકાય છે. દાર્શનિકો યાને અધ્યાત્મવેત્તાઓ જેને સત્ અથવા સત્ય કહીને ઓળખાવે છે, તેને જ ભૌતિક વિજ્ઞાનવેત્તાઓ 'જડ' કહી ઓળખાવે છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં તો એ ઉભયની વચ્ચે કોઈ જ વિરોધાત્મક ઝઘડો નથી. કારણ કે બન્નેના કથનનું તાત્પર્ય એક જ છે. પરમાણું અદૃશ્ય, અચિંત્ય છે, છતાં પણ તેની અંદર બ્રહ્માંડનાં સમગ્ર સામર્થ્ય રહેલાં છે.એમ વૈજ્ઞાનિકોનું કહેવું છે. આત્મા વિશે વેદાન્તીઓનું પણ એવું જ મળતું કથન છે. વસ્તુતઃ તો સર્વ મતમતાંતરો જુદી જુદી રીતે એકની એક જ વાત કહેતા હોય છે.

વેદાન્ત તેમજ આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર એ બંને જગતના આદિકારણ તરીકે એવી એક વસ્તુનું નિદર્શન કરે છે, કે જે વસ્તુ કોઈની પણ સહાય વગર જગતરૂપે આવિર્ભૂત થાય છે. આમાં જ અન્ય સર્વ કારણોનો સમાવેશ થઈ જાય છે. નિમિત્ત, તેમજ સમવાયી અને અસમવાયી ઉપાદાનકારણો-એ બધું જ એ આદિકારણમાં રહેલું છે. ઉ.ત. કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે. એમાં કુંભાર તો નિમિત્ત છે, માટી એ સમવાયી ઉપાદનકારણ છે અને કુંભારનો ચાક એ અસમવાયી ઉપાદાનકારણ છે. પરંતુ આત્મા તો આ ત્રણે કારણો છે. વળી આત્મા એ કારણ અને કાર્ય બંને છે. વેદાંતીનું કહેવું છે કે, આ જગત સત્ય નથી, આભાસમાત્ર છે. પ્રકૃતિ પણ કોઈ પદાર્થ નથી, પણ અવિદ્યારૂપી આવરણમાં થઈને દેખાતો બ્રહ્મ જ છે. વિશિષ્ટ દ્વૈતવાદીઓનું પ્રતિપાદન છે કે. ઈશ્વર અથવા બ્રહ્મ જ પ્રકૃતિ અથવા આ જગત પ્રપંચરૂપે થયો છે. ત્યારે અદ્વૈતવાદીઓનું પ્રતિપાદન છે કે, ઈશ્વર આ જગતપ્રપંચરૂપે પ્રતીત થાય છે ખરો, પણ તે આ જગત નથી.

અનુભૂતિ અથવા અનુભવને આપણે એક માનસિક પ્રક્રિયા તરીકે જ ઓળખી શકીએ, યાને એક માનસિક ઘટનારૂપે તથા મગજમાંની એક છાપરુપે જ ઓળખી શકીએ. મગજને આપણે આગળ કે પાછળ ગતિ કરાવી શકતા નથી. પણ મનના સંબંધમાં તેમ કરી શકીએ છીએ.

મનને ભૂત, ભવિષ્ય, વર્તમાન-બધા જ કાળમાં ગતિ કરાવી શકાય છે. આથી મનમાં જે જે ક્રિયા ચાલે છે. તે અનંતકાળને માટે સંચિત રહે છે. મનમાં સઘળી પૂર્વ ઘટનાઓ મૂળથી સંસ્કારરૂપે સચવાઈ રહેતી આવી છે. મન સર્વવ્યાપી છે એ સત્યને પ્રકાશમાં લાવવાનું કામ એ કૅન્ટનું મોટામાં મોટું પરાક્રમ છે, પરંતુ વેદાન્તે તો યુગો પૂર્વે જગતને શીખવ્યું છે અને તેને ‘માયા’ એવું વિશિષ્ટ નામ પણ આપેલું છે. શૉપન હેગર માત્ર યુક્તિની ભૂમિ પર ઊભો રહે છે, અને યુક્તિદ્વારા વેદોનાં તત્ત્વોની વિવેચના કરવાની ચેષ્ટા કરે છે. પરંતુ શંકરાચાર્યજી તો વેદોને આર્ષ કહી ગયા છે. અહીં કવિ જગદીશ જોશીના એક ગીતની પંક્તિ યાદ આવે છે -

આ તો બીજમાંથી ફૂટી છે ડાળ,
કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પ્રભાત.



૫. અધ્યાત્મવિદ્યા ભગવાનનું વિભૂતિરૂપ છે.

ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતાના દસમા અધ્યાયમાં કહે છે – ‘અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્ – બધી વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું.’ વિદ્યા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનનું વિતરણ કરે છે. અંધકારને પરહરી પ્રકાશનું વિતરણ કરે તે વિદ્યા. પશુતાને છોડાવી મનુષ્યત્વનું પ્રતિસ્થાપન કરે તે વિદ્યા. પરન્તુ વિદ્યાઓ તો અનેક છે. આપણા દેશમાં તો ચૌદ વિદ્યાસ્થાનો બતાવવામાં આવેલ છે અને ચોસઠ કળાઓ બતાવવામાં આવી છે. પરન્તુ આ બધી વિદ્યાઓનું ઉત્તમાંગ અધ્યાત્મવિદ્યા છે.

વિદ્યાઓમાં અધ્યાત્મ – વિદ્યા ભગવાન શ્રીકૃષ્ણ છે. અધ્યાત્મવિદ્યા વિશે ચાર વેદ, વેદાંત સૂત્રો, પુરાણો, ભાગવત અને ગીતા જેવાં ધર્મશાસ્ત્રો છે. આ બધાં કૃષ્ણનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

શિવજીની કઠોર તપસ્યા, ઉપાસના કરીને રાવણે ગૂઢ વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી. ત્યાં સુધી કે હિમાલયમાં આવેલ કૈલાશ શિખરના શિવાલયમાંથી ખુદ શિવજીને લિંગસ્વરૂપે હથેળીમાં લઈને શ્રીલંકા લઈ જવા તૈયાર થયો. આટલી મહાન શક્તિઓને/વિદ્યાઓને ધારણ કરનાર રાવણ રાક્ષસકુળમાં જન્મ્યો હતો. તે આ અદ્‌ભુત વિદ્યાઓનો સદ્‌ઉપયોગ કરીને રાક્ષસ કોટિમાંથી દેવકોટિને પામી શક્યો હોત. પણ રાવણે તે વિદ્યાને દુમાર્ગે વાળી અને તેનો નાશ થયો, ભગવાન રામચંદ્રજીના હાથે.

દિતિ અને અદિતિ બે બહેનો હતી. અદિતિના પુત્રો આદિત્યો–દેવો–કહેવાયા અને દિતિના પુત્રો દૈત્યો કહેવાયા. આદિત્યો ભગવાનના

ભક્તો છે અને દૈત્યો નાસ્તિક છે. પ્રહ્‌લાદનો જન્મ દૈત્યકુળમાં થયો હતો, છતાં પણ બાળપણથી તે પરમભક્ત હતો ભગવાનનો. તેની ધર્મનિષ્ઠા અને ભક્તિને કારણે તે ભગવાનનો પ્રતિનિધિ ગણાય છે. ભક્ત પ્રહ્‌લાદને પિતા હિરણ્યકશ્યપુ દ્વારા ભગવાનની ભક્તિ ન કરવા માટે અને ભક્તિ કરતાં રોકવા માટે ઘણું જ કષ્ટ અપાયું. અરે ! ત્યાં સુધી કે ધગધગતા લોખંડના થાંભલાને ભેટવા માટે દુરાગ્રહ કર્યો. ભક્ત પ્રહ્‌લાદ તો ભક્તિમાં આસક્ત હતા. તે જાણતા હતા કે જેણે જન્મ આપ્યો છે તે ભગવાનને જ જિવાડવાની અને મારવાની સત્તા છે. એમ સમજીને તેઓ થાંભલાને ભેટ્યા. જીવ કરતાં પણ શિવસ્મરણ ઉત્તમ છે અને કષ્ટભંજક ભગવાને નૃસિંહ સ્વરૂપે પ્રકટ થઈને હિરણ્યકશ્યપુનો નાશ કર્યો.

આજના વિજ્ઞાનયુગમાં માણસે અણુબોમ્બ, નેપામબોમ્બ, લેસરકિરણોની શોધ કરીને એક વિરાટ પગલું ભર્યું છે, પણ જો રાક્ષસપ્રકૃતિના કોઈ માણસના મગજમાં દુર્બુદ્ધિ આવે અને એકાદ અણુબોમ્બ, નેપામબોમ્બનો ઉપયોગ માનવવસ્તી ઉપર કરે તો ભયંકર નૃસસંહાર થાય. રાવણ, હિરણ્યકશ્યપુ, કંસ વગેરે મહાન વિદ્યાઓના જાણનારા વિદ્યાપુરુષો હતા. તેમ છતાં પણ તેમણે પ્રાપ્ત કરેલી વિદ્યાઓનો ઉપયોગ દુમાર્ગે કર્યો અને તેમનો નાશ થયો.

શબ્દમાત્ર અપરાવિદ્યા છે. શબ્દમાં શક્તિ છે. પણ તે મર્યાદિત છે. શબ્દ અર્થબોધ આપીને આકાશમાં લીન થઈ જાય છે. શબ્દ દ્વારા અર્થ પ્રાપ્ત થાય છે. પરંતુ અર્થબોધ થયો એ જ વિદ્યા નથી. શબ્દએ આપેલ અર્થબોધ થયો એ જ વિદ્યા નથી. શબ્દએ આપેલ અર્થબોધ અનુભવમાં પર્યવાસન પામે ત્યારે તે વિદ્યા બને છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ પણ અપરાવિદ્યા છે, કારણ કે વેદો પણ શબ્દાત્મક છે.

શબ્દ બ્રહ્મનું વર્ણન કરી શકતા નથી, કારણ તે અનુભવનો વિષય છે. ‘વેદ’ના શબ્દો તો પરમાત્મા સિવાયની ઈતર વસ્તુઓનો નિષેધ

કરે છે. વેદો તો ભગવાનને નિષેધ માર્ગે વર્ણવે છે. નિષેધ કરતાં કરતાં અવશિષ્ટ રહે તે પરમાત્મા છે. પરમાત્માનું વર્ણન શ્રુતિઓ પણ વિધેયાત્મક રીતે કરી શકતી નથી. માટે વેદાદિ શાસ્ત્રો પણ અપરાવિદ્યા છે.

આમ છતાં વેદાદિશાસ્ત્રો, ભગવદ્ગીતા, રામાયણ, ભાગવત આદિ ગ્રંથો અધ્યાત્મવિદ્યામાં આવે છે. 'आत्मनम् अधि ईति अध्यातम् ' જે આત્મા વિશેના છે, જે આત્માભિમુખ કરે છે તે અધ્યાત્મ છે. આત્મા અખંડ એક રસ, ચિન્મય, સૂક્ષ્મ અને અસ્તિ, ભાતિ પ્રિય સ્વરૂપ છે. આત્મા તરફ લઈ જતી વિદ્યા અધ્યાત્મવિદ્યા છે.

અધ્યાત્મ વિદ્યા, અવિનાશી સુખનો નિર્દેશ કરે છે. અધ્યાત્મવિદ્યા સ્થૂળ છોડાવી સૂક્ષ્મ તરફ લઈ જાય છે. માટે અધ્યાત્મવિદ્યા જ સર્વ વિદ્યાઓનું ઉત્તમાંગ છે. અધ્યાત્મવિદ્યાથી અર્થપ્રાપ્તિ થતી નથી, પરન્તુ ભગવાનનું વિભૂતિરૂપ છે.

❀ ❀ ❀

૬. અભિમાન

ભીંત થઈ ઊંચે જવું છે એટલે,
દ્વાર થઈને ખૂલવાનું મન નથી !

– હરીશ વટાવવાળા

જે છીએ તેના કરતાં વિશેષ દેખાડો કરવો એ અભિમાન છે. અભિમાન બે પ્રકારે છે. (૧) હું પુરૂષ છું, હું સ્ત્રી છું એ સામાન્ય અભિમાન છે (૨) હું વિદ્વાન છું, ગુણવાન છું, રૂપવાન છું, ધનવાન છું, એમ કહેનાર વ્યક્તિ વિશેષ અહંકારી છે. આ અહમ્-અહંકાર-અભિમાન પોતે જ ખરાબ છે. અભિમાની વ્યક્તિ ભગવાનને પ્રિય નથી.

માણસ ધનનો અહમ રાખે, પરંતુ ધન જાય ત્યારે તેને દુઃખ થાય છે. સત્તાનો અહમ્ રાખે પણ સત્તા જાય ત્યારે તેને દુઃખ થાય છે. રૂપનો અહંકાર રાખે પણ વૃદ્ધ થઈ જાય ત્યારે રૂપનું શું થાય છે ? વિદ્યાનું પણ અભિમાન સારું નથી. સાચે તો વિદ્યાથી વિનય, નમ્રતા મળવાં જોઈએ. વિનયથી વિદ્યા શોભે છે. વિદ્વાન જો અહંકારી હોય, અભિમાની હોય તો તેની વિદ્વતા સાપે પીધેલા દૂધ જેવી છે. સાપે પીધેલું દૂધ પણ તીવ્ર ઝેર બની જાય છે. તેમ વિદ્યા ગમે તેટલી ઉચ્ચ પ્રકારે પ્રાપ્ત કરી હોય પણ જો વિદ્વાન તેનું અભિમાન રાખે તો સાપને દૂધ પાઈને પેદા કરેલા ઝેર જેવી છે. એવી રીતે ધનથી પણ વિનયી બનવું જોઈએ. જેમ વિદ્વતા પચાવવી

અઘરી છે. તેવી જ રીતે ધન પણ પચાવવું અઘરું છે. માણસ સત્તાનો મદ રાખે છે. પરંતુ સત્તા ઉપર જ્યારે હોઈએ ત્યારે વધુ ને વધુ વિનયી અને નમ્ર બનવું જોઈએ. વિદ્વતા, સત્તા અને ધન પારા જેવાં છે. પારો ઢોળાય પછી હાથમાં આવવો મુશ્કેલ છે, તેમ સત્તા, ધન અને વિદ્યા હાથમાંથી સરકી ગયા પછી પાછી મેળવવી અઘરી છે. માણસ અભિમાની થાય તો આ ત્રણે દમયંતીના હાથમાંથી સરકી ગયેલી માછલીઓ છે. માટે આપણે અભિમાનથી દૂર રહી ખૂબ જ નમ્ર, વિનયી અને વિવેકી બનવું જોઈએ.

જગતમાં બે પ્રકારનાં માણસો છે. સજ્જન અને દુર્જન. બંનેને વિદ્યા, ધન અને શક્તિ મળે છે. તેમાં દુર્જન વિદ્યાનો વિવાદ માટે ઉપયોગ કરે છે. લોકોને મૂર્ખ ગણે છે. વિદ્વાનોને પ્રશ્નો પૂછી પોતાની વિદ્યાનું, મોટાઈનું પ્રદર્શન કરે છે. દુર્જન ધનવાન હોય તો અભિમાની બને છે. ધનનો દુર્વ્યય કરે છે. તેની પાસે શક્તિ હોય, સત્તા હોય તો બીજાને કષ્ટ આપે છે. પણ સજ્જન તો વિદ્યાદાન કરે છે, ધનનું દાન કરે છે. બીજાઓને માન આપે છે, સન્માને છે, સત્કારે છે અને સેવા કરે છે. પૈસા તિજોરીમાં રાખી મૂકવા નહિ, પણ સદ્‌ઉપયોગ માટે છે. તે જ રીતે સજ્જન પાસે શક્તિ હોય તો અન્યનું રક્ષણ કરે છે.

આમ વિદ્યા, ધન, રૂપ, ગુણ અને શક્તિનો વિકાસ અહમ્ રોકે છે. વળી ભગવાન અભિમાનીનું અભિમાન જરૂર તોડે છે. ઘાસ પવનના સપાટા સાથે નમી જાય છે. જેથી તે તૂટતું નથી. ઝાડ અક્કડ રહે છે. તે ગમે તેટલું પ્રચંડ હોય તોપણ પવન તેને ઝુકાવે છે. માટે અભિમાન ન રાખવું અને નિરાભિમાની નમ્ર બનીને નિરામય, નિતર્યા નીર જેવું નિર્મળ બની

મન અને કર્મથી શરીરને શુદ્ધ કરવું. અભિમાન માણસને અંધ બનાવે છે. ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતા. દુર્ભાગ્યે તેમને આધ્યાત્મિક દૃષ્ટિ મળી નહોતી. તેમના પુત્રો કૌરવો પણ ધર્મની બાબતમાં તેમના જેટલા જ અંધ હતા, આંખો હોવા છતાં. આંખો હોવા છતાં માણસની દૃષ્ટિમાં અભિમાન હોય તો તે જગતને જોવા છતાં પણ અંધ છે. તેને બીજાની દૃષ્ટિથી જોવું પડે છે. દુર્યોધન રાજા હોવા છતાં પણ સેનાધિપતિ દ્રોણાચાર્ય પાસે સેનાની પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા પહોંચી જાય છે અને સલાહ મેળવે છે. આમ દુર્યોધન રાજા હોવા છતાં પણ તે સેનાપતિની સલાહ લેવા માટે જાય છે. તેવી જ રીતે દ્રોણાચાર્ય જાણતા હોવા છતાં દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને ધનુર્ધ્ર વિદ્યાનું શિક્ષણ આપે છે. દ્રોણાચાર્યનું મોત ધૃષ્ટદ્યુમ્નના હાથે થવાનું હોય છે. આમ દુર્યોધનની આંખો ઉપર અભિમાનનાં પડળ ચઢ્યાં હતાં જેથી તેને દૃષ્ટિ હોવા છતાં પણ અંધ હતો. જ્યારે દ્રોણાચાર્ય જ્ઞાનિ હોવાથી વધુ નમ્ર હતા.

જે અભિમાની છે તે ભૌતિકવાદી છે. એટલે જ તેઓ જાણતા નથી કે ભગવાનનો સાક્ષાત્કાર કરવો એ જીવનનું ધ્યેય છે. તેઓ ભૌતિક જગતના બાહ્ય દેખાવથી મોહિત થાય છે અને મોક્ષ શું છે એ સમજતા નથી. ભૌતિક બંધનમાંથી મુક્તિ વિશે મનુષ્યોને જ્ઞાન હોતું નથી, તે અનાથ છે.

॥ क्षीणं पुण्यं मर्त्यलोकं विशन्ति ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે, સત્કર્મોનાં ફળ ભોગવાઈ જતાં મનુષ્ય સુખના શિખરેથી ગબડી પડી જીવનના સૌથી નીચા સ્તરે

ફરીથી આવી જાય છે. આમ અભિમાનીઓનું અધઃપતન થાય છે.

ઉપનિષદમાં કથા છે કે : દેવતાઓને વિજય મળ્યા પછી પોતાની શક્તિનું અભિમાન થયું. પોતાના ભક્તનું પણ અભિમાન ભગવાન દૂર કરે છે. એમ આ દેવોના અભિમાનને દૂર કરવા ભગવાન સ્વયં એક તેજસ્વી યક્ષરૂપે પ્રગટ થયા. દેવો આ અજ્ઞાતપૂર્વ સત્ત્વને જોઈને તે કોણ હશે તેનો વિચાર કરવા લાગ્યા. દેવોમાં બળવાન ગણાતા વાયુદેવ તેની ભાળ મેળવવા ગયા અને યક્ષને પૂછ્યું કે તમે કોણ છો ? યક્ષે કહ્યું : પહેલા તમે કોણ છો? તે કહો. વાયુદેવે કહ્યું : હું વાયુ છું અને આ જગતની હર કોઈ વસ્તુને ઉડાવી દેવાની મારામાં શક્તિ છે. યક્ષે વાયુદેવને એક તણખલું બતાવીને કહ્યું કે : આ સામાન્ય તણખલાને ઉડાવો. વાયુદેવતા તો પોતાની સમગ્ર શક્તિથી, વેગથી તેના પર ધસી ગયા. તણખલું તો જમીન સાથે ચોંટી ગયું. વાયુદેવતા તણખલાને ઉડાડી ના શક્યા !

દેવોના મુખરૂપ અગ્નિ યક્ષની પાસે ગયા અને પોતે અગ્નિ છે અને આ જગતની દરેક વસ્તુને બાળી શકે છે. યક્ષે અગ્નિદેવતા સમક્ષ પેલું તણખલું મૂક્યું અને કહ્યું કે આને બાળો ! અગ્નિદેવ પણ તે તણખલાને બાળી શક્યા નહિ. અને શરમાઈને પાછા ગયા.

પછી આવ્યા દેવરાજ ઈન્દ્ર. એનું માનભંગ કરવાનું ભગવાનને ગમ્યું નહિ. તેથી પોતે અદૃશ્ય થઈ ગયા. ને તે સ્થાને ભગવતી ઉમા હેમવતી પ્રકટ્યાં : ઈન્દ્રએ તેમને પૂછ્યું : તેના જવાબમાં તેમણે કહ્યું કે : તે તો ભગવાન હતા અને તેમની શક્તિથી જ તમને વિજય મળ્યો છે.

અગ્નિ, વાયુ, જળ તો મૂળ તત્ત્વો છે. તેનો અહમ્ ટક્તો નથી.

તો આપણે તો તણખલાથીય તુચ્છ છીએ. આપણું અભિમાન કેટલું ટક્વાનું છે ? ભગવાનના ભક્તે તો ઘાસના તણખલા જેવા નમ્ર બનવાનું છે, સહનશીલ બનવાનું છે, પોતાને કોઈ માન આપે તેવી ઈચ્છા રાખવાની નથી. પણ આપણે સૌને માનની દૃષ્ટિથી જોવાનું છે. આપણે તો બધાથી નાના છીએ. તેમ સમજવાનું છે. અભિમાનને પાસે આવવા દઈએ તો સુખી થવાય નહિ. જો ભગવદ્ માર્ગમાં સુખરૂપે પરહરવું હોય તો અભિમાનનો ત્યાગ કરવો જોઈએ. તો જ માણસની પ્રગતિ થાય છે.

જ્ઞાની બનતા પહેલા ક્ષુદ્ર બનો, સેવા કરો. ઉચ્ચકુળનું અભિમાન છોડો તે અત્યંત જરૂરી છે.



૭. આપણાં સ્વજનો

આત્મતિરસ્કાર એટલે પોતાની જાત પ્રત્યે અણગમો, ક્યારેક માનહાનિ, અપમાન, અપમાનજનક બનાવ, તિરસ્કાર થાય ત્યારે આપણે આપણી જાતને તિરસ્કારીએ છીએ અને એટલી હદ સુધી કે આવેશમાં આવી જઈને જાતને આત્મઘાત તરફ દોરી જઈને છીએ.

આત્મતિરસ્કાર અનુભવનાર વિચારે છે કે, 'હું નકામો છું. મારી કોઈ જ ગણતરી થતી નથી. મારો કોઈ ભાવ પૂછતું નથી, મારું ધાર્યું કરવા દેતા નથી, મને જે માન મળવું જોઈએ તેટલું મળતું નથી. મને કોઈ સાચવતું નથી. ઘરના કૂતરાને સાચવે તેટલુ પણ નહીં ! મારો કોઈ ખાવાનોય ભાવ પૂછતું નથી !' આમ બાળકો, યુવાનો, યુવતીઓ, વૃદ્ધો-વૃદ્ધાઓ સુધી દરેકને આવી સ્વજનોની તિરસ્કારવૃત્તિથી મન સતત ડંખ્યા કરે છે. જ્યારે જીવનમાં આમ સતત બનતું રહે ત્યારે આત્મતિરસ્કારનું જોર વધતું જ જાય છે અને થાય છે કે, 'લોકોનું, સ્વજનોનું, સહોદરોનું આટઆટલું કામ કર્યું છતાં જીવનમાં શું મેળવ્યું ? માત્ર તિરસ્કાર જ ? હવે તો દુઃખ સહેવાતું નથી, હું જ ભોળો હતો, મારા ભોળપણનો લોકોએ ગેરલાભ ઉઠાવ્યો અને આજે હું ક્યાંયનો ન રહ્યો.' આમ આપણે સતત વિચારતા હોઈએ છીએ. તેમ છતાં અન્યાય આગળ આપણે મૂંગા બોકડાની જેમ માથું નીચે રાખીને શહીદ થતા હોઈએ છીએ. આપણે રોજેરોજ વધેરાતા હોઈએ છીએ, આપણાં જ સ્વજનો દ્વારા.

લોકોની ઉપેક્ષાવૃત્તિ આપણે સહન કરી શકીએ પણ જ્યારે આપણાં સ્નેહીઓ/સ્વજનો અને વિશેષ તો સહોદરોની ઉપેક્ષાવૃત્તિ સતત આપણા પ્રત્યે થતી રહે ત્યારે આપણને આપણી જાત પ્રત્યે તિરસ્કારભાવ જન્મે છે. સહોદરોમાં જો સ્વાર્થીવૃત્તિ હોય અને આપણા સ્વભાવનો ગેરલાભ ઉઠાવતા હોય, આપણે જ ગુનેગાર હોઈએ તેમ આપણાં સ્વજનો આપણને પાંજરામાં ઊભા રાખે ત્યારે મન સતત કોરાયા કરે છે, ડંખ્યા કરે છે. તે વખતે જો મનના દોડતા ઘોડાની લગામને કાબૂમાં ન રાખીએ તો આપણો જીવનરથ ઊંડી ખાઈમાં પડી જાય છે. અને મન આપણને આપઘાત તરફ દોરી જાય છે. આવું દરેકના જીવનમાં ક્યારેક ક્યારેક બનતું જ હોય છે. આવું બને ત્યારે મનના ઘોડાની લગામને ખેંચીને એકાંતનો ત્યાગ કરી મિત્રો વચ્ચે દોડી જવું અને મનનો ઊભરો ઠાલવીને હળવા થઈ જવું, જેથી આપણે આપણી જાતને આત્મદ્રોહમાંથી બચાવી શકીએ.

જીવનમાં કંટાળો અને થાક અનુભવવાનું કારણ જાત સાથે પ્રેમ કર્યો નથી તે છે. લોકોની દેખાદેખીએ શક્તિ-મર્યાદાની ચિંતા કર્યા સિવાય મોટા ધ્યેયો બાંધ્યા અને જ્યારે એ ધ્યેયોમાં સફળતા ન મળે ત્યારે આપણે આપણી જાતનો દોષ કાઢીએ છીએ. જીવનમાં સતત સફળતા મળતી જ રહે તેવું ન પણ બને. રેસનો ઘોડો સતત પહેલો આવે એવું પણ બનતું નથી. પરંતુ આપણે સ્વીકારવું જોઈએ કે, આપણે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે સફળ થયા છીએ ત્યારે જાતનો આભાર માનીએ છીએ અને ધન્યવાદ આપીએ છીએ ખરા ?

જીવનમાં ક્યાંય કોઈ વેળા કટોકટીનો કાળ આવે અને નિષ્ફળતા સતાવતી હોય ત્યારે આવો વિચાર કર્યો છે ? જીવનમાં આવતી મુશ્કેલીઓ આવી છે તો મેં હિંમત અને ધીરજનો સામનો પણ કર્યો છે. આ મુશ્કેલી પણ હું પાર કરી શકીશ. અત્યાર સુધી અપાર મુશ્કેલીઓ આવી છે તેમાં

જ મારી શક્તિઓનું માપ નીકળ્યું છે. આ મુશ્કેલી એ તો કાંઈ જ નથી. જીવનમાં નિષ્ફળતા તો સતત મળ્યા જ કરે છે, સફળતા તો ક્યારેક જ મળે છે. સફળતા મળે ત્યારે આનંદ અને નિષ્ફળતા મળે ત્યારે દુઃખ થાય એવું થવું ન જોઈએ. હંમેશા આવનાર પરિસ્થિતિનો શાંતચિત્તે સામનો કરીને આગળ વધવું જોઈએ. લશ્કરનો સૈનિક ક્યારેય નિષ્ફળતાને નજર સમક્ષ રાખતો નથી, પર્વતારોહકની દૃષ્ટિ હંમેશા શિખર તરફ જ હોય છે. જીવનમાં ઘટતી/ઘટનાર ઘટનાઓનો સૈનિક અને પર્વતારોહકની જેમ સામનો કરવો જોઈએ.

જીવનમાં સ્વજનોથી દૂર રહી વાસ્તવિક્તાની વધુ નજીક રહેવું જોઈએ. ધ્યેયો અને અપેક્ષાઓ આપણા પર જાદુઈ અસર ઉત્પન્ન કરે છે, જેને કારણે ઘડીભર પણ આપણે પગ વાળીને બેસતા નથી. માણસ ભૌતિક મૂલ્યો તરફ દોડી રહ્યો છે અને એ દોડથી પોતાના પ્રત્યે બેદરકાર બન્યો છે, જેને કારણે તે દોલાયમાન સ્થિતિમાં મુકાઈ ગયો છે.

ચિંતાઓ, હતાશાઓ, ભારણો, થાક, કંટાળો, ઉપેક્ષા, સંઘર્ષોના જનક આપણે આપણી જાત સાથે સમાધાન કરીને લોકો પ્રત્યેની અપેક્ષાઓ ઓછી કરી સફળતાને યાદ કરી, કાર્ય પ્રત્યે નિષ્ઠા સાથે પ્રેમ રાખીને સતત ગતિશીલ મન રાખી, આત્મવિશ્વાસ કેળવી યોગ્ય અને તિક્ષ્ણ દૃષ્ટિ રાખીને આગળ વધીએ.



૮. આમાર મન કી વેતે ચાઓ

બંગાળી ભાષામાં કીર્તન છે –

'આમારા મન કી વેતે ચાઓ,'
સુધા ખેતે આનંદ પૂરે.
તથાય રાગેર માનુષ ચલે, નિર્વિકારે,
આનંદમય બાજાર ખાનિ,
હોચ્છે સદા પ્રેમેર ધ્વનિ
આગુને બાફ્રદે એક ધરે.
તથાય કામી, લોભીર યેતે વારણ,
શુદ્ધ હોય જાર,રાગેર કરણ,
કેવલ સેઈ, જેતે પારે,
તુઈ જાબિ કિ કરે
(ઓરે આકુરે)
સાહસે કિ ઢે કિં ગિલતે પારે !

અર્થાત્ :

અરે મન ! તું ક્યાં જવા ઈચ્છે છે ? શું તારે આનંદપુરમાં સુધારસનો સ્વાદ લેવો છે ? ત્યાં તો માણસે રાગદ્વેષથી રહિત થઈ નિર્વિકાર રહેવાનું છે. એ આનંદમય બજારમાં હમેશાં પ્રેમનો જ ધ્વનિ બજી રહ્યો છે, પણ ખબરદાર! ત્યાં તો અગ્નિ અને દારૂ એક ઘરમાં જ રાખેલાં છે; ત્યાં કામી, ક્રોધી, લોભી વગેરેને જવાની સખ્ત મનાઈ છે. જે રાગદ્વેષાદિથી રહિત કેવળ વિશુદ્ધ

અંતઃકરણવાળો થયેલો છે તેને જ ત્યાં જવાનો અધિકાર છે; પણ હે મન! તું તો વિષયનું ગુલામ છે એટલે તું ત્યાં શી રીતે જઈ શકશે !

આનંદપુર તો ઈશ્વરનું રહેવાનું સ્થાન છે. ત્યાં જવા માટે આપણામાં રહેલા ક્રોધ, લોભ, મોહ, માયા, મદનો ત્યાગ કરી નિર્લેપ થઈને, કોઈ પણ આવરણોના વાઘાનો ત્યાગ કરીને, જાતને પરિશુદ્ધ કરીને જ જવાય. આ બધામાંથી એકનો વળગાડ આપણને હોય તો આનંદપુરના દ્વાર સુધી પણ જઈ શકાતું નથી. હરક્ષણે ભગવાન આપણી સાથે જ છે તેવા ભાવથી જ તેનું સ્મરણ કરવું જોઈએ, સૂતા હોઈએ ત્યારે ભગવાનને પ્રણામ કરી રહ્યા છીએ તેવી ભાવના રાખવી જોઈએ, સુષુપ્તાવસ્થામાં હોઈએ ત્યારે તેનામાં લીન થયા છીએ તેવી ભાવના રાખવી જોઈએ, શહેર, બજારમાં ફરતા હોઈએ ત્યારે તેની પ્રદક્ષિણા કરીએ છીએ તેવી ભાવના મનમાં દૃઢ કરવી જોઈએ. કારણ કે શબ્દમાત્રમાં ભગવાન બિરાજેલો છે, એકે એક અક્ષરે તેનું નામ આવે છે. ભગવાન તો અણુ-અણુમાં વ્યાપ્ત છે. ઉપરના કીર્તનમાં શરૂઆતમાં જ પ્રશ્ન છે કે 'અરે મન! તું ક્યાં જવા ઈચ્છે છે?' મન ચંચળ છે, મનની લગામ ખેંચીને રાખવાની હોય છે. જો તે લગામ સહેજ પણ ઢીલી પડે કે મનની ગતિ ત્વરાથી દોડવા લાગે છે અને એ આંધળી દોડ આપણને તમસના કૂવામાં ધકેલી દે છે તો તેજસમાં પણ લઈ આવે છે. પરંતુ તે માટે માણસે આત્મશ્લાઘા, પરનિંદા, ચમત્કાર, બુદ્ધિભેદ, શ્રદ્ધા-અશ્રદ્ધા, અભિમાનનો ત્યાગ કરી અકિંચન, નીતર્યા, નિર્મળ નીર જેવા બનીને તેજસને પામી શકાય છે. તેજસના તેજપુંજમાં વિલીન થયા પછી ઊર્ધ્વગતિને પામી ઈશ્વરના આનંદપુરમાં પહોંચી શકાય છે અને આપણામાં પ્રકટે છે પારસમણિપણું. પણ દુર્ભાગ્યની વાત તો એ છે કે આપણે આપણામાં રહેલા અસુરોનો ત્યાગ કરી શકતા નથી.

ભગવદ્ પ્રાપ્તિ માટે તો સત્શિક્ષા, સત્સંગ, સત્સાધના અને સ્વાધ્યાયની જરૂર છે. આ ચાર અંગો દ્વારા આચાર-વિચારોની શુદ્ધિ થાય છે અને ભગવતકૃપા તો સર્વવ્યાપી છે, સર્વોપરિ છે. આ ચાર અંગોની પ્રાપ્તિ થાય તો આપણમાં ચૈતન્યલીલા પ્રકટ થાય છે અને મન નાચી ઊઠે છે. શ્વાસે -પ્રશ્વાસે નામ બ્રહ્મનું નિરંતર ચિંતન થવા લાગે છે ત્યારે માત્ર નામસ્મરણ જ થાય છે એમ નથી. પરંતુ રોમેરોમમાં ધૂન મચી રહે છે અને બધી જ ઈન્દ્રિયોમાં એક જાતની તાણ આવે છે અને આંતરચેતના જાગૃત થાય છે. અનન્ય ભાવે કરેલ ભક્તિ, ચિંતન, મનન, નિદિધ્યાસન, ઉપાસના અને સ્વાધ્યાય કરવાથી આપણા યોગક્ષેમનું વહન ભગવાન કરે છે અને એટલે જ ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે :-

'अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युँपासते ।
तेषांनित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥'

અર્થાત્

'જેઓ બીજી બધી ચિંતાઓ ત્યજી દઈને અનન્ય ભાવે મારું જ ચિંતન કરતા થકા મારી ઉપાસનામાં જોડાયેલાં રહે છે, એવા નિત્યયુક્ત ભક્તોનાં યોગ (યોગમાર્ગમાં સહાયક એવા બાહ્યાંતર પદાર્થો અને સંયોગો મેળવી આપવાનું કાર્ય) અને ક્ષેમ (થયેલ લાભને જાળવી રાખવાનું કાર્ય) હું જ વહન કરું છું.' આવી ભાવનાયુક્ત થઈ મનને 'તું ક્યાં જવા ઈચ્છે છે?' એવો પ્રશ્ન પૂછીને નહીં પણ મનને આપણે ઈચ્છીએ ત્યાં લઈ જવાનું છે. મનને ભગવદ્ પ્રતિ ધ્યાનસ્થ કરવાનું છે અને ધ્યાનનો સ્વાધ્યાય થાય તો ભગવાનના આનંદપુરમાં જઈ શકાય છે.



૯. આત્માનું અનુંસંધાન

આપણે જેટલા હક્ક માટે જાગ્રત છીએ તેટલા ફરજ પ્રત્યે સભાન રહેતા નથી. પ્રથમ ફરજ છે, પછી હક્ક છે. પરંતુ આપણે તો ફરજ ભૂલી ગયા છીએ અને માત્ર હક્ક પ્રત્યે જ સભાન રહ્યા છીએ. તેથી ઘણા અનર્થો થાય છે. હક્ક પ્રત્યે સભાન માણસમાં આસુરીતત્ત્વો અડ્ડો જમાવીને બેઠાં છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે 'જેને તું હણવા માગે છે તે તું જ છે, જેને તું પરિતાપ આપે છે તે તું જ છે, જેના પર તું શાસન ચલાવે છે તે તું જ છે, જેને તું મારી નાખવા માગે છે તે તું જ છે.'

કોઈ પણ ધર્મ કે સંપ્રદાય હિંસા આચરવાનું કહેતો નથી. કોઈ શાસ્ત્રમાં ઉલ્લેખ નથી. તો આ હિંસા આવી ક્યાંથી ? માણસ માણસ વચ્ચે આસુરીતત્ત્વ આવ્યું ક્યાંથી ? આજે જેમ દુનિયા નાની થઈ ગઈ છે, આપણે સર્જેલા વૈજ્ઞાનિક સાધનોથી. ત્યારે માણસ માણસ વચ્ચેનું અંતર વધ્યું છે. માણસના અંતરમાં – હૃદયમાં – નાતજાતના ભેદભાવ ઊભા કર્યા છે, ઈશ્વરની પાસે કોઈ નાતજાત નથી. એટલે જ ભગવાને દરેકમાં લાલ લોહી વહેતું કર્યું છે. કોઈમાં લીલું લોહી વહેતું નથી, ભૂરું લોહી વહેતું નથી, પીળું લોહી વહેતું નથી. જો ઈશ્વરને ત્યાં અલ્લાહને ત્યાં આવા ભેદ નથી તો માણસ માણસ વચ્ચે ભેદની અભેદ દિવાલ ચણી કોણે ? આ અનિષ્ટોનું કારણ નાતજાત નથી. કોમ નથી પરંતુ વ્યક્તિગત સ્વાર્થબુદ્ધિ છેડો ન ફાડે તો બધું જ નકામું છે. સ્વાર્થબુદ્ધિને કારણે જ આજે કુટુંબ કુટુંબ વચ્ચે, પડોશી પડોશી વચ્ચે, કોમ કોમ વચ્ચે, દેશ દેશ વચ્ચે એકતા

તૂટી રહી છે. યુદ્ધો થાય છે. ક્યાંય આત્માનું અનુસંધાન રહ્યું નથી. આત્માનું અનુસંધાન થાય તો આત્માની સાચી પરખ થાય અને આત્માની સાચી પરખ થાય તો પરમાત્મા સહેજે મળી જાય. પરમાત્માની સાચી ઓળખ એટલે જ એકાત્મતા. એકાત્મતાની વાતો કરનારા આપણે કોઈના ઘર ઉપર પથ્થર ફેંકવાનું, સળગતા કાકડા નાંખવાનું, કોઈનું ખૂન કરવાનું કે સ્ટેબીંગ કરવાનું પણ ચૂક્તા નથી. દિવસે એક્તા સમિતિ, શાંતિ સમિતિનું અધ્યક્ષસ્થાન લઈને, તેના સભ્યપદે રહીને કે શ્રોતા બનીને કે ધર્મસભામાં જઈને એક્તાની, શાંતિની વાતો કરનારા આપણે રાત્રે દુકાનો બાળવા, પથ્થરમારો કરવા, બીજાના ઘર પર સળગતા કાકડા નાખવાનું ચૂક્તા નથી. કારણ કે રિબાવવામાં, રિબાતા જોવાનો ઉત્સવ ઊજવીએ છીએ. કારણ કે એક્તાની વાતો કરનાર આપણે બીજાના આત્માને ઓળખી શક્યા નથી.

મંદિરો તોડવાથી, મસ્જિદો તોડવાથી, ગુરુદ્વારા તોડવાથી એકાત્મતા ક્યારેય સાધી શકાતી નથી. આપણે આપણા હક્ક માટે જાહેર મિલક્તોને નુકશાન કરીએ છીએ, હિંસા આચરીએ છીએ. આ તો આપણામાં રહેલી શિશુવૃત્તિ છે. બાળકને જોઈતી વસ્તુ ન મળે અને ઘરમાં તોડફોડ કરે તેવી વૃત્તિ છે. આપણે આસુરીધર્મ અનુસરીને માનવધર્મ ભૂલી ગયા છીએ. વિચારોનું ઐક્ય ક્યાંય જોવાતું નથી. માત્ર નાત-જાતના, ઊંચ-નીચના ભેદભાવ રાખવાથી શું વળગવાનું છે ? સાચી જરૂર તો છે તૃષ્ણા અને લાલસાની આસુરીવૃત્તિઓનો ધ્વંશ કરવાની.

એક્તા હોવી જોઈએ માનવી માનવી વચ્ચે હૃદયની, આત્માની, દુનિયાના તમામ અનિષ્ટો સામે લડી લેવાની, પ્રભુમય જીવન જીવવાની.

માણસ માણસ વચ્ચે ઐક્યતા અને તાદાત્મયતા સાધવા વિશુદ્ધ અને નિષ્કામ સેવા, અન્યની સાચી પરખ, આત્મદર્શન અને આત્મપરીક્ષણ મુખ્ય છે. તો જ આત્માનું કલ્યાણ થાય. આપણે આપણી સ્વકુંડલીમાંથી બહાર નીકળવાનું છે.

કોઈપણ ધર્મ કે સંપ્રદાયમાં શોષણભરી રીતિઓ માત્ર વિધિઓ કે દેવકામો, વિધિઓના અવનવા વેશો ને દંભ તેમજ પ્રદર્શનકારી રીતરસમ જોવા મળે. તે ધર્મ કે સંપ્રદાયને આચરનારા સાચા ધર્મને ઓળખી શક્યા નથી. કર્તવ્ય, માનવપ્રેમ, કરુણા અને માનવસેવા એ જ ઉત્તમધર્મ છે. મહાન સંત એકનાથે ગંગાજળ ગર્દભને પીવડાવીને કર્તવ્ય બજાવ્યું હતું અને યાત્રા પૂરી કર્યાનું પુણ્ય મેળવ્યું હતું.

વિશ્વ સાથે ઐક્ય અને તાદાત્મયતા સાધવા વિશુદ્ધ અને નિષ્કામ સેવા એ જ ઉત્તમ ધર્મ છે. જીવનમાં ઉન્નતિના પથ પર પદારૂઢ થવા આત્મવિલોપન, સેવા, સ્વાર્પણબુદ્ધિ અને આત્મસંયમના પરખની આવશ્યકતા છે. મધર ટેરેસાએ નાનામાં નાની વ્યક્તિની સેવા કરી ને માનવધર્મ બજાવ્યો છે. તો ગાંધીજીએ પણ રક્તપિત્તિયાઓની સેવા કરીને મહાત્મા બન્યા. પોતાની બુદ્ધિ દ્વારા મનુષ્યે સંયમ પ્રાપ્ત કરવાનો છે. મોહ, માયા, મમતાનો ત્યાગ કરવાનો છે. સર્વત્ર આત્મદર્શન કરી સંસાર પર પરોપકાર કરવાનો છે. બીજાને દૃષ્ટાંતરૂપ બનવા માટે આદર્શ જીવન જીવવાનું છે. સ્વાધ્યાય, તપને જ્ઞાન પ્રાપ્તિ પછી પણ ચાલુ રાખવાનાં છે. મનની અવળચંડાઈનું કાકનિરીક્ષણ કરી તેને સ્વસ્થ બનાવવાનું છે અને તે પણ વિચારો દ્વારા, આત્મનિરીક્ષણ દ્વારા, સંસારના વિનાશી સ્વરૂપની સમજણ દ્વારા. આપણે હમેશાં આયનાની સામે ઊભા રહેવાનું છે.

સેવા પ્રથમ સ્થાને છે. સેવા કરતા જાવ. દુનિયા કરે છે એ તો કામનાયુક્ત સેવા છે. ધન માટે ધનવાનની અને વિદ્યા માટે વિદ્વાનની. એ સેવા કામનાયુક્ત છે. વળી આપણો વ્યવહાર એવો રાખવો જોઈએ કે જેનાથી કોઈને દુઃખ, ઉદ્વેગ, વિક્ષેપ, પીડા કે તક્લીફ ન થાય. કોઈ આપણને જોઈને ડરે, ભયભીત થાય, આપણા બોલવાથી કોઈ અશાંત થાય કે દુઃખી થાય. તેવા વર્તનનો ત્યાગ કરવો જોઈએ. તનથી, શુદ્ધ રહા કરતાં મન, બુદ્ધિ, વચન અને વર્તનથી શુદ્ધ રહેવું જોઈએ. નખશિખ શુદ્ધ

ચારિત્ર્ય ઘડવું જોઈએ.

આપણા વ્યવહારથી કોઈને દુઃખ, વિક્ષેપ અને અશાંતિ પહોંચે તેવું ન બને એનું ધ્યાન રાખીને વર્તીએ છીએ ? રહી શકીએ છીએ ? એવું ધ્યાન ન રાખો તો નિષ્કામભાવે કરેલાં કાર્યો પણ નકામાં છે. વળી બીજાને દુઃખ દેનાર પોતાને માટે દુઃખનાં જ બીજ વાવે છે. એને ક્યાંય શાંતિ મળતી નથી. તેથી અંતઃકરણ પવિત્ર ન થાય, આત્મકલ્યાણ ન થાય.

આત્મકલ્યાણ કરવું હોય તો નિષ્કામ સેવા, નિષ્કામ ભક્તિ અને નિષ્કામ કર્તવ્ય એ જ સાચો ધર્મ છે. આસુરી તત્ત્વોને કોઈ ધર્મ નથી. કોઈ જાત નથી. એને તો આતંક ફેલાવવામાં આનંદ છે. કોઈને મારી નાખવામાં, કોઈનું ઘર બાળવામાં, મિલકતો તોડવામાં, પથ્થરમારો કરવામાં, સ્ટેબીંગ કરી મહાવ્યથા કે મારી નાખવામાં રસ છે.

આપણે તો આપણી જાતને અન્યની સેવા માટે ઘસવાની છે. ઉજળી કરવાની છે. આત્માનો આત્મા સાથે સેતુ રચવાનો છે. નાત-જાતને ભૂલીને માનવધર્મ અદા કરવાનો છે. કોઈ નિર્દોષ વ્યક્તિને જીવતી સળગાવી દેવાથી, કોઈની મિલક્ત સળગાવી દેવાથી કે કોઈની માલમિલક્ત લૂંટી લેવાથી, નુકશાન કરવાથી, પરપીડન કરવાથી આપણને કંઈ જ પ્રાપ્ત થતું નથી. પ્રાપ્ત થાય છે માત્ર રાગ, દ્વેષ, વેરઝેરનું આસુરીબળ. કર્મનું ફળ જરૂર મળે છે. ભગવાન પણ તેમાંથી છૂટી શક્તા નથી. તો આપણે નાતજાતનાં ભેદભાવ ભૂલીને આત્માનું આત્મા સાથે અનુસંધાન કરવાનું છે. એક સેતુ બાંધવાનો છે.



૧૦. આત્મીયતા

આત્માની આત્મા સાથેની ઓળખ એટલે આત્મીયતા. પ્રાણી માત્રમાં આત્મા એક જ છે, એક આત્મા હોવા છતાં પણ આપણે એકબીજાને ઓળખતા નથી, ઓળખવાનો પ્રયત્ન પણ કરતા નથી. આપણે આપણામાં જ વ્યસ્ત રહ્યા છીએ. એટલે અન્યને ઓળખવાથી શું! એવી ભાવના આપણામાં દૃઢ થયેલી છે. આપણે સ્વકેન્દ્રી છીએ. આપણામાં સ્વાર્થરૂપી અસુરોએ સ્થાન લીધું છે એ અસુરોને ભગાડી મૂકવાના છે અને દેવોને સ્થાન આપવાનું છે. પરન્તુ આપણે એ સમજી શકતા નથી. અસુરોનું આપણી ઉપર મોટું સામ્રાજ્ય છે. એની સત્તાની સામે લડવાનું છે.

સ્વની ઓળખ કરવાની છે. જ્યાં સુધી જાતને ઓળખીશું નહીં ત્યાં સુધી બીજાના આત્મા સુધી પહોંચી શકવાના નથી. કરેલ કાર્યોના રાત્રે સૂતી વખતે ઈષ્ટદેવનું સ્મરણ કરતાં કરતાં સત્કર્મોના સરવાળા કરી, દુષ્કૃત્યોની બાદબાકી કરવાની છે – અને જિંદગીનું સરવૈયું કાઢવાનું છે. પરન્તુ આપણે આપણા ચોપડા ક્યારેય શુદ્ધ રાખ્યા નથી. સ્વને છેતરી રહ્યા છીએ. આપણે આપણી **Identity** ખોઈ બેઠા છીએ. જ્યાં સુધી સ્વને છેતરતા રહીશું ત્યાં સુધી અન્યના આત્માને ઓળખી શકવાના જ નથી અને આત્મીયતા સાધી શકવાના નથી.

આત્માનો આત્મા સાથે સંવાદ કરવાનો છે. ચક્રના આરાની માફક એકબીજાના આત્મા સાથે સાયુજ્ય કેળવવાનું છે. પણ આપણે ચક્રને જ સમજી શક્યા નથી અને જ્યાં સુધી આપણે તેવી સમજ કેળવીશું નહીં ત્યાં સુધી એકાત્મતાને સમજી શકવાના નથી. આત્માનું આત્મા સાથં સંધાન કેળવવાનું છે. ભંગાણની વૃત્તિને ત્યજવાની છે. ત્યાગની ભાવના જ્યાં સુધી કેળવીશું નહીં ત્યાં સુધી આત્મીયભાવ પ્રકટવાનો નથી. આત્માનો આત્મા સાથે સેતુ રચી શકવાના નથી.

પ્રથમ તો માણસે માણસ વચ્ચે ફરજનાં બીજ વાવવાનાં છે. જરૂર છે એ બીજને ઉછેરવા સમભાવના પવિત્ર જળસિંચનની. માર્ગો ભલે જુદા જુદા હોય, ધર્મો જુદા હોય કે સંપ્રદાયો જુદા હોય પણ જગતનિયંતા તો એક જ છે. એટલે જરૂર છે સાચી ભાવાત્મક એકતા જન્માવનાર કબીર જેવા સંતપુરૂષોની, સહજાનંદ સ્વામી જેવા ભગવાનની અને મહંમદ જેવા પયગંબરની.

ઘરમાં ગંગાજીનું પવિત્ર જળ રાખવાથી ઘર પવિત્ર થતું નથી. ગંગા સ્નાન કરવાથી તન ધોવાય છે, મન નહીં. પ્રથમ તો આપણે શુદ્ધ થવાનું છે, પવિત્ર થવાનું છે. મનને શુદ્ધ કરવાનું છે. મનમાંથી દુર્વ્યવહારના વિચારોને તિલાંજલિ આપવાની છે. જ્યાં સુધી આચાર-વિચારની શુદ્ધિ નહીં આવે ત્યાં સુધી ઘરમાં ગંગાજી વહેવડાવીશું તો પણ પવિત્ર થવાતું નથી.

તીર્થાટન કરવાથી કે મંદિરોમાં પવિત્ર નદીઓનાં જળનો અભિષેક કરવાથી પવિત્ર થવાતું નથી. આત્માની પવિત્રતા કેળવવાની છે. આત્માને શુદ્ધ કરવાનો છે. મલિન વિચારોને હાંકી કાઢવાના છે. તો જ આત્માને શુદ્ધ કરી શકીશું. આત્માના મંદિરમાં શુદ્ધ વિચારો રૂપી જળનો અભિષેક કરવાનો

છે – અને આત્મારૂપી મંદિરમાં રહેલ જીવરૂપી મૂર્તિ ઉપર શુદ્ધ વિચારોનો અભિષેક કરીશું તો જ આત્માને શુદ્ધ કરી શકીશું.

આત્મીયતાની વાતો કરનારા આપણે કોઈના ઘર ઉપર પથ્થર મારવાનું પણ ચૂકતા નથી. અન્યને રિબાવવાનો, રિબાતા જોવાનો ઉત્સવ ઊજવીએ છીએ. મંદિરો તોડવાથી, ગુરૂદ્વારા તોડવાથી કે મસ્જિદો તોડવાથી ક્યારેય આત્મીયતા સાધી શકાતી નથી. કોઈ પણ ધર્મ હિંસા કરવાનું શીખવતો નથી – કે ઉપદેશતો નથી. ઐક્યતા અને તાદાત્મતા સાધવા વિશુદ્ધ અને નિષ્કામસેવા, અન્યની સાચી પરખ, આત્મદર્શન, આત્મનિરીક્ષણ અને આત્મપરિક્ષણ કરવું જરૂરી છે. તો જ આત્માનું કલ્યાણ કરી શકે. આત્માકલ્યાણની સાથે સાથે લોકકલ્યાણની ભાવના પ્રબળ થવી જોઈએ. આપણે તો લોકકલ્યાણ કરવાનું છે અને લોકકલ્યાણ કરીશું તો આપોઆપ આત્મકલ્યાણ થશે. પરંતુ તે માટે આપણે આપણી કુંડળીમાંથી બહાર નીકળવાનું છે. એકાત્મતા સાધી આત્મીય બનવાનું છે. બાકી આત્મીયતા માટે પરિસંવાદો કે યાત્રાઓ કે ગંગાજળના અભિષેકથી આત્માનું કલ્યાણ થવાનું નથી, લોકકલ્યાણ થવાનું નથી, એકાત્મતા સાધી શકવાના નથી. માણસ માણસ વચ્ચેની સાચી પરખ જ આત્મીયતા છે.

ભાવનાત્મક એકતા ક્યાંથી જન્મે ? માત્ર રાજકીયક્ષેત્રમાં જ નહીં, પરન્તુ આજે તો ઘેરઘેર એક યા બીજી રીતના કુસંપ અને વેરઝેર ફાલી રહ્યા છે. વિચારોનું ઐક્ય ક્યાંય જોવાતું નથી. માત્ર આત્માના ભેદ રાખવાથી શું વળગવાનું છે ? સાચી જરૂર છે, તૃષ્ણાની અને લાલસાની આસુરીવૃત્તિઓનો ધ્વંશ કરવાની. માનવી માનવી વચ્ચે હૃદયની એકતા

હોવી જોઈએ. દુનિયાના તમામ અનિષ્ટો સામે લડી લેવાની પ્રભુમય જીવન જીવવાની.

ક્યાંય આત્માનું અનુસંધાન રહ્યું નથી. આજે તો ભાઈ-ભાઈ વચ્ચે, કુટુંબ કુટુંબ વચ્ચે, મિત્ર મિત્ર વચ્ચે, દેશ દેશ વચ્ચે અને દુનિયામાં એક્તા તૂટી રહી છે. એકબીજાને ખતમ કરવાની વૃત્તિ વધી રહી છે. જો આત્માનું અનુસંધાન થાય તો જ આત્માની સાચી ઓળખ થાય તો પરમાત્મા સ્હેજે મળી જાય. પરમાત્માની સાચી ઓળખ એટલે જ આત્મીયતા.



૧૧. અંતર

આજના ભૌતિક યુગના માણસે વિજ્ઞાન ક્ષેત્રે એટલી તો પ્રગતિ સાધી છે કે તે ચંદ્રની ધરતીને પણ સ્પર્શ કરી આવ્યો છે. વિજ્ઞાનની વિવિધ સગવડોએ પૃથ્વીનું અંતર ઘટાડી દીધું છે. રોકેટ, વિમાન, રેડિયો, ટેલીફોન, દશ્યશ્રાવ્ય ટેલિફોન, અને અન્ય યંત્રસામગ્રીઓના શોધક માણસે જોજનો દૂરનું જગતનું અંતર તો ઘટાડી દીધું છે પણ આ બધાની વચ્ચે એક માણસ બીજા માણસથી પરોક્ષ રીતે દૂર ફેંકાતો ગયો છે અને માનવ અન્ય માનવીના હૈયાથી અળગો થતો રહ્યો છે. ભૌતિકતાના પંજામાં સપડાયેલો આજનો અણુયુગનો માનવી લાચારી અને દર્દની પીડા ભોગવી રહ્યો છે.

જગતના સર્વ પ્રાણીઓમાં તેની બુદ્ધિમત્તાને કારણે સર્વશ્રેષ્ઠ ગણાતું માનવપ્રાણી આજ તેની વિશેષ અને વિશિષ્ટ બુદ્ધિને કારણે ફરી જડતા તરફ, જંગાલિયત તરફ ખેંચાતું જણાય છે. વિજ્ઞાને સુખ-સગવડો વધારી તેથી તેનું ક્ષેત્ર વિશાળ બન્યું જ્યારે ભૌતિકતાનો ચાહક માણસ વિજ્ઞાનની વિશાળ સુખસગવડોને કારણે તેણે પોતાના જીવનમાં સત્ત્વહીન ઓશિયાળો, પંગુ, માયકાંગલો અને કેન્દ્રવર્તી બની ગયો છે.

જેમ જેમ ભૌતિક સુખો તરફ માણસ ઢળતો ગયો તેમ તેમ તે માણસથી દૂર થતો ગયો. તેનામાં સ્વાર્થ, પોતાપણું અને કરોળિયાની જેમ પોતાનું પરિઘ રચવા લાગ્યો. માણસ માણસને ઓળખતો નથી. 'પોતાના

પડોશીને પ્રેમ કરો' એવું ભગવાન ઈસુ ખ્રિસ્તે કહ્યું હતું, તેમાં જગતઐક્યની ભાવના હતી. આજે તે ભાવના લુપ્ત થતી જાય છે. માણસ પોતાના પડોશીને જ ઓળખતો નથી. પોતાના પડોશીને જોઈને બારણાં બંધ કરી દે. તેની સાથે વાત કરવાનું કે સંબંધ રાખવાનું ટાળે છે. આ રીતે મધ્યવર્તી, કેન્દ્રવર્તી થયેલો, પોતાના જ કોશેટોમાં જીવતો માણસ જગતને ક્યાંથી ઓળખી શકવાનો છે? આપણે 'માનવ-એક્તા' ની અને 'જગત જોડો'. ની વાતો કરીએ છીએ, 'એક્તા સંમેલનો'ભરીએ છીએ પણ માણસ માણસને જ્યાં સુધી ઓળખી નહિ શકે - પોતાના પડોશીને નહીં ઓળખી શકે ત્યાં સુધી 'એક્તા'ની વાતો માત્ર કાગળ ઉપર જ રહેશે.

ઓપરેશન કરી 'હૃદય' બદલતો માણસ અન્યના હૃદય સુધી પહોંચી શક્યો નથી. કેવી દર્દઘેરી કરૂણતા ! ત્યારે કવિ વિપીન પરીખ તેમના એક કાવ્યમા કહે છે કે -

બે માણસને એક બીજાથી
દૂર જવા માટે
કેટલું **'Distance'** જોઈએ ?!

માણસનું નાજુક હૃદય બીજા માણસનું થઈ શકતું નથી... આ ઉત્કટ ભાવનાને, વાસ્તવિક્તાને કવિએ સ્પષ્ટ કરી છે. યંત્રવત્ જીવન જીવતો માણસ બીજા માણસ માટે થોડો પણ સમય ફાજલ પાડી શક્તો નથી. કેવી વિચિત્રતા !

યંત્રવત્ સ્થિતિમાં જીવતો માણસ એકબીજાના હૃદય સુધી પહોંચી શકતો નથી. આજે તેનામાં વિખૂટા પડવાની ભાવના વિકસી રહી છે. અતિવિકાસ અને અતિજ્ઞાનની માયાજાળમાં ફસાયેલો માણસ અન્ય માનવીથી **'Distance'** ક્યારે ઘટાડશે ? આધુનિક યુગમાં ગરીબી, બેકારી અને મોંઘવારીની વચ્ચે પ્રાણીઓથીયે બદતર જીવન જીવતા માણસમાં **'Distance'** ક્યાં નથી? જીવનજરૂરિયાતની ચીજો પાછળ દોડતાં માનવ-હાડપિંજરોને

લોકશાહી અને સમાજવાદના પોકળ શબ્દોનું રટણ ક્યાં સુધી કરાવીશું ? જ્યાં માનવી જ સાચા અર્થમાં એક બીજાથી દૂર-અલગ હશે ત્યાં વળી સમાજવાદ કેવો ? આને માટે તો માણસે એકબીજાનાં હૈયાની નજીક આવવું પડશે...આવવા માટે પ્રયત્ન કરવો પડશે, પોતાના પડોશીને ઓળખવો પડશે, તેના હૃદય સુધી પહોંચવું પડશે. તેના દુઃખના ભાગીદાર બનવું પડશે; તે પણ બિનસ્વાર્થીપણે અને જ્યારે હૈયાં-હૈયાં વચ્ચેનું અંતર ઘટશે ત્યારે જ ખરા સમાજવાદ કે લોકશાહીનાં બારણાં ખુલ્લાં થશે જગતઐક્યની ભાવના ભગવાન ઈસુ ખ્રિસ્તે નાનકડા વાક્યમાં કહી છે તે સાર્થક થશે.

ભૌતિકયુગમાં જીવતો માણસ પોતાના કૂતરાને ખોળામાં લઈને રમાડશે, નવડાવશે,વ્હાલ કરશે એની સાથે ફરવા જશે,એને પોતાની પથારીમાં સાથે સુવાડશે પણ પોતાના નોકર સાથે, નોકરનાં બાળકો સાથે આવો વર્તાવ કરી શકતો નથી. પોતાનો નોકર પેલા કૂતરા કરતાંય બદતર છે તેમ સમજવાનું થયું. જે પોતાના નોકરને ઓળખી શક્યો નથી તે પોતાના પડોશીને કે જગતને ક્યાંથી ઓળખી શકવાનો હતો ! અતિભૌતિકવાદને કારણે જ આમ થયું છે. જેમ જેમ માણસ ભોગવાદી બન્યો તેમ તેમ તે સંકુચિત થતો ગયો. પોતાનામાં જ કેન્દ્રવર્તી થવા લાગ્યો. એટલે સુધી કે તે પોતાના સગાભાઈ, બહેન, મા-બાપ કે સંબંધીઓને પણ ભૂલતો ગયો છે. મારે શું ? તેવી ભાવના માણસમાં બળવત્તર થતી જાય છે. જો આપણે આવી જ ભાવનામાં જીવતા રહીશું તો આપત્તિકાળ નજીક આવી રહ્યો છે. તેમાંથી કોઈ કોઈને બચાવી નહીં શકે. માટે જ માણસે માણસના હૃદય સુધી પહોંચી માણસની ઓળખ કરવાની છે. માણસના હૃદય સુધી પહોંચવાનું છે.



૧૨. કર્મ અને સિદ્ધિ

काम क्रोधौ लोभमोहौ देहे तिष्ठन्ति तस्कराः ।
ज्ञान रत्नापहाराय तस्माज्जागृत जागृत ॥

અર્થાત્ દેહરૂપી ઘરમાં જ્ઞાનરૂપી રત્નની ચોરી કરનારા કામ, ક્રોધ, લોભ અને મોહરૂપી લૂંટારા ભરાઈ રહ્યા છે; માટે જાગો, જાગો !

ભગવાનનો ભક્ત એક વાર પણ પૂર્ણ વિશ્વાસ રાખી પ્રભુચરણે પોતાનું સર્વસ્વ સમર્પી દે છે પછી તેને કોઈપણ પ્રકારની આધીવ્યાધી ઉપાધિ રહેતી નથી અને આપણાં બધાં જ કાર્યો સિદ્ધ થાય છે. પછી તો ભગવાન પોતે જ ભક્તનું પરમહિત લક્ષમાં રાખીને તેના યોગક્ષેમનું વહન કરે છે. હકીક્ત આ જ પ્રમાણે હોવા છતાં પણ સાધના માર્ગમાં સાધકને અનેક વિઘ્નો આવે છે અને કાર્ય સિદ્ધ ન થાય ત્યારે સમજવું કે, સાધક હજી ભગવાનને સર્વસ્વ અર્પણ કરતાં અને તેના જ ઉપર નિર્ભર રહેતાં શીખ્યો નથી, અને કોઈ ને કોઈ સાંસારિક વસ્તુ-સ્થિતિ ઉપર તેનામાં કંઈ ને કંઈ આસક્તિ રહેલી જ છે. નહિ તો ભગવાનના – ધર્મસાધનાના માર્ગમાં વિઘ્ન નડી શકે તેમ નથી. જેથી ભગવાનનું 'ભક્તવત્સલ' નામ યથાર્થ જ છે.

ચિત્તની એકાગ્રતા સાધવી એ જ મનુષ્યજીવનમાં મોટામાં મોટો પુરુષાર્થ છે. જેમ સૂર્યનાં કિરણો એકત્ર થવાથી અગ્નિ પ્રકટ થાય છે તેમ ભક્તની ચિત્તવૃત્તિ એકાગ્ર થવાથી ઈષ્ટસિદ્ધિનો અગ્નિ પ્રકટ થાય છે.

આત્મતત્ત્વમાં જે નિમગ્ન રહે છે અને જે જીવનમુક્ત હોય છે તેને ધર્મ, અર્થ, દ્વૈતભાવ, અદ્વૈતભાવ, ગુરુ, શિષ્ય પુરુષાર્થ, અસ્તિત્વ, અનસ્તિત્વ એવું કંઈ પણ રહેતું નથી.

અહા ! મુક્તપુરુષોની કેવી ચમત્કારિક સ્થિતિ! તેઓ નથી જાગતા કે નથી ઊંઘતા, આંખો નખી ખોલતા કે નથી મીંચતા. પ્રવૃત્તિયે નહીં અને નિવૃત્તિએ નહીં. સર્વત્ર સમદૃષ્ટિ. દરેક અવસ્થામાં એકભાવ, નિષ્કામ તેમજ સર્વત્રવિરાજમાન હોય છે. તેઓ કોઈની સ્તુતિ કે નિંદા નથી કરતા. બહારથી વ્યવહાર કરતા છતાં નિર્લેપઃ ધર્મ, અર્થ, કામ એ વાત તો દૂર રહી, પરન્તુ આત્મતત્ત્વમાં સ્થિર રહી જે સ્થિતિને પામે છે તે એટલો બધો ઈચ્છારહિત થઈ જાય છે કે તેને મોક્ષની પણ ઈચ્છા રહેતી નથી, તે તો નિત્યતૃપ્ત, સ્થિર, ધીર, ગંભીર, અને સદા આનંદી હોય છે. તે પોતાને પોતામાં જ લીન કરી દઈને આત્મસિદ્ધિને પામ્યો હોય છે.

આ આત્મસિદ્ધિને પામવા માટે કર્મ, ભક્તિ અને જ્ઞાન જરૂરી છે. તે ત્રણ માર્ગ હિન્દુશાસ્ત્રમાં પ્રચલિત છે. આ દેખીતા ત્રણ માર્ગમાં પણ ઉપદેશ તો એક જ છે. તે ત્રણેય માર્ગો એક સચ્ચિદાનંદ સાગરમાં જઈ મળે છે, એટલું જ નહિ પરંતુ એ બધાનો પરસ્પર એવો સંબંધ છે કે એકની સાધના કરવા જતાં બીજાની સાધના આપોઆપ થઈ જાય છે. એકને કર્મમાર્ગ રુચે છે, બીજો ભક્તિપરાયણ થાય છે. તો ત્રીજો જ્ઞાનમાં જ મસ્ત રહે છે. ભક્તિ કરવાથી ભક્ત ભગવાનમાં તન્મય થઈ જાય છે. આ તન્મયતાને લીધે ઉપાસ્યમૂર્તિનું સ્વરૂપજ્ઞાન પણ થતું ચાલે છે અને જેમ જેમ સ્વરૂપવાન વૃદ્ધિ પામે છે, પરંતુ સકામ કર્મથી તો ગોલોકવાસી થવા છતાંય મુક્તિ મળતી નથી. કર્મનો ક્ષય થતાં ફરીથી જન્મ લેવો પડે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાને તેમના શ્રીમુખે કહ્યું છે કે –

कामात्मानः स्वर्ग परा जन्मकर्मफल प्रदाम ॥ (ગીતાજી : અ : ૨:૪૩)

નિષ્કર્મ દ્વારા જ સાધક મૃત્યુના બંધનને તોડી ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. સકામ કર્મની તો સર્વ સ્થળે નિંદા કરેલી છે. 'મહાનિર્માણતંત્ર'માં મહાદેવજીએ પાર્વતીજીને કહયું છે કે, 'હે દેવી ! (સકામ) કર્મનો ત્યાગ કર્યા વિના અને બ્રહ્મજ્ઞાન મેળવ્યા વિના સેંકડો જન્મ સુધી કર્મ કર્યા કરો તોપણ


મોક્ષ મળતો નથી.'

ब्रह्मज्ञानायते देवि कर्मसन्यसनादिना ।
कुर्वन्कल्पशतं कर्म न भवेन्युवित भाजनम् ॥

(શ્વેતાશ્વતરોપિનિષદ : ૩ : ૮:)

વાસ્તવિક રીતે જોતાં તો પરમેશ્વરને ચાહવો અને તેનું સ્વરૂપ જાણવું એ એક જ છે. તેથી જ્ઞાન અને ભક્તિને ચઢતાં ઊતરતાં કે પરસ્પર વિરોધી ગણવાં એ તો એક પ્રકારનું અજ્ઞાન જ છે.

આપણામાં ઉપભોગની ઈચ્છા પ્રબળ છે. કોઈ સુંદર વસ્તુ જોઈ કે તરત જ તેનો ઉપભોગ કરવાની વૃત્તિ થાય છે, પરંતુ એ કામનાની નિવૃત્તિ વિશે વિચાર કરતાં આપણને દુઃખ થાય છે. આપણે કોઈ દિવસ પૂર્ણકામ થઈ નિવૃત્તિના સુખમય રાજ્યમાં વિચરવાની ઈચ્છા જ કરતા નથી. આપણે બધી ચિંતા છોડી જેણે આ સકળ કામ્ય વસ્તુઓનું સર્જન કર્યું છે, જે કામનાના અવધિરૂપ છે, જે યજ્ઞના ફળ રૂપ હિરણ્યગર્ભ અને આદિત્યવર્ણ છે, પરાત્પર છે, સર્વ ભૂતોના આશ્રય છે, તે શાંતિસ્વરૂપ સુખનિધાન પ્રભુના ખોળામાં વિશ્રામ લેવાની ઈચ્છા કરતા નથી. તે અભય અને પાપ વિનાશન મંગળસ્વરૂપનાં દર્શન કરી તે અમરસુખ અનુભવ ક્યારેય ઈચ્છા કરતા નથી અને માત્ર ભોગવિલાસ જ વિચારોમાં મસ્ત રહે છે. આવું હોવાથી જ્યાં સુધી ભોગની ઈચ્છા રહ્યા કરશે ત્યાં સુધી આપણે સકામ જ રહીશું. તેથી ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ નિષ્કામ થવાનો ઉપદેશ વારંવાર આપે છે. તે પ્રમાણે કામનારહિત થવું એ જ ઈચ્છવા યોગ્ય છે.



૧૩. કલ્યાણકારી પ્રવૃત્તિ

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्थ विद्यते ।
न हि कल्याण कश्चिद् दुर्गति गच्छति ॥

ભગવદ્ ગીતા અ. ૬. ૪૦

અર્થાત્ 'હે પાર્થ ! કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પરોવાયેલા તે પુરૂષનો નાશ આ લોકમાં કે પરલોકમાં પણ થતો નથી. ભાઈ ! કલ્યાણકાર્ય કરનાર કોઈ પણ દુર્ગતિને પામતો નથી.'

નિષ્કામ ભાવનાથી જે કર્મ કરીએ તે કલ્યાણકારી ભાવ રાખીને કરવું જોઈએ, સકામ અને નિષ્કામ કર્મમાં ઘણું મોટું અંતર છે. ભક્તિ માળા જપ, ધૂપ, આદિ સાંસારિક વાસનાથી કરીએ તો તે હીન છે. પણ નિષ્કામ ભાવનાથી કરીએ તો ભગવાન આપણી પાછળ પાછળ ફરે છે. કોઈને આપી ન શકીએ તો કંઈ નહિ પણ ભીખ માગનાર તો ન જ બનીએ, ભગવાન પાસે પણ નહિ.

સંસારવૃક્ષની જડ સાંસારિક વાસના છે અને આ વાસનાની પૂર્તિ માટે યજ્ઞ, જપ, તપ, હવન, કે અન્ય પૂણ્ય કર્મો કરીએ છીએ. આ તો સંસારવૃક્ષને પાણી સિંચવા જેવું થયું. માણસો જે જે કર્મો કરે છે તે કામનાથી પ્રેરિત થઈને કરે છે. જેમ કરોળિયો જાળું ગૂંથવામાં પડ્યો છે. તેમ માણસ પણ પોતાની આસપાસ કર્મની ફાંસી તૈયાર કરવાના ધંધામાં

પડ્યો છે. રોજ રોજ મુક્ત થઈ શક્તો નથી તેનું કારણ આ છે.

હૃદયને નિતર્યા નિર્મળનીર જેવું બનાવી નિષ્કામ કર્મ કરીએ તો તે કર્મ અત્યંત પવિત્ર બની જાય છે અને હૃદયની શુદ્ધિ થાય છે.

આપણામાં અનહદજ્ઞાન હોય અને ભગવાનમાં શ્રદ્ધા ન હોય ભગવાનની ઓળખ ન હોય તો સકામ કર્મોના બંધનથી કોઈ કાળે મુક્ત થવાતું નથી. પરંતુ સામાન્યમાં સામાન્ય માણસ જો ભગવાનમાં શ્રદ્ધા રાખે તો તે કર્મનાં બંધનમાંથી મુક્તિ મેળવે છે. માટે ભગવદ્ભાવ રાખીને કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

કુદરતે આપણને હવા, પાણી પ્રકાશ વિના મૂલ્યે આપ્યું છે. તેમ છતાં તે અમૂલ્ય છે. તેની કિંમત ભૌતિક સાધનો વડે કદી પણ ન આંકી શકાય. હવા પાણી અને પ્રકાશ આપણું જીવન છે. જીવનને ટકાવવા માટેનું મોટામાં મોટું સાધન છે. આ કુદરતની કલ્યાણકારી પ્રવૃત્તિ છે. કુદરત/ઈશ્વર જાણે છે કે એક જ વાતાવરણમાં જીવન શક્ય નથી એટલે તેણે ઋતુઓ બનાવી. કુદરતની આ એક અકલ્પ્ય કલ્યાણકારી પ્રવૃત્તિ વૃક્ષોને, છોડને, વેલને નવાં પર્ણો/પુષ્પો ખીલે ત્યારે જ આપણને વસંતના આગમનની ખબર પડે છે. તો વૃક્ષો પરથી પાન ખરી જાય ત્યારે જ પાનખરની ખબર પડે છે. તાપ લાગે ત્યારે જ ગ્રીષ્મની ખબર પડે છે. ભીની માટીની સુગંધ આવે ત્યારે જ વર્ષાઋતુનો ખ્યાલ આવે છે અને ઠંડીથી શરીર ધ્રુજે ત્યારે જ શરદી આવે છે નો ખ્યાલ જો કુદરત/ઈશ્વર આ કલ્યાણકારી પ્રવૃત્તિ ન કરે તો આપણે આ પૃથ્વી ઉપર કેટલું ટકી શકવાના ?

વૃક્ષ આપણને છાંયો આપે છે, લીલા લીલા શ્વાસ આપે છે પણ

ક્યારેય તે આપણી પાસે તેની કિંમત માગતું નથી. વૃક્ષ સ્થિર હોવા છતાં પણ એ આપણી સેવા કરે છે. ઝરણાં સતત વહ્યા કરીને નિર્મળ જળ આપે છે. ઝરણા પાસે ક્યાંય બોર્ડ ચીતરેલું નથી હોતું કે દસ પૈસે એક ખોબો પાણી! હલદ્રપીળી ઝાંય વેરતો સૂરજ ક્યારેય પ્રકાશનું બીલ મોકલતો નથી. ગાય, ભેંસ, બકરી ક્યારેય દૂધની કિંમત માગતાં નથી આપણે તેમના દૂધની કિંમત ઉપજાવીએ છીએ તો સ્વનામ ધન્ય ગર્દભ, બળદ જેવાં મૂંગા પ્રાણીઓ ક્યારેય મજૂરીના પૈસા માગતાં નથી. દુઃખો સહન કરીને મનુષ્યનો માર ખાઈને ખીલે સાંકળથી બંધાઈને પણ મનુષ્યની સેવા કરે છે ! તો પછી આપણે પણ નિરાભિમાની, નિર્મળ થઈને તેણે-ઈશ્વરે-આપ્યું છે એને બીજાને આપવાનું છે, મારું કશું જ નથી એમ વિચારીને અન્નદાન, રક્તદાન, ચક્ષુદાન, કીડની દાન અને મૃત્યુ પછી દેહદાન કરવું જોઈએ. આ શરીર ઈશ્વરે આપ્યું છે કલ્યાણકારી પ્રવૃત્તિ કરવા માટે તો પછી ભૌતિક ખયાલોને છોડી દઈને જીવનને શુદ્ધ અવસ્થામાં જોડીને અને ભૌતિક પ્રવૃત્તિ કરવી જોઈએ.

કાંકરિયાની પાળ ઉપર ભેળ-પકોડી વેચતા ભૈયાએ કેટલીયે વ્યક્તિઓના પ્રાણ બચાવીને જીવનથી હતાશ થયેલ વ્યક્તિઓને નવજીવન બક્ષ્યું છે, તો વડોદરાની સયાજી હોસ્પિટલમાં ચ્હાની નાની કેન્ટીન ચલાવીને બીનવારસી લાશને અવલમંજીલે પહોંચાડવા માટે વીના મૂલ્યે ખાંપણ આપીને અંતિમ સંસ્કાર કરતો માણસ, તો વટાવ જેવા નાનકડા ધૂળિયા ગામમાં કોઈ પણ શાળામાં ગયા વગર જે બ્રહ્મયુનિવર્સિટીમાંથી કલ્યાણકારી કીમતી ડીગ્રી મેળવી છે એવો અભણ પણ સમજુ ધૂળ અને ઢેફાંનો માણસ ચંદુકાકા ગામ/પરગામની કોઈ પણ જ્ઞાતની કોઈ પણ બીમાર-લાચાર

વ્યક્તિની સવર્ણ-અવર્ણના ભેદભાવ રાખ્યા વગર એક પગે અપંગ હોવા છતાં પણ ખડે પગે સેવા કરે છે તો વડોદરાનાં મંજુલાબહેન બ્રહ્મભટ્ટ દયાળુ અને કર્મનિષ્ઠ છે. તેઓ કૂતરાંઓને નિયમિત ખોરાક પૂરો પાડે છે. કણજરી ગામનાં હિન્દુ યુવાન કીડનીનું દાન કરીને મુસ્લીમ યુવતીની જિંદગી બચાવતા માણસની પ્રવૃત્તિ કલ્યાણકારી પ્રવૃત્તિ છે. આવા નિઃસ્વાર્થ સેવાભાવી પરગજુ માણસોનો નાળ સંબંધ ભગવાનથી છૂટ્યો હોતો નથી. આવી વ્યક્તિઓને ક્યારેય સેવાનાં સર્ટીફીકેટોની જરૂર પડતી નથી. આમ દરેક વ્યક્તિ નિઃસ્વાર્થ સેવાની પ્રવૃત્તિ સ્વથી શરૂ કરે તો સેવા સંસ્થાઓની જરૂર જ ન રહે.

ભૌતિક ચેતનામાં જીવનાર કેટલાક મનુષ્યો બધાં કર્મો હું કરું છું. તેવા ખોટા અહંકાર લઈને ફરે છે એ ભૌતિકવાદીને ખબર નથી કે આ શરીર યંત્રની સઘળી ક્રિયાઓ ભગવાનના નિરીક્ષણ હેઠળ પ્રકૃત્તિના ત્રણ ગુણો અનુસાર જ થાય છે. જે ભગવાન સાથેનો સંબંધ ભૂલી જાય છે તે જ કહે છે કે સર્વ કર્મનો કર્તા હું છું આવો મનુષ્યજ્ઞાની હોવા છતાં પણ અજ્ઞાની છે. જ્ઞાની હમેશાં નમ્ર હોય છે અને અજ્ઞાની અભિમાની મનુષ્ય ભૂલી જાય છે, કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન હૃષિકેશ આ સ્થૂળ દેહની બધી જ ઈન્દ્રિયોના સ્વામી છે. એણે વિષયભોગની તૃપ્તિ અર્થે/ભૌતિકતૃપ્તિ અર્થે પોતાની ઈન્દ્રીયોનો દુરુપયોગ કર્યો હોવાથી તે અહંકારી બને છે, અને તેથી જ તે ભગવાન સાથેનો નાળ સંબંધને ભૂલી જાય છે.

અજ્ઞાની મનુષ્ય ખોટી રીતે પોતાને પ્રકૃત્તિની ચેતના સાથે એકરૂપ માને છે. દેહાત્મભાવમાં રાચે છે અને જૂજવાં નાનરૂપ ધારણ કરે છે. આ

શરીર એ પ્રકૃતિની ભેટ છે અને જે મનુષ્ય દેહ વિશે અતિશય આસક્ત રહે છે તે આત્માની સમજ વિનાનો છે. અજ્ઞાનીઓ તેને આત્મા માને છે. બીજાઓ સાથેના દૈહિક સંબંધોને લોહીની સગાઈ તરીકે સ્વીકારે છે. જે ભૂમિમાં દેહ પ્રાપ્ત થયો તે ભૂમિમાં પૂજાપાત્ર બનાવે અને ધર્મક્રિયાઓની ઔપચારિક વિધિઓને કર્તવ્યની પરિસીમા માને છે. ભૌતિકવાદી મનુષ્યોની પ્રવૃતિઓ પૈકી સામાજિક કાર્ય દેશાભિમાન અને પરોપકારવૃત્તિ જેવી કેટલીક પ્રવૃત્તિઓ પોતે ભોગ આપ્યા વગર માત્ર ભાષણબાજી કરીને લેખો છપાવીને સસ્તી પ્રસિદ્ધિ મેળવે છે. આવા નામ અને પદથી મોહિત થયેલા તેઓ હરહંમેશ ભૌતિક ક્ષેત્રમાં જ ઘૂમ્યા કરે છે. જેને પોતાના કાર્યની પ્રસિદ્ધિમાં રસ છે તેઓ ક્યારેય સિદ્ધિને પામતા નથી અને આધ્યાત્મિક સાક્ષાત્કાર તેમને મન કલ્પિત વાત છે અને તેથી તેમને તેમાં રસ હોતો નથી.

ભૌતિક સુખો મેળવવા મનુષ્યને ઘણાં શાસ્ત્રવિહિન અને રૂઢિગત કર્મો કરવાં પડે છે, પરંતુ અધ્યાત્મિક પ્રગતિ સાધવા એટલે કે ભગવદ્ભાવમાં સ્થિર થવા માટે ભૌતિક પ્રવૃતિઓ છોડવી પડે છે. અનિયંત્રિત જીવન જીવનારા મનુષ્યો, ભલે સુધરેલા કે જંગલી હોય, શિક્ષિત કે અભણ હોય, સબળ હોય કે નિર્બળ હોય. પણ કાયમ પશુવૃત્તિઓથી ભર્યા ભર્યા હોય છે. તેમની પ્રવૃત્તિઓ કદી શુભ હોતી નથી/કલ્યાણકારી હોતી નથી.આહાર, નિદ્રા, ભય અને મૈથુન જેમ પશુવૃત્તિઓમાં નિરંતર રચ્યાપચ્યા રહે છે અને સતત ભૌતિક જીવનમાં જ આળોટતા રહે છે. ભૌતિક જીવનમાં સદાય દુઃખમય કાર્યો કહેવાય જે પ્રવૃત્તિનો હેતુ આત્મસાક્ષાત્કાર દેહભાવમાંથી મુક્તિનો ન હોય તે પ્રવૃતિ કલ્યાણકારી નથી જ. આ રીતે જોતાં ભગવદ્

ભાવનાનાં કાર્યો જ કલ્યાણ કાર્યો છે.

આપણામાં રહેલ રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર આ છ આસુરોને / શત્રુઓને હણવાના છે / તેમનો નાશ કરવાનો છે. જો આ શત્રુઓનો નાશ કરીએ તો હૃદયમાં ઋજુતા, સરળતા, નિર્મળતા, ક્ષમા, સમભાવ અને ત્યાગરૂપી દેવોનો વાસ થાય અને આત્મકલ્યાણ થાય. પણ હૃદય જ્યાં સુધી નિર્મળ ન થાય, મન જતાં સુધી નિરાભિમાની ન થાય અને ઈંદ્રિયોના ઘોડા હણહણતા રહે અને જ્યાં સુધી આપણામાં ભગવદભાવ કેળવાય નહીં ત્યાં સુધી આપણામાં દેવોનો વાસ થતો નથી ભગવાન સાથેનો નાળ સંબંધ બંધાતો નથી, ભગવાન સાથે સાયુજ્ય રચાતું નથી અને ભગવાન સાથે સેતુ બંધાતો નથી માટે માણસે કલ્યાણકારી પ્રવૃત્તિ કરીને બ્રહ્મસ્વરૂપ થવાનું છે. કલ્યાણકારી પ્રવૃત્તિમાં પરોવાયેલો મનુષ્યનો આ લોકમાં અને પરલોકમાં પણ નાશ થતો નથી એવું ભગવાન શ્રી યોગેશ્વરે ગીતાજીમાં પોતાના શ્રીમુખે કહેલું છે.



૧૪. શ્રીકૃષ્ણ સર્વોચ્ચ સ્વામી છે

सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા : અ. ૧૪:૪)

અર્થાત્ :

'હે કુંતિપુત્ર ! સર્વયોનિઓમાં જ શરીરો ઉત્પન્ન થાય છે, તેઓનું ઉત્પત્તિસ્થાન મહદ્‌બ્રહ્મ પ્રકૃતિ છે અને હું (તેમાં) ચેતનના અંશરૂપ બીજ સ્થાપન કરનાર સર્વનો પિતા છું.'

જીવ સનાતન છે તે આ પ્રકૃતિમાં વિવિધ પ્રકારના ભૌતિક, ક્ષણભંગુર દેહ ધારણ કરે છે. આપણા દરેકના જુદા જુદા દેહધારણ કરે છે. આ સમગ્ર દુનિયા વિવિધ પ્રકારના જીવોથી ભરેલી છે, પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : ॥ अहं बीजप्रद पिता ॥ હું તે બધાનો પિતા છું. અર્થાત્ ભગવાનનો એવો દાવો છે કે જીવમાત્ર તેમનાં જ સંતાનો છે. કૃષ્ણ તો પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર છે. આ પૃથ્વી ઉપરના તમામ પ્રાણી માત્રના બીજપ્રદ પિતા છે.

કૃષ્ણ એ જ સર્વોચ્ચ સ્વામી છે. લોકો મારું મારું કરે છે, પણ તેનું શરીર પણ તેનું નથી તો ભૌતિક વસ્તુઓનો તે દાવો કઈ રીતે કરી શકે ! માત્ર આ પૃથ્વી જ નહિ, પરંતુ વિશ્વના તમામ ગ્રહો ભગવાનની માલિકીના છે.

સમસ્ત પૃથ્વી એ ભગવાનનું જ સ્થાન છે. એ બીજા કોઈનું નથી.

આપણે એની માલિકીનો હક્ક કેવી રીતે કરી શકીએ ? આપણે તો આ પ્રભુના રાજ્યમાં ખાલી હાથે આવીએ છીએ અને ખાલી હાથે જઈએ છીએ. તો આપણે કેવી રીતે હક્ક દાવો કરી શકીએ કે આ મારી સંપત્તિ છે. આ મારો દેશ છે, આ મારી દુનિયા છે, આ મારી પૃથ્વી છે. શા માટે આપણે આવા હક્ક દાવા કરીએ છીએ ? બધું જ મિથ્યા છે, તો એનો મોહ શું કામનો ? જે છે તે ઈશ્વરનું છે, ઈશ્વર પ્રેરીત છે. માટે જ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, '' सर्वलोक महेश्वरम् '' ''હું દરેક સ્થળનો સર્વોચ્ચ સ્વામી છું.''

ભગવાન તો જીવમાત્રનો સુહૃદ છે, દરેકના હૃદયમાં મિત્ર તરીકે વસેલો છે, આ ભૌતિક જગતમાં આપણે મૈત્રી કરીએ છીએ પણ તેમાં કંઈક ને કંઈક સ્વાર્થ રહેલો હોય છે અને સ્વાર્થ પૂરો થતાં તે મૈત્રી તૂટી જાય છે. મારા એક મિત્ર નામ છે એમનું દ.ઠા. તેમનું પુસ્તક તૈયાર થતું હતું ત્યારે તેમાં સુધારો-વધારો કે પ્રકરણોનાં પ્રકરણો નવેસરથી લખાવવા માટે રાત્રે લગભગ બે વાગ્યા સુધી મારે ત્યાં બેસી રહેતા. આમ દસ દિવસ સુધી સતત કામ ચાલ્યું ત્યાં સુધી હું તેમના પુસ્તકના પ્રકરણો સુધારતો હોઉં અને તેઓ નિરાંતે ઝોકું પણ મારી લેતા. તેમનું પુસ્તક પ્રકટ થયું અને તે પછી તેના વિમોચન કરાવવા સુધી હું સાથે રહ્યો. ત્યારબાદ તેમણે થોડો વખત મળવાનું રાખ્યું. પણ જ્યારે તેમના સંપાદન અંતર્ગત એક પુસ્તક તૈયાર થયું હતું. ઉમળકાથી તેઓ આવ્યા અને તેમાં એક લેખ લખવા આગ્રહ કર્યો. મેં લખ્યું પણ ખરું પણ પુસ્તક જ્યારે પ્રકટ થયું ત્યારે તેમાં મારો લેખ નહોતો ! મેં તેમને ચાર પત્રો પણ લખ્યા પણ તેનો જવાબ આપવા સુદ્ધાંની દરકાર કરી નથી. આવાય મિત્રો હોય છે ! પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ એવા સરસ મિત્ર છે કે તેઓ આપણા હૃદયમાં રહેલા છે. તેઓ અતિ સામાન્ય એવા જીવમાં પણ પરમાત્મા થઈને વસેલા છે.

આ જગત દુઃખમય છે, દુઃખોનું ધામ છે. સુખ તો ક્ષણિક છે. આપણે કદાચ સ્વીકારીએ પણ ખરા અને કહીએ, “ ભલે તે દુઃખભર્યું છે છતાં હું તેનો સ્વીકાર કરું છું. ” પરંતુ આ વલણનું કોઈ મહત્ત્વ નથી કારણ કે ભૌતિક પ્રકૃતિ આપણને દુઃખોનો સ્વીકાર કરી અહીં રહેવા દેશે નહિ. આ જગત ક્ષણિક છે. આપણે તે ત્યજવું જ પડશે. આમ જાણવા છતાં પણ આપણે ભૌતિક વસ્તુઓનો મોહ છોડતા નથી / મોહ છૂટતો નથી અને જીવન પર્યંત મારું મારું કર્યા કરીએ છીએ. પણ આપણે એમ માનીએ કે મારું મારું મિથ્યા છે, તારું બનાવેલ જ તારું છે. તો જ આ મોહપાશમાંથી આપણે છૂટીએ.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા : અ. ૧૪:૨)

પરંતુ આ મોહપાશમાંથી છૂટવાનો એક જ માર્ગ છે. ‘મને પામીને, મારા સ્વરૂપને પામીને પરમ્ સિદ્ધિ પામેલા મહાત્માઓ, યોગીઓ સંસારની ઉત્પત્તિ વખતે પણ જન્મ પામતા નથી અને પ્રલય કાળે વ્યાકુળ થતા નથી.’ અને જો આ बीजप्रद पिताની પ્રાપ્તિ થાય તો પછી આ ભૌતિક જગતની દુઃખમય પરિસ્થિતિમાં પાછા ફરવું પડતું નથી.

આપણે સૌ આપણા કર્મ અનુસાર આપણા આવતા જન્મનાં શરીરો ભૌતિક દેહ ધારણ કરશે પણ જે ભગવાનની ભક્તિ કરે છે તે મૃત્યુ પછી દિવ્યદેહ ધારણ કરી દિવ્યલોકને/દિવ્યધામને પ્રાપ્ત કરે છે. જે સ્વરૂપના ભાનમાંથી ખસતો નથી, સુખદુઃખને સમાન સમજે છે; માટી પથ્થર તથા સોનું જેને સમાન છે, તથા પ્રિય-અપ્રિયમાં, નિંદા અને સ્તુતિમાં, માન અને અપમાનમાં તથા શત્રુપક્ષ અને મિત્રપક્ષમાં સમભાવે વર્તે છે, બધાં કર્મોમાં

કર્તાપણાના અભિમાનથી રહિત છે તે મનુષ્ય ત્રણ ગુણથી પર થયેલો ગુણાતીત છે અને બ્રહ્મની સ્થિતિને પામે છે.

જો આપણે પૂર્ણ પુરુષોત્તમને જાણી શકીએ તો બધું જ જ્ઞાન આપ મેળે મળે અને તે પછી કંઈ જ જાણવાનું રહેતું નથી. તેથી જ સૌ પ્રથમ તો ભગવાન શ્રીકૃષ્ણને ઓળખવાના છે. સુહૃદ અને મિત્ર એવા ભગવાનને ઓળખવાના છે.

ભગવાનમાં મન પરોવનાર, ભગવાનનું પૂજન કરનાર, નમસ્કાર કરનાર, ભક્તિ કરનાર ભગવાનને પામે છે. ભગવાનના સ્વરૂપને પામે છે.



૧૫. ઘડતર

પ્રાતઃકાળે ગુલાબી સૂરજ કૂદીને કુંભારના ચાકડા પર જઈ બેઠો, દિવસ પોતાનું કાર્ય કરે તે સાથે જ સૃષ્ટિનું કાર્ય, ચહલ-પહલ, કલરવ, કિલકિલ, કિલબલાટ શરૂ થઈ જાય. સ્વનામધન્ય ગર્દભની પીઠ પરથી કુંભાર માટી ઉતારે, પાણી રેડી ગુંદવા લાગે અને –

રાખનાં રમકડાં, રમકડાં
મારા વ્હાલે રમતાં રાખ્યાં રે,
લોક લોકની માટીમાંથી માનવ કરીને ભાખ્યાં રે...
રાખનાં રમકડાં.......

એમસ્વરલહરી વાતાવરણને પરિપ્લાવીત કરે અને બે પગ માટી ગૂંદતા જ જાય, ગૂંદતા જાય. મશરૂ જેવી માટીમાંથી કુંભાર શું ઘડશે ? જ્યારે રેશમશી મુલાયમ માટીનો પિંડ ચાકડા ઉપર મૂકે ત્યારે પણ આપણને ખબર પડતી નથી કે આ માટીમાંથી કુંભાર ઘડો, માટલું, કુંજો, શકોરું-બટેરું કે શું ઘડશે ? જ્યારે પાત્ર તૈયાર થાય છે ત્યારે જ તેની ઓળખ થાય છે. માંસપેશીમાંથી બનેલું માનવપિંડનું ઘડતર કરનારો તો કરે છે પણ એને સત્કાર્યો વડે ઘડવાનું કામ આપણું છે.

પહાડોમાં વિસ્તરેલા પથ્થરને જ્યાં સુધી શિલ્પીના ટાંકણાનો સ્પર્શ થતો નથી ત્યાં સુધી તે પથ્થર જ રહે છે અને શિલ્પીના ટાંકણાનો

સ્પર્શ થતાં જ તે આરાધ્યની મૂર્તિમાં રૂપાંતર પામે છે. એક મૂર્તિ સ્વરૂપે મંદિરમાં સ્થાન પામે છે એમાં પ્રાણ-પ્રતિષ્ઠા થાય છે અને તેની પૂજા થાય છે. બીજો પથ્થર મકાનમાં કે રસ્તામાં જડાય છે, માઈલ સ્ટોન બનીને રસ્તો બતાવવાનું કામ કરે છે. કામ પથ્થરને લગતું જ છે. પણ પ્રક્રિયાના તફાવતને કારણે પરિણામમાં ઘણો ભેદ પડી જાય છે.

પહેલા પથ્થરમાં માણસ હથોડી, ટાંકણા વડે એક-બે ઘા કરે, કાચપેપર ઘસે અને પથ્થર તપાસે છે કે ઘા બરાબર લાગ્યો કે નહિ. વળી પાછા એક-બે ઘા મારે અને ક્ષણ-બેક્ષણ થોભે છે, જુએ છે કે આકાર બરાબર આવ્યો કે નહીં. એમ ઘા મારતો જાય અને વચ્ચે વચ્ચે અટકીને વારંવાર પ્રગતિની ચકાસણી કરતાં કરતાં ઘડતરની પ્રક્રિયા ચાલુ રાખે છે. પહેલાને લોકો શિલ્પી કહી બિરદાવે છે અને બીજાને લોકો પથ્થરફોડા કહે છે. કાર્ય એક પથ્થરનું જ છે. પણ પ્રક્રિયામાં ફેરને કારણે શિલ્પીનું કામ મૂર્તિમાં પરિણમે છે.

કુંભાર ચાકડા ઉપર પિંડ મૂકે, ચાકડો ફરતો જાય અને પિંડ ઉપર હાથ મૂકે ત્યારે જ તે વિચારી લે કે પિંડમાંથી ક્યા ક્યા ઘાટ ઘડવાના છે, ક્યા પ્રકારના વાસણો ઘડવાના છે. જો વિચારી ન લે તો ચાકડા ઉપર માત્ર પિંડનો પિંડ જ રહે. ઘાટ ન ઘડાય. આપણે પણ આપણા કાર્યના પરિણામનો વિચાર કરીને કાર્ય કરવાનું છે. આવનાર પરિણામનો વિચાર કર્યા વગર કરેલું કાર્ય ફોગટ જાય છે, વ્યર્થ જાય છે. આપણે આપણી જાતને ઘડવાની છે, તપાસવાની છે.

શરૂઆતથી જ આપણે આપણો ધ્યેય નક્કી કરવાનો છે. ધ્યેય

વગરનું જીવન વ્યર્થ જાય છે. માત્ર પિંડ જ રહે છે, તેમાંથી આકાર પ્રાપ્ત થતો નથી.

જેમ કુંભાર માટીના પિંડને ઘાટ આપે છે, શિલ્પી પથ્થરને ઘાટ આપે છે તેમ આપણે પણ આપણાં કાર્યોને વારંવાર તપાસતા રહી, ચકાસતા રહી આપણા જીવનને ઘાટ આપવાનો છે. કુંભાર માટીના પિંડને ઘાટ આપ્યા પછી ટપલે ટપલે ટીપીને, ટપારીને તપાવીને સુંદર વાસણ બનાવે છે. શિલ્પી પણ પથ્થરને છીણી અને હથોડી વડે સુંદર ઘાટ આપે છે, કાચપેપર ઘસીને સુંદર અને દિવ્ય મૂર્તિનું નિર્માણ કરે છે, ઘડતર કરે છે, સંસ્કારે છે. આપણે પણ આપણા જીવનનો ધ્યેય નક્કી કરીને અણીશુદ્ધ કરવાનું છે. કાર્યના ટાંકણા વડે, સંસ્કારોના ટપલાં વડે અને આત્મશુદ્ધિનાં કાચપેપર વડે સુંદર ઘાટ આપવાનો છે. ધ્યેય વગરનું જીવન ખલાસી વગરની નૌકા જેવું છે. ઘડતર વગરનું જીવન પથ્થર સમાન છે, નકામું છે.



૧૬. ચેતન, અચેતન પરિષ્કૃત મન

માનવમનની ક્ષમતા અસીમ અને વિલક્ષણ છે. એમાં ચેતન – **Consious**, અચેતન – **Unconsious**, મહાચેતન **Super Consis** અને સમષ્ટિગત મન જેવા અનેક નાના મોટા સ્તર આવેલાં છે. જે જન્મ-જન્માંતરોના સારા-નરસા સંસ્કારો તેમજ અતીન્દ્રીય ક્ષમતાઓ, દિવ્ય વિભૂતિઓનો ભંડાર પોતાની ભીતરમાં સમાવી રાખે છે. એને જાણવા અનુભવવા પરિશોધન કરનારા માણસો પશુ પ્રવૃત્તિઓમાંથી ઊંચા ઊઠીને દેવસ્તર સુધી સહજમાં પહોંચી જાય છે. એનાથી વિપરીત મનની હલકી વૃત્તિવાળા વ્યક્તિઓની ગણના નર-પશુમાં કરવામાં આવે છે. જે પોતાની તુચ્છતાને કારણે ગુણ, કર્મ, સ્વભાવ અને ચિંતન-ચરિત્ર વ્યવહારની દૃષ્ટિથી ઘૃણિત રહે છે – એને પતિત ગણવામાં આવે છે. એ જ કારણ છે કે અધ્યાત્મવેત્તાઓ અને માનવશાસ્ત્રીઓએ મનઃશ્ચેતનાના પરિષ્કાર ઉપર ઘણું મહત્ત્વ આપ્યું છે. એના માટે વિવિધ પ્રકારના ઉપાય, ઉપચારોનું સૃજન કર્યું છે. ખરેખર તો આત્માનો સંદેશ અને ઈશ્વરીય પ્રકાશ પરિસ્કૃત થયેલ નિર્મળ મન ઉપર જ પડે છે.

વિકસિત વ્યક્તિત્વ અને પ્રખર પ્રતિભાની પ્રશંસા સર્વત્ર સાંભળવામાં આવે છે. એ બીજું કશું જ નથી. કેવળ પરિસ્કૃત મનના વિકાસની વ્યક્તિગત જીવનમાં જોવામાં આવતી ઝાંખી માત્ર છે. સુગઠિત

ચરિત્ર, નિષ્ઠા, મનસ્વિતા, દૂરદર્શિતા, પ્રગતિશીલતા, તત્પરતા અને સાહસિક્તા સુવ્યવસ્થાના રૂપમાં આપણે કેવળ પરિષ્કૃત મનની પ્રૌઢતાનાં જ દર્શન કરીએ છીએ. ત્યાગ,બલિદાન, સેવા, તપ-સાધનાની કષ્ટસાધ્ય પ્રક્રિયાને અપનાવવામાં કેટલીયે વ્યક્તિઓ અસાધારણ આનંદ, સંતોષ અને ગર્વ અનુભવ કરે છે. આ બધું પરિશોધિત ઉચ્ચસ્તરીય મનનું જ પરિણામ છે.

ચેતન મનના ઉપરના ભાગની નીચે અચેતન મન હોય છે. એના બે ભાગ છે. અતિન્દ્રીય મન અને સમષ્ટિગત મન. અચેતન મનના આ બંને ભાગ કેટલા મહત્ત્વપૂર્ણ હોય છે. એને મનસ્વી અને મનઃક્ષેત્રની સાધના કરવાવાળા લોકો જ જાણી શકે છે. ચેતન મનનું સ્વરૂપ અને પ્રભાવથી થયેલા મનુષ્યમાં સ્વાર્થવાદી અને ઈન્દ્રીયપરાયણ અહંતા જાગે છે અને એની લાલચ-વાસના, તૃષ્ણાની પશુચેષ્ટામાં જ ભટકતી રહે છે. ફ્રોઈડ જેવા મનોવિજ્ઞાની આજ ભટકાવને મનુષ્યની મૂળ પ્રવૃત્તિ માની બેઠા છે. તેઓ એ નથી વિચારતા કે એમના નિષ્કર્ષથી માનવીની મહાનતાને પતનના માર્ગે લઈ જવાથી કેટલું ઘાતક પરિણામ લાવશે. મનીષીઓ એને સુયોગ્ય બનાવવા માટે અધ્યયન,અનુભવ, પરામર્શ, ચિંતન, મનન વગેરે ઉપક્રમોને અપનાવવા આગ્રહ કરે છે.

અચેતન મનની ગરિમા અને સંભાવનાઓની શોધ કરવા માટે આધુનિક મનોવેત્તાઓ ગંભીરતાપૂર્વક અનુસંધાનરત છે. આ ક્ષેત્રમાં મનઃશાસ્ત્રીઓ જેટલા ઊંડા ઊતરતા જાય છે. એટલો જ એ અનુભવ કરતા જાય છે કે આ રત્નાગારમાં છુપાયેલી બહુમૂલ્ય સંપદા એટલી અપાર અને અસીમ છે કે જેની કલ્પના કરવી મુશ્કેલ છે. એના ગહન સ્તર અતિન્દ્રિય મનમાં એ સમસ્ત સંભાવનાઓ વિદ્યમાન છે. જેનો યોગી, તપસ્વી તથા સિદ્ધપુરુષોના ચમત્કારો તથા સિદ્ધ સાધકોના સંદર્ભમાં વર્ણન કરવામાં

આવે છે. પરોક્ષ જગતમાં જે અલૌકિક્તાઓ અને અતિમાનવી ઉપલબ્ધીઓની ચર્ચા થતી રહે છે. એનું મૂળ આ અચેતન મનમાં જ પ્રસુપ્ત સ્થિતિમાં પડી રહે છે. જે એને જાગ્રત કરી લે છે. તેઓ એ અદ્ભુતને પણ પ્રત્યક્ષ કરી લે છે. જે સાધારણ રીત અસંભવ, અપ્રત્યક્ષ સમજવામાં આવે છે.

અતિન્દ્રીય મનના સંબંધમાં કદી કદી એવું વિચારવામાં આવે છે કે આ દૈવી અનુગ્રહનું વરદાન ચમત્કાર છે. પણ હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, મંત્રો અને દેવતાઓના માધ્યમથી જે કંઈ પ્રાપ્ત કરવામાં આવે છે તે કંઈ બહારથી આવતું નથી, પરંતુ અંદરથી જ ઉદય થાય છે. દેવતાઓ અગર છે, તો તેમનું નિકટતમ દેવસ્થાન આપણું અતિન્દ્રીય મન જ છે. મંત્રોમાં, સાધનામાં, અનુષ્ઠાનોમાં અલૌકિક શક્તિ માનવામાં આવે છે. એના ઉદય થવાનું સ્થળ અચેતન મનનું આ ઉચ્ચ પ્રકારનું સ્તર જ છે. મંત્ર,સાધનાઓના વિધાન કોઈનાં સફળ થાય છે તો કોઈનાં અસફળ થાય છે. એનું કારણ સાધકના અતિન્દ્રીય મનની પરિસ્થિતિઓનો ઊંચોનીચો સ્તર જ છે. અલૌકિક્તાઓનું ધ્રુવ કેન્દ્ર આ જ મર્મસ્થાન છે. પ્રાચીન ઋષિકાલીન ઈતિહાસ આ જ બ્રહ્મવિદ્યાની મહત્તાઓથી ભરેલો છે.

અતિન્દ્રીય મનથી પણ ઉચ્ચ સ્તરને સમષ્ટિગત અથવા સુપરચેતન મન કહે છે. બીજા શબ્દોમાં એને વિશ્વાત્મા પણ કહી શકાય છે. પ્રાણી માત્રમાં એક જ દિવ્ય જ્યોતિ વિભિન્ન રંગરૂપો અને આકાર, પ્રકારોમાં પ્રકટી રહી છે. સામૂહિક્તા, સદ્ભાવના, પ્રેમ, ઉદારતા, સેવા, સંયમ, કરુણા, મમતા જેવી ઉચ્ચ પ્રવૃત્તિઓ આ જ સ્તરના ઉદ્ભવથી વિકસિત થાય છે. તુચ્છ સરખા નર-પશુને મહામાનવના રૂપમાં પરિણીત કરી દેવાનું શ્રેય આજ મનઃસ્તરને છે. અનીતિ તરફ આગળ વધતા આ જ અંતઃપ્રેરણા રોકે છે. ત્યાગ અને બલિદાનને માટે સહજ આ જ સ્તરની હલચલોથી જાગ્રત થાય છે.

અતિન્દ્રીય અને સમષ્ટિ ગતમનની અંતઃસ્ફુરણાઓના પ્રભાવથી જ વ્યક્તિ ઋષિ, દ્રષ્ટા, તત્ત્વજ્ઞાની, દેવદૂત અને અવતારી બને છે. સમષ્ટિગત મનનો પ્રભાવ જ સમાજસેવા, લોકકલ્યાણ અને ચરિત્રનિર્માણના રૂપમાં જોવામાં આવે છે અને અતિન્દ્રિય મનની વિભૂતિઓનું સૌન્દર્ય અતિમાનવો – દેવદૂતોના રૂપમાં કેટલીકવાર જોવામાં આવે છે. મહર્ષિ અરવિંદ માનસિક ચેતનાના આજ સ્તરની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે.

વાતાવરણની ગંદકી મન પર જામતી રહેવાથી એ ગંદકીનું સ્તર પણ જામી જાય છે. પણ એને દૂર કરવામાં દૈવી પ્રવૃત્તિ નિરંતર લાગેલી રહે છે. સમુદ્ર મંથનનું અંતરદ્વંદ્વ આજ છે. સદ્‌ગુરુનું શિક્ષણ અને આત્મપ્રેરણાના રૂપમાં આ જ સંશોધનનો પરિષ્કાર આત્મવેત્તાઓએ ચિત્રિત કર્યો છે, આથી વિપરીત ઉચ્છૃંખલતા અને અનૈતિક આચરણ કરવાવાળાને કેવળ રાજસત્તા દ્વારા સામાજિક ઘૃણા દ્વારા દંડ મળે છે. પરંતુ આત્મ પ્રતાડના દ્વારા અનેકો શારીરિકોમાં માનસિક રોગોની ઉત્પત્તિ પણ થાય છે. આજ તથ્ય હવે દિવસે દિવસે અધિક સ્પષ્ટ થઈ રહ્યું છે.

હવે એ દિવસો દૂર નથી રહ્યા કે જ્યારે અતિન્દ્રીય વિજ્ઞાનના શોધકર્તા મનુષ્યની મહત્તાને હાલની અપેક્ષા હજારો ગણી અધિક, અદ્‌ભુત સિદ્ધ કરી શકશે ત્યારે પ્રકૃતિના નહિ, પણ ચેતના જગતના એકથી એક વધીને મહત્ત્વપૂર્ણ રહસ્યોનું ઉદ્‌ઘાટન માત્ર માનવ શરીર અને મનરૂપી યંત્રથી જ સરળ અને સંભવ થઈ શકશે અને માણસ પ્રવૃત્તિઓથી ઊંચો ઊઠીને દેવસ્તર સુધી પહોંચી શકશે.



૧૭. તદર્થ

- હરીશ વટાવવાળા

માણસ હંમેશા સુખની શોધ કરતો ફરે છે. કસ્તુરીમૃગ જેમ સુગંધની શોધમાં દોડ્યા કરે તેમ. પરન્તુ માણસ જાણતો નથી કે સુખ તો તેની અંદરથી જ ઉદ્‌ભવે છે. દુઃખનું કારણ જીવનમાં નથી. પરન્તુ આપણી જાતમાં જ અહમ્ સ્વરૂપે રહેલું છે. તેને દૂર કરવાની જરૂર છે.

જે અનુગ્રહ હરહંમેશ તમારા માટે જ છે તેની પ્રાપ્તિ માટે એક માત્ર ઉપાય એ જ છે કે તમે જ તેના આત્મસ્વરૂપ બની રહો.

આત્મા તો પંચમહાભૂતોમાં રહે છે. સાચા સન્યાસી મનથી હોય છે. માણસ મન જ્યાં દોરાય છે ત્યાં માણસ દોરાય છે. તેથી કોઈ વ્યક્તિ એમ વિચારે કે હું ગૃહસ્થ નથી તો તેને સન્યાસી માનવો. તેવી જ રીતે **ब्रह्मवेद ब्रह्मैव भवति** એટલે કે, 'બ્રહ્મ'ને જાણનારા 'બ્રહ્મ'બને છે. આત્મસાક્ષાત્કાર એ કોઈ જીવનની સંધ્યાએ શોધ કરવાની પ્રવૃત્તિ નથી. તે તો તમામ સાધનાઓ તથા માણસના અનિશ્ચિત પ્રારબ્ધનું લક્ષ્યસ્થાન છે.

આ હૃદય વિશ્વ છે. પ્રભુ એક જ છે. પ્રાણીમાત્રમાં છુપાયેલો છે અને તમામ પદાર્થોમાં વ્યાપેલો છે. તે તમામ કર્મોનો કર્તાહર્તા છે. તમામ પ્રાણીમાત્રમાં વસેલો છે. તમામ પ્રવૃત્તિઓનો દ્રષ્ટા અને જ્ઞાતા છે. આમ છતાં નિર્ગુણ છે /નિરાકાર છે અને બધા ગુણદોષથી પર છે.

પંચમહાભૂતોમાં વસનાર આત્માને આંખથી, વાણીથી, બીજી ઈન્દ્રીયોથી, આત્મસંયમથી કે બીજાં કાર્યોથી સમજી શકાય તેમ નથી.

જ્ઞાનની નિર્મળ જ્યોતથી જ્યારે માણસનો આત્મા શુદ્ધિ પામે ત્યારે ધ્યાન દ્વારા તે નિરાકાર કોણ છે તે જોઈ શકે છે.

'આત્મતત્ત્વને જાણનારો વિદ્યા અને વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ ગાય, હાથી, કૂતરાં અને ચાંડાળ એ તમામને એક જ દૃષ્ટિથી નીરખે છે' (ભગવદ્‌ગીતા).

બ્રહ્મ જે જાણે છે તે બ્રાહ્મણ નાત, જાત કે સામાજિક મોભાની દૃષ્ટિએ ઊંચ કે નીચ વગેરેના ભેદભાવ વગર પરમાત્મા અથવા આત્મા સર્વમાં વ્યાપ્ત છે.

જ્યારે વ્યક્તિ જાગ્રત થાય છે ત્યારે તેની ઈન્દ્રીયો જેવી કે નાક, કાન, આંખ વગેરેથી દુનિયાના નામ અને સ્વરૂપથી અનુભવ કરે છે. તેનો અંતરાત્મા જાગ્રત અવસ્થામાં 'વિશ્વમ્', સ્વપ્નાવસ્થામાં 'તેજસ્' અને સુષુપ્તાવસ્થામાં 'પ્રજ્ઞા'ની અનુભૂતિ કરે છે. ત્રણે લોકમાં અનંત પ્રકાશમાં અને છેક બ્રહ્માંડથી લઈને કીડી જેવા તમામ જીવોમાં અંતર્યામી એવો આત્મા એ જ પરમાત્મા છે, બ્રહ્મા છે એ જ સમગ્ર સર્જનનો અનંત જાગ્રત સાથી છે. એ જ ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો સર્જનહાર છે.

નામ અને સ્વરૂપના માધ્યમથી ઊભા કરાતા ભેદવિચારો સાચે જ એક બ્રહ્મ છે. જે એના હૃદયમાં એવી દૃઢ અનુભૂતિ કરે છે કે, 'હું જ તે બ્રહ્મ (પરમાત્મા) છું, તે જ મારો ગુરૂ છે. આપણે તો આત્મનિરીક્ષણથી, આત્મપરીક્ષણથી 'સ્વ'ની શોધ કરીને આત્માને ઓળખી પરમાત્મા સાથે સેતુ બાંધવાનો છે. નાળસંબંધ છૂટ્યો ત્યારથી આપણે એનાથી છૂટા પડી ગયા છીએ તો ફરીથી એ નાળસંબંધ બાંધવા માટે તદ્રુપ થવા તેનો તદર્થ શોધવાનો છે.



૧૮. ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના

बाह्यव्यक्ति पदार्थानां न त्यागस्ताग उच्यत्ते ।
कामादीनां दरित्यागं प्राहुस्तागं विचक्षणाः ॥

આ શ્લોકની સાથે 'સ્વામિનારાયણ' સંપ્રદાયના મૂર્ધન્ય સંત સ્વામીશ્રી નિષ્કુળાનંદજીનું આ પદ સરખાવીએ.

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટિ ઉપાયજી;
અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાયજી – ત્યાગ. ૧
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપરનો અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી – ત્યાગ. ૨
કામ, ક્રોધ, લોભનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે તે ઊપજે, ઈન્દ્રી વિષય આકારજી – ત્યાગ. ૩

આ પદની પંક્તિઓથી સમજાય છે કે : કામ, ક્રોધ, લોભ, મોહ, સ્પર્શસુખ અને ઈન્દ્રિયસુખની ઈચ્છા વગેરે લોભાવનારાં આંતરિક તત્ત્વોનો/પરિબળોનો ત્યાગ કરનાર વ્યક્તિ ત્યાગી છે અને તે જ વૈરાગી બની શકે છે. પરંતુ આ શક્ય ત્યારે જ બને જો વ્યક્તિના અંતઃકરણમાંથી સાંસારિક મૂલ્યો, વ્યક્તિ, પદાર્થમાં આસક્તિ, પ્રેમ અને એના મહત્ત્વનો ત્યાગ કરે તો જ.

ત્યાગના વિષયમાં લોકોની એવી ધારણા હોય છે કે જે ઘર-પરિવાર, સ્ત્રી, પુત્ર, માતા-પિતા વગેરેનો ત્યાગ કરી સાધુ સંન્યાસી થઈ જાય છે તે ત્યાગી છે. ખરેખર શું આ ત્યાગ છે ? ના, આ ત્યાગ નથી. જો ઘર-પરિવારનો ત્યાગ કરી ત્યાગી થઈ શકાય તો મૃત્યુ સમયે દરેક વ્યક્તિનું કલ્યાણ થઈ જવું જોઈએ. કારણ કે તે પોતાના ઘર-પરિવારનો અને પોતાના કહેવાતા શરીરનો પણ ત્યાગ કરે છે. તેમ છતાં તેનું કલ્યાણ થતું નથી. એનું કારણ એ છે કે એણે સાંસારિક મૂલ્યોમાં રહેલ આસક્તિ, મમતા, માયા વગેરેનો ત્યાગ કર્યો નથી. એટલે જ તો આ બધી આસક્તિને કારણે જ એને મરવું પડ્યું.

જે ચીજ પોતાની નથી હોતી, એનો પણ ત્યાગ થઈ શકતો નથી અને જે પોતાનું સ્વરૂપ છે, એનો પણ ત્યાગ થતો નથી. જે રીતે અગ્નિ પોતાનો દાહ અને પ્રકાશની શક્તિનો ત્યાગ નથી કરી શકતો. દાહ અને પ્રકાશ એ અગ્નિનાં સ્વરૂપ છે. તો પછી ત્યાગ કોનો થાય છે ? એ પ્રશ્ન પણ આપણને જરૂર મૂંઝવે ! તો એનો જવાબ આ રીતે આપી શકાય કે જે ચીજ પોતાની નથી. એને પોતાની માની લીધી. આ જૂઠી માન્યતાઓ, બેઈમાનીનો જ ત્યાગ થાય છે. જેની સાથે પોતાનો સંબંધ ક્યારેય નહોતો, અત્યારે પણ નથી અને ભવિષ્યમાં પણ સંબંધ થવાનો નથી તથા ત્યાગ કર્યા વગર જ જેનું પ્રતિક્ષણ સંબંધ વિચ્છેદ થઈ રહ્યો છે. એની સાથે માનેલા સંબંધનો ત્યાગ કરવો જ વાસ્તવિક ત્યાગ છે. તાત્પર્ય એ કે વસ્તુ આદિનો અભાવ કરવોજોઈએ નહિ. પરંતુ આ વસ્તુઓ સાથે જે સંબંધ માની લીધો છે. એમાં જે આસક્તિ છે, મમતા છે એનો ત્યાગ કરવો જોઈએ. આ ત્યાગ

જ વાસ્તવિક ત્યાગ છે જેનાથી તરત જ શાંતિ મળે છે. 'त्यागाच्छान्तिरनन्तरम्' (શ્રીમદ્ ભગવદ્ગીતા : અ:૧૨:૧૨)

ત્યાગના વિષયમાં મુખ્ય ધ્યેય એ છે કે, સંસારમાં માત્ર સંસાર માટે જ રહેવાનું છે. પોતાના માટે નહિ કે ઘર-પરિવારની વ્યક્તિઓ માટે પણ નહિ. માત્ર સંસારની દરેક વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ માટે જ રહેવાનું છે. સાત્ત્વિક ત્યાગનું સ્વરૂપ દર્શાવતાં ભગવાન યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે -

कार्यमित्येवयत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
सङ्गत्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા : અ ૧૮:૯)

અર્થાત્ :

હે અર્જુન ! કર્તવ્ય તરીકે નિયત થયેલું જે કર્મ તેને કરવાનો પોતાનો ધર્મ સમજીને આસક્તિ તથા ફળની ઈચ્છાનો ત્યાગ કરીને કરાય છે. તે ત્યાગ સાત્ત્વિક મનાયો છે.

જે વ્યક્તિ વસ્તુ, પદાર્થ, વ્યક્તિમાં પોતાની આસક્તિ ન રાખે અને જે કંઈ કર્મ છે તેને પોતાનો ધર્મ સમજીને કરે છે અને ફળની ઈચ્છા કરતો નથી તે વ્યક્તિના શરીરનો સંબંધવિચ્છેદ થઈ જાય છે. પરંતુ જે વ્યક્તિને કર્તવ્યપાલન કરવામાં કષ્ટ થાય છે. કર્મ કરવામાં બહુ માથાકૂટ રહેલ છે. એમ સમજી શારીરિક કષ્ટના ભયથી જે (કર્તવ્યરૂપ) કર્મોને છોડી દે છે તે રાજસ ત્યાગ છે. આવા ત્યાગીને ત્યાગનું ફળ મળતું નથી. (૧૮:૮) પરંતુ જે વ્યક્તિ નમ્રભાવથી નિર્લેપભાવથી કર્મ કરી ત્યાગ ભાવનાના દૃઢ સંકલ્પબળથી લોભ, મોહ, માયાનો ત્યાગ કરે છે તેને ત્યાગનું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ

મોહને કારણે વગર વિચાર્યે, કર્તવ્યનો, ક્રિયાનો, પદાર્થોનો ત્યાગ કરવામાં આવે તો તે ‘તામસ’ ત્યાગ છે.

नियतस्य तुं संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા : ૧૮:૭)

‘તામસ’ ત્યાગ માણસને આળસુ બનાવી દે છે. જેનાથી એની અધોગતિ થાય છે.

સાધક એને કહેવાય કે જે ત્યાગી છે અર્થાત્ જે સંસારને સતત આપતો જ રહે છે, લેતો નથી. તે લઈને પણ આપતો જ રહે છે. અર્થાત્ તે અન્ન, જળ, વસ્ત્ર આદિ લે છે. તો સંસારના હિત માટે જ લે છે અને તે અનિવાર્ય છે માટે લે છે. અને અન્ન-જળ આપે છે તો પણ સંસારના હિત માટે જ આપે છે. જો તે ચૂપચાપ બેસી રહે, કંઈ પણ ના કરે તો પણ તે આપતો જ હોય છે, કેમ કે એના જીવવામાત્રથી, દર્શનમાત્રથી સંસારનું હિત થાય છે. એનું શરીર ન રહેવા છતાં પણ એના ભાવથી, એના આચરણઓને વાંચવા-સાંભળવાથી કે સ્મરણ કરવાથી અને એના રહેવાના સ્થાનથી સંસારનું ભલું થાય છે. તાત્પર્ય એ કે તે **सर्वभूतहिते रताः** (૫:૨૫/૧૨:૪) હોય છે. એનું જીવન ત્યાગમય હોય છે, તે લેતો કશું જ નથી અને પોતાનું સર્વસ્વનું પ્રદાન કરે છે. એટલે જ તો બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે, સ્વામીશ્રી નિષ્કુળાનંદ સ્વામીના આ પદને વારંવાર યાદ કરતા હશે કે : ‘ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.’ સાચો ત્યાગી રાગ-દ્વેષ, મોહ-માયા, લોભ, ક્રોધથી પર રહે છે.

શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં સાંખ્યયોગને ‘સંન્યાસ’ અને કર્મયોગને ‘ત્યાગ’ પણ કહેવામાં આવે છે. (૧૮:૨)

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતાઃ ૧૮:૨)

અર્થાત્ :

‘ફળની ઈચ્છાથી કરાતાં કર્મોના ત્યાગને જ્ઞાનીઓ ‘સંન્યાસ’ કહે છે અને સર્વ કર્મોના ફળના ત્યાગને વિવેકીઓ ‘ત્યાગ’ કહે છે.’

જે પોતાનું છે એને આપી દેવું તે ‘ત્યાગ’ છે. તેમાં કાંઈ પણ મેળવવાની અપેક્ષા ન હોવી જોઈએ કે ફળની આશા ન હોવી જોઈએ. શરીર અને સંસાર પ્રકૃતિની દેન છે. એને જ પ્રકૃતિને આપી દેવું અર્થાત્ એની સાથે સંબંધ રાખવો તે ‘સંન્યાસ’ છે. જે પોતાનું નથી, એનો સંબંધ વિચ્છેદ કરી લેવો તે ત્યાગ છે. મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, શરીર વગેરેમાં આસક્તિ ન રાખી માત્ર સંસાર માટે જ કર્તવ્ય કરવું જોઈએ. પોતાને માટે નહિ. પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે કર્તવ્ય કરનાર બંધનમાં પડે છે.

यज्ञार्थात्कर्मणोडन्यत्र लोकोडयं कर्मबन्धनः । (૩:૯) ‘યજ્ઞ માટેનાં કર્મ સિવાય બીજા કર્મમાં આ લોક કર્મરૂપ બંધનવાળો થાય છે.’ યજ્ઞ માટે અન્ય માટે, સંસાર માટે કર્મ કરનારનાં સર્વ કર્મનો નાશ થાય છે : **याज्ञायाचरतः कर्म समग्र प्रविलयते** (અ:૪:૨૩)

કર્મોનો આરંભ ન કરવાથી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી અને કર્મોના સ્વરૂપનો ત્યાગ કરવાથી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. (અ:૩:૪) જે

યોગ સિદ્ધ કરવા ઈચ્છે છે. પોતાનામાં 'સમતા' ને લાવવા ઈચ્છે છે, એના માટે નિષ્કામભાવે કર્મ કરવાનું કારણ છે. (અ.૬:૩) તાત્પર્ય એ કે કર્મ કર્યા વગર મનુષ્ય યોગ સિદ્ધ થતો નથી. કારણ કે કર્મ કરવાથી જ કર્મોની સિદ્ધિ-અસિદ્ધિ, ફળની પ્રાપ્તિ-અપ્રાપ્તિની અનુભૂતિ થાય છે.

કર્મોના સ્વરૂપનો ત્યાગ કરવા માત્રથી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. જ્યાં સુધી કર્તૃત્વ-અભિમાન રહે છે. ત્યાં સુધી સાંખ્યયોગની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. કર્તૃત્વ અભિમાનનો ત્યાગ કરવાથી જ સિદ્ધિ મળે છે. કારણ કે 'કરવું' પ્રકૃતિમાં જ છે. પોતાનામાં નથી (અ.૧૩:૩૧) તાત્પર્ય એ કે સાંખ્યયોગી કર્તૃત્વ અભિમાનનો કર્મોના સ્વરૂપનો ત્યાગ કરવાથી એના સાધનની સિદ્ધિ મળી જાય છે. પરંતુ કર્મયોગમાં તો કર્તવ્ય-કર્મ કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

જેને સંસાર સાથે સંબંધ છે. એવા કર્મોને 'અકુશળ' કહેવાય છે. કર્મયોગી અકુશળ કર્મોનો ત્યાગ તો કરે છે પંરતુ એ ત્યાગમાં દ્વૈષ હોતો નથી. અકુશળ કર્મોમાં રહેલ ત્યાગ બંધનકારક નથી. જેટલો દ્વૈષ બંધનકારક છે. એવા કર્મયોગી કુશળ કર્મો કરે છે, પરંતુ રાગપૂર્વક નહિ. કુશળ કર્મો કરવાથી જે લાભ થાય છે, એનાથી અધિક દોષ રાગપૂર્વક કરવાથી થાય છે. એ રીતે કર્મ કરવાથી જ વાસ્તવમાં ત્યાગ છે. (અ. ૧૮:૧૦)

કર્મના ફળની આશા રાખ્યા વગર, કર્મફળની આસક્તિ રાખ્યા વગર જે કર્મ કરે છે તે ખરેખર ત્યાગી છે. માત્ર અગ્નિનો ત્યાગ કરનાર અથવા કર્મોનો ત્યાગ કરનાર ત્યાગી નથી. (અ. ૬:૧)

પોતાના સંકલ્પનો ત્યાગ કર્યા વગર. પોતાની અંદરની આસક્તિનો

ત્યાગ કર્યા વગર, પોતાની અંદરની આસક્તિનો ત્યાગ કર્યા વગર માણસ કોઈ રીતે ત્યાગી બની શકતો નથી. (અ. ૬:૨). જે કર્મ અથવા કર્મફળની આસક્તિનો ત્યાગ કરે છે, તે કર્મોમાં પ્રવૃત હોવા છતાં પણ વાસ્તવમાં કંઈ જ કરતો નથી (અ. ૪:૨૦) જે કર્મ કરવા છતાં પણ કર્મ કરે છે, એ ત્યાગી છે. બુદ્ધિશાળી છે / જ્ઞાની છે. અને સંપૂર્ણ કર્મ કરનાર (કૃતકૃત્ય) છે. (અ. ૪ : ૧૮). તાત્પર્ય એ કે કર્મયોગી કર્મોના સ્વરૂપનો ત્યાગ કરતો નથી, છતાં કર્મ અને કર્મફલની ઈચ્છા, મમતા, આસક્તિનો ત્યાગ કરે છે. ભક્તિયોગી પણ કર્મોના સ્વરૂપનો ત્યાગ કરતો નથી. છતાં કર્મ અને કર્મફળને ભગવાનને અર્પણ કરે છે, અર્થાત્ કામના, મમતા, આસક્તિનો ત્યાગ કરે છે. (અ.૩ :૩૦/અ.૧૨:૬/અ.૧૮:૫૭).

ભક્ત કંઈ પણ લેવાની ઈચ્છા કરતો નથી. એ મુક્તિની પણ ઈચ્છા કરતો નથી. તેથી તે બંધનમુક્ત છે. જે જડ, અસત્ વસ્તુનો સ્વીકાર કરે છે તે બંધનયુક્ત થાય છે. ભક્ત તો સત્યનો આગ્રહી છે. તે અસત્યનો સ્વીકાર ક્યારેય કરતો નથી. તે તો ભગવાન પાસે ક્યારેય કશું માંગતો નથી એ તો આપતો જ રહે છે. ભગવાનને પણ. જે 'હું ભગવાન પાસે કોઈ ઈચ્છા રાખતો નથી, મુક્તિ પણ' એવું કહેનાર/અભિમાન કરનાર બંધનયુક્ત છે. પરંતુ જે રીતે ભગવાન કોઈની પાસે કશું જ લેતા નથી. માત્ર આપ્યા જ કરે છે, છતાં તેમાં ખોટ વર્તાતી નથી. એવા ત્યાગી ભક્તમાં પણ કોઈ ખોટ વર્તાતી નથી. ભક્ત પોતાને માટે ભગવાન પાસે પણ કશું ઈચ્છતો નથી. તે તો સ્વયં ભગવાનને સમર્પિત થવાનું ઈચ્છે છે. ભગવાનથી અલગ અસ્તિત્વ પણ ઈચ્છતો નથી.

અદ્વૈત સિદ્ધાંતમાં તો સાધક બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે. પરંતુ ભક્ત તો બ્રહ્મરૂપથી પણ વિલક્ષણ થઈ જાય છે. જેથી ભગવાન ભક્તનો ભક્ત થઈ જાય છે. પરંતુ ભક્ત ઈચ્છતો નથી કે ભગવાન પોતાનો ભક્ત બને. ભગવાન પણ આવા નિર્લેપભાવવાળા ભક્તોનો આસક્ત થઈ જાય છે. એટલે જ ભગવાન સહજાનંદ સ્વામીએ કહ્યું હશે કે 'મારા ભક્તને દુઃખ થાય તો મને કરોડવીંછીના ડંખની પીડા થાય' ભક્ત પ્રતિ ભગવાનની આ ભક્તિ છે. જે રીતે હનુમાનજી ભગવાન રામ પાસે કંઈ પણ મેળવવાની ઈચ્છા રાખતા નથી. ન તો રહેવા માટે કોઈ સ્થાનની, ન તો ભોજનની ઈચ્છા, ન તો કપડાં, ન તો મદદની ઈચ્છા, ન તો માનની ઈચ્છા. તેમ છતાં પણ ભગવાનની સેવામાં સદા તત્પર રહ્યા છે. એટલે જ તો ભગવાન રામજી, સીતાજી, લક્ષ્મણજી, ભરતજી અને અયોધ્યાવાસી સર્વ હનુમાનજીનાં ઋણી થઈ જાય છે. હનુમાનજી ત્યાગના કારણે એટલા મોટા થઈ ગયા કે જ્યાં રામજીનું મંદિર હોય ત્યાં તેમનું સ્થાન નક્કી થઈ ગયું. પરંતુ જ્યાં રામજીનું મંદિર નથી હોતું ત્યાં સ્વતંત્રરૂપથી હનુમાનજીનું મંદિર હોય છે. કહેવાનું તાત્પર્ય એ કે હનુમાનજી વગર રામજીનું મંદિર હોતું નથી પરંતુ રામજી વગર હનુમાનજીનું મંદિર હોય છે.

ત્યાગી ભક્તોને ભગવાન પોતાનાં માતા-પિતા, ભાઈ-મિત્ર, કુટુંબી બનાવી લે છે અને તેને આધિન થઈ જાય છે. ભક્તનો પ્રેમ પ્રાપ્તિ માટે ભગવાન પણ આતુર રહે છે. વ્રજની ગોપીઓમાં એવો જ પ્રેમ હતો. તે પોતાને માટે કંઈ જ ઈચ્છતી નહોતી. માત્ર ભગવાનને જ સુખ આપવાની ઈચ્છા રાખતી હતી. એમનું પોતાનું કોઈ અલગ વ્યક્તિત્વ જ નહોતું. એમણે

તો ભગવાનમાં જ પોતાના વ્યક્તિત્વની આહુતિ આપી દીધી હતી. એટલે જ મીરાંબાઈએ કહ્યું હશે કે : 'મેરે તો ગીરધર-ગોપાળ દુસરા ન કોઈ' આ મીરાંનો ઉત્કટ ત્યાગ અને સમર્પણ અદ્વિતીય છે.

બ્રહ્મ તો એકરસ છે. તે ન તો કોઈને રસ આપે છે કે લે છે. પરંતુ ભક્ત તો ભગવાનને રસતરબોળ કરી દે છે. જે રીતે સમુદ્રમાં ગંગાજી વિલિન થવા છતાં પણ પોતાનો પ્રવાહ સમુદ્રમાં વહેતો જ રહે છે. એ રીતે ભક્તની આપવાની/ત્યાગની વૃત્તિ સતત રહ્યા જ કરે છે. એટલે જ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી નિષ્કુળાનંદજીએ કહ્યું હશે કે : 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.'

---

*આ લેખના શ્લોકો શ્રીમદ્ ભગવદ્ગીતામાંથી લીધા છે.



૧૯. દુરાચારી

''अपि चेत्सुदुराचारो भजते मामन्यभाक्.
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः''

(ભગવદ્‌ગીતા : અ. ૯:૩૦)

અર્થાત્ : 'અતિશય દુરાચારી કર્મો કરનાર પણ જો અન્ય ભક્તિભાવે મને ભજતો હોય તો તેને સાધુ જ ગણવો, કારણ કે તે યોગ્ય નિશ્ચયવાળો છે.'

મને એ નથી સમજાતું કે, શા માટે ભગવાને આમ કહ્યું હશે, દુરાચારી કર્મો કરનાર અને તે વળી અતિશય, એટલે કે એક કરતાં વધુ કે અસંખ્ય દુરાચાર/ખરાબ કર્મો કરનાર. આવાં અસામાજિક કૃત્ય કરનાર સાધુ, સ્વામીઓ, સંન્યાસીઓ કે સંસારીઓને ભગવાનને અનન્ય ભક્તિભાવે ભજે તો તેને 'સાધુ જ ગણવો'. અહીં ભગવાને 'જ' મૂકીને ભારપૂર્વક કહ્યું છે. માટે આપણે 'દુરાચારો' શબ્દને બરોબર સમજવો જોઈએ.

બદ્ધજીવ બે પ્રકારની પ્રવૃત્તિ કરે છે : (૧) બદ્ધાવસ્થાની ભૌતિક પ્રવૃત્તિઓ અને (૨) સ્વરૂપગત આધ્યાત્મિક પ્રવૃત્તિઓ. દરેક મનુષ્યને, ભક્તોને પણ શરીરની રક્ષા કાજે કે સમાજ અને રાજ્યના નિયમો પાળવા માટે કેટલાક કર્તવ્યો બજાવવાં પડે છે. આ ભૌતિક પ્રવૃત્તિઓ શરતી કહેવાય છે. ટી.વી. ઉપર 'તમસ' નામની સીરીયલ ચાલતી હતી. તેમાં અંગ્રેજ અફસરના કહેવાથી 'ઓમપુરી' (અભિનેતા) ભૂંડની હત્યા કરે છે. જેને કારણે હિન્દુ-મુસ્લિમ સામસામે ટકરાય છે, કેટલીયે મિલકતની આગથી તારાજી થાય છે, કેટલીયે માનવહત્યા થાય છે. આથી 'ઓમપુરી'

પોતે પસ્તાય છે કે તેને કારણે જ કોમવાદની આગ ફેલાઈ છે ત્યારે 'ઓમપુરી'ની પત્ની 'દીપા શાહી' (અભિનેત્રી) તેને કહે છે 'તેં તારું કર્તવ્ય બજાવ્યું છે એમાં પાપ નથી.'

બદ્ધાવસ્થામાં કેટલીકવાર આત્મા સંબંધી ભક્તિ અને શરીરસંબંધી ભૌતિક ક્રિયાઓ સાથોસાથ થતી હોય છે. અને કેટલીકવાર સામસામે જતી હોય છે અને ત્યાં સુધી તો ભક્ત ભક્તિમાં કંઈ ભંગાણ પડે એવું કંઈ ન કરવાની તકેદારી રાખે છે. તે જાણે છે કે ભગવદ્‌ભક્તિમાં તે જેમ જેમ પ્રગતિ કરતો જશે તેમ તેમ તેનાં કર્મો પૂર્ણ બનતાં જશે. છતાં ભગવદ્ ભક્તિમાં રહેલો મનુષ્ય કેટલીક વાર સમાજ કે રાજ્યની દૃષ્ટિએ ઘૃણાસ્પદ લાગે તેવું કર્મ કરે છે. સંત તુલસીદાસજી સમક્ષ તેમના કેટલાક અનુયાયીઓ તેમની પાસે આવીને તેમની ભક્તિમાં ખલેલ પહોંચાડતા હતા. સંત તુલસીદાસજી અનુયાયીઓને કંઈ જ કહી શકતા નહોતાં. આથી લોકો વધારે ને વધારે તેમની ભક્તિમાં ખલેલ પહોંચાડવા લાગ્યા આથી સંત તુલસીદાસજી એક દિવસ જાહેરમાં એક વૈશ્યા સાથે નૃત્ય કરવા લાગ્યા, તેના ગળામાં હાથ નાંખીને ફરવા લાગ્યા. આથી લોકો કહેવા લાગ્યા કે, 'તળસીડો બગડી ગયો' અને લોકો તેમને ત્યાં આવતા બંધ થઈ ગયા. આથી સંત તુલસીદાસે એકાંતમાં રહીને ભગવદ્ ભક્તિ શરૂ કરી.

શરૂઆતમાં હું જે નહોતું સમજાતું તે ઉપરનાં બે દૃષ્ટાંતોથી સમજી શકાય તેમ છે કે ભગવાને 'દુરાચારી કર્મો કરનાર અનન્ય ભક્તિભાવે 'મને' ભજે તો તેને સાધુ જ ગણવો' માટે જ સંત તુલસીદાસ અને 'તમસ'ના નાયકના ક્ષણિક પતનથી તે નાલાયક બનતો નથી. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે 'પતન પામેલો મનુષ્ય પણ જો અંતઃકરણપૂર્વક ભગવદ્‌ભક્તિમાં ડૂબેલો રહે તો તેના હૃદયમાં રહેલા ભગવાન તેના ઘૃણાસ્પદ કૃત્યને માફ કરે છે એટલું જ નહીં તેને શોભાવે છે.' ભૌતિક ચમક એટલી તો પ્રબળ હોય છે કે ભલભલો ભક્તિભીનો યોગી પણ એની જાળમાં ફસાય છે. કેટલાક સંપ્રદાયનાં સંતો

ભૌતિક રીતે સુખી મનુષ્યોને જ પોતાના શિષ્યો બનાવે છે. આવા શિષ્યોને જ તેઓ મહત્ત્વ આપતા હોય છે. પછી તે શિષ્યોની પત્નીઓ, પુત્રીઓ, બહેનો સાથે પેલા સંતો વ્યભિચાર કરે તો તેઓ ભગવાનની 'પ્રસાદી' સમજતા હોય છે. પરંતુ જે મનુષ્યમાં ભગવદ્ ભક્તિ પ્રબળ હોય છે તે આવી ભૌતિક ચમકથી દૂર રહેતા હોય છે અને પ્રસંગોપાત થયેલા સ્ખલનને તેઓ તરત જ સુધારીને સદ્‌માર્ગે વળતા હોય છે. ભક્તિની પ્રક્રિયા હંમેશા સફળ નીવડે છે.

જે મનુષ્ય ભગવદ્‌ભાવમાં/ભક્તિમાં સ્થિર રહેલો હોય છે તેને આધ્યાત્મિક સ્થિતિમાં રહેલો ગણવો જોઈએ. તેનું સંજોગોવશાત્ સ્ખલન થયું હોય તો પણ અહીં 'સાધુઃ એવ' શબ્દો અભક્તોને ચેતવણી આપે છે કે સંજોગોવશાત્ થયેલા સ્ખલન માટે ભક્તની હાંસી કરવી જોઈએ નહીં, તેને સાધુ જ ગણવો. જેમ કે ચંદ્ર પરનો ડાઘ ચંદ્રના પ્રકાશને રોકી શકતો નથી. તે પ્રમાણે સંજોગબળે લાગેલા દુરાચારના ડાઘથી ભક્ત દુરાચારી બનતો નથી. આ પરથી કોઈ એમ ન માને કે ભક્તને દુષ્કર્મો કરવાનો પરવાનો મળ્યો છે. ભગવાને તો ભૌતિક સંબંધોની પ્રબળ શક્તિને લીધે સંજોગોવશાત્ થયેલા દુરાચારનો જ નિર્દેશ કરેલો છે. ભક્તિ કંઈક અંશે માયા સામેનું યુદ્ધ છે. જ્યાં સુધી મનુષ્ય માયા સામે લડવા જેટલો પ્રબળ નથી ત્યાં સુધી આકસ્મિક સ્ખલન થાય એ સ્વાભાવિક છે. પણ જ્યારે તેનામાં ભૌતિક તત્ત્વો સામે લડવાની, તુચ્છકારવાની/ત્યજવાની શક્તિ આવે છે ત્યારે પ્રબળ બને છે. ચારિત્ર્યને અણીશુદ્ધ બનાવવાનું છે. દુરાચાર કર્મો કરનાર ક્યારેય અણીશુદ્ધ થઈ શકતા નથી. જો તે ભગવદ્ ભક્તિ અને ભગવાનમાં લીન થઈ જાય અને જીવનો શિવ સાથે સેતુ બાંધે તો જ તે અણીશુદ્ધ બની શકે છે.



૨૦. દ્રોણાચાર્ય અને લીડ્ઝ

જર્મનીના એક નાના ગામની દિવાલો પર લાગેલાં ભીંતપત્રોમાં પીયાનોવાદનના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. વાદક કલાકાર યુવતી મેરીનું નામ નાના અક્ષરોમાં હતું, પણ નીચે તેના ગુરુ તરીકે સંગીતકાર લીડ્ઝના નામને વધુ મહત્વ આપવામાં આવ્યું હતું.

મેરી સિવાય કોઈ જાણતું નહોતું કે તે ખરેખર લીડ્ઝની શિષ્યા નહોતી, પણ લોકો તેનો કાર્યક્રમ સાંભળવા આવે એટલે તે આ જૂઠાણું ચલાવતી હતી.

કાર્યક્રમને આગલે દિવસે કલાકાર યુવતીની કારકિર્દી રોળાઈ જાય એવા સમાચાર આવ્યા. વિખ્યાત સંગીતકાર લીડ્ઝ પોતે ગામમાં આવ્યા હતા ! મેરી છેલ્લા કેટલાય મહિનાથી લીડ્ઝની શિષ્યા તરીકે પીયાનો પર સંગીતના કાર્યક્રમો આપ્યે જતી હતી. પણ હવે તેની છેતરપીંડી પકડાઈ જાય અને આવકનું આ એકમાત્ર સાધન છીનવાઈ જાય એવી પરિસ્થિતિ સર્જાઈ.

મેરી મૂંઝવણમાં મુકાઈ ગઈ. આખરે એ પોતે જ સંગીતકાર લીડ્ઝ પાસે સત્ય હકીકત કહેવા, પોતે ચલાવેલા જુઠાણાનો એકરાર કરવા પહોંચી ગઈ. આંખમાં ઊભરાઈ આવેલાં આંસુ સાથે લીડ્ઝના ચરણો પાસે બેસી મેરીએ બે હાથ જોડીને લીડ્ઝની માફી માગી. બાળપણમાં જ અનાથ બનેલી મેરી પાસે આજીવિકાનું જ્યારે કોઈ સાધન નહોતું, ત્યારે ન છૂટકે તેણે પોતાના સંગીતના જ્ઞાનનો ઉપયોગ કરીને પીયાનોવાદનના કાર્યક્રમો આપવા માંડ્યા હતા. લોકો તેને સાંભળવા આવે એટલે મેરીએ તરકીબ કરી

હતી. પોતે વિખ્યાત સંગીતજ્ઞ લીડ્ઝની શિષ્યા છે એવું જૂઠાણું ચલાવ્યું હતું..

મેરીની વાત સાંભળીને લીડ્ઝની આંખોમાં હમદર્દી ઊભરાઈ આવી. તોપણ તેમણે કઠોર સ્વરે કહ્યું : 'તેં આ બહુ ખોટું કર્યું છે. છતાં ભૂલ કર્યા પછી તને એ બદલ દિલગીરી થાય છે. આ જૂઠાણાની તેં કબૂલ કરી એ બતાવે છે કે તારો આશય મારા નામ પર ખોટી કમાણી કરવાનો નહોતો.ચાલ, મારા પીયાનો પર તારી કળા બતાવ જોઉં.' ડરતાં ડરતાં મેરીએ પીયાનોના પાસ પર આંગળીઓ ફેરવવા માંડી. શરૂઆતમાં તો તેના હાથ જ ધ્રુજવા માંડ્યા, પણ ધીરે ધીરે એ સંગીતમાં મગ્ન થતી ગઈ, ખૂબ જ સુમધુર સૂર છેડતી ગઈ. વચ્ચે એક કે બે વખત લીડ્ઝે મેરીની ભૂલ સુધારી અને આખરે બોલી ઊઠ્યા, 'અત્યારે મેં તને સાવ નજીવી, છતાં જરૂરી સંગીતની તાલીમ આપી છે, અને હવે તું ખરેખર લીડ્ઝની શિષ્યા છો. જા હવે તું ગુરુ તરીકે મારું નામ આપીને ક્યાંય પણ પીયાનોવાદનનો કાર્યક્રમ આપી શકે છે. આવતી કાલના જે કાર્યક્રમ માટે ભીંતપત્રોમાં તેં મારું નામ ગુરુ તરીકે લખાવ્યું છે, ત્યાં એટલું જોડી દેજે કે સંગીત મહેફિલમાં શિષ્યાના પિયાનોવાદનના કાર્યક્રમ પછી ગુરુ લીડ્ઝ પોતે એક રાગ બજાવશે...'

મહાન સંગીતકારની મહાનતાનાં અહીં આપણને દર્શન થાય છે, તેના પ્રત્યે અહોભાવ થાય છે, એટલું જ નહીં આપણું મસ્તક આવા મહાન સંગીતકારની મહાનતા સામે ઝૂકી જાય છે.

આ પ્રસંગથી આપણને મહાભારતનું એક પાત્ર : ગુરુ દ્રોણાચાર્યની યાદ સ્હેજે આવી જાય છે. પાંડવો અને કૌરવો યુદ્ધવિદ્યા શીખતા હતા ત્યારે દલિત કુમાર એકલવ્ય ખૂણામાં બેસીને આ યુદ્ધવિદ્યા શીખતો હતો. દ્રોણાચાર્યના ધ્યાનમાં આવ્યું અને તેને આશ્રમમાંથી કાઢી મુકાયો. કારણ એટલું જ કે આશ્રમ ફક્ત રાજકુમારો માટે જ હતો, દલિતો માટે નહીં ? પણ તેથી પેલો દલિતકુમાર નિરાશ ન થયો. જંગલમાં જઈને દ્રોણાચાર્યનું માટીનું પૂતળું બનાવીને ગુરુ તરીકે સ્વીકાર્યા અને તેણે બાણવિદ્યામાં રાજકુમારો કરતાં યે

વિશેષ પારંગતતા મેળવી. દ્રોણાચાર્યને ખબર પડતાં તે દલિતકુમાર એકલવ્યના જમણા હાથનો અંગુઠો ગુરુદક્ષિણામાં માગી લીધો. એકલવ્યએ કશી આનાકાની કર્યા વગર પોતાનો અંગુઠો કાપી આપ્યો. ગુરુની વિદ્યાના બદલામાં પોતાની વિદ્યાનું બલિદાન આપ્યું અને ક્રૂર ગુરુએ તે સ્વીકારી પણ લીધું ! દ્રોણાચાર્ય એકલવ્યના પ્રત્યક્ષ ગુરુ નહોતા છતાં પણ પોતે એકલવ્યના ગુરુસ્થાને રહીને ગુરુદક્ષિણામાં અંગુઠો માગી લીધો ત્યારે મહાભારતના આ આદરણીય પાત્ર માટે ઘૃણા જરૂર ઉત્પન્ન થાય અને કહેવાનું મન થાય કે કોણ મહાન ? સંગીતજ્ઞ લીડ્ઝ કે મહાન યુદ્ધવિદ્ દ્રોણાચાર્ય ?! અહીં દ્રોણાચાર્યનું પલ્લું જોખમાય છે.



૨૧. ધર્મ

॥ धारयति ईति धर्मः ॥

કર્તવ્ય, માનવપ્રેમ, કરુણા અને માનવસેવા એ જ ઉત્તમ ધર્મ છે, કોઈ પણ ધર્મ કે સંપ્રદાયમાં શોષણયુક્ત રીતિઓ, માત્ર વિધિઓ અને દેવકામો, વિધિઓના અવનવા વેશો ને દંભ તેમજ પ્રદર્શનકારી રીતરસમો જોવા મળે. તે ધર્મ કે સંપ્રદાયને આચરનારા સાચા ધર્મને ઓળખી શક્યા નથી.

ધર્મનું આચરણ ઘણું જ કપરું છે. કોઈ પણ ધર્મ, મિલકત એકઠી કરવાનું ઉપદેશતો નથી. સંગ્રહસ્થાનમાં શોભી શકે તેવી પ્રતિમાઓ અને મૂર્તિઓની પ્રતિષ્ઠા રાજવૈભવના ઠાઠ માટે મધ્યકાલીન સામંતશાહી યુગમાં વિજયના સ્મૃતિચિહ્ન રૂપે રાજવીઓ કરતા. અર્થાત્ પરાજિત રાજવીની પ્રજાને લૂંટીને, આ સાચો ધર્મ નથી. સાચું ધર્મકાર્ય નથી, સાચી ભક્તિ નથી, ભગવાન પ્રત્યેની સાચી નિષ્ઠા નથી.

વિશ્વ સાથે ઐક્ય અને તાદાત્મય સાધવા વિશુદ્ધ અને નિષ્કામ સેવા એ જ ધર્મ છે. જીવનમાં ઉન્નતિના પથપર પદારૂઢ થવા આત્મવિલોપન, સેવા, સ્વાર્પણબુદ્ધિ અને આત્મસંયયની પરમ આવશ્યક્તા છે. પોતાની બુદ્ધિ દ્વારા મનુષ્યે સંયમ પ્રાપ્ત કરવાનો છે. મોહ, માયા, મમતા છોડવાનાં છે, સર્વત્ર આત્મદર્શન કરી સંસાર પર પરોપકાર કરવાનો છે. બીજાને દૃષ્ટાંતરૂપ બનવા આદર્શજીવન જીવવાનું છે. યજ્ઞદાન, તપ અને જ્ઞાન પ્રાપ્તિ પછી પણ રાજી રાખવાનાં છે. મનની અવળચંડાઈનું કડક નિરીક્ષણ કરી તેને સ્વસ્થ બનાવવાનું છે અને તે પણ વિચાર દ્વારા, આત્મનિરીક્ષણ દ્વારા,

સંસારના વિનાશી સ્વરૂપની સમજણ દ્વારા. જેની પાસેથી આપણે કાંઈ લઈએ નહિ, તેને આપતા જ રહીએ તો તે સેવા છે અને તેનાથી અપૂર્વ, અલૌકિક ફળની પ્રાપ્તિ થાય છે, દીન, દુઃખી, ગરીબ, વૃદ્ધ અને પૂજ્ય હોય તેની સેવા કરવી, સંતની સેવા કરવી, સાચા આત્મજ્ઞાનીને ઓળખી લેવા તે જ સાચો ધર્મ છે, ઉત્તમ કર્તવ્ય છે. કોઈના દોરવાયા દોરાઈને નહીં. પરંતુ સ્વપ્રેરણાથી, આત્મસંકલ્પથી જ નિઃસ્વાર્થ સેવા કરવી તે જ સાચો માનવધર્મ છે. સેવા તો નિષ્કામ હોવી જોઈએ. જે નિષ્કામ સેવા કરે છે તેને તો ભગવાન પણ શોધે છે. એવો માણસ ભગવાનની સેવા કરે છે, સંતની સેવા કરે છે, સમાજની સેવા કરે છે. જેનામાં સાંસારિક કામના, ઈચ્છા ન હોય તે જ બીજાને સુખ આપી શકે છે. બાકી જેનાથી સુખની સંભાવના નથી તે બીજાને શું સુખ આપી શકવાના છે ? જે પુણ્યથી અંતઃકરણ પાવન થાય, હૃદય સ્વચ્છ, પવિત્ર અને પાવન થઈ જાય તેવા શુભકર્મોનું સારું ફળ પ્રાપ્ત થાય છે. જો અંતઃકરણ શુદ્ધ હોય તો જીવને શિવનો સાક્ષાત્કાર જલ્દી થાય છે.

અપેક્ષારહિત જીવન એટલે જ ધર્મ, ધર્મ નિરપેક્ષ જીવન જીવવાનું કહે છે. પરંતુ આપણને ઠંડી લાગે તો કપડાં જોઈએ, ભૂખ લાગે તો ભોજન જોઈએ. ગમે નહિ તો વાત કરનાર જોઈએ. અલગરૂપ અને રેશમપથારી જોઈએ. સુખ અને સાહ્યબી જોઈએ. જરા પણ દુઃખ સહન ન થાય. બીજાને દુઃખી કરીને સુખી થનારા આપણે છીએ, જરૂરિયાત વગર ચલાવી લે એવા માણસો તો સંસારમાં મળવા મુશ્કેલ છે. આપણે તો કોઈની મદદ ચાલી જાય, નોકરી છૂટી જાય, ખોટ આવે તો દુઃખી થઈએ છીએ અને જીવવું મુશ્કેલ લાગે છે. આપણે આટલી બધી અપેક્ષાઓ રાખીએ છીએ. ભગવાનને અપેક્ષાવાળો ભક્ત પ્રિય નથી.

આપણે સવારથી સાંજ સુધી જે કાંઈ કરીએ છીએ તે સેવા જ છે, પણ એ સેવા કોની છે ? બાળકોની, પરિવારની, શેઠની, સરકારની આ બધી જંજાળમાં પડીને આપણે કાર્યરત રહીએ છીએ. પણ આ સાચી સેવા

નથી, આ તો કર્તવ્ય છે, ફરજ છે અથવા તો બદલાની ભાવનાવાળી સેવા છે. આપણાં માતાપિતાએ આપણું પોષણ કર્યું, ઉછેરીને મોટા કર્યા, એટલે આપણે તેમની સેવા કરીએ તે તો આપણા માટે તેમણે જે કાંઈ કર્યું છે તેનો બદલો છે. ભલે આપણે તે બદલો વ્યાજ સહિત આપીએ, તેમણે કર્યું છે તેના કરતાં પણ ઘણું વધારે કરીએ તો પણ તે બદલો જ છે, ઉપકાર નથી. તેવી જ રીતે બીજી બાબતોમાં પણ કાં તો કોઈએ કરેલાનો આપણે બદલો આપીએ છીએ. અથવા બદલાની અપેક્ષાથી કાંઈક કરીએ છીએ. પત્ની, બાળકો, સગાં, સ્નેહીઓ, મિત્રો અને સમાજમાં મળતી અનેક વ્યક્તિઓ માટે આપણે જે કાંઈ કરીએ છીએ તેમાં આ દૃષ્ટિ રહેલી છે. તેથી તે ઉપકાર નથી, દાન નથી, સેવા પણ નથી. પરંતુ અપેક્ષારહિત નિરપેક્ષભાવે કરેલી સેવા, કરેલું કાર્ય જ સાચો ધર્મ છે.

સેવા પ્રથમ સ્થાને છે, સેવા કરતા જાવ, દુનિયા કરે છે એ તો કામનાયુક્ત સેવા છે. ધન માટે ધનવાનની અને વિદ્યા માટે વિદ્વાનની એ સેવા કામનાયુક્ત છે. એ નિષ્કામ નથી, સકામ સેવા છે. વળી આપણો વ્યવહાર એવો હોવો જોઈએ કે જેનાથી કોઈને દુઃખ, ઉદ્વેગ, વિક્ષેપ કે તકલીફ ન થાય. કોઈ આપણને બોલવાથી કોઈ અશાંત થાય કે દુઃખી થાય તે સારું નથી, પાપ છે. આપણે સંસારના આપણા વ્યવહારથી કોઈને દુઃખ, વિક્ષેપ અને અશાંતિ પહોંચે તેવું ન બને એવું ધ્યાન રાખીને રહી શકીએ ? એવું ધ્યાન ન રાખો તો નિષ્કામભાવે કરેલાં કાર્યો પણ નકામાં છે. વળી બીજાને દુઃખ દેનાર પોતાને માટે દુઃખના બીજ વાવે છે. એવાને ક્યાંય શાંતિ મળતી નથી. તેથી અંતઃકરણ પવિત્ર ન થાય, શુદ્ધ ન થાય, આત્મકલ્યાણ ન થાય. આત્મકલ્યાણ કરવું હોય તે નિષ્કામ સેવા, નિષ્કામ ભક્તિ અને નિષ્કામ કર્તવ્ય એ જ સાચો ધર્મ છે.



૨૨. નમ્રતા અમૂલ્ય ખજાનો

નમ્રતા **(meekness)** એ ગર્વ કે કપટથી મુક્ત કોમળ સ્વભાવ હોવાનો ગુણ છે. એ દીનના **(Humility)** અને કોમળતા જેવા બીજા સદ્‌ગુણો સાથે નિકટનો સંબંધ ધરાવે છે. નમ્ર વ્યક્તિ દરેક સ્થળે પૂજાય છે. માણસને વેંત ઊંચેરો દેખાડનાર ગુણ નમ્રતા છે.

જાતિય અભિમાન અને પૂર્વજોની રૂઢિઓ સાથેનો મજબૂત સંબંધ ઘણી વ્યક્તિઓ માટે સત્ય સ્વીકારવું અઘરું બનાવે છે. જગતના લોકો વચ્ચે અભિમાનનું આવરણ આવી ગયું છે. જગતમાં આજે અભિમાન વ્યક્તિઓની સંખ્યા વધુ છે. ઉચ્ચ કોટિના અને લાગવગવાળા ધનવાનો અને ભણેલા, ગરીબ અને પ્રતિકૂળ સંજોગોવાળા લોકો પણ અભિમાની હોય છે. પરંતુ આવી વ્યક્તિઓ સમજતી નથી કે અભિમાન ઘણા ઝઘડા કરાવે છે. ક્રોધને આમંત્રણ આપે છે. અહમ્ ઘવાય છે અને દુઃખને આમંત્રણ આપે છે. જે શારીરિક, માનસિક અને નૈતિક રીતે કંગાળ સ્થિતિમાં લાવે છે. આવી વ્યક્તિઓ માટે જીવન- ઉન્નતિનાં દ્વાર ભીડાયેલાં રહે છે.

અભિમાની વ્યક્તિઓ અધીરા, અધૂરા, ગુસ્સો વ્યકત કરવામાં ઉતાવળા હોય છે. આત્મપ્રશંસા એમને ગમે છે. અભિમાનીઓ નમ્ર સ્વભાવના અને દયાળુ હોતા નથી. તેમજ તેઓ મનથી શાંત હોતા નથી. અને શાંતિના ચાહક પણ હોતા નથી. આવી વ્યક્તિઓ દિવાસળી અને પેટ્રોલ સાથે જ રાખતા હોય છે. આવી વ્યક્તિઓ પોતે તો દુઃખી થતી જ હોય છે. નમ્ર વ્યક્તિ સુખી હોય છે કારણ કે અભિમાનનું આવરણ તેની ઉપર ચઢેલું હોતું નથી. ભગવાન પણ નમ્ર વ્યક્તિ ઉપર કૃપા કરે છે.

જે નમ્ર વ્યક્તિ છે તે સહનશીલ અને પૂર્ણ હોય છે. સહન કરનારને બધું જ પ્રાપ્ત થાય છે. જે તેણે મેળવવા પ્રયત્ન પણ કર્યો હોતો નથી તે સહજમાં પ્રાપ્ત થાય છે. ભગવાન નમ્ર વ્યક્તિઓને જે કામ કરવા પ્રેરે છે, તે નવસર્જન નથી, પરંતુ પુનર્રચનાનું, ફેર ગોઠવણનું સુમેળમાં લાવવાનું કાર્ય છે. આવી વ્યક્તિઓ નમ્ર ભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણે છે. સેવક બનવું. સેવકના સેવાના ગુણ નમ્રતાથી ખીલે છે. સેવાનો ગુણ વ્યક્તિને સમષ્ટિ સુધી લઈ જાય છે. મહાત્મા ગાંધીએ રક્તપિત્તના દર્દીની સેવા વિના સંકોચે કરી. ઈશુખ્રિસ્તએ મારનારને પણ માફી બક્ષી.

નમ્ર વ્યક્તિ પ્રમાણિક હોય છે. સચ્ચાઈ આપણને અભિમાની બનતાં અટકાવે છે. ભૂલ કબૂલવા નમ્રતા જરૂરી છે. જ્યારે જ્યારે આપણે ભૂલ કરીએ ત્યારે વાંક સ્વીકારવા પ્રમાણિકતા આપણને મદદ કરે છે. આપણે જે કરવા માટે મહેનત કરીએ છીએ એમાં જો અધૂરા પડીએ તો પ્રમાણિકતા પૂર્ણ કરવા માટે બળ આપે છે.

આપણી મિલકત, ક્ષમતાઓ, આત્મપ્રશંસા કે સિદ્ધિઓ વિશે અભિમાન ન કરવું એ અપ્રમાણિકતા છે. પ્રમાણિકતા દેવ સમક્ષ અંતઃકરણ ખોલવા પ્રેરણા આપે છે. જેથી આપણે સઘળી બાબતોમાં પ્રમાણિક પણે વર્તી શકીએ.

જ્યારે આપણે ભૂલ કરીએ ત્યારે નમ્ર બનવા પ્રમાણિકતા આપણને મદદ કરે છે એ પોતાને ન્યાયી ઠેરવવામાં પ્રયત્ન કરવાને બદલે અથવા બીજા કોઈક ઉપર દોષારોપણ કરવાને બદલે આપણને ભૂલ સ્વીકારવા પ્રેરિત કરે છે. તેથી જ તો એક તરફ પ્રમાણિકતા આપણને નમ્ર બનવા મદદ કરે છે, બીજી તરફ નમ્રતા આપણને પ્રમાણિક બનવા મદદ કરે છે.

નમ્ર વ્યક્તિઓ વિશ્વાસુ હોય છે. કારણ કે તેઓ ઈષ્ટદેવ પ્રતિ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે છે. આપણને ઉત્પન્ન કરતા, વિશ્વ નિર્માતા, વિશ્વના સર્વોપરી સાચે જ મહાન છે. એની કદર આપણને વધુ પડતા મહત્ત્વાકાંક્ષી

બનતાં અટકાવે છે.

આપણને અન્યાય થયો છે એવું લાગે ત્યારે પણ જગતનિયંતા ઉપર વિશ્વાસ રાખવો.અન્યાય કરનારાઓ સામે વેર ન વાળો એ ભગવાન ઉપર છોડી દો. બદલો લેવાનું કામ આપણું નથી. ભગવાનનું છે.

જીવનની કટોકટીની પળે અને કટોકટીનો સામનો કરતી વખતે પણ ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે, 'મારી ઈચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ.'

આપણે નમ્ર હોઈએ તો, આપણે પ્રતિકૂળ સંજોગોમાં પણ મનને સ્થિર રાખી શકીશું. એવી ક્ષણોએ પણ આપણે પ્રતિકાર કરીશું નહિ. નમ્રતા આપણને આપણા સંજોગોથી સંતુષ્ટ રહેવા અને સહન કરવા શક્તિ આપે છે. અભિમાની વ્યક્તિ અસંતુષ્ટ હોય છે. હમેશાં વધુ માગે છે અને દુઃખી સંજોગોમાં બળવો પોકારે છે. બીજી બાજુ નમ્ર વ્યક્તિ મુશ્કેલીઓ પાર કરી શકે છે. અભિમાની વ્યક્તિ મુશ્કેલીઓ અને કસોટીની પળે ગુસ્સે થઈ જાય છે. જ્યારે નમ્ર વ્યક્તિ શાંત સ્વભાવની હોય છે. અભિમાની નાશને નોંતરે છે. પાયમાલીને નોંતરે છે અને દુઃખી થાય છે.

નમ્રતા એ ડહાપણભર્યો માર્ગ છે. જેને કારણે વ્યક્તિ વ્યક્તિ સાથેના સંબંધો વિકસે છે, સંબંધો સુધરે છે, ઘનિષ્ટ બને છે અને એકબીજાને નજીક લાવે છે. માટે જ પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કંઈ ન કરો. દરેકે નમ્રભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા. પોતાના હિત માટે નહિ. બીજાનું હિત થાય તેવા વિચારોને કેળવો. નમ્રતા આપણને બીજાઓ સાથે હરિફાઈ કરવાથી અથવા બીજાઓ કરતાં વધુ ખ્યાતનામ થવાનો પ્રયત્ન કરવાથી બચાવે છે.

નમ્રતા ભૂલો કરવાનું નિવારવામાં મદદ કરે છે. કારણ કે નમ્રતા આપણને વધુ પડતા આત્મવિશ્વાસુ બનતા અટકાવશે. અભિમાની વ્યક્તિ વધુ પડતી આત્મવિશ્વાસુ હોય છે. તેથી તે બાહ્ય અસરોને કારણે અથવા

તેની પોતાની નબળાઈઓને કારણે ભૂલો કરવા તરફ ઢળેલો હોય છે.

નમ્રતા આપણી જરૂરિયાતોને પહોંચી વળવા મદદ કરે છે. નમ્રતા એકબીજાને અધીન રહેતાં શીખવે છે. બાળકો મા-બાપ અધીન, પત્ની પતિ અધીન અને પતિ ઈશ્વર આધીન રહે છે. પોતાના કામ પ્રતિ નિષ્ઠા રાખતાં, વડીલો અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખતાં અને માન અને આદરભાવ રાખતાં અને શિસ્તનું પાલન કરતાં શીખવે છે. નમ્રતા કોઈનો ઠપકો કે અશિસ્ત વર્તનનો ડંખ દૂર કરે છે. તેથી જ તો નમ્રતા આત્મનિર્ભર, સંતુષ્ટ અને સહનશીલ બનવાનું બળ આપે છે.

આપણને માટીના સામાન્ય પાત્રમાં ખજાનો મળે તો પણ તરછોડતા નથી. તો નમ્રતા તો અમૂલ્ય ખજાનો છે એ ઉત્તમ ગુણને જીવનમાં આત્મસાત કરીને સાચવી રાખવા જેવો ખજાનો છે.

આપણે તો સત્યના ટુકડા એકઠા કરી લોકો સમક્ષ રજૂ કરવાના છે. તેમાં પોતાપણું નહિ પણ પ્રભુપ્રેરણા સમજવી જોઈએ. તેમાં પ્રભુભક્તિનો ભાવ હોવો જોઈએ.

નમ્રતા ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, નિષ્ઠા અને વિશ્વાસ દૃઢ કરે છે અને વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વિશ્વાસનો સેતુ રચાય છે. એ સેતુ પ્રેમ અને સુખના માર્ગ પ્રતિ લઈ જાય છે.



૨૩. નમ્રતા ઉત્તમગુણ

નમ્રતા એ ઉત્તમ ગુણ છે. થોડીક જ વ્યક્તિઓમાં તેનાં દર્શન થાય છે. ઘણી વ્યક્તિઓ બહારના દેખાવે નમ્ર જોવા મળે છે. પરંતુ હૃદયના ઊંડાણને તપાસીએ તો કંઈક જુદું જ જોવા મળે છે. નમ્રતાને કેવળ બહારના દેખાવ સાથે બહુ ઓછી નિસ્બત છે, સાચી નમ્રતા બહાર અને અંદર બંને જગ્યાએ એક સરખી હોય છે. એ પ્રકારની નમ્રતા કેળવવી એ ઘણું અઘરું છે. ઉમદા નમ્રતા સાત્ત્વિક મનોવૃત્તિ અને એકનિષ્ઠ તપશ્ચર્યા હોય તેનામાં જ સંભવી શકે.

જે વ્યક્તિ જીવનમાં નમ્ર બને છે તે મહાન બની શકે છે. કોઈ માણસ ગાળ દે અને સામે ગાળ દેવી તે તો સામાન્ય સ્થિતિ છે, પરંતુ કોઈ માણસ ગાળ દે અને તે ગળી જાય તે સ્થિતિ અલૌકિક છે. કોઈ માણસ આપણને ગાળ દે, ઉશ્કેરાય તેવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેવી સ્થિતિ પેદા જ ન થવા દેવી જોઈએ, પરંતુ કોઈની કાનભંભેરણીથી કોઈ વ્યક્તિ આપણી સામે ઉશ્કેરાય ત્યારે પણ મનની સમતુલા જાળવીને સહન કરી લેવું જોઈએ. કોઈ માણસ વગર કારણ આપણી ઉપર ગુસ્સે થાય, ગાળાગાળી, અપશબ્દ બોલીને અપમાન કરે છતાં આપણે સ્વસ્થ રહીને સહન કરી લઈએ તો સામેની વ્યક્તિ ગમે તેટલી ગુસ્સે થયેલી હોય તો તે પોતે ખરાબ દેખાય છે. સમાજમાં તે પોતે નીચો પડે છે અને પોતે જ અપમાનીત થાય છે.

કોઈ પણ વ્યક્તિની શક્તિઓને હણવી હોય તો તે શસ્ત્રથી, બળથી કે હિંસાથી હણી શકાતી નથી, પરંતુ આપણે જેમ જેમ શાંત રહીએ,

તેમ તેમ સામેની વ્યક્તિ વધુ ગુસ્સે થશે અને એક સમય એવો આવશે કે તે ગુસ્સામાં આપણું કશું જ બગાડી નહીં શકે. પણ તે પોતે જ પોતાનું બગાડશે. કારણ કે સામેની વ્યક્તિ ગુસ્સે થઈ હોય ત્યારે આપણે શાંત રહીએ તો ઝઘડો નિવારી શકાય છે. આપણે નમ્ર રહીએ એનો અર્થ એવો નથી કે આપણે નિર્બળ છીએ, આપણામાં તાકાત નથી, પરંતુ બળનો સામનો બળથી કરીએ તો નુકશાન બંને પક્ષે થાય અને ફાયદો તો થાય જ નહીં. સાચી પરિસ્થિતિની સામેની વ્યક્તિને જાણ થાય ત્યારે સામેની વ્યક્તિ ગમે તેટલી બળવાન હોય તો પણ આપણી માફી માગે છે. એ રીતે સામેની વ્યક્તિની શક્તિને હણી શકાય. જેટલા વધુ નમ્ર રહીએ તેમ એક નહીં પણ અનેક વ્યક્તિઓને જીતી શકાય છે. નમ્ર રહીએ તો સમાજને જીતી શકાય છે. રાષ્ટ્રને જીતી શકાય છે.

પરંતુ આપણી વિવેકની આંખ મૃત્યુ સમયે જ ઊઘડે છે. બાકી તો અજ્ઞાન અને ગેરસમજને કારણે જીવનનો અમૂલ્ય સમય બરબાદ કરીએ છીએ. મૃત્યુ સમયે પાપ યાદ આવે છે અને થોડું દાન કરાવીએ છીએ, પણ થોડા દાનથી કાંઈ ભવસાગર પાર કરાય ? વૈતરણી તરી શકાય? માટે જ સંસારના ક્ષુલ્લક સુખ પાછળ દોડીને જીવન બરબાદ કરવું નહીં. સાંસારિક સુખો તો મૃગજળ છે. લલચાવનારાં છે. તેનાથી તો દૂર જ રહેવું. સાંસારિક સુખોથી મોક્ષપ્રાપ્તિ થતી નથી, ઈશ્વર સાક્ષાત્કાર થતો નથી. જે નમ્રતાથી દુઃખોનો સામનો કરે છે તે યોગી છે અને જે સંસારના ક્ષુલ્લક સુખોને ભોગવે છે તે ભોગી છે. એટલે જ જીવનમાં નમ્રતાને તાણાવાણાની જેમ વણી લેવી જોઈએ. નમ્રતા એ તો નવનીત છે. માખણ આપણે હાથમાં લઈએ ત્યારે તે કેટલું નમ્ર, સ્નિગ્ધ, સુંદર અને શુભ્ર હોય છે ! માખણને આ સ્થિતિએ પહોંચતા કેટલો સમય લાગે છે ? કેટલું સહન કરવું પડે છે ? વલોણામાં કેટલું બધું વલોવાવું પડે છે ? ત્યારે તે આ સ્થિતિએ પહોંચે છે. ત્યારે તે સુંદર, સ્નિગ્ધ, અને નમ્ર બને છે. વળી માખણને તેથી પણ ઉચ્ચ સ્થિતિએ

પહોંચવું હોય તો તપવું પણ પડે છે, ઊકળવું પડે છે. ત્યારે તે ઉચ્ચ સ્થિતિ (ઘી) ને પ્રાપ્ત કરે છે.

સંતો મહાત્માની સ્થિતિએ પહોંચે છે ત્યારે તેમણે પણ સહન કરવું પડે છે અને ગુણાતીત સ્થિતિને પામે છે. જે સહન કરે છે તે ઉચ્ચ સ્થિતિ, ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. જે સહન નથી કરી શકતા તે જાતને છેતરીને બનાવટ કરીને પોતાને ઉચ્ચ સ્થાને મૂકે છે. તેઓ તે સ્થાન ઉપર સ્હેજ પણ ટકી શકતા નથી, અને ઊંડી ખાઈમાં ગબડી પડે છે. ભ્રષ્ટ થાય છે. સમાજમાંથી ફેંકાઈ જાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે અંતઃકરણ ચાર છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. એની અશુદ્ધિ કેવી રીતે કરી શકાય ? એને શુદ્ધ કેવી રીતે કરી શકાય ? તેનો જવાબ એ છે કે, 'અહમ્' આ અશુદ્ધિના મૂળમાં છે. આ 'અહમ્' શુદ્ધ પણ હોય અને અશુદ્ધ પણ હોઈ શકે. ખરેખર તો અહમ્‌ના બે પ્રકાર છે. શુદ્ધ અહમ્ માત્ર ચૈતન્યનું સ્ફુરણ છે અને પરમાત્માની છાયા છે. એ શરીરમાં પરમાત્માનો આભાસ છે. એ સ્ફુરણ માત્ર બંધનમાં નાખતું નથી. પરંતુ અશુદ્ધ અહમ્ માણસને વાસનાના બંધનમાં નાખે છે. પરમાત્માથી આત્માની સત્તા જુદી માનીએ છીએ તે અજ્ઞાન છે. અશુદ્ધ અહમ્ છે. તેવો અહમ્ મોટાઈ કે અક્કડપણું મૂર્ખતાનું કામ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના સોળમા અધ્યાયમાં તેને આસુરી સંપત્તિનું સ્વરૂપ ગણાવ્યું છે. જેનામાં અહમ્ છે તે એમ માને છે કે, હું સત્તાશાળી અને વૈભવને ભોગવનાર છું. આવા અજ્ઞાનથી માણસો મોહિત થયેલા હોય છે. તેમનું ચિત્ત અનેક રીતે ભ્રમિત હોય છે. માટે મનની શુદ્ધિ કરીને, અહમને ઓગાળીને જીવનમાં નમ્રતા કેળવી નમ્ર બનવાનું છે.

નમ્રતા એ મહાનતાનું એક આગવું લક્ષણ છે. ઉપરછલ્લી નમ્રતા બતાવવાથી મહાન બની શકાતું નથી. બહાર દેખાતી નમ્રતાનાં મૂળ ઊંડે સુધી પ્રસરેલાં હોય તો જ તેને સાચા અર્થમાં નમ્રતા કહી શકાય. નમ્રતાના

સાચા રંગે રંગાયેલી વ્યક્તિમાં નિરભિમાન, પરોપકાર, વાણી અને વર્તનમાં સચ્ચાઈનો રણકો હોય છે. દંભી વ્યક્તિ પોતાની જાતનું કે સમાજનું હિત કરતી નથી. મોટા ભાગે માણસો આ બધું જાણતા હોવા છતાં એક સામાન્ય શિરસ્તો સમજીને ચલાવ્યા કરે છે. દંભી નમ્રતા આત્માની કક્ષાને ખૂબ જ નીચે ઉતારી મૂકે છે.

જગતના મહાપુરુષો નમ્રતાના ઉમદા ગુણથી વિભૂષિત થયેલા માલૂમ પડે છે. માટે જ જીવનમાં નમ્ર બની નવનીત જેવા સ્નિગ્ધ અને સુંદર બનીએ.



૨૪. નિષ્કામ સેવા

મનુષ્ય સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ માટે કર્મ કરે છે. પહેલાં કમાવાની ચિંતા કરે છે, પછી ભોગવવાની ચિંતા કરે છે. ખરું જોતાં તો મનુષ્યજીવન પુણ્ય કમાવાનો અને આત્મકલ્યાણ માટેનો સમય છે. જે મનુષ્યજીવનને ભોગયોનિ બનાવે તે દુર્ભાગી છે. પશુયોનિ અને મનુષ્યયોનિમાં ઘણી વસ્તુઓ સમાન છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન પશુ તેમજ મનુષ્ય યોનિમાં સમાન છે. બંનેનું શરીર પણ પંચભૂતોનું જ બનેલું છે, તો આ બન્ને વચ્ચે શો તફાવત છે? મનુષ્યમાં જે વૈચારિકશક્તિ છે, જ્ઞાન છે તે પશુમાં નથી. કોઈ મનુષ્યને જ્ઞાન ન હોય કે મનુષ્યજન્મમાં તે જ્ઞાન પ્રાપ્ત ન કરે, આત્મા અને પરમાત્માનો સાક્ષાત્કાર ન કરે તેનામાં ને પશુમાં કશો જ ભેદ નથી. જો આ સાક્ષાત્કાર કરી શકીએ તો તો બરાબર છે, નહિ તો ઘણું મોટું નુકશાન છે. મહાવિનાશ તોળાઈ રહ્યો છે, છતાં પણ આપણે તો પ્રમાદ, આળસ, નિદ્રા અને અર્થની ચિંતામાં સળગી રહ્યા છીએ. એટલે જ આપણો સતત ક્ષય થતો જાય છે. આપણે આત્મકલ્યાણ માટે કશું જ કરતા નથી.

જે પ્રસન્ન થઈને ઈશ્વરચિંતન કરતાં કરતાં જાય છે તેની સદ્‌ગતિ થાય છે.મૃત્યુ સમયે દુનિયાની કે સંસારની કોઈ વાત કરતા નથી, તેની પણ સદ્‌ગતિ થાય છે. તે સમયે મનુષ્યના મનમાં ઘર, પરિવાર કે ધન-સંપત્તિ નહિ, પણ માત્ર ભગવાનનું સ્મરણ હોવું જોઈએ. અંત સમયે ઈશ્વર પ્રાપ્તિ ધ્યાન ધરવું /રાખવું ઘણું મુશ્કેલ છે, પરંતુ આવી ટેવવાળાંને અંત સમયે પણ એ જ સ્મરણમાં આવે છે, અને એનું કલ્યાણ થાય છે.

માટે જ –

'तन्मे मनः शिवसंकल्पमस्तु ॥' મારું મન શુભ સંકલ્પોવાળું બને. જેમાં સત્યમ્ શિવમ્ અને સુન્દરમ્ હોય એવો સંકલ્પ કલ્યાણકારી છે. આપણા વિચાર સત્ય, કલ્યાણકારક અને સુંદર હોવા જોઈએ. આવા વિચાર, આવા સંકલ્પ જો મનમાં આવે અને રહે તો કલ્યાણ થઈ જાય, પણ આપણને રાક્ષસ કે પાપી બનાવે તેવા વિચાર મનમાં આવે અને રહે તો આપણી દુર્ગતિ થાય. માટે આત્મકલ્યાણમાં મન શુભ સંકલ્પવાળું હોવું જોઈએ.

આવા સંકલ્પ કરવા માટે સવારનો સમય શ્રેષ્ઠ છે. સવારનો સમય, શાંત મનવાળો હોય છે. મન એકાગ્ર હોય છે અને મગજ હળવું હોય છે. તે સમયે મનમાં શુભ વિચાર અને શુભ સંકલ્પ સહેલાઈથી આવે છે. પ્રાતઃકાળે શુભ સંકલ્પનો સંચાર થાય છે, તેના ઉપર તેની અસર આખો દિવસ રહે છે. તે જ રીતે રાત્રે સૂતી વખતે ઈશ્વરસ્તવન કરવું જોઈએ, કેમ કે નિદ્રા અને મૃત્યુ બંને કેટલેક અંશે સમાન છે. એટલે જીવન આત્મકલ્યાણની સાધના કરવા માટે સુરક્ષિત રહે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરીને જ સૂવું જોઈએ. શુભ સંકલ્પ સાથે ઊંઘીએ અને જાગીએ ત્યારે ઘણો લાભ થાય છે.

જો અંતઃ કરણ શુદ્ધ હોય તો જ ધ્યાનયોગમાં, ભક્તિયોગમાં આગળ વધવાની તક છે. તો જ તેમાં સફળતા છે. જે મનુષ્યના મનમાં અશુદ્ધ/ અશુભ સંકલ્પ આવ્યો જ નથી તે મહાન છે, વંદનીય છે, પૂજનીય છે, કેમ કે તેનું મન શુદ્ધ છે. મન શુદ્ધ હોય તો શુદ્ધ સંકલ્પ આવે છે. જેને જન્માંતરનું પુણ્ય હોય તેને જ બૂરા વિચાર કે બૂરા સંકલ્પ આવે જ નહિ એવું શુદ્ધ હૃદય મળે છે. માટે જ ભગવાને ગીતામાં મનને શુદ્ધ કરવા નિષ્કામ કર્મનો ઉપાય બતાવ્યો છે, કેમ કે મનને શુદ્ધ રાખવા બહાર અને અંદરથી ઝાડુ લગાવવું જોઈએ. સેવા એ બહારનું ઝાડુ છે. ઈશ્વરસ્મરણ, ઈશ્વરચિંતન તે

અંદરનું ઝાડુ છે, માટે જ શ્રીમદ્ ભગવદ્ ગીતાના અઢારમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે જેના જીવનમાં સેવા નથી તેને આ જ્ઞાન આપવું નહિ. કેમ કે જો પાત્ર ખરાબ હોય તો દૂધ પણ ખરાબ થાય છે, તેવી જ રીતે જેનું હૃદય શુદ્ધ છે, પવિત્ર છે. તેનામાં જ જ્ઞાન ટકે છે. માટે પ્રથમ તો હૃદયશુદ્ધિ કરવી. હૃદયશુદ્ધિ માટે માણસે નમ્ર, ચિંતન અને સેવા મુખ્ય સાધન છે. આ સેવાધર્મ એક રીતે તો ક્ષુદ્રનો ધર્મ છે, પણ તત્ત્વદૃષ્ટિએ ક્ષુદ્ર હલકો નથી. તેનો ધર્મ પણ હલકો નથી. જ્ઞાની બનતાં પહેલાં ક્ષુદ્ર બનો, સેવા કરો, ઉચ્ચ કુળનું અભિમાન છોડો તે અત્યંત જરૂરી છે. જ્ઞાન મોટા બનીને પામી શકાતું નથી, નાના બનીને પામી શકાય છે અને એ માટે નાના બનવામાં નુકશાન પણ શું છે ?

માણસ શ્રેષ્ઠ નથી. તેના સદ્કર્મોથી માણસ શ્રેષ્ઠ બને છે. પોતાના સદ્ગુણોથી શ્રેષ્ઠ બને છે. જે સારી સેવા કરે છે તેને તેનું ફળ આ જન્મમાં જ મળે છે. એને મહાપુરુષોના આશીર્વાદ મળે છે અને એનું અંતઃકરણ શુદ્ધ બને છે. નિષ્કિંચન, દીન-ગરીબના આશીર્વાદ સંસારસાગરથી પાર ઉતરે છે. અને એમના આશીર્વાદ અંતઃકરણપૂર્વક કરેલી શુદ્ધ સેવાથી મળે છે. આપણે સમાધિ તો લગાવી શકવાના નથી, પણ સેવા તો કરી શકીએ. દુનિયામાં સેવા તો ઘણા પ્રકારની છે. નાનું બાળક પણ સેવા તો કરી શકે છે અને તેનાથી આત્મકલ્યાણનો માર્ગ ખુલ્લો થઈ જાય છે. સમાધિમાં તો મન એકાગ્ર કરવું પડે છે અને એ મુશ્કેલ કામ છે, માટે જ ભગવાને નિષ્કામકર્મયોગ પર ભાર મૂક્યો છે. એ નિષ્કામકર્મ ક્યું ? તેનો જવાબ છે – સેવા. કોઈ શરીરથી સેવા કરી શકે, કોઈ મનથી સેવા કરી શકે, તો કોઈ ધનથી સેવા કરી શકે. તે સેવા પણ જે અનાથ હોય, દીન હોય, દુઃખી હોય, જેની સેવા કરનાર કોઈ ન હોય તેની કરાય તો તે ઉત્તમ. શરીરથી તો એક બે કે થોડાકની જ સેવા કરી શકાય પણ ધનથી તો અનેક માણસોની સેવા કરી શકાય.

આરોગ્યભવનો, અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, અન્નક્ષેત્રો ખોલી શકાય. આમ સેવા જીવનનું અનિવાર્ય અંગ છે અને નિષ્કામ કર્મયોગ તે સેવા છે. શોક, મોહ, અજ્ઞાનને દૂર કરવા માટે જ્ઞાનયોગ છે. તેમાં પણ ક્રમ હોય છે અને તેના સાધનમાં સેવા કામ આવે છે. પ્રસન્ન થઈને કરેલી નિષ્કામ સેવા, ઈચ્છારહિત સેવા કરી હોય તો શાંતિ મળે, અંતઃકરણની શુદ્ધિ થાય છે અને મન પરમાત્માના ધ્યાનમાં લાગે છે. માટે આત્મકલ્યાણમાં નિષ્કામ સેવા પ્રથમ છે.



૨૫. પરમાત્મામાં અતૂટ શ્રદ્ધા

ભક્તિ એટલે વ્યક્તિ અને સમસ્ત જગત વચ્ચેનો પ્રેમ. ભક્તિ એટલે ઊર્ધ્વગામી ગતિ કરતો પ્રેમ. વિશ્વ તરફ જોતી વખતે અભેદ દૃષ્ટિ હોવી જોઈએ. અભેદવૃત્તિથી પ્રેમવૃત્તિ વધે છે અને ભગવાન પ્રત્યે પ્રેમવૃત્તિ થાય તો અભેદવૃત્તિ વધે છે. આપણે આપણા ઈષ્ટદેવ પ્રત્યે તાદાત્મય થવાનો, એકરૂપ થવાનો પ્રયત્ન કરવાનો છે. ચિત્તને એકાગ્ર કરવાનું છે. ચિત્તને એકાગ્ર કરવા માટે ઉપવાસ કરવાની જરૂર નથી, ભૂખ્યા રહેવાની જરૂર નથી. ભૂખ્યા થઈ ન શકે. એકાગ્રચિત્તે કરવામાં આવતું કાર્ય તે ભક્તિ છે. આ ચિત્તને એકાગ્ર કરવા માટે બારી, બારણાં બંધ કરીને એકાંતમાં બેસીએ તોપણ ઘડિયાળની ટીક–ટીક ધ્યાનમાં આવે. આપણે એક વખત ચિત્ત એકાગ્ર કરવા લાગીએ, આંખો બંધ કરી દઈએ અને ધારી લઈએ કે હવે મારા ઘુંટણ સુધીના પગ ઓગળી રહ્યા છે, પછી ધારી લઈએ કે મારું કટી સુધીનું શરીર નાશ પામી રહ્યું છે. પછી ધારી લઈએ કે મારું આખું શરીર બરફની માફક પીગળી રહ્યું છે અને લોહી બનીને વહી રહ્યું છે. હવે એ લોહી પણ સૂકાઈ ગયું છે. હવે ત્યાં કશું જ રહ્યું નથી, ઘડી પહેલાં એક માનવ આકાર હતો ત્યાં લોહીનું બૂંદ પણ રહ્યું નથી. આમ આખું શરીર બ્રહ્મમય કરીએ પછી ખબર પડે કે ભગવાનની ભક્તિ કરવી હોય તો નીરવ શાંતિમાં જ થઈ શકે. નહિ તો ન થાય. ભજન થઈ શકે પણ મોટા અવાજે ગાવાથી, ભજન કરવાથી અન્યની શાંતિ જોખમાય છે. માટે તે દ્રોહ કર્યો ગણાય. શાંતિ વગર કર્મકાંડ થાય પણ ચિત્ત એકાગ્ર ન થાય અને જ્યાં સુધી ચિત્ત એકાગ્ર ન થાય ત્યાં સુધી ભગવદ્ પ્રાપ્તિ ન થાય.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આઠમા અધ્યાયના ૧૪મા શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણએ સ્વમુખે કહ્યું છે કે, 'જે મને અનન્ય ચિત્તથી સતત નિત્ય સ્મરે છે તેવા નિત્ય યોગીને હું મળવો સુલભ છે.'

પરમાત્મા આપણા આત્માસ્વરૂપે આપણી પાસે જ છે. સંસારના લોકો તેને શોધવા તીર્થયાત્રા કરે છે. ધ્યાન, તપ, આદિ કરે છે પણ પરમાત્માએ અનન્ય ભક્તોને જે ઉપદેશ આપ્યો છે. તેમ સમજી લઈએ તો ભગવદ્ પ્રાપ્તિમાં કોઈ મુશ્કેલી નથી. પરમાત્મા આત્માસ્વરૂપે દરેક જીવમાત્રમાં બેઠો છે. માટે પ્રથમ તો આત્માનું કલ્યાણ કરવું જોઈએ પણ આત્માનું કલ્યાણ ત્યારે જ થાય કે જગતનું કલ્યાણ થાય તો જ. સ્વમાંથી સર્વસ્વમાં તાદાત્મયતા કેળવવાની છે.

ભક્તિ ત્રણ બાબતો ઉપર આધાર રાખે છે. તન્મયતા, અનન્યતા અને આતુરતા. ભગવાનનું ધ્યાન ધરવા બેસો ત્યારે તમે કેટલા તન્મય, તદ્રુપ થાઓ છો તથા ભગવાન સિવાય તમે બીજાનું ધ્યાન કરો છો કે કેમ ? અને ભગવાન નથી મળ્યા તેથી કેટલા વ્યાકુળ બન્યા છો ? આ ત્રણ વાતો કસોટી છે. દુનિયાના ક્ષુલ્લક પદાર્થો માટે આપણે બેચેન થઈ જઈએ છીએ એવી બેચેની, અધીરાઈ ભગવાનની પ્રાપ્તિ માટે રાખીએ છીએ ખરા ? ભગવાન કહે છે જે લોકો અનન્ય ચિત્તથી મારી નિત્ય ઉપાસના કરે છે, મારું નિત્ય સ્મરણ કરે છે. તેવાને હું અત્યંત સુલભ છું. સંસારના પદાર્થો સ્મરણ કરવાથી મળતા નથી પણ ભગવાન તો મળે છે.

આત્માનો પરમાત્માથી વિયોગ તે જ સંસાર છે. ભગવાનની પ્રાપ્તિ પ્રસન્નતા, તન્મયતા અને નિરંતર સ્મરણથી થાય છે. પણ જ્યાં સુધી જ્ઞાન કાચું હોય ત્યાં સુધી ફળ પ્રાપ્ત થતું નથી. સંસારમાં અનેક હરકતો આવે છે તેથી મનન અને નિદિધ્યાસન થતાં નથી, દઢ નિશ્ચય થતો નથી. જ્ઞાન પોતે કાચું હોય ત્યાં સુધી અજ્ઞાનને કેવી રીતે દૂર કરી શકાય ? તે માટે આપણે પ્રભુ પ્રત્યે દઢ પ્રીતિ કરવાની જરૂર છે. દઢતા આવતાં જ અજ્ઞાન દૂર થઈ જાય

છે અને જ્ઞાનનો સૂરજ ઊગે છે. આપણામાં રહેલ તમસ્‌ને પામતાં જ બ્રહ્મજ્ઞાન થાય છે અને બ્રહ્મજ્ઞાન થતાં જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. પણ બ્રહ્મની પ્રાપ્તિ માટે કુંડલિની જાગ્રત કરવી પડે. 'સ્વ'ની કુંડળીમાંથી બહાર નીકળવું પડે. 'હું પદ' પામ્યે બ્રહ્મની પ્રાપ્તિ ન થાય.

ભગવાનને તન નહિ પણ મન જોઈએ છે. એટલે શરીર ગમે ત્યાં રહે પણ મન ભગવાનના ચિંતનમાં રહેવું જોઈએ. ભગવાનના સતત ચિંતનમાં રહેવું તે જ તો ભક્તિ છે.

જ્ઞાન માત્ર સાંભળવાથી થતું નથી. જો માણસનું હૃદય કઠોર હોય તો જ્ઞાન થાય નહિ. પથ્થરને દશ વર્ષ સુધી પાણીમાં રાખીએ તોપણ પાણી તેને ઓગાળી શકતું નથી. એમાં પાણીનો દોષ નથી પણ પથ્થરનો દોષ છે. જ્યારે માટીના ઢેફાને ક્ષણવારમાં જ ઓગાળી નાખે છે. જ્ઞાન મળવાથી કે ભક્તિથી જ્ઞાની કઠોર બનતા નથી, કોમળ બને છે. આપણે તો પથ્થર નહીં પણ માટીના ઢેફાં જેવા બનવાનું છે.

આપણી બુદ્ધિ ભટકતી હોય, ચૈતસિક શાંતિ ન હોય અને આપણે અહીં-તહીં જોતા હોઈએ તો આપણા મન ઉપર બહુ અસર થતી નથી. પણ આપણે ચિત્ત એકાગ્ર કરીએ એટલે બાકી બધી વસ્તુઓ જગતમાંથી ચાલી જાય અને એક જ વસ્તુ રહે તેની મન ઉપર ઊંડી અસર થાય. માટે જ સગુણોપાસના અત્યંત આવશ્યક છે. ચિત્ત એકાગ્ર કરવા માટે વસ્તુની જરૂર પડે. તે મૂર્તિ સ્વરૂપે, તસવીર સ્વરૂપે, દીપ સ્વરૂપે કે માળા સ્વરૂપે. પણ આ સ્વરૂપો તો પદાર્થ છે તેમાં ધ્યાન ન રહેતાં પરમતત્ત્વમાં ધ્યાન રહેવું જોઈએ.

ભક્તિ પરમાત્માને શોધવાની કળા નથી, સ્વયંને શોધવાની કળા છે. 'સ્વ'ની કુંડળીમાંથી જો આપણે બહાર નીકળીએ તો જ ભગવદ્‌પ્રાપ્તિ થાય. પણ આપણે પામર 'સ્વ'ની કુંડળીમાંથી ક્યારેય બહાર આવી શકતા નથી. મારું મારું કરતા જ જિંદગી પૂરી કરીએ છીએ.

પ્રાર્થનાથી ઊભરતા હૃદયના ભક્તિની ભક્તિ અદ્વૈતને આંબે છે.

સ્વયંની ગહન ગુહામાં ડૂબીને ભક્ત ભક્તિના પરમ તત્વમાં એકરૂપ બની જાય તો જ પ્રભુ પ્રત્યેની તેની નિષ્ઠા, તન્મયતા અને એકરૂપતા ચરમ સીમાને પહોંચે છે.

તો આજથી જ આપણે સંકલ્પ કરીએ કે 'સ્વ'ની કુંડળીમાંથી નીકળી પરમાત્મામાં અતૂટ શ્રદ્ધા, અખંડ નિષ્ઠા, અનંત તન્મયતા અને એકરૂપ થઈએ.



૨૬. પરમાત્માના શરણમાં

પરમાત્માના શરણમાં આવી ગયા પછી પણ આંતરિક મલીનતાઓ અહંકારના આઘાત જીવાત્માને પૂર્ણ આનંદનું અસીમ સુખ પ્રાપ્ત થવા દેતા નથી. મનુષ્ય કદી પદાર્થ અને કદી બ્રહ્મની તરફ આકર્ષાતો રહે છે. પરંતુ એ સમયે તેનું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિનું જ હોય છે. છતાં પણ બ્રહ્મતત્ત્વમાં વિલય થવાને માટે જે પવિત્રતા અપેક્ષિત છે તે ન બનવાને કારણે જ આવી દ્વંદ્વાત્મક સ્થિતિ બને છે. 'હું પરમાત્માની ઉપાસના કરું છું.' આટલો પણ અહંભાવ જ્યાં સુધી શેષ રહી જાય છે. ત્યાં સુધી પૂર્ણ સમર્પણમાં ક્યાસ રહે છે. દેહ, ઈન્દ્રીય, પ્રાણ, મન, બુદ્ધિ અને અહંકાર આ બધા પર જ્યારે પૂર્ણ રૂપથી પરમાત્માનો અધિકાર થઈ જાય છે. ત્યારે પૂર્ણ સમર્પણની અસીમ સુખદાયી સ્થિતિ મળી જાય છે. એ સમયે 'હું અને મારું' એ ભાવ સમાપ્ત થઈ જાય છે. જે કંઈ છે તે તમારું છે. તમારું તમને સમર્પિત કરું છું. જ્યારે આ સ્થિતિમાં જીવાત્મા આનંદ લેવા લાગે ત્યારે સમજવું જોઈએ કે એના મળ-વિક્ષેપ ધોવાઈ ગયા છે અને દિવ્યગતિ પ્રાપ્ત થઈ ગઈ છે.

માણસ જ્યાં સુધી સાંસારિક અભિમાનમાં ભાન ભૂલેલો રહે છે, ત્યાં સુધી એની શક્તિ અને સામર્થ્ય બિલકુલ તુચ્છ અને નગણ્ય હોય છે. જીવનના બધા જ અધિકાર જ્યારે ઈશ્વરના હાથમાં સોંપી દઈએ છીએ ત્યારે પૂર્ણ નિશ્ચિંતતા આવી જાય છે. કોઈ ભય નહીં. ન દુઃખ ન સુખ. શેષ રહે છે પૂર્ણ તૃપ્તિ અને અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. જ્યારે જીવનની લગામ પરમાત્માને સોંપી દઈએ છીએ ત્યારે એમને બોલાવવા પડતા નથી. તેઓ સ્વયં આવીને રક્ષણ કરે છે. ભકતના પ્રત્યેક અવયવમાં સ્થિર થઈ કાર્ય

કરે છે. આ જ સ્થિતિને સંપૂર્ણ સમર્પણ કહેવાય છે.

આવી સ્થિતિને પ્રાપ્ત કરવાને માટે સમર્પણસાધના કરવી પડે છે. જેમ શ્રદ્ધા અને વિશ્વાસની પ્રશસ્તિ નિરંતર વધતી રહે તેમ પરમાત્માનો પ્રકાશ ઝળહળવા લાગશે અને લક્ષ્યની સમીપતા આગળ વધતી રહીને પૂર્ણ સમર્પણની સ્થિતિ જોવામાં આવે છે. અનન્ય ભાવથી પરમાત્માની ઉપાસના સમર્પણગતિનો મુખ્ય આધાર છે. ઈશ્વરની સમીપ બેસવાથી એવી જ દિવ્યતા ઉપાસકને પણ પ્રાપ્ત થાય છે અને પાપ, સંતાપ ઓગળીને નષ્ટ થવા લાગે છે. નિત્ય-નિરંતર આ અભ્યાસ ચાલવાથી જ જીવનમાં શુદ્ધતા આવે છે. જે પૂર્ણ સમર્પણ માટે આવશ્યક છે.

ભાવનાઓ દ્વારા જેવી રીતે દરેકમાં આપણું સ્વરૂપ જોવાની આત્મીયતા જાગ્રત કરવામાં આવે. એવી જ કર્મમાં પણ સ્વચ્છતા લાવવી પડે છે. જેનાથી કોઈનો જીવ દુઃખાતો હોય તેવું કાર્ય કદી પણ હિતકર હોતું નથી. કેમ કે જીવ માત્ર પ્રતિ અન્યાયનો અર્થ પરમાત્માના નિયમોની અવગણના કરવા બરાબર છે. ઈશ્વરની આજ્ઞાઓનો તિરસ્કાર કરીને ઈશ્વરને પ્રાપ્ત કરી શકતા નથી. આ સંસારની દરેક ચીજ-વસ્તુ, પ્રાણી, આત્મા એમનું છે. પછી કોઈ શા માટે ધૃષ્ટતા, અન્યાય અને અત્યાચાર સહન કરશે? આપણે આપણાં કર્મો દ્વારા પણ એમના સૌંદર્યને નષ્ટ થવા દેવું જોઈએ નહિ. આપણાં કાર્યો એવાં હોવાં જોઈએ કે એમાં સંસારની ભલાઈ હોય ત્યારે જ આપણે એમના પ્રિયપાત્ર બની શકીશું.

દુષ્કર્મિ મનુષ્ય પોતાના સ્વાર્થોની પૂર્તિ માટે કરે છે એને પોતાનું શરીર, પોતાનું હિત, પોતાનું સુખ અધિક પ્રિય હોય છે. એના માટે બીજાનું સુખ છીનવી લેવા તે પ્રયત્ન કરે છે. પણ જેમને પરમાત્મા સાથે પ્રેમ હશે એને પોતાનું સુખ તુચ્છ લાગશે. પરમાત્મા આપણા પ્રિયતમ છે. માટે એમની ઈચ્છા પૂરી કરવામાં આપણને કોઈ મુશ્કેલી પડવી ન જોઈએ. પરમાત્મા પોતાના બધા જ બાળકોની સારસંભાળ સમાનરૂપે કરવા ચાહે

છે. એવી જ ઈચ્છા આપણી થવા લાગે. એમના પ્રતિ આપણે આત્મીયતા બનાવી રાખીએ તો એમનાં સંતાનો પ્રતિ પણ એવી ભાવના આપણે રાખવી જોઈએ. આપણે એવું કોઈ કાર્ય ન કરીએ કે જેનાથી કોઈના જીવને દુઃખ પહોંચે. કોઈને પણ કષ્ટ કે ક્લેશ પહોંચાડીને ઈશ્વરની ભક્તિ પ્રાપ્ત કરવી એ અસંભવ છે. શુદ્ધ, સાત્ત્વિક સત્કર્મો વડે જ એમને પ્રસન્ન કરી શકાય છે.

સત્કર્મ દેખાવ પૂરતું ન હોવું જોઈએ, પરંતુ એના પ્રતિ આપણી ગહન નિષ્ઠા પણ હોવી જોઈએ. ઈશ્વર પ્રતિ જેટલો વિશ્વાસ અધિક હશે એટલી જ સત્કર્મોમાં આપણી પ્રીતિ દૃઢ બની રહેશે. જેણે ચિંતન, મનન અને વિચાર દ્વારા હૃદય અને આત્માથી ઈશ્વરીય સ્થિતિનો સ્વીકાર કરી લીધો એ ભૂલથી પણ કોઈ કાર્ય ન કરશે કે જેનાથી કોઈને કષ્ટ પહોંચતું હોય.

કર્મની પ્રેરણા માણસને ઈચ્છાઓ, આકાંક્ષાઓ વડે જ મળે છે. જેવી કામના કરો તેવાં કર્મ કરવા ઈચ્છા થાય છે. ભોગ-વાસનાથી પ્રેરિત થઈને લોકો અસંયમ અને વ્યભિચાર વધુ કરે છે. સ્વાસ્થ્યની ખરાબીના કારણે અખાદ્ય પદાર્થોનો સ્વાદપ્રિયતાથી પ્રભાવિત થઈને માણસ ઓછાવત્તાનું સારાસારનું ધ્યાન ન રાખતાં ખરાબ વસ્તુઓને ઉદરસ્થ કરતો રહે છે.

કર્મનું મૂળ મનુષ્યની ઈચ્છાઓ છે. ખરેખર તો કામનાઓ પર નિયંત્રણ રાખવાનું અત્યંત આવશ્યક છે. એવું ન કરવાથી જીવનલક્ષ્યની સાધનામાં શિથિલતા આવી જાય છે.

સ્વાર્થની સંકીર્ણતાનો પરિત્યાગ કરી દેવાથી આવશ્યકતાઓ ઘણી જ ઓછી થઈ જાય છે. ઋષિઓનાં જીવન એટલા માટે જ સદા ત્યાગમય રહ્યાં છે. તેઓ જીવન ગુજારવાનાં સાધનોમાં થોડો સરખો સમય લગાવીને શેષ સમયનો સદુપયોગ વિશ્વરહસ્ય જાણવા તથા બ્રહ્મનું સાન્નિધ્ય પ્રાપ્તિ કરવામાં વિતાવતા હતા. ભારતીય સંસ્કૃતિને ગૌરવ પ્રદાન કરવાનું આ મહાનતમ કાર્ય ઋષિઓએ પોતાની આવશ્યકતાઓને ઘટાવીને કર્યું હતું. આજે એ જ માર્ગ

શ્રેષ્ઠ છે. એના પર ચાલીને પોતાની આત્મિક તરસ પૂર્ણ કરી પરિતોષ થવાય છે.

આપણી કામનાઓને જેટલી વધારીએ છીએ, પરિસ્થિતિઓનું દબાણ એટલું જ અધિક વધે છે. પરિણામ સ્વરૂપે લોકો નસીબને દોષ આપે છે. પરમાત્માની અવકૃપા સમજે છે. પરંતુ વિચાર કરીએ તો પરમાત્માનું અવકૃપા સમજે છે. પરંતુ વિચાર કરીએ તો પરમાત્માનું વિધાન સર્વને માટે સદૈવ મંગલદાયક હોય છે. આપણે એમની રચના એમના વિધિવિધાનની સાથે તાલજોડ કરી શકીએ એ આપણા હિત માટે જ છે. ઈશ્વર ક્યારેય કોઈને દુઃખી કરતો નથી. દુઃખ એ તો મનનું કારણ છે. એવો આત્મવિશ્વાસ રાખવો જોઈએ.

દેહનાં સાધનો અને સંબંધોને જ સત્ય માનવા એ માણસની ભૂલ છે. શરીરસુખની પ્રાપ્તિ થવી એ બુદ્ધિ સંગત નથી. આપણે જન્મથી પહેલાં અને મૃત્યુ બાદના સ્વરૂપનો પણ વિચાર કરવો પડશે. લૌકિક દૃષ્ટિથી આપણાં માતા-પિતા, ભાઈ-ભાંડુ, સ્વજન, સ્નેહી બધું જ પરમાત્મા છે. તેઓ આપણા સંરક્ષક છે. એમણે જ આપણને જીવન આપ્યું છે. સુખનાં અનેક સાધનો પણ એમણે જ આપ્યાં છે. પરમ કૃપાળુ સ્વામી, સહૃદય સખા પણ એ જ છે. મનુષ્ય જીવન આપીને એમણે (ઈશ્વરે) આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે. શું આપણે એમની કૃતજ્ઞતાને ભૂલી જવી જોઈએ ? શું એમનાથી જુદા રહીને આપણે સુખી રહી શકીશું? આ બધા પ્રશ્નોનો એક જ ઉત્તર છે. એમને સંપૂર્ણ રીતે સમર્પણ થઈએ તો જ સુખ મળે.



૨૭. પરિતૃપ્તિ

પરિતૃપ્તિ, પરિતોષ, પરિતુષ્ટ, સંતુષ્ટ, સંતૃપ્ત, તુષ્ટ, તૃપ્ત, તોષ આ બધા શબ્દો સંતોષના પર્યાયવાચી શબ્દો છે.

કબીરજી તેમની એક સાખી દ્વારા સંતોષની વ્યાખ્યા કરતાં સમજાવે છે :

'ગોધન, ગજધન, બાજિધન ઔર રતનધન ખાન ।
જબ આવે સંતોષધન, સબ ધન ધૂરિ સમાન ॥'

અર્થાત્ :

'સંસારમાં પુણ્યાત્માઓ પાસે ગાયરૂપી ધન છે, હાથી રૂપી ધન છે, ઘોડારૂપી ધન છે અને સોના-ચાંદી, હીરા-મોતી વગેરે રત્નોની ખાણરૂપી ધન છે. પરંતુ આ બધો વૈભવ હોવા છતાં પણ માણસ અધૂરો છે. તેને જીવનમાં કંઈક ખૂટતું હોય તેવી અનુભૂતિ સતત થયા કરે છે. પરંતુ જ્યારે તે સંતોષરૂપી ધનને પ્રાપ્ત કરે છે ત્યારે તેની આગળ ઉપરનાં બધાં ધન ધૂળની જેમ તુચ્છ થઈ જાય છે.'

કબીરજી કહે છે :

'તૃષ્ણા સીંચી ના બુઝૈ, દિન દિન બઢતી જાય ।
જાવાસાકા રૂખ જ્યોં, ઘનમેહા કુમ્હિલાય ॥'

અર્થાત્ :

'તૃષ્ણારૂપી વેલી પ્રેમરૂપી સિંચનને સમજતી નથી. વિના સીંચ્યે પ્રતિદિન વધતી જ જાય છે. જેમ જવાસાનું વૃક્ષ વરસાદના સિંચનથી સુકાઈ જાય છે અને વિના વરસાદે તે લીલુંછમ થઈ વધતું જાય છે.'

એ રીતે તૃષ્ણાનું જેમ શમન કરવામાં આવે તેમ તેમ તે વધતી જ જાય છે.

શ્રીમદ્ રામચંદ્રજી કહે છે :

'ઈચ્છા વગરનું કોઈ પ્રાણી નથી. વિવિધ આશામાં મનુષ્યપ્રાણી રોકાયેલું છે. ઈચ્છા, આશા જ્યાં સુધી અતૃપ્ત છે. ત્યાં સુધી તે પ્રાણી અધોવૃતિવત્ છે. ઈચ્છા મયવાળું તે પ્રાણી ઊર્ધ્વગામીવત્ છે.'

જે સંતોષી છે તે સ્થિરબુદ્ધિવાળો છે. ભગવાન શ્રીકૃષ્ણ તેમના શ્રી મુખે શ્રીમદ્ ભગવદ્ગીતા દ્વારા કહે છે : 'મારો ભક્ત તો સ્થિર, બુદ્ધિવાળો હોય છે. તેની બુદ્ધિ આત્મકલ્યાણની સાધનામાં સ્થિર હોય છે, તે તેની વિશેષતા છે.'

'प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥'

(અ : ૨:૫૫)

અર્થાત્ :

'હે પાર્થ ! જ્યારે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાને ત્યજી દે છે અને આત્મા વડે આત્મામાં જ સંતોષ પામે છે. ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.'

સ્થિરબુદ્ધિ/સ્થિતપ્રજ્ઞ વિશે તો ભગવાને સ્પષ્ટતા કરી જ છે પણ આવા સ્થિર બુદ્ધિવાળા મનુષ્યનાં લક્ષણો ક્યાં ક્યાં છે. તે પણ જાણવું જરૂરી છે. જ્યારે ધ્યાનસ્થ અવસ્થામાં કેટલો સમય પસાર થયો તેનું અથવા તો કોઈ પણ વસ્તુનું ધ્યાન ન રહે. એટલું જ નહિ, પોતે કોણ છે ? 'હું'માંથી તે બહાર નીકળી જાય તે ક્યાં બેઠો છે, તેની આજુબાજુ શું થઈ રહ્યું છે તેનું પણ ધ્યાન ન રહે. પોતાની જાત સાથેનો સંબંધ પણ છૂટી જાય. આશા, ઈચ્છા, એષણા, વાસનામાંથી મુક્ત થઈ જાય અને જેનું મન અને હૃદય માત્ર ભગવદ્ભાવમાં જ રમમાણ રહેલું હોય, આત્મા સાથે જ અનુબંધિત

થઈને ઈશ્વર સાથે જ અનુસંધિત છે તે સ્થિતપ્રજ્ઞ છે. સ્થિરબુદ્ધિથી કરેલા ધ્યાનથી ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે, સ્થિરબુદ્ધિથી કરેલા ધ્યાનમાં આનંદનો જ અનુભવ થાય છે એ આનંદ તે જ બ્રહ્માનંદ. એ જીવનની ધન્ય ઘડી છે.

માણસ દરેક વસ્તુ, પદાર્થથી સંતોષ પામે છે. જેમ જેમ તે વસ્તુ કે પદાર્થનો ઉપભોગ કરે છે. તેમ તેમ તેનો તુષ્ટિગુણ ઓછો થતો જાય છે. પરંતુ માણસમાં રહેલ ઈન્દ્રિયસુખની વાસના સંતોષવા માટે તે વધુ ઉત્તેજીત થાય છે. જેમ જેમ ઉપભોગ કરે છે તેમ તેમ તેની વાસના પ્રદિપ્ત થતી જાય છે. સંસારીને સંસારનું, સંસારમાં રહેલ પદાર્થોનું એક જાતનું આકર્ષણ હોય છે. સ્ત્રી-ધનના વર્તુળમાં તે ઘેરાયેલો છે. એટલે તે તેની ઈન્દ્રીયો ઉપર કદાચ કાબૂ ન રાખી શકે. એ સમજી શકાય એમ છે. પરંતુ જેણે સંસારનો, સાંસારિક પદાર્થોનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કર્યો છે તેવા સાધુઓ સંસારના માયિક પદાર્થોને છોડી શકતા નથી. સાધુ હોવા છતાં પણ સંસારીઓ સાથેના સંબંધો છોડી શકતા નથી. આ સાધુઓ મોહ, માયાથી ક્યારેય પર રહી શક્યા નથી. તેવા સાધુઓ કામવાસના ઉત્તેજીત ન થાય તે માટે ઈન્દ્રિયોનું દમન કરે છે. કામવાસના પ્રદિપ્ત ન થાય એટલા માટે કેળનું પાણી કે લીમડાના રસનું નિયમિત સેવન કરે છે. આ તો ઈન્દ્રીયોનું પરાણે દમન કર્યું ગણાય. જે કામ મનની ઈચ્છા વગર કરવામાં આવે છે તેમાં સંતોષની સુગંધ ભળતી નથી. પરંતુ ઈન્દ્રીયોનું આકર્ષણ તેને પજવે છે. સ્વેચ્છાએ કામવાસના પ્રદિપ્ત ન થાય તે માટે સાધુ એ શું કર્યું ? કશું નહિ. તેનું ધ્યાન ઈન્દ્રિયસુખમાં જ રાચ્યા કરે છે. આવા સાધુ, સંતો, સંન્યાસીઓ ભગવાં કપડાંમાં છુપાયલા ભોગવાદીઓ છે, સંસાર છોડ્યા છતાં સાંસારિક વાસનાઓનો તેણે ત્યાગ કર્યો નથી. એનાં કરતાં તો જે સંસારમાં રહીને કામવાસનાની પરિતૃપ્તિ કરીને આત્મા સાથે અનુબંધિત થઈને ઈશ્વર સાથે સાયુજ્ય કેળવે છે. જીવ અને શિવનો સમન્વય કરે છે, તેવો સંસારી ભોગવાદી સાધુ કરતાં વધુ સારો છે.

સાધુ, સંન્યાસી, સંતનાં લક્ષણો દર્શાવતાં કબીરજી કહે છે : 'સાધુ ઘર શીલ સંતોષ વિરાજૈ.'

જેના હૃદયમાં સંતોષ છે, માયિક પદાર્થોથી પર છે, ત્યાગી છે, શીલવંત છે, જેણે ઈન્દ્રિયોને કાચબાની જેમ પોતાની અંદર સંકેલી લીધી છે, સાંસારિક પદાર્થોમાંથી જેણે દૃષ્ટિવાળી લીધી છે તે સાધુ છે. આવા સાધુ સ્વયં આત્મદર્શી બનીને શિષ્યોને પણ આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરાવે છે અને સંતોષરૂપી અમૃતનું પાન કરાવે છે.

ભાગવત્‌માં પણ ભગવાને તેમના શ્રીમુખે સાધુ, સંત, સંન્યાસીનાં લક્ષણો દર્શાવતાં કહ્યું છે :

निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।

अनुव्रजाम्यहम् नित्यं पुयेयेत्याडध्रिरेणुभिः ॥

(अ : ११ : १४ : १६)

અર્થાત્ :

'જેને કોઈ વસ્તુની અપેક્ષા નથી. જે જગતના ચિંતનથી સર્વથા ઉદાસીન થઈ મારા જ ચિંતન-મનનમાં નિમગ્ન રહે છે. જેનામાં વેરભાવનો અભાવ થયેલ છે. કોઈ પણ સાથે રાગ-દ્વેષ ન રાખી જે સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે, તે મહાત્માની પાછળ પાછળ હું (પૂર્ણ પુરુષોત્તમ) એમ વિચારીને નિરંતર ફરતો રહું છું કે તેનાં ચરણોની રજ/ધૂળ ઊડીને મારા ઉપર પડે અને હું પવિત્ર થઈ જાઉં.'

જેને ભગવાનનું બળ છે તેવા સંતની ઓળખ થઈ જાય તો ગહનગૂફામાં જઈ તપશ્ચર્યા કરવાની કોઈ જ જરૂર નથી.

ગંગાસતી પણ પાનબાઈને ઉપદેશ આપતાં કહે છે : 'શીલવંત સાધુને વારે વારે નમીએ ,પાનબાઈ.'

સાધુનાં લક્ષણો વધુ સ્પષ્ટ કરતાં કબીરજી કહે છે :

'ઉદર સમાતા અન્ન લે, તનહિં સમાતા ચીર ।

અધિક સંગ્રહ નહિ કરૈ, તાકા નામ ફકીર ॥'

અર્થાત્ :

'પેટમાં જેટલું અન્ન સમાય તેટલું જ ખાય. શરીર જેટલાં વસ્ત્રોથી ઢંકાય તેટલાં જ વસ્ત્રો ધારણ કરે. એથી વધુ સંગ્રહ ન કરે તેનું નામ સાધુ. એથી વધુ સંગ્રહ કરનાર ભોગી છે, સંતોષી નથી.'

આવા સંતો માટે ખુદ ભગવાન કહે છે : 'હું તો તે મહાત્માની પાછળ પાછળ એમ વિચારીને ફરું છું કે તેનાં ચરણોની રજ/ધૂળ ઊડીને મારા ઉપર પડે અને હું પવિત્ર થઈ જાઉં.'

કબીરજી પણ કહે છે :

'શીલવંત નિર્મલ દશા, પાંવ પરે, ચંહુ ખૂંટ,

કહૈ કબીર તા દાસકી, આશ કરૈ વૈકુંઠ.'

અર્થાત્ :

શીલવાન પુરુષની દશા નિર્મળ હોય છે, ચાર ખૂંટ પૃથ્વી પર રહેવાવાળા બધા લોકો એના પગે પડે છે, કબીર કહે છે કે, એવા દાસની આશા વૈકુંઠ કરે છે,અર્થાત્ એને ભગવદ્ ધામની પ્રાપ્તિ થાય છે. ચાહે તે ઉદાસીન ભલે હોય.

અતિમનુષ્ય - અલૌકિક પુરુષ - વિશે શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય : ૪ : ૩૪ માં ભગવાને કહ્યું છે : 'તત્ત્વને જાણવાવાળા જ્ઞાની પુરુષો પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.'

શ્રીમદ્ રાજચંદ્રજીએ તો ત્યાં સુધી કહ્યું છે : 'જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે. તે પરમેશ્વર થાય છે.' એટલે જ તો પોતાની ઓળખ પોતાની અંદરથી કરી લેવી. આ ઓળખ ત્યારે જ થાય, જે રીતે સોનીની ભઠ્ઠીમાં સોનું શુદ્ધ થાય છે. તે રીતે ઈન્દ્રીયોને કામવાસનામાંથી વાળીને જાતને શુદ્ધ કરવામાં આવે તો આત્મજ્ઞાનરૂપી સોનું પ્રાપ્ત થાય છે. પરંતુ સાધક એમ માનતો થાય કે : 'મેં તો ઈન્દ્રીયોને વશ કરી જ લીધી છે !' તે

તેનો ભ્રમ છે. તેથી તો આત્મશુદ્ધિ થવાને બદલે ઈન્દ્રિયસુખ પ્રતિ આસક્તિ વધવાની અને આત્મજ્ઞાનરૂપી સોના ઉપર કામવાસનાનું આવરણ ચઢી જાય છે. તેથી તો જીવનમાં બેચેની અને અશાંતિ વધે છે. અંદરથી સંતોષ મળતો નથી. પછી, મનુષ્ય ભલેને સંન્યાસી હોય, સાધુ હોય કે સંસારી હોય ! તેના ચિત્તમાં ઉદ્વેગ રહ્યા કરે છે, અસંતોષ રહ્યા કરે છે, ખૂટતું હોય તેવી અનુભૂતિ થયા કરે છે અને 'ખૂટતું' પૂર્ણ કરવા માટે તે ફરીથી ઈન્દ્રિયસુખ પ્રતિ વળે છે અને અધઃપતન ગર્તામાં ડૂબી જાય છે.

ભગવાન પ્રતિ શ્રદ્ધાથી મનને સ્થિર કરવું અને એ સ્થિતિએ પહોંચવું. આ સ્થિતિએ પહોંચવા માટે ભક્ત અને ભગવાન વચ્ચેનો નિત્યસંબંધ દૃઢ કરવો. આંશિક જીવાત્માઓ અને પૂર્ણપુરુષોત્તમ ભગવાન વચ્ચેનો ભેદ સમજાય ત્યારે જ અજ્ઞાન દૂર થાય છે. મનુષ્ય, પોતે કોણ છે એ જાણે અને પોતાની અને ઈશ્વર વચ્ચે ભેદ, અંશ અને પૂર્ણ વચ્ચેના સંબંધ જેવો છે. એ સમજે ત્યારે જ તે ઈશ્વરનાં સાચા સ્વરૂપને સમજી શકે છે.

ઈન્દ્રીયોને ભગવાનની સેવામાં/સાંનિધ્યમાં/ધ્યાનમાં જોતરેલી રાખવી જોઈએ. જેથી વિષયસુખમાંથી અલિપ્ત રહી શકાય. જો એકાદ ઈન્દ્રીય પણ ભક્તને આધ્યાત્મિક માર્ગેથી આડે રસ્તે ખેંચી જાય તો ભગવદ્‌ભાવથી ચલિત થઈ જવાય અને બ્રહ્મસ્વરૂપ ન થવાય. માટે સઘળી ઈન્દ્રીયોને ભગવદ્‌ભાવમાં પરોવાયેલી રાખવી. મનને કાબૂમાં રાખવાની એ સાચી રીત છે.

જે મનુષ્ય ઈન્દ્રીયો અને વિષયનું સતત ચિંતન કર્યા કરે છે, તે ભગવદ્ પ્રેમ, ભગવદ્ સ્નેહ ભગવદ્ ભાવ પ્રાપ્ત કરી શક્તો નથી અને વધુને વધુ ભૌતિક ઈચ્છાઓને વશ થાય છે તે વિષયભોગથી ભાગે છે, કારણ કે ભગવાનના સાયુજ્યથી મળતો દિવ્યાનંદનો અદકેરા રસનું અમૃત તે પી ચૂક્યો છે, જીવનસાફલ્યનું રહસ્ય આ છે. માટે જે માણસ ભગવદ્‌ભાવમાં સ્થિર થયો નથી તે બળપૂર્વક ઈન્દ્રિયોને કાબૂમાં રાખવા ઘણી શક્તિ ધરાવતો હોય તો પણ અંતે તો તે નિષ્ફળ જવાનો. કારણ કે વિષયસુખનો

જરા અમથો વિચાર પણ તેને પોતાની ઈચ્છાઓને સંતોષવા આકુળવ્યાકુળ કરી દેશે. માટે વિષયાસક્ત ન રહેતાં. વિષયસુખમાં ન રહેતાં ભગવાન પ્રત્યે ભગવદ્‌ભાવ રાખી મનને સ્થિર રાખીએ તો જ બ્રહ્મરૂપ થવાય.

રજનીશજી પણ કહે છે, 'કામવાસના પર સંયમ રાખનારને મહાન બ્રહ્મચર્યનો આવિર્ભાવ થાય છે.' બ્રહ્મચર્ય એટલે જે ચૈતન્યમાં કામવાસના સંયમની પ્રક્રિયામાંથી પસાર થઈ ગઈ અને જ્યાં દમન નથી. જ્યાં વૃત્તિઓ બળીને રાખ થઈ ગઈ છે ત્યાં માત્ર પરિતૃપ્તિનું અમૃત જ બચે છે અને શરીરમાંથી સુગંધી લહેર પ્રસરે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે :

'आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते'

'જે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાઓ ત્યજી, આત્મા વડે આત્મામાં જ સંતોષ પામે છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.' (અ : ૨ : ૫૫)

સંતોષ એ માનવજીવનનું અણમોલ ઘરેણું છે. માણસ જેટલો આત્મસંતોષી તેટલો તે વધુ સુખી છે અને અંદરથી સુખને સતત પ્રાપ્ત કરે છે.



૨૮. પ્રત્યક્ષાનુભૂતિ

પ્રત્યક્ષાનુભૂતિ એ જ યથાર્થ જ્ઞાનધર્મ છે. ધર્મ સંબંધી વાતો કર્યા કરવાથી આત્મજ્ઞાન થતું નથી. આચરણમાં મૂકવાથી જ આત્મજ્ઞાન થાય છે. અમુક મતમતાંતરના સિદ્ધાંતોમાં જ માત્ર માન્યા કરવું તેમાં અને નાસ્તિકતામાં કંઈ જ ફરક નથી. એક રીતે તો ધર્મના સિદ્ધાંતના વર્તુળમાં ફસાયેલા આસ્તિક કરતાં નાસ્તિક વધારે સારો અને સાચો છે. પ્રત્યક્ષાનુભૂતિ તો ફરવાથી થાય છે. ગુરુ તો કાચો માલ આપે છે. તેમાંથી જ્ઞાનરૂપી સુંદર મૂર્તિનું ઘડતર આપણે આપણી સૂઝ, સમજ અને બુદ્ધિપૂર્વક કરવાનું હોય છે. પ્રત્યક્ષાનુભૂતિના પ્રકાશમાં જેટલાં ડગ ભરીએ તેટલો જ રસ્તો આપણને દેખાય છે. પરંતુ યથાર્થ જ્ઞાન ત્યારે જ થાય જ્યારે આપણે તે વસ્તુનો જાતે અનુભવ કરી શકીએ. તર્કશક્તિથી ઈશ્વરનું ક્યારેય પ્રત્યક્ષ પ્રમાણ રજૂ કરી શકાતું નથી. એનું પ્રત્યક્ષ પ્રમાણ તો પ્રત્યક્ષાનુભૂતિથી જ મળી શકે છે.

ભગવાન તો આપણા હૃદયમાં જ વસેલો છે, આપણે જ ભગવાનનું મંદિર છીએ. આપણી ધજા તે આપણું આચરણ છે, આપણાં કર્મો છે. આપણી વાણીનો ધ્વનિ તે ઉત્તમ પ્રાર્થના છે. ચિત્તની સકળ વૃત્તિઓની એકાગ્રતા આપણને ઈશ્વરદર્શનમાં સહાયભૂત થાય છે. એ એકાગ્રતા મનની પ્રબળ ઈચ્છાશક્તિ દ્વારા સાધી શકાય છે. વિચાર, ભક્તિ, પ્રાણાયામ, આચાર એ તો ભગવાનનાં દિવ્યશસ્ત્રો છે. એ દ્વારા ઈચ્છાશક્તિ ઉત્તેજીત અને અંકુશિત થાય છે. એકાગ્ર ચિત્ત એ આપણા હૃદયમાં રહેલો પ્રજ્વલિત દીપક છે. એકાગ્રચિત્તની વાટ જેમ જેમ સંકોરતા જઈએ તેમ તેમ દીપક વધુ પ્રજ્વલિત થઈને હૃદયમંદિરને વધુ ને વધુ જ્યોતિર્મય બનાવે છે અને જે

પ્રકાશ મળે છે તે પ્રકાશનાં દિવ્ય કિરણોના સહારે સહારે બ્રહ્મરૂપ થઈને ભગવાનનાં દિવ્યદર્શન થાય છે. એકાગ્રચિત્ત આપણે માટે આત્માનું સ્વરૂપ દર્શાવતું દીપકરૂપ છે.

ઈશ્વરને બહાર જોવાની-શોધવાની કોઈ જ જરૂર નથી. મનને એકાગ્ર કરીને આત્માની ઉપર આવરણ પડેલું છે તે આવરણને દૂર કરીને એટલે કે બંધન તથા ભ્રમને દૂર કરી કર્મ અને ઉપાસના આંતરહૃદયમાં બેઠેલા આત્મામાં જ ભગવાનને જોવા બ્રહ્મસાક્ષાત્કાર આવે છે. આપણે કંઈ પણ પ્રવૃત્તિ કરીએ તો આપણી આંખો ખૂલતી જ નથી, નિજ સ્વરૂપને જાણી કે જોઈ શકતા નથી.

આપણે જે કાંઈ ધન, સંપત્તિ, બુદ્ધિ, એકઠું કર્યું છે તે આપણું નથી પરંતુ આપણે તો ભગવાને આપેલી મિલકત છે. એ મિલકતના આપણે તો માત્ર કોઠારી છીએ. એના પ્રત્યે આસક્તિ ન જોઈએ. નામ, યશ, ધન એ બધા તો બાહ્ય સ્વરૂપ છે. બંધનો આપણને વળગે નહીં તેનું ધ્યાન રાખવાનું છે.

ભક્તિ હંમેશા અહૈતુકી હોવી જોઈએ. એટલે સુધી કે કોઈ અયોગ્ય વસ્તુ ઉપર પણ આપણો પડછાયો પથરાયો હોય, ત્યારે પણ તેના મૂળમાં સ્વાભાવિક પ્રેમ અને કુદરતી આનંદ રહેવો જોઈએ. વ્યવહાર ગમે ત્યાં ને ગમે તે રીતે ભલે થાય તેની શક્તિ તો સદા એકરૂપ હોય છે, પ્રેમ સ્વભાવ જ શાંત અને આનંદસ્વરૂપ છે. અહંકારનો સદંતર નાશ કરી, કામક્રોધના પાશમાંથી છૂટા થઈ સર્વસ્વ ઈશ્વરને સમર્પી દેવાનું છે. દેહભાવ ન રાખો અને કેવળ તું જ અવશિષ્ટ રહ્યો છે, દેહભાવે હું તારો છું, અને આત્મભાવે હું એ તું જ છે. કોઈની નિંદા કરવી નહી. દુઃખ કે આફત એ તો ઈશ્વરની આપણી સાથેની એક ક્રીડા છે, એમ સમજીને દુઃખમાં પણ સુખનો અનુભવ કરવો જોઈએ.

કુસંગનો ત્યાગ કરી વિષયાસક્ત લોકોની સંગત ત્યજી દેવી જોઈએ. કેમ કે એનાથી ચિત્ત ચંચળ થવાનો સંભવ છે તેમજ ‘હું’ અને ‘મારું’ના

ભાવોનો પણ ત્યાગ કરી દેવો જોઈએ કારણ કે આ જગતમાં જેને 'મારું' જેવું કંઈ રહેતું નથી તેની આગળ પ્રભુ પ્રકટ થાય છે. તેને જ પ્રભુની ઝાંખી થાય છે. બધી જ જાતનાં સાંસારિક પ્રીતિનાં બંધનનો છેદ ઉડાડી દેવો જોઈએ, આળસનો પરિત્યાગ કરીને 'મારું શું થશે' એવી જાતની ચિંતાથી દૂર રહી કરેલા કર્મોનું ફળ પેખવા માટે કદી પણ પાછું વાળી જોવું જોઈએ નહીં. બધાં જ કર્મો પ્રભુને સમર્પણ કરતા રહી કર્તવ્ય કર્મે જવાનું છે. જ્યારે આપણી બધી વૃત્તિઓ એક અવિચ્છિન્ન ધારામાં પ્રભુ તરફ વહે છે, અને ધનધામ કે માન-બડાઈ પાછળ બાથોડિયાં જેવી અવદશા રહેશે નહિ, એને એકમાત્ર પરમાત્મા સિવાય બીજા કશાયનો વિચાર કરવાનો પણ અવકાશ નહિ રહે, ત્યારે-ત્યારે આપણા હૃદયમાં એ અપાર અને અલૌકિક પ્રેમાનંદ જાગી ઊઠશે. લૌકિક વાસનાઓ તો બધી કાચના વાસણ જેવી અસાર વસ્તુ છે. માટે કોઈ પણ વસ્તુમાં વાસના રાખવી જોઈએ નહિ, વાસના તો માણસને અધોગતિ તરફ લઈ જાય છે. વાસનાયુક્ત માણસ પશુથી પણ નીચ છે. માટે વાસનાથી હંમેશા દૂર રહેવું જોઈએ. વાસના પ્રભુચિંતનમાં, સ્મરણમાં, ભક્તિમાં બાધકરૂપ નીવડે છે, જેથી તેનો ત્યાગ કરવો જોઈએ. નિર્મોહી, નિર્વ્યસની, નિઃસ્વાદી થઈને આપણી જાતને દર્પણની સામે ખડી કરવાની છે. 'સ્વ'ની ઓળખાણ થયા પછી જ ઈશ્વરની ઓળખાણ થાય છે.



૨૯. બુદ્ધિ

બુદ્ધિમાં સંશય, નિશ્ચય અને સ્મૃતિ આ ચાર સહ્ય છે. સંશયની નિવૃત્તિ થાય ત્યારે નિશ્ચયની દૃઢતાથી સ્મૃતિ સ્થિર થાય છે. ત્યાં સુધી બુદ્ધિમાં નિદ્રા એટલે અજ્ઞાન રહે છે. જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થતો નથી અને ભગવાનનું સ્મરણ કરતા નથી તેવા જીવની બુદ્ધિ અંધારયુક્ત વર્તે છે, કારણ તેવા જીવની બુદ્ધિ રજોગુણ, તમોગુણના ભાવથી આવરિત થઈ જાય છે, અને સત્ય સમજવાની દૃષ્ટિ તેને રહેતી નથી. જેની કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જેને કારણે આપણે બુદ્ધિવાદ કહીએ છીએ તે જગતના દૃશ્ય પદાર્થોને જ કેવળ સત્ય માને છે અને તેનો સ્વીકાર કરે છે.

આવા જીવોનો વિચારક્રમ પણ આ સિદ્ધાંતને જ અનુક્રમ થવા પ્રેરાય છે. આ પ્રકારની બુદ્ધિથી અદૃશ્ય અથવા દિવ્ય પદાર્થોનું જ્ઞાન થતું નથી, તેથી જ ફ્રાંસના તત્વજ્ઞ હોરી બર્ગ્સો અંતર્મુખ વૃત્તિને જ બુદ્ધિ કહે છે. કેવળ બાહ્ય બુદ્ધિથી પરમસત્ય પરમાત્મા ઓળખાતા નથી આ પરમાત્માને શ્રુતિસત્ય જ્ઞાન અનંત કહીને વર્ણવે છે. એટલે એ પરમાત્મા જ ફક્ત સત્ય છે. તેમના સિવાય દેખાતું દૃશ્યજગત અસત્ય છે.એ પરમાત્મા જ જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાનનું મૂળ છે. તેમના સ્વરૂપના જ્ઞાન વિના બીજું બધું જ અજ્ઞાન છે અને એ પરમાત્મા અનંત છે. આ પ્રકારની દિવ્યતા બુદ્ધિમાં પ્રકાશતી નથી - ત્યાં સુધી બુદ્ધિમાં સંશય અને નિદ્રાના ભાવો રહ્યા જ કરે છે. જીવાત્માને વીંટળાયેલું જડ તત્ત્વમાંનું એક બુદ્ધિતત્વ એ જીવાત્માને તેના સત્ય સ્વરૂપમાં ઓળખાવી શકતું નથી. તેથી જીવાત્માને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થતું નથી.

જીવાત્માને ખાસ કરીને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો સંગ વિશેષ છે. કારણ સૂક્ષ્મ સ્વરૂપે પણ તે હમેશાં જન્મોજન્મ જીવાત્માની સાથે

જ રહે છે. તેથી જીવાત્માની બુદ્ધિમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતું નથી. બાહ્યસ્વરૂપે મનુષ્યની બુદ્ધિમાં તીવ્રતા હોવા છતાં તેમાં જડતા વિશેષ છે. આ પ્રકારની બુદ્ધિનો સંગ છોડી દેવો, તેનાથી અસંગત થઈને રહેવું જેથી નિદ્રાના ભાવ રજસ્ અને તમસ્ બુદ્ધિમાં વિકાસ ન પામે. બુદ્ધિ અને તર્ક બંને જુદા છે. બુદ્ધિ એ સ્વરૂપ છે. તર્ક આ લોકનું જ્ઞાન અને વિજ્ઞાન સમજવા પ્રેરાય છે. જ્યારે બુદ્ધિ આધ્યાત્મિક જ્ઞાન એટલે કે સ્વરૂપનું જ્ઞાન પામવા પ્રયત્ન કરે છે, બુદ્ધિ અને તર્કના આ પ્રકારના ભિન્ન કર્મો છે તેથી કેવળ તર્ક એ જગત સાથે જ સંકળાયેલું અને બુદ્ધિ અને પરમાત્માનું જ્ઞાન સમજવાનું એક કારણ બની રહે છે.

બુદ્ધિમાં જીવ રહ્યો છે અને તેની પ્રેરણાથી જ જ્ઞાન પ્રગટ થાય છે. વળી જીવનમાં પરમાત્મા અંતર્યામી સ્વરૂપે રહ્યા છે તેથી પરમાત્મા પોતાના સ્વરૂપનું જ્ઞાન જીવનમાં પ્રેરે છે અને જીવ તે જ્ઞાન તેની નિર્મળ બુદ્ધિમાં પ્રેરે છે, જ્યારે આપણે કહીએ છીએ કે બુદ્ધિ જાણે છે ત્યારે બુદ્ધિ જીવની જ્ઞાનશક્તિથી જાણે છે અને જીવ, પરમાત્માના અંતર્યામી સ્વરૂપના સંબંધથી પરમાત્માના અંતર્યામી સ્વરૂપના સંબંધથી પરમાત્માના સ્વરૂપના સંબંધથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન પામે છે.

અર્જુનમાં આ લોકની દૃષ્ટિએ બુદ્ધિ હતી. તે શૂરવીર હતા. યુદ્ધની વ્યૂહરચના કરી શકતા. છતાં જ્યારે પરમાત્માએ તેમને બુદ્ધિયોગ આપ્યો. ત્યારે જ તેઓ પરમાત્માને ઓળખી શક્યા. એ દિવ્ય બુદ્ધિથી પ્રકાશથી ઈન્દ્રિયો, અંતઃકરણના ભાવ દિવ્ય બની જાય છે. એવા ભક્તની પરમાત્માએ આપેલા બુદ્ધિયોગથી દૃષ્ટિ વિશાળ બની છે. પરમાત્માને પામવા માટે તેમની કૃપાથી કેવળ તેમણે આપેલા બુદ્ધિયોગની જરૂર છે.એ કૃપા તેમની ઉપર ઊતરી ત્યારે તેમણે કહ્યું,

॥ नष्टो मोहः स्मृतिर्लब्ध्वा त्वत् प्रसादान्मयाच्युत ॥

(અ:૧૮:૭૩)



૩૦. ભૌતિક સુખની પ્રાપ્તિ

ક્ષણભંગુર મનુષ્યશરીરને શાસ્ત્રકારોએ. દુર્લભ પ્રાપ્તિ કહ્યું છે. એમનું કહેવું છે કે, આ શરીર દ્વારા યથોચિત ઉદ્યમ કરવામાં આવે તો જીવનના અનંતકાળ સુધી સુખની પ્રાપ્તિ થાય છે. ભગવાને કૃપા કરીને આપણને બુદ્ધિ નામનું તત્ત્વ આપ્યું છે. જેનાથી માણસ સારા-નરસા, ભલા-બૂરા, વિવેક-અવિવેકનો વિચાર કરીને બુરાઈઓનો ત્યાગ કરીને ભલાઈનો સ્વીકાર કરે છે. માણસ બુદ્ધિ દ્વારા તે પોતાની કામનાઓની, ઈચ્છાઓની પ્રાપ્તિ માટે ચિત્તને જોડે છે. જે માણસ ભગવાને આપેલી બુદ્ધિ દ્વારા સારાં કામો કરે છે તે સફળ મનુષ્ય બની શકે છે. જે પશુઓની માફક માત્ર પેટનો ખાડો પૂરવા માટે અને ભોગ-વિલાસમાં રચ્યોરચ્યો રહે છે તે મનુષ્યાવતારમાં પણ પશુવત્ત જીવન જીવી રહ્યો છે. કારણ કે માણસમાં મનુષ્યોચિત ગુણ હોવા જરૂરી છે. જે રાત-દિવસ માત્ર પૈસા એકઠા કરવામાં જ ચિત્તને જોડે છે અને તે દ્વારા શરીરને ભોગવિલાસમાં પરોવે છે તે ખરેખર મનુષ્યના કર્તવ્યથી નીચે ઊતરી જાય છે. જે બુદ્ધિને ભગવદ્ પ્રાપ્તિમાં જોડવી જોઈએ તેને બદલે બુદ્ધિને ભોગ-વિલાસની પ્રાપ્તિમાં જોડે અને ઈન્દ્રિયોને શરૂઆતમાં સુખકર લાગે પરન્તુ આખરે તો તે દુઃખદાયી જ છે.

આજે તો આખું જગત ભોગ-વિલાસ અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે જ દોડી રહ્યું છે. જેની પાસે ભોગનાં સાધનો અધિક છે તેને સમાજમાં મોટો માણસ અને ભાગ્યશાળી માનવામાં આવે છે. આ સાધનો એણે કઈ રીતે પ્રાપ્ત કર્યાં છે તે જોવા-જાણવાની આપણે શોધ કે ઈચ્છા કરતા નથી. માત્ર બાહ્યાડંબરથી આપણે અંજાઈ જઈએ છીએ. પરન્તુ જે માર્ગેથી પૈસો

આવ્યો હોય તે માર્ગે જ પાછો જતો રહે છે. અનીતિથી પૈસો ભેગો કર્યો હોય તો દુષ્કૃત્યો તરફ મન વળે છે અને નીતિથી પૈસો ભેગો કર્યો હોય તો સુકૃત્યો તરફ મન વળે છે. એટલે જ કહેવાયું હશે કે, 'લક્ષ્મી તેનો રસ્તો શોધી લે છે, લક્ષ્મી ચંચળ છે.' આજે તો મોટા દેખાવાની ફેશન થઈ ગઈ છે, સ્પર્ધા થઈ રહી છે.

ફેશન તથા દેખાડો કરવાની જડ એટલે ઊંડે સુધી ગયેલી છે, જેને ઉખેડીને ફેંકી દેવી ઘણી જ મુશ્કેલ છે. આજે તો સાધુઓ-સંન્યાસીઓ કે જેમણે સંસારનો ત્યાગ કર્યો છે તેવા 'ઓઢું હું કાળો કામળો દુજો દાગ ન લાગે કોઈ' (મીરાંબાઈ) એવા સાધુ-સંતો પણ ભગવારંગી વસ્ત્રો પોલિયેસ્ટરનાં અથવા તો રેશમનાં પહેરે છે, ત્યાં સુધી તો ઠીક છે પરન્તુ એમના દન્ડકમંડળ સોના-ચાંદીના, એમની ચરણપાદુકાઓ પણ આધુનિક સંસારીની માફક જ હાથે સોનાની વીંટીઓ, મોંઘામાં મોંઘી ઘડિયાળ, ગળામાં પણ રૂદ્રાક્ષની માળા સોનાથી જડેલી જોવામાં આવે છે. સંસાર ત્યાગ પછી આ બધો ઠઠારો કરવાની કોઈ જરૂર ખરી ? એટલું જ નહીં ધર્માચાર્યોની વેશભૂષા, રહેણી-કરણીમાં પણ આધુનિક તત્ત્વો જોવા મળે છે. એક ઉક્તિ છે કે, 'સાધુ તો ચલતા ભલા' પરન્તુ આજના સાધુઓ તો એરકંડીશન્ડ અત્યંત આધુનિક ઉપકરણોથી સજ્જ મોટરમાં ફરતા હોય છે. કહેવામાં આવે ત્યારે 'એ તો તેમના અનુયાયીઓ આ બધું કરે છે, એ તો માત્ર પ્રસાદ જ ગ્રહણ કરે છે.' હા ! આટલા સુખ વૈભવ મળતાં હોય પછી, અને સાધુ જીવનમાં જ સાંસારિક ભોગોની ઉપલબ્ધિ થતી હોય તો પછી સાધુ થવામાં વાંધો શું છે? ભગવાં કપડાંમાં બધું જ આચરી શકાય. ધર્માચાર્ય જ્યાં ધર્મ પ્રચારાર્થે જાય ત્યાં તેમના માટે અત્યંત આધુનિક ઉપકરણો વાળું દેખાવે સાદુ છતાં પણ આધુનિક નિવાસસ્થાન તાત્કાલિક ઊભું કરવામાં આવે. આ નિવાસસ્થાનમાં રેશમી ગાલીચા, ગાદી, તકિયા, ફ્રીજ, ટેલીફોન, મોબાઈલ અને વિશેષ સગવડો તેમના ભક્તો દ્વારા કરવામાં આવી હોય !સાદગીનું તો માત્ર બહાનું

જ હોય!

દેશભક્તનો અંચળો ઓઢેલ આપણા આગેવાનો કેટલા અંશે દેશને વફાદાર રહ્યા છે તે તો આપણે સૌ જાણીએ જ છીએ. તેમની વાણી અને વર્તનમાં બાહ્યાડંબર જોવા મળે છે. દરેક સ્થળે આધુનિકરણ થયેલું જોવા મળે છે. આ લોકની ઉપરની સાદગી અંદરની સાદગીનું સાચું પ્રતિબિંબ નથી. આજે તો દરેકના મનમાં એવી ઈચ્છા પડેલી છે કે, લોકો પોતાને જોઈને મુગ્ધ થઈ જાય, પોતાની વાણીથી, પોશાકથી અંજાઈ જાય, પોતાની ચાલ ઉપર મુગ્ધ થઈ જાય. પરન્તુ હૃદયને ઢંઢોળીને અંદર ડોકીયું કરવામાં આવે તો બાહ્ય સાદગીની પાછળ ભોગ-વિલાસના અંશો પડેલા હોય છે. આ બાહ્ય આડંબરથી આપણે આપણી જાતને છેતરી રહ્યા છીએ. માટે જ માણસે આંતરખોજ કરવાની જરૂર છે. દરેકે દરેક સ્તરે આવેલા પરિવર્તનથી માણસ પોતાની માણસાઈને ભૂલી રહ્યો છે. પાડોશીને ભૂલી ગયો છે, સગાંસંબંધી, ભાઈ-ભાંડુઓથી વિમુખ થતો રહ્યો છે. પરિણામ એ આવ્યું છે કે ઘરમાં પોતાનાં સંતાનો પ્રત્યે, મા-બાપ પ્રત્યે, ભાઈ-બહેન પ્રત્યે વફાદર રહ્યો નથી. જેથી આજ્ઞા, આદર, નમ્રતા, શિસ્તનો લોપ થયો છે. માણસ સ્વકેન્દ્રી બની ગયો છે. તેથી જ કર્મેન્દ્રીયોને રોકીને મનથી વિષયોની ચાહના કરનારને ભગવાને મિથ્યાચાર કહ્યો છે. ખરું પૂછો તો આજે જગતમાં બાહ્ય આડંબર અને મિથ્યાચારનો પ્રચાર અને પ્રસાર મોટા ભાગે થતો જોવામાં આવે છે. બુદ્ધિને કપટ સાથે જોડવામાં આવી છે. ભોગેચ્છાનું દમન નહીં પરન્તુ ઉત્તેજીત કરવામાં આવે છે. ઉન્નતિના નામે ભોગ-વિલાસ વધી રહ્યો છે. સાંસારિક ભોગોની ઈચ્છા જેટલી અધિક બળવાન તેટલા અંશે ભોગપદાર્થ સંગ્રહવાની લાલસા વધે છે. આથી માણસ ભગવાન અને ભગવદ્દભાવોથી, ભગવદ્દમાર્ગથી દૂર થતો જાય છે.

આપણી આજની છાત્રાલયો, વિદ્યાલયો, ગુરુકુળો, આશ્રમો ને પૌરાણિક ઋષિ-મુનિઓ, આશ્રમો, છાત્રાલયો, ગુરુકુળો સાથે સરખાવીએ

છીએ. તેમાં કેટલો બધો તફાવત માલૂમ પડે છે ! ત્યારે આદર્શ ભોગાદર્શમાં ફેરવાઈ ગયો છે. જીવનનું લક્ષ્ય ભગવાન નહીં પરન્તુ જગતના સુંવાળા સુખો તરફ રહ્યું છે. પરિણામ એ આવ્યું છે કે માણસ વિવેકશૂન્ય બની ગયો છે.

આ સ્થિતિ ઘણી જ ભયંકર છે. તેનો ખ્યાલ શરૂઆતમાં નહીં આવે, પરન્તુ જ્યારે એનું પરિણામ સામે આવે છે ત્યારે ખબર પડે છે અને દુઃખની અનુભૂતિ થાય છે આવો વિવેકશૂન્ય/વિવેકભ્રષ્ટ માણસ ક્યારે પુનઃવિવેકને પ્રાપ્ત કરીને ભગવદ્‌પથનો પથિક બનશે?

જે જાગ્રત છે, વિવેકી છે, જેણે ભગવદ્‌પથને પરમાણ્યો છે, પેખ્યો છે એવા લોકોએ તો સાવધાનીથી પોતાની ઈચ્છાઓને કેન્દ્રગામી બનાવીને પોતાના જીવનનો માર્ગ સ્થિર કરીને ચાલવાનો આરંભ કરી દેવો જોઈએ. એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે ઘંટીના બે પડ વચ્ચે પડેલ દાણા જો વચ્ચેની ખીલાની આજુ બાજુ પડી રહે છે તે પીસાવાથી બચી જાય છે. આજના કપરા કાળમાં પોતાનો અભ્યુદય માર્ગ નક્કી કરવો કઠીન છે. તેમ છતાં પણ આસુરીતત્ત્વોનો ત્યાગ કરીને વિવેકબુદ્ધિપૂર્વક ભગવદ્‌માર્ગે પ્રયાણ કરવું જોઈએ. નહીં તો આવનાર પેઢી તેના પૂર્વજોને દોષી ઠેરવશે.



૩૧. બ્રહ્મચર્ય

અશ્વ સરિખો પર્ણથી છૂટ્યો પવન,
ઊડવું લીલાશની આગળ હતું.

– હરીશ વટાવવાળા

સંસાર ભૌતિકવાદી છે અને આ ભૌતિકવાદમાંથી ભોગવાદ આવ્યો છે. વ્યક્તિ પાસે ભૌતિકસંપત્તિ જેમ વધુ હોય તેમ તે વધુ ભોગવાદી બને છે. આ ભોગવાદનું આકર્ષણ માણસને વધુને વધુ લલચાવે છે. એ લાલચમાં તે વધુને વધુ ડૂબતો જાય છે. ભોગ એ કળણ છે. એક વખત તેમાં પડ્યા પછી બહાર નીકળવું દુષ્કર થઈ જાય છે. પણ માણસ જો પોતાના જીવનને સંયમની સાંકળથી બાંધી રાખે તો ભોગના કળણમાં પડવાનો સમય જ ન આવે. સંયમ એ મનુષ્યની શોભા જ નહિ, શક્તિ પણ છે. પોતાની આ શક્તિની મદદથી તેણે પોતાની આ શક્તિની મદદથી તેણે પોતાની રક્ષા કરવી જોઈએ. મનુષ્ય જીવન અનુપમ પ્રાપ્તિ છે એને ભોગવાદના કળણમાં ડુબાડીને એનો અંત લાવવો તે ઉચિત નથી કે કલ્યાણકારી પણ નથી.

વધુ પડતા ભોગ શારીરિક, માનસિક અને આત્મિક ત્રણેય પ્રકારની શક્તિઓનો નાશ કરે છે. ભોગવાદના આકર્ષણથી વ્યક્તિ ભ્રમવશ થઈ આનંદ અને સુખની કલ્પના કરે છે. ખરેખર આ ભ્રમ એક ધીમું ઝેર છે. આ રોગ વ્યક્તિને યુવાવસ્થામાં વધુ આકર્ષિત કરે છે. યુવાવસ્થામાં પ્રવેશ કરનાર દરેક વ્યક્તિમાં શારીરિક શક્તિનું જોર વધારે હોય છે. સાચે જ કોઈને કોઈ જીવનસત્ત્વનું નવ નિર્માણ થતું રહે છે. તેથી એનો કુપ્રભાવ જલ્દીથી દૃષ્ટિગોચર થતો નથી, પરંતુ અવસ્થાનો વિકાસ અટકતાં જ એનાં કુપરિણામો

સામે આવવા લાગે છે. શક્તિ હણાઈ જાય છે. ઘણા પ્રકારની નબળાઈઓ અને રોગોના શિકાર બની જાય છે. ઈન્દ્રિયો શિથિલ થઈ જાય છે. અને જીવન એક ભારરૂપ બની જાય છે. શરીરનું તત્ત્વ 'વીર્ય' જે મનુષ્યની શક્તિ અને વાસ્તવિક જીવન કહેવામાં આવે છે. તેનો અપવ્યય થતો જાય છે, જેને લીધે શરીરની શક્તિ હણાઈ જાય છે અને શરીર ખોખલું બની જાય છે.

ભગવાન સહજાનંદસ્વામી અને તેમના સંતો, શંકરાચાર્ય, ઈશુખ્રિસ્ત વગેરે મહાપુરુષ જીવનભર બ્રહ્મચારી રહ્યા. ઊંચા ઊઠી ગયેલા બુદ્ધિજીવી લોકો મોટા ભાગે સંયમી જીવન જ જીવતા હોય છે. વૈજ્ઞાનિક, દાર્શનિક, વિચારક, ચિંતક, સુધારક તથા આવી જ ઉચ્ચ ચેતનાવાળા લોકો સંયમી જીવન જીવતા જણાયા છે. સંયમનું તાત્પર્ય માત્ર શારીરિક જ નહીં, માનસિક તથા આધ્યાત્મિક બ્રહ્મચર્ય સાથે પણ છે.

બ્રહ્મચર્યનું મહત્ત્વ બતાવતાં વેદ ભગવાને તો એટલે સુધી કહ્યું છે કે, '**ब्रह्मचर्येण तपसा देवामृत्यु मुपाध्नत।**' બ્રહ્મચર્યના પ્રભાવથી મનુષ્ય બળવાન તથા શક્તિશાળી જ નહિ, પરંતુ મૃત્યુને પણ જીતી શકે છે. છંદોગ્યમાં એનું મહત્ત્વ બતાવતાં એટલે સુધી કહેવામાં આવ્યું છે કે, 'એક તરફ ચારવેદનો ઉપદેશ અને બીજી તરફ બ્રહ્મચર્ય – જો બંનેય તોલવામાં આવે તો બ્રહ્મચર્યનું પલ્લું વેદોના ઉપદેશોના પલ્લા બરાબર રહે છે.' આયુર્વેદગ્રન્થ 'ચરક સંહિતા'માં કહેવામાં આવ્યું છે કે : 'સજ્જનોની સેવા, દુર્જનોનો ત્યાગ, બ્રહ્મચર્ય. ઉપવાસ, ધર્મશાસ્ત્રના નિયમોનું જ્ઞાન અને અનુસરણ આત્મકલ્યાણના માર્ગ છે.'

વિદેશી પ્રકાશકોએ પણ એની ઓછી પ્રશંસા નથી કરી. પ્રશંસા પ્રાણી વિજ્ઞાની ડૉ. બોનહાર્ડે પોતાના પુસ્તક 'સેલીબસી એન્ડ રિહેબિલિટેશન'માં લખ્યું છે કે : 'બ્રહ્મચારી એ નથી જાણતો કે વ્યાધિગ્રસ્ત દિવસ કેવો હોય છે. એની પાચનશક્તિ સદાય નિયંત્રિત રહે છે અને વૃદ્ધાવસ્થામાં બાલ્યાવસ્થા જેવો આનંદ આવે છે.' અમેરીકન પ્રાકૃતિક ચિકિત્સક ડૉ. બેનીડીકટ લુસ્ટાએ

પોતાના પુસ્તક 'નેચરલ લાઈફ'માં કહ્યું છે કે : જેટલા અંશો સુધી જે જે મનુષ્યો બ્રહ્મચર્યની વિશેષરૂપે રક્ષા કરે છે અને પ્રાકૃતિક જીવનનું અનુસરણ કરે છે તેટલા પ્રમાણમાં તે વિશેષ મહત્ત્વનું કાર્ય કરી શકે છે.' સ્વામી રામતીર્થના મત અનુસાર 'જે રીતે દીપકનું તેલ વાટ ઉપર ચઢીને પ્રકાશના રૂપમાં બદલાઈ જાય છે. એવી જ રીતે બ્રહ્મચારીની અંદરનું વીર્યતત્ત્વ સુષુમ્ણા નાડી દ્વારા પ્રાણ બનીને ઉપર ચઢે છે અને જ્ઞાનજ્યોતમાં પરિવર્તિત થઈ જાય છે. રેતસનું જે તત્ત્વ રતિક્રીડા કરતી વખતે કામમાં લાગે છે, જિતેન્દ્રીય થવાથી એ જ તત્ત્વ પ્રાણ, મન અને શરીરની શક્તિઓને પોષણ આપનાર બીજા તત્વમાં બદલાઈ જાય છે.'

આધુનિક વિજ્ઞાન આટલું વિકસિત થવા છતાં પણ વીર્યની ઉત્પત્તિનો કોઈ સિદ્ધાંત નિશ્ચિત નથી કરી શક્યું. સામાન્ય રાસાયણિક રચના સિવાય એમને એટલી જ ખબર છે કે : 'વીર્યનો એક કોશ(સ્પર્મ)સ્ત્રીના ડીંબ (ઓવમ્) સાથે ભળી જાય ત્યારે આ જ વીર્ય કોશ ફરીથી ઉત્પાદન શરૂ કરી દે છે અને પોતાની માફક તમામ કોશ માતા દ્વારા પ્રાપ્ત આહારના માધ્યમથી કોશિકા-વિભાજનની પ્રક્રિયા અનુસાર વિભક્ત થતાં જાય છે. વીર્યનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ રૂપ ચેતનાનો એક અતિ સૂક્ષ્મ અંશ છે. એની લંબાઈ ૧/૧૬૦૦ થી ૧/૧૭૦૦ ઈંચ સુધી હોય છે, જેમાં ન કેવળ મનુષ્ય શરીર, પરંતુ વિરાટ વિશ્વનાં શક્તિબીજ છુપાયેલાં હોય છે. સૃષ્ટિને બહુગુણીત બનાવવાની વ્યવસ્થા પણ આવાં જ અસંખ્ય બીજમાં સમાયેલી હોય છે. એની શક્તિનું અનુમાન કરવું કઠિન છે.

ઋષિ, મુનિ અને યોગીઓએ પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી, કોઈ યંત્રની મદદ સિવાય મહત્ત્વપૂર્ણ જાણકારીઓ પ્રાપ્ત કરી હતી. આજે તે વિજ્ઞાન દ્વારા સાબિત થઈ રહી છે. ઉ.ત., ભ્રૂણકોશના નિર્માણ પછી શિશુ જ્યારે વિકસીત થવાની શરૂઆત કરે છે, તો ઓજસ એના મગજમાં એકત્રિત થાય છે. આ જ કારણ છે કે ગર્ભમાં સંતાનનું માથું નીચેની તરફ હોય છે. જન્મ

સમયે ૧૦ રતી વીર્ય બાળકના કપાળમાં હોય છે. ભારતીય તત્ત્વદર્શીઓનો મત છે કે આ કારણે જ પરમહંસ જેવી પ્રકૃતિના વિશુદ્ધ આનંદવાદી, નિશ્ચિંત અને '**केवलोऽहं**' હોય છે. શાસ્ત્રો અનુસાર નવથી બાર વર્ષ સુધી વીર્યશક્તિ ભ્રમરોમાંથી ઊતરીને કંઠમાં આવે છે. લગભગ આ સમયે છોકરાના સ્વરમાં ભારેપણું અને છોકરીના સ્વરમાં સુરીલાપણું આવે છે. આ પહેલાં બંનેનો અવાજ લગભગ સરખો જ હોય છે. ૧૨ થી ૧૬ વર્ષ સુધીની ઉંમરમાં વીર્ય મેરુદંડથી ઉપર તરફ વધે છે. અને ધીરે ધીરે મૂલાધાર ચક્રમાં પોતાનું કાયમી સ્થાન બનાવી લે છે. કામવિકાર પહેલાં મનમાં આવે છે. ત્યાર પછી તરત જ મૂલાધારચક્ર ઉત્તેજીત થઈ ઊઠે છે અને તેના ઉત્તેજીત થવાથી તે આખો ભાગ, જેમાં કામેન્દ્રીય પણ સામેલ છે ઉત્તેજીત થઈ જાય છે. આવી સ્થિતિમાં બ્રહ્મચર્યની સંભાવના કઠિન થઈ જાય છે. ૨૪ વર્ષ સુધીની ઉંમરમાં આ શક્તિ મૂલાધારચક્રમાંથી આખા શરીરમાં કેવી રીતે ફેલાય છે તેનો ઉલ્લેખ કરતાં શાસ્ત્રકાર કહે છે કે જેવી રીતે દૂધમાં ઘી, તલમાં તેલ, કાષ્ટમાં અગ્નિ અને શેરડીમાં ગળપણ હોય છે. તેવી રીતે વીર્ય પણ આખા શરીરમાં પ્રસરેલું રહે છે.

જો ૨૫ વર્ષની ઉંમર સુધી આહાર-વિહારને દૂષિત થવા દેવામાં ન આવે અને બ્રહ્મચર્યપૂર્વક રહેવામાં આવે તો આ ઉંમરમાં શક્તિની મસ્તી અને વિચારોની સ્ફૂર્તિ સહેલાઈથી જોવા મળે છે. આવી વ્યક્તિ લગભગ જીવનભર સ્વસ્થ રહે છે. તથા આ રીતે રેતસ્‌ની રચના-પાચન લગભગ દરેક ક્ષેત્રમાં ઉત્સાહ અને સફળતાના રૂપમાં જોવા મળે છે.

યોગવિદ્યાનું કામ છે મૂલાધારમાંથી જીવનનું ઊર્ધ્વરેતસ્‌ બનવું. અર્થાત્‌ જીવનને ઓજસને પોતાના ઉદ્‌ગમસ્થળ કપાળમાં લાવવું. કુંડલિની સાધનામાં વિભિન્ન પ્રાણાયામ સાધનાઓ દ્વારા સૂર્યચંદ્રની ઉષ્માને પ્રજ્વલિત કરીને આ વીર્યને પકાવી શકાય છે અને એને સૂક્ષ્મશક્તિનું રૂપ આપવામાં આવે છે, ત્યારે એની પ્રવૃત્તિ ઊર્ધ્વગામી બનીને મેરુદંડથી ઉપર ચઢવા લાગે

છે. સાધક એને ક્રમશઃ અન્ય ચક્રોમાંથી પસાર કરી ફરીથી કપાળમાં પહોંચાડે છે. શક્તિબીજનું મગજમાં પહોંચી જવું અને સહસ્ત્રારચક્રની અનુભૂતિ કરી લેવી જ બ્રહ્મનિર્વાણ છે. આવી વ્યક્તિઓને જ ભગવાન શિવે પોતાના સમાન સિદ્ધિ અને પૂર્ણયોગી બનાવ્યા છે.

કઠિન સાધનાઓ ન કરવા છતાં પણ જેઓ વીર્યને અખંડ રાખી લે છે. તેઓ પોતાની અંદર અક્ષય ભંડારનો અનુભવ કરે છે અને જીવનને ઊર્ધ્વગામી બનાવે છે.



૩૨. ભૌતિક સુખ

દરેક વ્યક્તિ ભૌતિક રીતે જીવવાનો આનંદ માણે તો જગતમાંથી દુ:ખની વ્યાખ્યા જ ન રહે. જગતભરના કંકાલ હાલતમાં જીવતા અને અપમાનજનક પરિસ્થિતિમાં રહેતા માણસનું વ્યક્તિત્વ જ બદલાઈ જાય. ધનવાન-ગરીબ વચ્ચેની રેખા જ ભૂંસાઈ જાય ! ભૂખ અને અપૂરતું પોષણ લાખો લોકોનો રોજિંદો અનુભવ છે. જગતવ્યાપી આબાદી પ્રવર્તે તો દરેક જણને વધારે આરોગ્યપ્રદ અને વધારે સુખી જીવન જીવવાની તક મળે.

'સુખ સંપત્તિમાંથી પ્રાપ્ત થાય છે.' એવું સૌ કોઈ માને છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે, 'ભૌતિક રીતે પ્રાપ્ત કરેલું સુખ કાયમી સુખ છે ?' તો સાથે સાથે એવી માન્યતા પણ પ્રવર્તે છે કે, 'પૈસા દ્વારા સુખ ખરીદી શકાતું નથી !'

ભૌતિક સમૃદ્ધિની લાલસા માણસને અધોગતિ તરફ લઈ જાય છે. માણસ ભૌતિક સુખ માટે ગુનાઈત કાર્ય કરવા પ્રેરાય છે, લોભ અને આત્મકેન્દ્રિયપણું વધે છે, કૌટુંબિક ભંગાણ અને સામાજિક દૂષણો વધે છે, અનીતિનો માર્ગ અપનાવે છે, તે કેટલો નીચે જાય છે કે નીચ બને છે તેનો તેને ખ્યાલ પણ રહેતો નથી. પૈસો માણસને સારાસારનું ભાન ભુલાવે છે, અને ન કરવાનાં કૃત્યો કરવા પ્રેરે છે. બાઈબલે ૨૦૦૦ વર્ષ અગાઉ જે કહ્યું હતું તે આજે પણ એટલું જ સાચું છે, 'દ્રવ્યનો લોભ સઘળાં પ્રકારનાં પાપનું મૂળ છે.' (તીમોથી : ૬ : ૧૦)

શાંતિ, સ્વસ્થતા અને સલામતી માટે ભૌતિક બાબતો જરૂરી નથી. એક ચીની કહેવત છે કે, 'વ્યક્તિ ધરાયેલી અને આરામદાયક હોય છે ત્યારે તેના વિચારો અતિરેક તરફ વળે છે.' આમ કેટલી ભૌતિક આબાદી

જ નૈતિક અને સામાજિક પતન તથા તેને સંલગ્ન દોષોને આમંત્રણ આપે છે.

સુખ મેળવવા ભૌતિક ઈચ્છાઓને સંતોષવા કરતાં પોતાની આત્મિક જરૂરીયાતો પરિપૂર્ણ કરવા માણસે અંદરથી જાગ્રત થવાની જરૂર છે. આ આત્મિક ચિંતન કરવું જરૂરી છે. આ ચિંતન દ્વારા સુખની પ્રાપ્તિ થાય છે.

માનવસ્વભાવનો અભ્યાસ કરનારાઓએ કહ્યું છે કે, સુખી થવા માટે, જીવવા માટે કારણની અને હેતુની જરૂર છે. ભૌતિક બાબતોની સ્વાર્થદોડને કેન્દ્રમાં રાખતું જીવન આ જરૂરિયાત પૂરી પાડતું નથી.

ભૌતિક સુખ માણસને વધુ ને વધુ સ્વાર્થી, દ્રવ્યલોભી, કેન્દ્રવર્તી, આત્મશ્લાઘી, ગર્વિષ્ઠ, નિંદક, કૃતઘ્ની, અધર્મી, ક્રૂર, અસંયમી, નિર્દય, દ્વેષી, વિશ્વાસઘાતી, ઉદ્ધત, મદાંધ અને વિલાસપ્રિય બનાવે છે.

ભૌતિક સુખની દોડ એ તો ગધેડાના મોં સામે એક ફૂટ દૂર લાકડી ઉપર લટકાવેલો લીલા ઘાસનો પૂળો છે. લીલું ઘાસ ખાવા માટે જેમ ગધેડો લલચાય અને આગળ દોડે તેમ આપણે પણ સુખની પ્રાપ્તિ માટે ભૌતિકવાદ તરફ દોડ્યા કરીએ છીએ. પરંતુ સાચું સુખ તો આત્મસંતોષ છે. ઉ.ત., કાચનું વાસણ હાથમાંથી છટકી જાય. આપણે વિચારીએ કે કાચનું વાસણ છે, પડે તો તૂટી જાય ! તો એનું દુ:ખ ન થાય. પરંતુ આપણે વિચારીએ કે, 'આટલી મોટી કિંમતનું વાસણ ક્ષણમાં જ તૂટી ગયું!' તો આપણને દુ:ખ થાય. કારણ કે આપણે વાસણની કિંમત સામે નજર કરી માટે. માટે જ ભૌતિક સુખ જેટલું પ્રાપ્ત થાય તેની પાછળ પાછળ દુ:ખ જરૂર આવે જ. સુખ તો ક્ષણિક છે, દુ:ખ જ આપણો સાચો સાથી છે.

જો ભૌતિક રીતે સુખની પ્રાપ્તિ થતી હોય તો, પેલા રાજાએ તપના બળે ભગવાનને પ્રાપ્ત કર્યા એને માંગ્યું કે, 'હું જેને સ્પર્શ કરું તે સોનું થઈ જાય!' ભગવાને રાજાને વિચાર કરીને વરદાન માગવા કહ્યું,ત્યારે પણ અવિચારી રાજાએ એ જ વરદાન માગ્યું. ભગવાને 'તથાસ્તુ' કહ્યું. રાજા તો ખુશખુશાલ. તેને લાગ્યું કે હવે શાંતિથી જીવાશે, પૃથ્વી ઉપરનો એક માત્ર મહાન રાજા હું

જ હોઈશ. આમ વિચારવા લાગ્યો, ચહુદિશે સુવર્ણકણિકાઓ ઊડતી દેખાવા લાગી. તે જેને સ્પર્શ કરતો તે સોનું થઈ જતું. તેણે ભોજન લેવા માટે ભોજનથાળને સ્પર્શ કર્યો તો થાળની સાથે પીરસવામાં આવેલી બધી જ વસ્તુઓ સોનાની થઈ ગઈ. એ તો ઠીક પણ ભોજન લઈ આવેલી દાસી પણ સોનાની થઈ ગઈ, રાણીને સ્પર્શ કર્યો તો રાણી પણ સોનાની થઈ ગઈ, રાજકુંવરને સ્પર્શ કર્યો તો રાજકુંવર પણ સોનાનો થઈ ગયો. રાજ દરબારીઓ, નોકરો, ચાકરો, સેનાપતિઓ , જીહજૂરિયાઓ બધા જ રાજાથી દૂર ને દૂર ભાગવા લાગ્યા. બધા જ વિચારતા કે, 'સોનાનું પૂતળું થઈ જવા કરતાં જેટલી જિંદગી જીવવા મળે તેટલી સારી છે.' એક જ દિવસમાં રાજા તો અકળાઈ ઊઠ્યો. પરંતુ ભગવાનનું વચન કદી મિથ્યા ન થાય. આમ સુખની પ્રાપ્તિ માટે અવિચારી રાજા સોનું પ્રાપ્ત કરવા નીકળ્યો તો દુઃખી દુઃખી થઈ ગયો. આ રીતે વિચારીએ તો ભૌતિક સુખથી માણસને આનંદ કરતાં શોક વધુ આવે છે, સુખ કરતાં દુઃખ વધારે આવે છે.

જેમ જેમ ભૌતિક સુખો તરફ માણસ ઢળતો ગયો તેમ તેમ તે માણસથી દૂર થતો ગયો. તેનામાં સ્વાર્થ, આત્મલક્ષીપણું અને કરોળિયાની જેમ પોતાનું પરિઘ રચવા લાગ્યો, પોતાની જ કુંડળીમાં વ્યસ્ત રહેવા લાગ્યો. માણસ માણસને ઓળખતો નથી. 'પોતાના પડોશીને પ્રેમ કરો.' એવું ભગવાન ઈશુ ખ્રિસ્તએ કહ્યું હતું. તેમાં જગતઐક્યની ભાવના હતી. આજે તે ભાવના લુપ્ત થતી જાય છે. માણસ પોતાના પડોશીને જોઈને બારણાં બંધ કરી દે, તેની સાથે વાત કરવાનું કે સંબંધ રાખવાનું ટાળે છે. ફળિયામાં રહેતો માણસ માણસનાં દુઃખોને સમજે છે જ્યારે **Society** (સમાજ)માં રહેતો માણસ માણસને ઓળખતો નથી. પોતાના પાળેલા કૂતરાને જેટલું વહાલ કરે છે તેટલું વહાલ તેના નોકરો સાથે કરતો નથી. આ રીતે કેન્દ્રવર્તી થયેલો, પોતાના જ કોશેટોમાં જીવતો માણસ જગતને ક્યાંથી ઓળખી શકવાનો છે ! જેમ જેમ ભોગવાદી બન્યો તેમ તેમ તે સંકુચિત થતો ગયો. ભૌતિક સુખો મેળવવા માણસે ઘણાં શાસ્ત્રરહિત અને રૂઢિગત કર્મો કરવાં

પડે છે. આવા માણસો પશુવૃત્તિવાળા હોય છે. તેમની પ્રવૃત્તિઓ કદી શુભ હોતી નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુન જેવી પશુવૃત્તિઓમાં નિરંતર રચ્યાપચ્યા રહે છે – અને સતત ભૌતિક જીવનમાં જ આળોટતાં રહે છે.

આજે તો આખું જગત ભોગ-વિલાસ અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે જ દોડી રહ્યું છે. જેની પાસે ભોગનાં સાધન અધિક છે તેને સમાજમાં મોટો માણસ અને ભાગ્યશાળી માનવામાં આવે છે. આ સાધનો એણે કઈ રીતે પ્રાપ્ત કર્યાં છે તે જોવા-જાણવાની ઈચ્છા કરતા નથી. માત્ર બાહ્ય આડંબરથી આપણે અંજાઈ જઈએ છીએ, પરંતુ જે માર્ગેથી પૈસો ભેગો કર્યો હોય તે માર્ગે જ પાછો જતો રહે છે. અનીતિથી પૈસો ભેગો કર્યો હોય તો દુષ્કૃત્યો તરફ મન વળે છે અને નીતિથી પૈસો ભેગો કર્યો હોય તો સુકૃત્યો તરફ મન વળે છે. એટલે જ કહેવાયું હશે કે, 'લક્ષ્મી તેનો રસ્તો શોધી લે છે, લક્ષ્મી ચંચળ છે.' આજે જગતમાં બાહ્ય આડંબર અને મિથ્યાચારનો પ્રચાર અને પ્રસાર વિશેષતઃ થતો જોવામાં આવે છે. ભોગેચ્છાનું દમન નહીં પરંતુ તેને ઉત્તેજીત કરવામાં આવે છે. ઉન્નતિના નામે ભોગ-વિલાસ વધી રહ્યો છે. સાંસારિક ભોગોની ઈચ્છા જેટલી અધિક બળવાન તેટલા અંશે ભોગપદાર્થ સંગ્રહવાની લાલસા વધે છે. આથી માણસ ભગવાન અને ભગવદ્‌ભાવથી, ભગવદ્‌માર્ગથી દૂર થતો જાય છે. ત્યાગનો આદર્શ ભોગઆદર્શમાં ફેરવાઈ ગયો છે. જીવનનું લક્ષ્ય જગતનાં સુંવાળાં સુખો તરફનું રહ્યું છે. પરિણામ એ આવ્યું છે કે માણસ વિવેકશૂન્ય બની ગયો છે.

આ સ્થિતિ ઘણી જ ભયંકર છે. તેનો ખ્યાલ શરૂઆતમાં નહીં આવે, પરંતુ જ્યારે એનું પરિણામ સામે આવે છે ત્યારે ખબર પડે છે અને દુઃખની અનુભૂતિ થાય છે. આવો વિવેકશૂન્ય, વિવેકભ્રષ્ટ માણસ ક્યારે પુનઃવિવેકને પ્રાપ્ત કરીને ભગવદ્ પથનો પથિક બનશે ?



૩૩. મનના કમાડ સુધી

માણસ સતત ચાલીને વિશ્વવિક્રમ તોડે અને 'ગ્રીનીચ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ'માં તેની નોંધ પણ લેવાય. પરંતુ જે માણસની પગદોડ ચાલુ હોય અને મનદોડ અટકી ગઈ હો તેવો માણસ સતત ચાલીને વિક્રમો તોડે તેમ છતાં પણ તે પંગુ છે. માણસે મનદોડ સતત ચાલુ રાખવાની છે. ભગવાન પ્રતિ લક્ષ્ય અને લક્ષ રાખીને. જે માણસ માત્ર દોડ્યા કરે તેનો અર્થ નથી, પરંતુ તેની દોડમાં ગતિની સાથેસાથે પ્રગતિ પણ હોવી જોઈએ. માણસ મનની ગતિ કરી શકે તો જ પ્રગતિ કરી શકે. માણસ મનમાં સંરક્ષણ, સ્વરક્ષણની સાથે સાથે સંહારકવૃત્તિ પણ ઘોળીને ગટગટાવી ગયો છે. સાપ ઉપર પગ પડે તો જ સાપ ડંખ મારે છે, જ્યારે માણસ તો સાપ ઉપર દૃષ્ટિ પડતાં જ તેને મારી નાંખે છે. આમ માણસના લોહીમાં સંહારકવૃત્તિના અસુરો દોડ્યા કરે છે. પછી માણસ ગમે તેટલો દોડે તો પણ પેલા સંહારકવૃત્તિના અસુરો તેની આગળ દોડ્યા કરે છે. પછી ગતિ ક્યાંથી કરી શકે.

માણસ સાપ કરતાં પણ વધુ ઝેરી છે. કોબ્રા જાતિના સાપના એક ગ્રામ ઝેરથી ૧૬૫ માણસો મૃત્યુ પામે છે, તેવું વિજ્ઞાનનું સંશોધન છે. પરંતુ માણસની જીભના ઝેરથી તો જગતનો નાશ થાય છે. માણસે પોતાને ઓળખવા માટે નામ ધારણ કર્યું. તે પછી તેણે સંઘ ઊભો કર્યો અને સંઘમાંથી જાતિવાદ અને જ્ઞાતિવાદ ઊભો કર્યો. તેમાંથી ધર્મવાદ રચાયો અને એકબીજા સાથે લડતો રહ્યો. કારણ કે વાદમાંથી વિવાદ ઉત્પન્ન થાય છે. અને વિવાદ વકરે એટલે ઝઘડો ઉત્પન્ન થાય છે. અને

ઝઘડામાંથી વેરવૃત્તિ પ્રકટ થાય છે. કારણ કે આપણે આપણી વૃત્તિઓની લગામ ખેંચી રાખતા નથી અને એટલે જ તો આપણી વૃત્તિઓ વકરીને આસુરી રૂપ ધારણ કરે છે. આસુરી રૂપ ધારણ કર્યા પછી વૃત્તિઓ આપણી ઉપર ચઢી બેસે છે અને આપણી લગામ તેના હાથમાં પહોંચી જાય છે.

આ લડવાઝઘડવાના કેન્દ્રમાં છે માણસમાં રહેલો ડર જે ડરપોક છે તે વધુ ક્રોધી છે અને જે ડરપોક નથી તે વધુ શાંત છે. જેનામાં પ્રતિકારની શક્તિ નથી તે ગુસ્સે થાય છે. ગુસ્સે થનાર માણસની વિચારશક્તિ પણ ઓછી હોય છે. ગુસ્સે થયેલો માણસ પરિણામને પામી શકતો નથી.

કોઈ પણ પ્રાણી કરતાં માણસ વધુ ડરપોક છે. એટલે જ એણે તેની આજુબાજુ રક્ષાકવચો રચ્યાં છે. માણસ માણસથી ડરીને ચાલનારું પ્રાણી છે. પોતે ઘરમાં હોવા છતાં પણ અંદરથી તે બારણાંને સાંકળ મારે છે. આટલું ભીરું પ્રાણી અન્ય નથી. અંધારામાં ચાલનારો માણસ ખુદના પદરવથી ડરે છે.આવો ડરપોક મનનો માણસ મનના કમાડની સાંકળો ક્યાંથી ખોલવાનો હતો ? મનનાં કમાડ ઉઘાડાં રાખીએ તો ત્યાંથી જરૂર ભગવાનનો પ્રવેશ આપણા હૃદયમાં થાય છે. મનના કમાડ સુધી પહોંચવા માટે ભગવાને દશદશ બારીઓ મૂકી છે.એક જૂનાં ભજનમાં પણ કોઈ ભક્તકવિએ ગાયું છે કે,

પાણીમાં બંગલો બનાવ્યો મુસાફિર,
પાણીમાં બંગલો બનાવ્યો !
એમાં મૂકી છે દશદશ બારી, મુસાફીર
પાણીમાં બંગલો બનાવ્યો.

આ 'બંગલો'એટલે આપણું શરીર અને 'મુસાફીર' એટલે આત્મા. પંચમહાભૂતમાંથી પંચત્વને પામેલા આપણા આ શરીરમાં રહેલા આત્મા સુધી પહોંચવા માટે દશ દશ બારીઓ મૂકેલી છે, પરન્તુ આપણે મનનાં કમાડ બંધ કર્યા છે એટલે ભગવાન આપણા આત્મા સુધી પહોંચી શકતો નથી. કારણ કે આપણે ભગવાનને આંગળી પકડીને મનના કમાડ સુધી લાવી

શકતા નથી.

શ્વાસ અને ઉચ્છ્વાસ સતત ચાલ્યા કરે છે. આ શ્વાસ પછી ઉચ્છ્વાસની વચ્ચે જે ખાલી ક્ષણ આવે છે તેટલી ક્ષણ પૂરતા જીવતા કોણ રાખે છે ? ઘરમાં પ્રકાશ દૂર થાય અને અંધારું દોડી આવે છે, આ અંધારું આવ્યું ક્યાંથી ? અને પ્રકાશ થતાં જ અંધારું ચાલ્યુ જાય છે ! તો આ અંધારું ગયું ક્યાં ? આંખોને પ્રકાશ કોણે આપ્યો ? આ દૃષ્ટિ આપનાર માત્ર એક જ જગતનિયંતા ભગવાન જ છે. જગતનિયંતાના આ અગાધ શક્તિસ્રોતને માણસ હજી સુધી ઓળખી શક્યો નથી, પામી શક્યો નથી. માણસ તેના મનના કમાડ ખુલ્લાં રાખી આત્મા સુધી પહોંચીને ભગવાનની ઓળખ કરે ત્યારે જ તેને આ બધા પ્રશ્નોના જવાબ મળે.

આપણા ભગવાનને શોધવા માટે મંદિરમાં, અલ્લાહને શોધવા માટે મસ્જિદમાં, ઈશુને શોધવા ગીરજાઘરમાં કે ગુરુદ્વારોમાં જઈએ છીએ. પરંતુ ભગવાન તો આપણા હૃદયમાં બેઠેલો છે, ત્યાંથી જ તેને શોધી લેવાનો છે. કસ્તુરીમૃગની જેમ ભટકવાનું નથી. ગમે તેટલી તીર્થયાત્રા કરો પરંતુ જ્યાં સુધી આત્માના તીર્થ સુધી નહીં પહોંચીએ ત્યાં સુધી બધી જ યાત્રા નકામી છે. માત્ર સમજ્યા વગરની દોડ છે.

માણસે પોતાના આનંદ માટે, પોતાના બચાવ માટે ગમે તેટલાં સાધનોની શોધ કરી હોય તેમ છતાં તે આત્માની શોધ નહીં કરે, આત્મા સુધી નહીં પહોંચે ત્યાં સુધી તેની સર્વ દોડ ફોગટ જાય છે. જેમ ઘાણીએ બાંધેલો બળદ આખો દિવસ ચાલ ચાલ કરે, તેની આંખે પાટા બાંધેલા હોય છે એટલે તે જોજનો સુધી ચાલેલો બળદ ઘાંચીની ત્રિજ્યાથી આગળ વધી શકતો નથી.આપણી દોડ પણ આવી જ છે. આપણી આંખે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ રૂપી પાટા બાંધેલા છે. આપણે ગમે તેટલું દોડીએ, છે..ક ચંદ્ર સુધી તે તો ઘાણીએ બાંધેલા બળદ જેવું છે. ઘાણીએ જોતરાયેલો બળદ તો સેવા કરે છે. આપણી દોડ ઊર્ધ્વગતિને પામતી નથી, અધોગતિને પામે છે.

ઊર્ધ્વગતિ માટે ઈશ્વરસ્તવન, પરોપકાર, પરહિતસેવા, ત્યાગ અને અકિંચનની ભાવના હોવી જરૂરી છે. પરંતુ આપણે તો સ્વાર્થાંધ છીએ, સ્વાર્થ હોય ત્યાં સુધી જ સંબંધો રાખીએ/વિસ્તારીએ. સ્વાર્થ પૂરો થાય પછી ઓળખતા પણ હોતા નથી. પછી આપણામાં રહેલા આત્માને ક્યાંથી ઓળખી શક્વાના હતા? આત્માને ઓળખ્યા વગર પરમાત્માને પામી શકાતા નથી.

આપણે આપણી કુંડળીમાંથી બહાર આવી શકતા નથી. જગતને ઓળખવા નીકળેલો માણસ પોતાને જ ઓળખી શક્યો નથી. માણસ અલ્પવિરામે આવીને ઊભો છે તે ક્યારેય પૂર્ણવિરામને પામતો નથી. અંતકાળે પણ નહીં. પૂર્ણ વિરામને પામવા માટે તો

अन्तकाले च मामेव स्मरन्मुकत्वा क्लेवरम् ।
यः प्रतितस स मद्भावम् याति नास्तयत्र ॥

(અ:૮:૫)

ભગવાન શ્રીકૃષ્ણ તેમનાં શ્રીમુખે કહે છે કે, જે અંતકાળે મારું જ સ્મરણ કરતો શરીર છોડી જાય છે તે મારો (ઈશ્વર) ભાવ પામે છે, એમાં સંશય નથી. માટે જ મનનાં કમાડ ખુલ્લાં રાખીને આપણામાં ઈશ્વરને પ્રવેશ આપીએ.



૩૪. મનને તોડા

તમારી સામે છે તેને મન મેળવતું નથી, પરંતુ મન જે નથી તેનું જ સતત ચિંતન કર્યા કરે છે. જે હાથમાં નથી તેને હાથવગું કરવા મન વિચાર કર્યા કરે છે. અને જે સામે છે, હાથમાં છે. અથવા તો જેને જોઈ શકે છે તેને ભૂલી જાય છે. જે મનની સાથે ચાલે છે તે ભગવાનથી દૂર ને દૂર થતો જાય છે. માટે જ મનને તોડો, મનથી દૂર જાવ, મન સાથેનો છેડો ફાડીએ તો જ ભગવાન સુધી જઈ શકાય.

જે શાશ્વત છે તે ભગવાન છે. શાશ્વતને જોવાની,ઓળખવાની કળા આપણે શીખવાની છે. જે નથી તેને મન ચાહે છે. તમારી પાસે જે મિલકત છે તેનાથી પણ વધુ મિલ્કત મળે તેવી મન સતત ખેવના કર્યા કરે છે. જે મેળવવાનું નથી તોપણ મન અભાવનું ચિંતન કર્યા કરે છે. આપણને જે મળ્યું છે તેનું ચિંતન કરતું નથી, પરંતુ જે દૂર છે તેની ઉપર નજર રાખે છે. જે અસલ છે તે મનને ગમતું નથી. સત્ય મનને ગમતું નથી. સપનાં ગમે છે. મન સ્વપ્નાંના ભોજન ઉપર જીવે છે. માટે જ મૂળ તત્ત્વને ઓળખવાની જરૂર છે.

જ્યારે પણ આપણે આંખ બંધ કરીએ ત્યારે આપણને ઊંડે ઊંડે સ્વપ્નાંની જાળ પથરાયેલી જોવા મળે છે. મન સતત દોડ્યા કરે છે. આંખ ખોલીને આપણે કામ કર્યા કરીએ તોપણ મન તો તેનું કામ કર્યા જ કરે છે.

મન ચંચળ છે. સ્થિરતા તેને ગમતી નથી. જે નથી તે મેળવવા મન વ્યાકુળ રહ્યા કરે છે. માટે જે છે તે આપણાથી દૂર ને દૂર ભાગ્યા કરે છે. આપણે સ્વપ્નાં પર ભરોસો કરીએ છીએ અને એના સહારે જીવ્યા કરીએ છીએ. આપણે સતત સ્વપ્નમય રહ્યા કરીએ છીએ. રાત્રે તો ઠીક, દિવસેય આંખો ખુલ્લી હોવા છતાં પણ આપણે સતત સ્વપ્નોની ભરમાર જોયા કરીએ છીએ. સ્વપ્ન એ તો આપણી અંદર અંધારું કરીને બેઠેલું મન છે.

જે નથી તેમાં પણ શક્તિ છે. કારણ કે, મન જે નથી તેના સહારે સહારે જીવ્યા કરે છે. જે આપણી પાસે છે અથવા જેને જોઈ શકીએ છીએ તો પછી મનની શી જરૂર ? જે વર્તમાન છે અથવા તેમાં આપણે જીવી શકીએ છીએ પછી મનની શી જરૂર છે ?

આપણે જ્યાં બેઠા હોઈએ તેનું જ જો ચિંતન કર્યા કરીએ તો મન આપણામાં પ્રવેશતું નથી. પણ જે સ્થળે આપણે બેઠા હોઈએ તે સ્થળનો વિચાર ન કરતાં અન્ય સ્થળના વિચારો કરીએ તો આપણામાં જરૂર મનનો પ્રવેશ થાય. વર્તમાનમાં મન કદી જીવી શકતું નથી. વર્તમાન મનનું મૃત્યુ છે.

મન માટે તો ભવિષ્ય જોઈએ, અતીત જોઈએ. આપણે એક ક્ષણ માટે પણ વિચારીએ તો મન જરૂર જાગ્રત થાય છે.

ભૂત અને ભવિષ્ય મનનું જીવન છે. ભૂતકાળ જઈ ચૂક્યો છે અને ભવિષ્ય આવવાનું છે. પછી એનો વિચાર કરવો નિરર્થક છે. મન નાસ્તિક છે એટલે જ મનને કોઈ આસ્તિક મળતો નથી. મનનો આસ્તિક તો મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ગિરજાઘરમાં બેઠો છે. મનને બાજુ પર રાખીને, મનને ભગવાનને સમર્પિત કરીને પૂજા, પ્રાર્થના કરવી જોઈએ. તો જ ધ્યાન

થાય. જ્યાં મન નથી ત્યાં મંદિર છે. આપણે ખરાબ વ્યક્તિઓનો, દુર્જનોનો સાથ છોડી દઈએ છીએ પણ મનને સાથે રાખીએ છીએ. મન પણ ખરાબ જ છે. તો તેને પણ છોડી દેવું જોઈએ. તો જ ભગવદ્ પ્રાપ્તિ થાય. પણ આપણે મનને ત્યજી શકતા નથી. પરમાત્મા પછી કોઈ સ્રષ્ટા હોય તો તે મન છે. મન શૂન્યમાં આકૃતિઓ ઊભી કરી શકે છે અને પોતાની જ બનાવેલી આકૃતિઓ પાછળ દોડ્યા કરે છે.

ચોર કરતાં પણ અધિક ચોર મન છે. ક્રોધી કરતાં પણ અતિ ક્રોધી મન છે. ખૂની કરતાં પણ અધિક ખૂની મન છે. માટે જ મનનો સાથ છોડો. કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મત્સર આ ષડ્રિપુ આપણામાં વસવાનું કારણ મન છે. મનસમ્રાટ આ સેનાપતિઓના સહારે આપણી ઉપર સત્તા ભોગવે છે. માટે જ મનને મારી નાંખો, મનનો નાશ થતાં જ આ સેનાપતિઓનો પણ નાશ થશે જ અને આપણે નિર્મોહી થઈશું, પ્રકાશને પામીશું. પ્રકાશ એક મોટી શક્તિ છે. જેનાથી અંધારું પણ ભાગી જાય છે. અને ક્યાંક સંતાઈ જવા માટે કોઈ સ્થાનને શોધે છે. માટે જ મનને મારીને આપણામાં પ્રકાશ કરવાનો છે. અંદરનો પ્રકાશ માણસને દિશા બતાવે છે.

પરંતુ અહીંયા ઊલટું છે. પ્રકાશ અંધારાથી ડરે છે, સત્ય અસત્યથી ડરે છે. દવાઓ રોગથી ડરે છે. આપણી અંદર રહેલું મન આપણને અંધારા તરફ ગતિ કરવા વિવશ કરે છે.

'મન મંદિર મેં રામ બિરાજ્યો, વિપદા સર્વે ભાગી રે' આપણા મનમંદિરમાં રામનું સ્થાપન કરવાનું છે. રામ તો સત્યની વધુ ને વધુ નિકટ છે. માટે જ તેઓ ભગવાન છે, પૂર્ણ પુરૂષોત્તમ છે. શાશ્વત છે, ચિરંજીવ છે.

આપણામાં રામનું સ્થાપન થાય પછી સર્વે વિપદાઓનો, દુઃખોનો ધ્વંશ થાય છે, નાશ થાય છે. શત્રુઓનો પણ શત્રુ મન છે. મન રાવણ છે. તેનો નાશ કરવા માટે આપણામાં રામનું સ્થાપન કરવાનું છે. ડર કે ભય જેવું છે જ નહીં, પરંતુ મન આપણને ડરાવે છે, ભય પમાડે છે. મનથી જેટલા આપણે દૂર રહીએ તેટલા વધુ ભગવાન પ્રતિ જઈ શકીએ. ભગવાન સર્વ ઐશ્વર્યના સ્વામી છે. તેમને કોઈ વસ્તુની કમી નથી. માટે જ તે પોતે કહે છે કે, 'મન અને બુદ્ધિ મને આપો હું તમારો બની જઈશ.' સૌ શરીરથી પૂજાપાઠ, દંડવત્ પ્રણામ કરે છે, તીર્થયાત્રા, ઉપવાસ, આરાધના કરે છે પણ મનથી નહિ. મનથી કરેલું કર્મ જ ઘણું સમર્થ અને મહત્ત્વનું છે. મનને સ્થિર કરવાનું છે. માટે જ ભગવાન કહે છે –

'यस्मान्नो द्विजते लोको : लोकान्नो द्विजते च यः ।
हर्षामर्ष भयोद्वेगै मुक्तो यः स च मे प्रियः' ॥

(અ:૧૨:૧૫)

અર્થાત્ :

'જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે – એ ભક્ત મને પ્રિય છે.'ભગવાનને તન નહીં, પણ મન જોઈએ છે, શરીર ગમે ત્યાં રહે પણ મન ભગવાનના ચિંતનમાં રહેવું જોઈએ. મનને ભગવાનને સમર્પિત કરીને ચિત્તને ભગવાનના ચિંતનમાં રાખવું જોઈએ. સંસારની જે સ્થિતિની ફરજ બજાવવી તે કર્તવ્ય છે. શરીર ઉપર કોઈ કાબૂ મેળવી શકે. તેને તાબેદાર બનાવી શકે પણ મન તો સ્વતંત્ર છે. એના પર

કોઈ જબરજસ્તી કરી શકતું નથી. શરીરથી ગમે તેટલી સેવા કરીએ, તેનું મહત્ત્વ નથી, મનથી કરેલી સેવાનું મહત્ત્વ છે.

એ મન ભગવાનનું થઈ ગયું તો સંકલ્પ-વિકલ્પ અને સંસારનું આવરણ રહેતું નથી. ભગવાને ભૌતિક સાધનોની જરૂર નથી. મન અને બુદ્ધિ અર્પણ કરીએ તો જ ભગવાન પ્રસન્ન થાય છે. મન ભગવાનને સમર્પિત કર્યા પછી આપણામાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, માયા અને મત્સરનો ત્યાગ થાય છે. આપણે નિર્મળ નિતર્યા નીર જેવા થઈએ છીએ.

ભગવાન કહે છે કે, '**मय्यर्पित मनोबुद्धि : ॥**' એટલે કે, પોતાનું મન અને બુદ્ધિ મને અર્પણ કરો, ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, 'જે મને અનન્યચિત્તથી નિત્ય સ્મરે છે, તેવા નિત્યયોગીને હું મળવો સુલભ છું.' પરમાત્મારૂપે બધામાં બેઠો છે. એકાંતમાં સ્થિર મનથી ધ્યાન કરો તો સુલભ છે. જો મનમાં એકાગ્રતા ન હોય, મન સ્થિર ન હોય તો તે મુશ્કેલ છે. આત્માનો પરમાત્માથી વિયોગ તે જ સંસાર છે.

ભગવાનથી પ્રાપ્તિ પ્રસન્નતા, તન્મયતા અને નિરંતર સ્મરણથી થાય છે. આત્માને દૃઢ કરવાનો છે. ભગવાન કહે છે '**यतात्मा दृढ निश्चय:**' જેનો આત્મા પોતાના કાબૂમાં છે તેવા ભક્ત મને પ્રિય છે. આપણા વ્યક્તિત્વમાં શરીર, મન, ઈન્દ્રિયો અને બુદ્ધિ છે.

આ બધી આપણા વશમાં હોવી જોઈએ. જેના જીવનમાં આત્મસંયમ નથી તે સાધના કરી જ ન શકે. ઉપનિષદમાં કહ્યું છે કે, 'આત્મા રથિ છે, શરીર રથ છે, ઈન્દ્રિયો ઘોડા છે, મન લગામ છે અને બુદ્ધિ સારથિ છે.' આવી જીવનગાડીમાં બ્રેક નહીં હોય તો અકસ્માત થશે. દુઃખ, શોક, હતાશા આવશે.

આત્મસંયમથી શક્તિ વધે છે.

એટલે જ દુશ્મનોના દુશ્મન મન પર કાબૂ મેળવી મનને સ્થિર કરવાની જરૂર છે.



૩૫. મનનો પ્રવાસ અને પુનર્જન્મ

ક્ષણનું આવવું અને જવું એ આયુષ્યની લયબદ્ધ ગતિ છે. આ ગતિ તે માણસના જન્મની સાથે જ મૃત્યુ તરફનો પ્રવાસ. તે રીતે જોઈએ તો આયુષ્ય એક પ્રવાસ જ છે. પછી તે ઘરના એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવાનું હોય કે પૃથ્વીના એક ખંડમાંથી સાત સાગરની પેલી પાર કોઈ બીજા ખંડમાં જવાનું હોય ! માણસ માત્ર હાથ જોડીને સ્વસ્થ બેસી રહે તોપણ એનો એ પ્રવાસ માનસિક રીતે તો ચાલુ જ રહે છે. માનવજન્મ મળ્યો હોય એ વ્યક્તિ કદીયે શાંત, નિઃસ્તબ્ધ રહી શકે નહિ. મનની ગતિ તો સતત ચાલુ જ રહ્યા કરે છે.

માનવમનની ગતિ બે પ્રકારની છે. એક ચૈતસિક consious અને બીજી Subconsious ચૈતસિક અને અચૈતસિક મનની ક્રિયા એક જ સમયે સાથોસાથ ચાલે છે. જ્યારે આપણે કોઈ વાહન – સ્કૂટર, સાઈકલ, મોટર વગેરે – ચલાવીએ છીએ ત્યારે ચૈતસિક – મન રસ્તો જોવાનું, આજુબાજુનાં કુદરતી દૃશ્યો જોવાનું કામ કરે છે. પણ વાહનની આડે કોઈ આવે અને બ્રેક મારીએ છીએ તે અચૈતસિકમનની ક્રિયા છે. ચાલવાની ક્રિયા ચૈતસિકમન દ્વારા થતી હોય છે, પરન્તુ ચાલતાં ચાલતાં અંગારા ઉપર પગ પડે અને તરત જ પગ ઊંચો લઈ લઈએ છીએ તે અચૈતસિકમનની ક્રિયા છે. સાઈકલ ચલાવતાં રસ્તો જોવાનું કામ ચૈતસિકમનનું

છે, જ્યારે પેડલ મારવાનું કામ અચૈતસિકમનનું છે.

આ રીતે મનના આ અખંડ પ્રવાસમાં મનનું સ્થિરબિન્દુ ક્યારેય પ્રાપ્ત થતું નથી. અચૈતસિકમનને નવીન ક્ષણની ઓળખ થાય ન થાય ત્યાં તો એ ક્ષણ સ્મૃતિશેષ થઈ જાય છે, અને નવીન વૈચારિક શૃંખલા સતત ઘડાતી રહે છે.

ચૈતસિક મન – consious mind ભલે આપણી સાથે હોય, જે સ્થળે જવાનું હોય તે સ્થળ સુધી. પરન્તુ અજાગ્રત મન – Subconsious mind – તો તેથીયે આગળ પહોંચે છે. જ્યારે આપણે કોઈ એક સ્થળે પહોંચવાની તૈયારી કરીએ ત્યારથી જ અચૈતસિકમન તે સ્થળનાં ભૌગોલિક પરિવેશમાં પ્રવેશે છે. આપણે તે સ્થળે પહોંચીએ તે પહેલાં અચૈતસિક મન અન્ય સ્થળે જવાનો પ્રવાસ શરૂ કરી દે છે. આમ અચૈતસિકમન દ્વારા વ્યક્તિનો પ્રવાસ સતત ચાલુ જ રહ્યા કરે છે. આ આંતરબાહ્ય મનના સંઘર્ષોનું કારણ એ માત્ર સપાટી પર – ચેતનાની સપાટી પર – જીવે છે. ચૈતસિક મન – consious mind દ્વારા. એટલે જ તો એ કાર્યકારણની શૃંખલાથી બંધાયેલ છે. મન જો એમાંથી છૂટે તો જ એમાંથી મુક્ત થવાય. પર્વતારોહણ કરતી વખતે આપણે આસપાસની સૃષ્ટિ સાથે અવિનાભાવી સંબંધે જોડાઈએ છીએ, પરન્તુ ટોચ ઉપર ગયા પછી તે સંબંધ તૂટી જાય છે, પરન્તુ નીચેની સૃષ્ટિને આપણે સર્વગ્રાહિતાથી, એનાથી અલિપ્ત રહીને સમાન દૃષ્ટિએ જોઈએ છીએ; એના સર્વે પદાર્થોને એકી સાથે એમના પોતપોતાને સ્થાને એક જ સમયે સમાન દૃષ્ટિએ જોઈ શકીએ છીએ. મનનીયે પાર રહીને એવી સ્થિતિ તે પ્રજ્ઞા-પારમિતાની, નિર્વાણની અવસ્થા.

કેટલાક પ્રવાસો છેવટના જ હોય છે. જન્મેલી પ્રત્યેક વ્યક્તિને કોઈ એક ક્ષણે તે કરવાના જ હોય છે. એ કઈ ક્ષણ ? તે રહસ્યનો આપણાથી

ક્યારેય પાર પામી શકાતો નથી ! આયુષ્યની આ લયબદ્ધ ગતિની કોઈ સુત્રબદ્ધતા છે ખરી? આ અવિરત પ્રવાસની કોઈ દિશા હશે શું?

જન્મ, જીવન, મૃત્યુ, પુનર્જન્મ જેવા પ્રશ્નોના ઉત્તર ક્યારેય મળતા નથી. ઈજિપ્ત, તિબેટી કે હિન્દુ સંસ્કૃતિમાં પુનર્જન્મનાં અનેક ઉદાહરણો મળે છે. ભગવાન સહજાનંદ સ્વામીની દિવ્યવાણી - વચનામૃત - માં પણ પુનઃજન્મનો નિર્દેશ મળે છે. - 'ભગવાનને ઉત્તમ લક્ષણવાળા સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે.' (વચનામૃત : વરતાલ : ૫ : પૃ. ૫૦૩), 'અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય ને એવી વાસનાએ મુક્ત જો દેહ મૂકે, તો તેને ફરીને ગર્ભાવાસમાં જવું પડે જ નહિ.' (વચનામૃત : ગઢડા : મ : ૪૮ : પૃ. ૪૫૫). શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે, -

अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् । (અ. ૬:૪૫), તિબેટમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે, 'પ્રત્યેક લામા પહેલાં થઈ ગયેલાં કોઈ એક લામાનો પુનર્જન્મ હોય છે.' તો ઈજિપ્તની સંસ્કૃતિમાં તો મૃત શરીરમાં ઔષધિ ભરીને તેને પિરામીડમાં સાચવી રાખે છે. એટલું જ નહિ તે મૃત શરીરને જ્યાં રાખવામાં આવ્યું હોય તેની પાસે ખોરાક, પાણી, દવાઓ અને તે મૃત્યુ પામેલ વ્યક્તિને જે વ્યસનો હોય તે પણ મૂકવામાં આવતાં. એવું જાણવા મળે છે કે કોઈ રાજાનું અવસાન થાય તો તેની સેવા-ચાકરીમાં જે દાસ-દાસીઓ, નોકરો હોય તેમને પણ ત્યાં મૂકવામાં આવતા. એટલે કે રાજાના મૃત્યુની સાથે તેમને પણ મરવું પડતું !રખેને રાજા જીવિત થાય તો! તો 'ઈશુખ્રિસ્ત મૃત્યુ બાદ ત્રીજા દિવસે પુનર્જન્મ પામ્યા.' તેવી લોકોક્તિ પણ છે. આપણાં પુરાણોમાં પણ 'પુનરપિ જનમમ્, પુનરપિ મરણમ્' પણ પુનર્જન્મને સૂચવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, બાઈબલ, કુરાન, રામાયણ,

મહાભારત જેવા ધર્મગ્રન્થોમાં પણ પુનર્જન્મનો ઉલ્લેખ મળે છે. આ બધાં ઉદાહરણો માણસની પુનર્જન્મ પ્રત્યેની આસ્થાનાં સૂચક છે.

આજના વિજ્ઞાનયુગમાં પણ કેટલીક આશ્ચર્યજનક ઘટનાઓ બનતી હોય છે. જે પુનર્જન્મ પ્રત્યેની આસ્થાને વધુ દૃઢિભૂત કરે છે. એક જ યોનિમાં રહીને પણ મૃત્યુ બાદ પુનઃજન્મ (પુનર્જીવીત) પામે છે. એવા પણ કેટલાય દાખલા જોવા-સાંભળવા મળે છે. ઈ.સ. ૧૯૪૭ માં એક અકસ્માતના પરિણામે એક માણસનું મૃત્યુ થયું. એના મૃત્યુને લીધે એક બીજો માણસ, જે દફનાવી દેવા માટે લઈ જવાતો હતો, તેને જીવન મળી ગયું. આ ઘટના મેક્સિકોની છે. મેક્સિકો શહેરમાં કબરસ્તાનની બાજુમાં એક તૂટેલી બાટલીથી શબવાહિનીના આગળના પૈડામાં પંક્ચર પડ્યું. શબવાહિની એક ઝાડ સાથે ભટકાઈ અને ડ્રાઈવર મરી ગયો. માણસો ભયભીત થઈને એની આસપાસ ટોળે મળીને ઊભા હતા, ત્યાં તો એમણે કફનપેટીમાંથી કશોક અવાજ સાંભળ્યો અને ત્યાંથી ચીસ સંભળાઈ કે 'મને દફનાવશો નહીં.' એ શબ ખેડૂતનું હતું. ખેતરમાં કામ કરતાં કરતાં તે મૃત્યુ પામ્યો હતો. ખેડૂતને કફનપેટીમાંથી બહાર કાઢવામાં આવ્યો તે પછી તે ઘણાં વરસ સુધી જીવિત રહ્યો. તો શું, પેલો ડ્રાઈવર કે જે અકસ્માતે મૃત્યુ પામ્યો હતો તેનો જીવ આ ખેડૂતના શરીરમાં આવ્યો હશે !

હંગેરીની એક શ્રીમંત મહિલાની કથા વળી ક્યાંય વધુ આશ્ચર્યકારક છે. એણે એવી ઈચ્છા પ્રગટ કરી હતી કે મર્યા બાદ જ્યારે એને દફનાવવામાં આવે ત્યારે એની કીમતી હીરાની વીંટી એની આંગળી પર જ રહેવા દેવી. આ વીંટીની કિંમત લાખો રૂપિયા હતી. એનું મૃત્યુ થતાં એના કુટુંબના કબરસ્તાનમાં એને દફનાવવામાં આવી.

એક ચોરને હીરાની વીંટીની વાતની ખબર પડી, તે જ દિવસે એ અડધી રાતે કબરસ્તાનમાં ગયો અને કફનપેટી ઉઘાડી, એણે એ સ્ત્રીની આંગળી પરથી વીંટી કાઢવા માંડી, ત્યાં તો એના આશ્ચર્ય વચ્ચે તે સ્ત્રી ઊઠીને

બેઠી થઈ ગઈ.

ચોર ભયભીત થઈ ચીસ પાડીને નાસવા જ માંડ્યો. તે પછી એ સ્ત્રી ૨૦ વર્ષ સુધી જીવંત રહી.

આજના વિજ્ઞાનયુગમાં તાર્કિક દૃષ્ટિએ સંમત ન થવાય, ઊલટાની એ એક હાસ્યાસ્પદ કલ્પના જ લાગે છે. બૌદ્ધ ધર્મગ્રંથો કહે છે કે, 'મનઃશક્તિ mind enrgy નું એક ચુંબકીય ક્ષેત્ર નિર્માણ પામતું હોય છે. એમાંથી બહાર નીકળી જવું, મુક્ત થઈ જવું, એટલે જ નિર્વાણ. જેને આપણે જ્ઞાન કે જાગૃતિ consiousness કહીએ છીએ.' તે કોઈ અન્ય પ્રકારની 'શક્તિ' કે 'ઊર્જા' હોવી જોઈએ. આવી અલૌકિક શક્તિને જાણવા માટે કેટલાક પ્રશ્નો ચૈતસિકમનમાં સતત ઉદ્‌ભવે છે. એ શક્તિ શું કોઈ જુદું જ પરિમાણ હશે ? કોઈ જુદું જ સ્તર હશે ?

એ શું વધારે સૂક્ષ્મ વધારે ગહન, વધારે શક્તિશાળી હશે ? આ બધા પ્રશ્નોના ઉત્તરો મળતા જ નથી. તર્કશુદ્ધ વિચારોની પેલી પાર એ ઉત્તરો મળશે કે એની પેલી પાર કશું જ નથી ? ને છે. એમ માનીએ છીએ તે શું માત્ર કલ્પનાવિહાર જ છે ? આ બધા પ્રશ્નોના ઉત્તરોની ખોજ કરવા મન સતત પ્રવૃત્ત રહ્યા કરે છે.



૩૬. મનની સ્થિત

મનની અંદર અશુભ, અમંગળ, અયોગ્ય અને અપવિત્ર વિચાર પેસી જાય તો એને માટે તો માર્ગ એક જ છે અને તે એ કે વિચારને મનમાંથી દૂર કરવા સતત ચિંતન કરવું જોઈએ. જો મનમાં રહેલા આ દુષ્ટ વિચારોને કાઢી નાખવામાં ન આવે તો તેનું પરિણામ પણ ખરાબ આવે છે. પરિણામ ખરાબ ન આવે તે માટે મનોનિગ્રહ થવા આપણે 'નિત્યયોગી' બની જઈએ છીએ.

તનને બગાડનાર પણ મન જ છે. જે લોકો ચિંતક છે, પ્રાજ્ઞ છે, જીવન માટેની શોધ કરનારા છે એ લોકો ચિંતન કરે છે. માટે જ તનના નહીં પણ મનના વૈદ્યની શોધ કરવાની જરૂર છે. આવો વૈદ્ય માણસના મનમાં રહેલા દુષ્ટ વિચારોને દૂર કરે છે.

મનના તંદુરસ્ત માણસને સત્તા, સાધન, પૈસા, મિલકત, સ્વજનો કે મિત્રો ન હોય અથવા વિયોગ હોય તો પણ વિષાદથી તે હતાશ થતો નથી અને તંદુરસ્ત એવો એ પોતાના સ્વસ્થમનના બળે વિષમ સંજોગોમાં પણ 'સમ' રહે છે. પણ મનથી જો સ્વસ્થ ન હોય તો, બધું જ હોવા છતાં પણ ચિંતાગ્રસ્ત દશામાં જ રહે છે. કારણ કે તેનું મન સ્વસ્થ/પ્રસન્ન નથી. એટલે જ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે -

ध्यायतो विषयान्पंसः सङ्गस्तेषुपजापते ।
सङ्गत्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
(અઃ૨ઃ૬૨)

અર્થાત્ :

'વિષયોનું ચિંતન, કરતા પુરુષને તેઓમાં આસક્તિ થાય છે, આસક્તિથી કામના થાય છે અને કામનાથી ક્રોધ જન્મે છે.'

'ક્રોધથી મૂઢતા થાય છે, મૂઢતાથી સ્મૃતિનો નાશ થાય છે, સસ્મૃતિના નાશથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી (મનુષ્યનું) સંપૂર્ણ નાશ પામે છે.' (એજન : ૬૩)

આવું જાણવા છતાં પણ આપણે તનની સારવાર કરીએ છીએ, સ્વચ્છ રાખીએ છીએ પણ મનને તો મેલું જ રાખીએ છીએ. તન કરતાં મનની સ્વચ્છતા માણસને વ્યાસપીઠ ઉપર બેસાડે છે. એટલે જ –

प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥

(એજન : ૬૫)

'પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ, જલ્દી સ્થિર થાય છે.' આવા પ્રસન્ન ચિત્તવાળા જ્ઞાની પુરુષો/પ્રાજ્ઞ પુરુષો મનની તંદુરસ્તી કેળવે છે.

મહર્ષિ પતંજલિએ ત્રણ ગ્રંથોની રચના કરી –

(૧) વાણીને શુદ્ધ કરવા માટે 'વ્યાકરણ'ની રચના કરી.

(૨) શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે 'વૈદકગ્રંથ' ની રચના કરી.

આ બે ગ્રંથોની રચના કર્યા પછી પણ તેમને લાગ્યું કે, વાણીને વિશુદ્ધ કરી, કાયાને શુદ્ધ કરી. પણ સાથે સાથે મન જો પિરશુદ્ધ ન હોય તો વાણી અને શરીર નિર્મળ હોવા છતાં પણ માણસ નિર્મળ અને પ્રસન્ન નહિ રહે. એ વિચારથી એમણે ત્રીજો ગ્રંથ –

(૩) 'યોગશાસ્ત્ર' ની રચના કરી.

આ યોગશાસ્ત્રમાં તેમણે પ્રથમ વાત મનના નિરોધની કરી. મનને ફરતું, રખડતું, ભટકતું કેવી રીતે અટકાવવું, અસ્વસ્થ મનને ઠેકાણે કેવી રીતે લાવવું, એ પ્રસન્ન કેમ બને એ વિચારોને મૂર્ત કરવા, વિશેષ ધ્યાન આપ્યું.

જેનું મન શુદ્ધ છે, તંદુરસ્ત છે એના મન ઉપર માંદગીની અસર થતી નથી. પરન્તુ જેઓ શરીરે તંદુરસ્ત હોય, સુખ અને સાધન/સંપત્તિથી સુખી હોય છતાં એમને ચિંતા કોરી ખાતી હોય છે. માણસ ગમે ત્યાં જાય, એકલો પડે તોપણ ચિંતા કેડો મૂકતી નથી.

મનનું ચૈતન્ય, મનની તાજગી, મનની પ્રસન્નતા માટે જીવનમાં સંવાદિતા, સંગીતમયતા અને લય હોવા જરૂરી છે. તેના અભાવથી માણસ અસ્વસ્થ, ચિંતાગ્રસ્ત રહીને દુઃખી થઈ જાય છે. સુખ અને દુઃખ બંને મનમાંથી જ ઉદ્ભવે છે.

'મન' નામના તત્ત્વની શક્તિનો અને તેની મહત્તાનો આપણે ક્યારેય વિચાર કર્યો નથી. અને તેથી જ આપણે તનને સાચવીએ છીએ, ભાષાને સાચવીએ છીએ. જગતની સાધનસંપત્તિને સાચવીએ છીએ, પરન્તુ 'મન' નામના તત્ત્વને ઓળખવા માટે આપણે પ્રયત્ન કરતા નથી.

'વરાળ' એ હવામાં તરત જ ભળી જઈને ઓગળી જાય છે. એ વરાળને એક જ સાધનમાં સંઘરવામાં આવે તો તે શક્તિશાળી બની જાય છે. મન પણ આવું શક્તિશાળી છે. જો યોગ્ય રીતે તેની માવજત કરવામાં આવે તો !

મનનું સીધું જોડાણ શરીરની ઈન્દ્રીયો સાથે જોડાયેલું છે. એટલે કે પાંચેપાંચ ઈન્દ્રિયોનું જો મુખ્ય કેન્દ્ર હોય તો તે મન છે. આપણે પાંચે ઈન્દ્રિયોને સ્વચ્છ રાખીએ છીએ, પણ જે કાર્યવાહક કેન્દ્ર છે એમાં તો અશુદ્ધ વિચારોનાં જાળાં બાઝ્યાં છે. એ મેલું થઈ ગયું છે, ગંદુ થઈ ગયું છે, એના ઉપર કાટ ચઢી ગયો છે. આ બધું દૂર કરવા માટે આપણે કોઈ જ પ્રયત્ન કરતા નથી. પરિણામ એ આવે છે કે, આપણી પાંચેપાંચ ઈન્દ્રિયોએ બરાબર વ્યવસ્થિત રીતે જે કામ કરવું જોઈએ તે કામ કરતી નથી. કારણ કે, જેનું મન બગડી ગયું એનું બધું જ બગડી ગયું છે !

મનને શુદ્ધ કરવા, સ્વસ્થ કરવા માટે સત્સંગની જરૂર છે. સત્સંગ પણ જે જ્ઞાની હોય, પ્રાજ્ઞ હોય અને જેણે બધી જ ઈન્દ્રિયોનું સમન કર્યું હોય તેવા –

'यदा संहरते चायं कूर्मोडङ्गानीय सर्वशः ।
ईन्द्रियाणीन्द्रयार्थेभ्यस्तरस्य प्रज्ञा प्रतिष्ठिता ॥'

(શ્રીમદ્ ભગવદ્ગીતા. અ. ૨:૫૮)

અર્થાત્ :

'જેમ કાચબો સર્વ અંગો સમેટી લે છે, તેમ આ (મનુષ્ય), જ્યારે સર્વ ઈન્દ્રિયોને ઈન્દ્રિયોના વિષયોથી ખેંચી લે છે, ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે.'

સ્થિર મનવાળા 'નિત્યયોગી' સાથે જ સત્સંગ કરવો જોઈએ. આ 'નિત્યયોગી' એટલે કોણ ? કે જે –

'अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥'

(ગીતા. અ. ૮:૧૪)

અર્થાત્ :

'હે અર્જુન ! જે માણસ મારામાં અનન્યચિત્ત થઈને સદાય નિરંતર મુજ પુરુષોત્તમને સ્મરે છે અને બીજામાં ચિત્ત નહિ રાખતો નિત્ય મારું સ્મરણ કરે છે, તે નિત્યયુક્ત યોગીને હું સુલભ છું.'

આવા 'નિત્યયોગી' કે જેઓ સુષુપ્ત ચેતનને જાગ્રત કરે, પડતી વૃત્તિને સ્થિર રાખે, દર્શન માત્રથી પણ જે નિર્દોષ લાગે, અપૂર્વ સ્વભાવવાળા પ્રેરક હોય, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ર સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના હોય અને અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર સત્પુરુષ છે.

એવા 'નિત્યયોગી' તે –

'ल्यभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्यषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥'

(ગીતા અ. ૫:૨૫)

અર્થાત્ :

'જેમનો (પાપપુણ્યરૂપ) મેલ નાશ પામ્યો છે, જેમના સંશયો છેદાયા છે, જેમનું ચિત્ત વશ છે અને જેઓ સર્વ પ્રાણીઓના હિતમાં તત્પર છે, એવા ઋષિઓ બ્રહ્મનિર્વાણ પામે છે.'

આવા પ્રસન્નચિત્ત નિત્યયોગીને પરમાત્માનો અનુભવ થાય છે. જેને પરમાત્માનો અનુભવ થયો હોય તેવા 'નિત્યયોગી' સંતનો સમાગમ કરવામાં આવે તો મનની અંદર દુષ્ટ વિચારોના રોગ લાગ્યા હોય, મનની અંદર વિકૃતિઓ પેદા થઈ હોય અને મનમાં કોઈ પણ પ્રકારે સંશય હોય તો તેનો નાશ થાય છે. મનના સંશયો દૂર થાય તો મનથી વિરક્ત થઈ જવાય અને સર્વ ઈન્દ્રિયોનું સમન થાય. ઈન્દ્રિયોને કાબૂમાં રાખવામાં આવે તો પરમ્પદને પમાય છે.



૩૭. માન - અપમાન

માન અને અપમાન એ બંને સરખાં છે, સમાન છે. તો પછી તેની ઈચ્છા કરવી વ્યર્થ છે. માન મળે તો માની થઈએ અને માનીમાંથી અભિમાની થઈએ. જો માન દ્વારા જ અભિમાની થવાતું હોય તો તેવું માન પણ નકામું છે, માન મેળવવા લોકો સામેથી કહેવડાવે છે કે, મને માનપત્ર આપો. મેં દેશનું, સમાજનું, જ્ઞાતિનું, સંસ્થાનું ઘણું કામ કર્યું છે. આપણે જે કંઈ કામ કરીએ છીએ તે આપણા માટે કરીએ છીએ. એમ જ્યારે આપણને લાગે ત્યારે માનપત્ર મેળવવાની ઈચ્છા થાય, પરંતુ આપણે જે કામ કે સેવા કરીએ તે આપણા માટે નહીં પણ અન્યને માટે કરીએ છીએ એવો ભાવ રાખીએ તો માન મેળવવાની ઈચ્છા જ ન થાય. પોતાને સાઠમું બેઠું એટલે ષષ્ઠિ ઉજવવાની પેરવી કરે અને પંચોતેરમું બેસે એટલે અમૃત મહોત્સવ ઉજવવાની પેરવી કરે, પણ આપણે સમજતા નથી કે આપણે એકાવન, સાઠ, પંચોતેરના અલ્પવિરામે અટકીને પૂર્ણવિરામ તરફ જઈ રહ્યા છીએ. જીવનના દરેક સ્ટેશને અલ્પવિરામ પીગળે છે, પીગળતું જાય છે. તો પછી આ જિંદગીની ઉજવણી શા કામની ? પૂર્ણવિરામ પછી, મૃત્યુ પછી તો માનપત્ર તો કાચની ફ્રેમમાં જ મઢી રહેવાનું છે અને તેને પણ એક કાળે ઊધઈ ખાઈ જવાની છે. તો પછી માનનો મોહ નહીં અને અપમાનનો શોક

નહીં, દુઃખ નહીં. કોઈ આપણું અપમાન કરે તો એના એવા સંસ્કાર હશે એમ માની મન મનાવવું જોઈએ. પણ જો તેની સામે વાચા ખોલીએ તો યુદ્ધ થાય, ઝઘડો થાય અને અનિષ્ટ થાય.

દુનિયામાં ચાર વસ્તુઓ મીઠી છે : ક્ષીર ભોજન, સન્માન, અગ્નિસેવન અને પ્રિય દર્શન. આમ માન મીઠું છે, અમૃત છે. અપમાન ઝેર છે. અપમાનના આઘાતથી કોઈ કોઈ માણસો તો મરી પણ જાય છે. જે સન્માનિત છે તેની નીંદા થાય તે ઝેર સમાન છે, તેના કરતાં તો મરવું સહેલું લાગે છે. માનથી મીઠું દુનિયામાં કાંઈ નથી. માન માટે કોઈ ભારે તપ કરે છે, કોઈ ધનને તુચ્છ સમજીને મોટાં મોટાં દાન આપે છે. પરિણામે તેમને ભારે માન મળે છે. સ્વાગત-સમારોહ થાય છે. તેને પરિણામે અભિમાન ઘણું વધી જાય છે. ભગવાન કહે છે કે મારા ભક્તોને આમ હોતું નથી. તેમને માન, અપમાન સમાન છે. સાચો સાધુ તો ઘેર ઘેર ફરીને ખાય, કેમ કે તેમાં કોઈ અપમાન પણ કરે, કોઈ સન્માન કરે, તે બંનેની તેના દિલ પર અસર થાય તો કપડાં ભગવા પહેર્યા છતાં સંત ન કહેવાય. એ જ રીતે ભક્તે પણ માન-અપમાનને સમાન ગણવાનાં છે. ભક્ત ખોટું લગાડતો નથી, મનમાં ઓછું લાવતો નથી. સંતમાં સાધના અને તપ હોય છે. પણ તે કોઈને શાપ આપતો નથી. સાચો સંત તો સારાનરસાનો વિચાર કરતો નથી. કોઈ સ્વાગત કરે, ફૂલ ચઢાવે કે પથ્થર મારે; તેના માટે તો બધું જ સરખું છે. આવો વ્યવહાર કરનારનો તેઓ વિચારસુદ્ધાં કરતા નથી. આપણામાં જો સામો માણસ ખરાબ છે એવો વિચાર આવે તો તેના દોષો આપણામાં પ્રવેશે છે. તેમ સમજવાનું છે. આપણે કોઈની બુરાઈ શા માટે જોઈએ? બીજો શું કરે છે તે આપણા મનમાં શા માટે

વિચારીએ? ખરેખર તો આપણે શું કરીએ છીએ તે વાત જ મનમાં રાખવી જોઈએ.

આખી દુનિયા એક હરોળમાં, એક પંક્તિમાં ઊભી છે. દરેકની પાસે બે થેલી છે : એક કુકર્મની અને એક સત્કર્મની. દરેક વ્યક્તિ સત્કર્મ બીજાને બતાવવા માગે છે, એટલે તેની થેલી આગળ ધરે છે અને દુષ્ટકર્મની થેલી પાછળ છુપાવી રાખે છે, પણ થયું છે એવું કે બધાં એક જ લાઈનમાં છે, એટલે પાછળના માણસની નજર કુકર્મો ઉપર જ જાય છે. આમ બધાંની નજર કુકર્મોની થેલી પર છે, સૌ કુકર્મોનો વિચાર કરે છે. તેની રહેણીકરણી અને કર્મ સારાં નથી તેમ વિચારે છે. માણસ તો પોતાનાં સત્કર્મોની જ વાત કરે છે પણ તેના પર લોકોની નજર જતી નથી. ભગવાન કહે છે કે મારા ભક્તોની નજર પવિત્ર, સારી છે તેટલે તેને બધું સારું જ દેખાય છે. તેની નજર દોષો તરફ જતી નથી. તેના વિચાર પવિત્ર હોય છે. તે બુરું જોતો નથી.

દુનિયાની દૃષ્ટિમાં માન બહુ મોટી ચીજ છે. માન ન મળે અથવા અપમાન થાય તો માણસ બેચેન બની જાય છે. પણ સમજવું જોઈએ કે લોકો માન આપે છે ત્યારે આપણી પાસેથી કંઈ ને કંઈ લેવા માટે માન આપે છે. નમસ્કાર પણ ભજન, તપ આદિનું ફળ લેવા માટે લોકો કરે છે. જાણે નમસ્કાર કરીએ અને કોઈક આશીર્વાદ મળી જાય. આશિષ આપવાથી તો તપનો વ્યય થાય છે. સંસારમાં જેટલું માન તેટલો જ પુણ્યનો ક્ષય થાય છે. એટલે માનથી દૂર રહેવું જોઈએ. અપમાનથી કોઈ નુકશાન થતું નથી. સમયે સમયે શત્રુ અને મિત્ર, હેરાન કરનારા અને સેવા કરનારા સૌ મળતા જ રહે છે. તેમની પ્રત્યે રાગદ્વૈષ રાખવો જોઈએ નહીં. રાગ અને દ્વૈષ બંને આગ છે.

સ્વનું પરિવર્તન કરીને રાગદ્વૈષનો ત્યાગ કરીએ તો શાંતિ મળે. માણસો સ્નેહ કરે તો મોહ, માયા, મમતા અને આસક્તિ વધે છે. એવા માણસો આપણને સંસારમાં બાંધે છે, પણ જ્યારે ઘરમાં કે બહાર અપમાન થાય ત્યારે સંસાર છૂટે છે. સુગ્રીવને ભાઈએ દુઃખ દીધું તો તેને ભગવાન મળ્યા. પાંચ વર્ષના ધ્રુવે વિચાર કર્યો કે લોકો અપમાન કરે ત્યાં શા માટે રહેવું ? કેમકે તે મનસ્વી હતો. તો તેનું અપમાન પણ અમૃત બની ગયું ને તેને ભગવાન મળ્યા. અપમાનથી શક્તિનો વિકાસ થાય છે અને મનોવૃત્તિ ભગવાન તરફ જાય છે. કોઈ આપણને માન આપે તો કંઈક આપણી પાસેથી લઈ જાય છે. આપણા ત્યાગની શક્તિને લૂંટતો જાય છે. કોઈ અપમાન કરે તો આપણું કાંઈ લઈ જતો નથી! માન તો કાંટાળો તાજ છે. એક વખત માન મળ્યા પછી આપણામાં રહેલો અહમ્ બલિષ્ઠ થાય છે અને આપણો નાશ થાય છે. અપમાનથી તો આપણે આપણાં કર્મો પ્રત્યે સતેજ રહીએ છીએ અને કર્મોને તપાસતા રહીએ છીએ, એટલે આપણે પાપ કરતાં અચકાઈએ છીએ. તો પછી માનનો કાંટાળો તાજ પહેરવા કરતાં અપમાનની રેશમી કફની ઓઢીએ તો...!



૩૮. મૃત્યુ તત્ત્વ

કવિશ્રી જયેન્દ્રસિંહજી જાડેજા 'ફ્રાની'ની ગઝલના નીચેના શેઅરને સમજવા માટે એમાં રહેલું આધ્યાત્મિક ચિંતન, ભાવસંવેદન અને કવિચેતના સમજવી જરૂરી થઈ પડશે. એમની ગઝલમાં રહેલ અનુભૂતિના અંતર્જગતનો રણકો આપણને હચમચાવી મૂકે છે. કલ્પના, ઊર્મિ અને ચિંતનના પ્રભાવમાંથી કળાનું સર્જન થાય છે. તે આ ગઝલ વાચતા સમજાય છે. કવિએ ગઝલનો છંદ ખફિફ (ફ્રાઈલાતુન/મુફ્રાઅલુન/ફ્અલુન એટલે કે ગાલ ગાગા/લગા લગા/ગાગા) પસંદ કર્યો છે. પરંતુ ગઝલના સ્થૂળટ પ્રકારના શબ્દોમાં ઊતરવા કરતાં કૃતિના અભ્યંતર ભાવવાતાવરણમાં જ શ્વસીએ. ગઝલનો આરંભ મૃત્યુતત્ત્વનો ઉદ્‌ઘોષ કરીને શરૂ થાય છે.

બંધ કરશે હૃદય ધબકવાનું,
કાષ્ટ થઈને પછી ભભકવાનું.

ધર્મ, તત્ત્વજ્ઞાન અને કળા સાથે સંકળાયેલ વ્યક્તિ તેની સંસ્કૃતિયાત્રામાં નિપજાવેલાં કારણો દ્વારા સંતો, જ્ઞાનીઓ, કલાકારો એમની વિશેષ અને વિશિષ્ટ સૂઝ-સજ્જતાથી જીવન-મરણનું આકલન કરવાની વધારે શક્તિ દાખવે છે અથવા એ રહસ્યને મુખોમુખ થવાની વધારે ક્ષમતાપૂર્વક મથામણ કરે છે. માણસને જીવન-મૃત્યુનું દર્શન એક રીતે તો પ્રત્યક્ષ છે કે, '**जातस्य हि ध्रुवो मृत्यु :**' (શ્રીમદ્ ભગવદ્‌ગીતા) અર્થાત્ 'જે જન્મ લે છે તેનું મૃત્યું પણ નિશ્ચય છે જ.' વળી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એમ પણ કહેવાયું છે કે, '**ध्रुव जन्म मृतस्य च**' અર્થાત્ 'જે અસ્તિત્વમાં છે, જે જીવનસ્વરૂપ છે, તેનો સર્વ વિનાશ થતો નથી, પરન્તુ તેનું બાહ્યસ્વરૂપ બદલાઈ જાય છે. ભારતીય તત્ત્વજ્ઞાનીઓએ મૃત્યુને એક મંગલસ્વરૂપ પ્રદાન

કર્યું છે. '**यत्रानः पूर्वे पितरः समासते ।**' (ઋગ્વેદ) અર્થાત્ 'તમે તમારા પૂર્વજો અને યમરાજની સાથે આનંદમાં રહેજો.'

કવિ 'ફ્રાની' એ મૃત્યુના ભાવને સરળ બાનીમાં ગઝલના શએર દ્વારા આવર્તિત કરીને વધુ સંતર્પક અને લાઘવપૂર્ણ રીતે રજૂ કરેલ છે. પ્રથમ દૃષ્ટિએ સાવ સરળ લાગતા આ શએરની ગહનતાને માણવા જેવી છે. 'ઈશાવાસ્યોપનિષદ'માં આ જ ભાવ આ રીતે વ્યક્ત થયો છે. '**भस्मन्तं शरीरम्**' અર્થાત્ : 'આ શરીરનો અંત ભસ્મમાં આવે છે.' અને તે ભસ્મમાં પરિણમે છે.

હૃદય શ્વાસ અને ઉચ્છ્‌વાસ સાથે અવિનાભાવી સંબંધે જોડાયેલું છે, એટલે જ શ્વાસ એ જીવન છે અને ઉચ્છ્‌વાસ એ મૃત્યુ છે. મૃત્યુ એ તો સમયના ચકડોળનું માત્ર અલ્પવિરામ છે. પૂર્ણવિરામને પામવા માટે જીવતત્ત્વ હમેશાં મથામણ કરતું હોય છે, પુનઃ પુનઃ જન્મ અને મૃત્યુના ચક્કરમાંથી છૂટવા માટે કાળક્રમે જીવનનું મૃત્યુમાં પરિણમન થતું જોઈને માણસને મૃત્યુની અનિવાર્યતાનું ભાન થાય છે, તો વળી મરણની સાથોસાથ ચાલતી નવજન્મની પ્રક્રિયામાં એને જીવન-મૃત્યુ એક નિરંતર ફરતા ચક્રની અવસ્થા રૂપે પ્રતીત થાય છે. એટલે જ '**ध्रुव जन्म मृतस्य च**' કહેવાયું હશે માટે જ મૃત્યુ એ તો પરમતત્ત્વ તરફનું પ્રયાણ છે ! '**असतोऽमा सत्गमयः तमसो मा ज्योतिर्गमयः ॥**' કવિ એટલે જ કહે છે કે, જ્યારે હૃદય ધબકવાનું બંધ કરે છે. ત્યારે જીવનતત્ત્વનો લોપ થાય છે. આ જીવનતત્ત્વનો લોપ થાય ત્યારે આત્મા જળ, વાયુ, અગ્નિ, પૃથ્વી અને આકાશરૂપી પંચતત્ત્વના બનેલા આ સ્થૂળ શરીરનો ત્યાગ કરીને પરમ્‌જ્યોતિ તરફ પ્રયાણ કરે છે. આ પરમ્ જ્યોતિ તે અક્ષરધામ પુરાણોક્ત અનુસાર અક્ષરધામમાં ગયા પછી જન્મ અને મૃત્યુનો ફેરો ટળી જાય છે.

ઘટિકાયંત્રની રેતીના કણ એક પછી એક સર્યે જાય છે. તે રીતે આપણે પણ દરેક ક્ષણે ક્ષીણ થતા જઈએ છીએ. એટલે કે, '**अस्ति जायते, वर्धते, विपरिणमते, अपक्षियते नश्यति ।**' અર્થાત્ : 'એ છે, જન્મ લે છે, વધે છે, તેમાં પરિવર્તન થાય છે, તે ક્ષીણ થાય છે અને નષ્ટ થાય છે.' પરંતુ

ઘટિકાયંત્રની ઉપરની બાજુએ રેતીનો એક પણ કણ ન રહે અને રેતીનો છેલ્લો કણ નીચેના અર્ધગોળામાં આવે ત્યારે પૂર્ણવિરામ પ્રકટ થાય છે. એટલે જ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં 'ध्रुवं जन्म मृतस्य च ।' કહ્યું હશે. જીવતત્ત્વ સનાતન છે ને મૃત્યુ તેનો એક વિવર્ત માત્ર છે એમ સમજાય છે ત્યારે કવિ કહે છે કે,

અંક ત્રીજો તરત શરૂ થાશે,
શોધ બહાનું હવે છટકવાનું.

બાલ્યાવસ્થા ધીંગામસ્તીમાં યુવાની જીવનને સ્થિર કરવામાં વીતી જાય છે. આમ જીવનના બે અંકો તો પૂરા થાય છે, પછી ત્રીજો અને છેલ્લો અંક વૃદ્ધાવસ્થાનો શરૂ થાય છે. આ શએરમાં પણ કવિ 'ફાની'એ મૃત્યુથી છટકવા માટે કોઈ સબળ બહાનું શોધ્યું છે. પરંતુ જન્મ અને મૃત્યુ. એ તો અવિનાભાવી સંબંધે જોડાયેલો અવિભાજ્ય ક્રમ છે. એટલે જ જીવમાત્રને મૃત્યુ અવશ્ય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે, 'जातस्य हि ध्रुवो मृत्यु : ।'તો પછી મૃત્યુથી ડરવાનું કોઈ કારણ ખરું ? મૃત્યુનો ઉત્સવ હોય એનો શોક ન હોય. શોક એટલે જ એમ સમજવાનું કે આપણે મૃત્યુથી ડરી ગયા છીએ. વળી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એમ પણ કહ્યું છે કે,

अन्तकाले च मामेव स्मरणन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति मद्भावम् याति नास्त्यत्र संशय : ॥
(અ:૮:૫)

અર્થાત્ :

'અંતકાળે મારું જ સ્મરણ કરતો કરતો જે કોઈ દેહ છોડે છે તે મારા સ્વરૂપને પામે છે. એમાં સંશય નથી.' તો પછી ડરવાનું કે મરવા માટે કોઈ બહાનું કાઢવાની જરૂર ખરી ?

આ જન્મ તો આવતા જન્મની તૈયારી છે. પરંતુ જે જડવાદીઓ છે તેઓ માને છે કે શરીર નષ્ટ થાય છે, આત્મા અથવા પરલોક જેવું કશું છે જ નહીં. એમને મતે શરીર સિવાય અન્ય કોઈ તત્ત્વ નથી, એટલે શરીરના

પતન સાથે સર્વનો નાશ થાય છે. 'आंख बंध हुई फिर डूब गई दुनिया' તો 'ચાર્વાક' એમ પણ કહે છે કે, 'भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ।' અર્થાત્ : 'દેહ નષ્ટ થઈ જાય પછી એ પાછો ક્યાંથી આવે ?' આમ જડવાદીઓ મૃત્યુને પૂર્ણવિરામ માને છે. એટલે જ સ્વામી રામતીર્થના શબ્દોમાં કહીએ તો, 'નાસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિકને મન ઈશ્વર પૂર્ણવિરામ છે.'

વિશ્વવિખ્યાત ચિંતક હાઈડેગર માને છે કે, મૃત્યુ તો આપણા અસ્તિત્વનું હાર્દ છે. આપણે આપણી જાતિને અખિલાઈમાં જોવી હોય તો તે મૃત્યુને કારણે શક્ય બને છે. મૃત્યુ માણસના જીવનને નવો અર્થ આપે છે, તે માણસને સત્ તત્ત્વ તરફ દોરે છે, મૃત્યુને કારણે અસ્તિત્વને જાગરણ મળે છે.

હિન્દુ અને જૈનદર્શનોમાં સ્વીકારેલું છે કે, આત્મા અનાદિ, અવિનાશી અને અપ્રમેય છે. માત્ર શરીરને નાશવંત કહ્યું છે –

नैनं छिन्दति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः ॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા : અ : ૨:૨૩)

અર્થાત્ :

'આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી, અને પવન સૂકવી શકતો નથી.'

આવું જાણતા હોવા છતાં પણ આપણે મૃત્યુથી ડરીએ છીએ. ત્રીજો અંક પડતાં જ આપણે મૃત્યુથી છટકવા માટે બહાનાં શોધતાં હોઈએ છીએ, મૃત્યુથી દૂર ભાગતા ફરીએ છીએ. જયદ્રથ મૃત્યુથી બચવા અજ્ઞાતવાસમાં જતા રહ્યા, તેમ છતાં પણ મૃત્યુએ તેનો પીછો છોડ્યો નહીં અને આખરે અર્જુનના હાથે જ તેમનું મૃત્યુ થયું. એટલે જ કવિ 'ફાની' ઊલટભેર કહે છેઃ

જે ઈસમને મળ્યા ઘણી વેળા,
એને મળવામાં શું થડકવાનું ?

આ 'ઈસમ' તે કોણ ? ખુદ ઈશ્વર અથવા તો જેને આપણે 'પરમ્ તત્ત્વ' તરીકે ઓળખીએ છીએ તે. આ પરમતત્ત્વને પામ્યા પછી તેને મળવા માટે ક્ષોભ શું કામ અનુભવવો જોઈએ? અહીં કવિ 'ફાની' ની જીવન-મૃત્યુ વિષયક એક પ્રકારની શ્રદ્ધા પ્રકટ થાય છે. 'બેફામ' નો એક શેઅર છે :

'બેફામ' તો યે કેટલું થાકી જવું પડ્યું,
નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.

ભયંકર અકસ્માત થયો હોય કે ધરતીકંપ થયો હોય. કેટલાયે માણસો એ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હોય, પણ આશ્ચર્યની વાત એ કે એ અકસ્માતમાં એક વર્ષનું નાનું બાળક બચી જાય, એટલું જ નહીં પણ જીવવા માટે પોતાના પગનો અંગૂઠો મોંમા મૂકીને (જીવનરસ) ચૂસતું હોય ! તો તેને જીવાડનારું આ તત્ત્વ આવ્યું ક્યાંથી ? ખરેખર એટલે જ જીવન અને મૃત્યુ તો માણસના જન્મની સાથે જ નક્કી થયેલું છે.

जातस्य हि घ्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्माद परिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા : અ : ૨ : ૨૭)

અર્થાત્ :

'જન્મેલાનું મરણ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ના શકાય એવા વિષયમાં શોક કરવો એ તને (અર્જુન) ઘટે નહીં.'

જન્મ જેટલો આનંદદાયક છે, તેમ મૃત્યુ પણ એક ઉત્સવ છે. મૃત્યુ એ સત્યજીવનનો વિવર્ત છે. એટલું જ નહિ, મર્ત્યજીવન અમર જીવનના વિકાસનું એક પગથિયું છે. તો પછી એનાથી ડરવાનું કોઈ કારણ ખરું ? કારણ કે એ તો નિર્મિત કરેલું જ હોય છે. ભયંકર અકસ્માતમાંથી બચી ગયેલો માણસ ઠોકર વાગતાં જ મૃત્યુ પામે છે. ઈશ્વરે તો શ્વાસના અંતિમ ચરણ સુધી પહોંચવા કેટલા શ્વાસોચ્છ્વાસ લેવાના છે તે નક્કી જ કરી રાખ્યું છે. તો પછી એ પરમતત્ત્વ એવા ઈશ્વરને મળવા માટે પડકાર શા માટે અનુભવવો?

કવિનું ચિંતન અને શ્રદ્ધા પરસ્પરમાં એકરસ થઈને ગળીઓગળીને કાવ્યરૂપે અવતરે છે ત્યારે ચિંતન સંવેદનરૂપે પ્રકટ થાય છે.

ખાનગી ખાસ વાત કહી દઉં લે,
મોત મારું મને ખટકવાનું.

કવિ 'ફાની' ની આ ગઝલમાં ચિંતનની સાથે સાથે અધ્યાત્મતત્ત્વનાં દર્શન થાય છે. ટોચ ઉપર પહોંચવા માટે માણસે નીચી નજરે જ ટોચ સુધી જવું પડે છે. જો નીચી નજર ન રાખીએ અને ટોચ સામે જ નજર રાખીને ચાલીએ તો ઠોકર વાગે અને ગબડી પડાય. આ તો ગઝલના શઅેરના બાહ્યસ્વરૂપની વાત થઈ, પરંતુ શઅેરના અંતઃસ્વત્વને તપાસીએ તો જ સમજાય કે માણસ જેમ જેમ ઉન્નતિનાં શિખર સર કરતો જાય છે તેમ તેમ તેણે વધુને વધુ નમ્ર બનવું પડે છે. નહીં તો અધોગતિની ખીણમાં પડવું પડે છે. એટલે જ કવિ 'ફાની'એ કહ્યું હશે કે –

ટોચ પર બેસતાંની સાથે તું,
શીખજે ખીણમાં સરકવાનું.

ઉન્નતિની સાથે સાથે જ પતનની શરૂઆત થતી હોય છે. ઉન્નતિ જેટલી ઉજ્જ્વળ હોય છે એટલું જ પતન અંધકારમય હોય છે. એ અંધકારને જીવનમાં ઓળઘોળ કરતાં શીખવું જોઈએ. ટોચ ધારદાર હોય છે અને ત્યાં ટકી રહેવા જગ્યા પણ ઓછી હોય છે. એટલે જ ઓછી જગ્યામાં ટકી રહેવું ઘણું જ મુશ્કેલ હોય છે. એટલે જ ઉચ્ચાસને/વ્યાસપીઠે ટકી રહેવું ઘણું જ અઘરું હોય છે. આપણામાં રહેલ અહમ્તત્ત્વ આપણને તે સ્થાને વધુ ટકવા દેતું નથી. એટલે જ ખીણમાં સરકતાં શીખવાનું કવિ કહે છે.

વ્યક્તિની શક્તિઓને ઓળખ્યા વગર જ તેનું મૂલ્યાંકન કરવું એ અનર્થને આમંત્રે છે. જેના વિશે આપણે કંઈ જ ન જાણતા હોઈએ તેના વિશે સારો કે ખોટો અભિપ્રાય આપવા બેસી જઈએ છીએ ત્યારે તે વ્યક્તિને કાં તો ન્યાય મળે છે કે અન્યાય મળે છે. વ્યક્તિને ઓળખ્યા વગર તેનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી. આ સાવ સાદી વાત કવિ માત્ર બે જ મિસરામાં

વ્યક્ત કરે છે.

આજ તગડી મૂકે ભલે કિન્તુ,
કાલ ટોળું મને બરકવાનું.

જેનાં વિશે ખોટાં મૂલ્યાંકનો કર્યા હોય તે જ વ્યક્તિની ઓળખ થાય અને આપણી મિત્ર બનીને આવે ત્યારે આપણે કરેલાં મૂલ્યાંકનો ખોટાં પુરવાર થાય છે. સાવ સાદી વાતને કવિએ સરળ બાનીમાં વ્યક્ત કરી છે.

ફરી પાછા કવિ 'ફ઼ાની' અધ્યાત્મિક ચિંતનમાં ભાવકને અવગાહ કરાવે છે. તેમની ગઝલના અંતિમ શએરમાં તેઓ કહે છે –

આવી ઊભો છે શેર મકતાનો,
ચાલ 'ફાની' અહીં અટકવાનું.

કવિ 'ફ઼ાની' ભારતીય આસ્તિક દાર્શનિક કોટિના ચિંતક-કવિ છે. તેઓ માને છે કે જીવન ધારાવાહિક અન ચિરંતન છે મૃત્યુ તો સળંગ જીવન વચ્ચેની પાતળી ભેદરેખા માત્ર છે. એટલે જ તેઓ કહે છે કે જીવનની અંતિમ પળે 'આવી ઊભો છે શેર મક્તાનો.' મૃત્યુ આઘાતજનક છે, પણ પ્રભુશ્રદ્ધાથી, અંતઃકરણની બળકટ પ્રાર્થનાથી પ્રેરાઈ તેના આઘાતને સહી શકાય છે. મૃત્યુને આવેલા સરળ ભાવથી આવકારનાર કવિ પોતાને જ ઉદ્દેશીને કહે છે, 'ચાલ ફ઼ાની અહીં અટકવાનું' છે. હવે આગળ રસ્તો નથી. જીવનનો ત્રીજો અંક શરૂ થતાં જ આપણો આ બળકટ અને દિલોજાન કવિ આપણા કરતાંય મૃત્યુ તેનો બળુકો મિત્ર બન્યો અને તારીખ ૧૧ ફ઼ેબ્રુઆરી '૯૫ ને શનિવારની સવારે ૩-૧૫ કલાકે એ બળુકા મિત્રની આંગળીને પકડીને દિવ્ય જ્યોતિ તરફ઼ પ્રયાણ કરી ગયો. કવિએ તેમના એક મુક્તકમાં કહ્યું છે કે –

કામ અંતે તો એ જ કરવાનું,
લાકડું થઈ બળીને મરવાનું.
જિંદગી સૂર્ય જેમ જીવ્યો છું,
ભાગ્ય કે ચેહમાં તો ઠરવાનું.



૩૯. વાસના

વાસનાને આપણે જન્મજન્માંતરથી લઈ આવ્યા છીએ. તો કેટલીક આપણે આ જન્મે પેદા કરીએ છીએ. ચારે તરફ઼ કંસ ઊભા છે. તેમને વળોટીને ભગવાન પાસે પહોંચવાનું છે. ભગવાન પાસે પહોંચવા માટે ભગવાનનું સ્મરણ સતત શ્વાસોચ્છ્વાસે કર્યા કરવાનું છે. જેમ ઈયળને ડંખ વાગ્યા પછી ભમરી થઈ જાય છે, તેમ ભગવાનના અસ્તિત્વનું સ્મરણ સતત રહેવું જોઈએ, તો જ ભગવાનમય થઈ શકાય. એટલે જ આપણે જે કંઈ કામ કરીએ, જે કંઈ ખાઈએ તે ભગવાનને સમર્પિત કરવું જોઈએ. જેઓ પોતાનું ભોજન ભગવાનને અર્પણ કરતા નથી તેઓ પાપ ખાય છે, એટલે કે તેમના ભોજનનો પ્રત્યેક કોળિયો તેમને ભૌતિક પ્રકૃતિના ગૂંચવાડામાં ઊંડે ને ઊંડે લઈ જાય છે. ભગવાનને તો પત્રમ્ પુષ્પમ્ ફ઼લમ્ અને તોયમ્‌ની જરૂર છે. શાકાહારી વાનગી તૈયાર કરીને ભગવાનને સમર્પિત કરી, અર્પણ કરી તેને સ્વીકારવા પ્રાર્થના કરીને પછી જ આપણે તેનો ઉપભોગ કરવો જોઈએ. આ નિત્યક્રમ મનુષ્યજીવનમાં એકધારી પ્રગતિ કરી શકે છે. શરીરને શુદ્ધ અને મગજના કોષોને તેજસ્વી બનાવી શકે છે.

શુદ્ધ થવા માટે અને જીવનનું લક્ષ્ય પામવા માટે જે મનુષ્ય ભગવાનની પ્રેમભક્તિમાં પરોવાઈ જાય છે. તેણે જાણવું જોઈએ કે ભગવાન તેની પાસેથી શી અપેક્ષા રાખે છે ? ભગવાન તો પ્રેમ, શ્રદ્ધા અને ભાવની,

ભક્તિની અપેક્ષા રાખે છે. અર્પણ પ્રેમભાવે કરવું જોઈએ. ભગવાનને ખોરાકની જરૂર નથી, પાણીની જરૂર નથી, ભૌતિક વસ્તુઓની જરૂર નથી. કારણ કે વિશ્વમાં જે કાંઈ છે તે બધું જ તેમનું છે, તેમણે નિર્મિત કરેલું છે. ભગવાન તો ભાવના ભૂખ્યા છે – અને તેમને પ્રસન્ન કરવા ઈચ્છતા મનુષ્યે ધરાવેલું તે સ્વીકારે છે ! ફક્ત ભગવાન માટે પ્રેમથી પકાવવું, પીરસવું અને અર્પણ કરવું જોઈએ. તો તે અમૃતમય થઈ જાય છે.

ભગવાનને પ્રેમ, ભાવ, શ્રદ્ધા અર્પણ કરવામાં આવે તો તે કેટલાય ઘણું વધે છે. જ્યારે આ પ્રેમ, ભાવ શ્રદ્ધા ભૌતિક સંસારમાં રાખવામાં આવે તો તે ખર્ચાઈ જાય છે. ક્ષય પામે છે. આમ જાણવા છતાં આપણે દરેકની ઉપર શ્રદ્ધા રાખીએ છીએ. પરંતુ ભગવાન ઉપર શ્રદ્ધા રાખતા નથી. કંડક્ટર ટિકિટની સાથે છૂટા પૈસા આપે તો તે ગણ્યા વગર જ આપણા ખિસ્સામાં મૂકી દઈએ છીએ. શાકમાર્કેટમાંથી પાણી છાંટેલું, વાસી, સડેલું શાક આપણી થેલીમાં મૂકી દઈએ છીએ. પણ જેના વડે સર્વ જગતનું સંચાલન થાય છે તેવા ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સર્જનહાર ઈશ્વરમાં આપણે શ્રદ્ધા રાખતા નથી. જ્યાં ક્ષય થાય છે – ક્ષીણ થાય છે – ઓછું થાય છે તે આપણને ગમે છે. પણ જ્યાં બમણું થાય છે તે આપણને ગમતું નથી ! કારણકે ભગવાન પ્રત્યે આપણી શ્રદ્ધા ઘટી છે, આપણે નિરશ્વરવાદી બની ગયા છીએ. તેનું કારણ આપણે ભૌતિકવાદી બની ગયા છીએ.

સૂકું પાંદડું પવનલહેરે દોડે તેમ ભગવાનનાં કાર્યો માટે દોડવું જોઈએ. કૂંપળમાંથી પાંદડું અને પાંદડાને લીલાશ દેનાર ભગવાન છે અને સૂકું કરનાર પણ ભગવાન જ છે. તેમ છતાં પણ સૂકું પાંદડું પણ ભગવાન પ્રતિ શ્રદ્ધા

રાખે છે. નવી કૂંપળની આશામાં તમે ગમે તેવા સંજોગોમાંય ભગવાનનું વિસ્મરણ ન થાય એવું જીવનઘડતર કરવાની દરેક મનુષ્યની ફરજ છે. જીવવા માટે દરેક માણસે કામ કરવું જોઈએ. મનુષ્યે સઘળાં કર્મ ઈશ્વર માટે કરવાં જોઈએ. પરંતુ જે દુરાચાર કરે છે તે કદી ભગવદ્‌ભક્ત થઈ શકતો નથી અને જે ભક્ત નથી તેની કોઈ સારી યોગ્યતા નથી એમ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. પ્રશ્ન એ રહે છે કે જે મનુષ્ય જાણ્યે અજાણ્યે દુષ્કર્મ કરવામાં પ્રવૃત રહે છે તે કેવી રીતે શુદ્ધ ભક્ત થઈ શકે ? સામાન્ય રીતે જે ભક્ત નવધા ભક્તિનાં કર્મોમાં પરોવાયેલો રહે છે તે વાસ્તવમાં ભૌતિક ભ્રષ્ટતાના મળને સાફ કરવામાં લાગેલો હોય છે તે પોતાના હૃદયમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને સ્થાપે છે અને તેથી એના બધા પાપદોષો સહેજે ધોવાઈ જાય છે. ભગવાનના સતત ચિંતનમનનથી તે સ્વભાવે જ શુદ્ધ બને છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું સતત સ્મરણ કરવાથી હૃદયમાં શુદ્ધિકરણની પ્રક્રિયા ચાલતી હોય છે.



૪૦. વિશ્વાસ - વિવેક

સંસારનો સંબંધ-વિચ્છેદ કરી પરમાત્માને પ્રાપ્ત કરવાની ત્રણ મુખ્ય સાધના છે : કર્મયોગ, જ્ઞાનયોગ, અને ભક્તિયોગ. ભાગવતમાં ભગવાન કહે છે :

योगास्त्रयो मयाप्रोक्ता नृणां श्रेयोविधित्सया ।
ज्ञानं कर्मं च भक्तिश्च नोपायोडन्योडस्ति कुत्रचित्त ॥

(શ્રીમદ્ ભાગવત : ૧૧ :૨૦ : ૬)

અર્થાત્ :

'પોતાનું કલ્યાણ કરનાર ઈચ્છનાર મનુષ્યો માટે મેં ત્રણ યોગમાર્ગ બતાવ્યા છે : જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ. આ ત્રણ સિવાય બીજો કોઈ (ઉત્તમ) માર્ગ નથી.'

કર્મયોગ તથા જ્ઞાનયોગમાં સંસારથી સંબંધવિચ્છેદ મુખ્ય છે અને ભક્તિયોગમાં ભગવાન સાથે સંબંધ જોડવાનો છે. એટલે જે કર્મયોગ તથા જ્ઞાનયોગ 'લૌકિક સાધન' છે અને ભક્તિયોગ 'અલૌકિક સાધન' છે. લૌકિક સાધન 'વિવેક માર્ગ' છે અને અલૌકિક સાધન 'વિશ્વાસ માર્ગ' છે. વિવેકમાર્ગમાં વિવેક મુખ્ય છે અને શ્રદ્ધા-વિશ્વાસ ગૌણ છે તથા વિશ્વાસમાર્ગમાં શ્રદ્ધા-વિશ્વાસ મુખ્ય છે અને વિવેક ગૌણ છે. સંસારમાં સંબંધ-વિચ્છેદ કરવામાં વિવેક કામ આવે છે અને ભગવાન સાથે સંબંધ જોડવામાં વિશ્વાસ કામ આવે છે. સાધકથી કદાચ ભૂલ થાય છે કે તે વિવેકમાં વિશ્વાસ અને

વિશ્વાસમાં વિવેકને જુએ છે. અર્થાત્ વિવેકમાર્ગમાં વિશ્વાસ મુખ્ય અને વિશ્વાસમાર્ગમાં વિવેક મુખ્ય છે. એ કારણે તે સિદ્ધિ પ્રગટ કરતો નથી. 'સંસારથી મારો સંબંધ છે કે નહિ એમાં વિશ્વાસ કરવો જોઈએ નહિ. પરંતુ વિવેક કરવો જોઈએ."ભગવાન છે કે નથી અને તે મારા છે કે નથી' એમાં વિવેક નહિ પરંતુ વિશ્વાસ કરવો જોઈએ. કારણ કે જગત તથા જીવ વિચારનો વિષય છે અને ભગવાન માત્ર વિશ્વાસ (માન્યતા)નો વિષય છે. વિવેક (વિચાર) ત્યાં આવે છે. જ્યાં સંદેહ થાય છે અને સંદેહ અલ્પજ્ઞાનથી અથવા અધૂરા જ્ઞાનથી થાય છે. તાત્પર્ય એ કે જે વિષયમાં આપણું આંશિક જ્ઞાન છે, અર્થાત્ કંઈક જાણીએ છીએ, કંઈક જાણતા નથી. ત્યાં વિવેક કામ આવે છે. પરંતુ જે વિષયમાં કંઈ જ જાણતા નથી. ત્યાં વિશ્વાસ કામ આવે છે. વિશ્વાસમાં શંકા નથી હોતી.

જ્ઞાની સંસાર સાથેના સંબંધનો ત્યાગ કરે છે અને ભક્ત માત્ર ભગવાન સિવાય અન્ય કોઈ સાથે સંબંધ જોડતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાની 'હું' અને 'મારું' નો ત્યાગ કરે છે અને ભક્ત 'તું' અને 'તારું' નો સ્વીકાર કરે છે. એટલે જ જ્ઞાની પદાર્થ અથવા ક્રિયાનો ત્યાગ કરે છે. જ્યારે ભક્ત પદાર્થ અથવા ક્રિયાને ભગવાનને અર્પણ કરે છે. (શ્રીમદ્ ભગવદ્ ગીતા અઃ ૯ઃ ૨૬-૨૭) અર્થાત્ એને પોતાનું ન માની ભગવાનનું અને ભગવદ્સ્વરૂપ માને છે. ત્યાગની અપેક્ષા અથવા એની સેવામાં આપણી ઈચ્છાઓને અર્પણ કરવાનું સરળ થઈ પડે છે. પછી તો જે પરમ શ્રદ્ધાસ્પદ, પ્રેમાસ્પદ ભગવાન છે, એને અર્પણ કરવાની સરળતાનું તો કહેવું જ શું ? કેમકે સંપૂર્ણ વસ્તુઓ (માત્ર સંસાર) પહેલેથી જ ભગવાનની છે. એને ભગવાનને અર્પણ કરવું એ આપણી ભૂલને સુધારી લેવાનું છે. સંસારને

ભગવાનનો માનીએ એ જ ક્ષણથી સંસારથી સંબંધ વિચ્છેદ થઈ જાય છે. એટલે સંસારથી સંબંધ વિચ્છેદ કરવા માટે ભક્તને વિવેકની જરૂર નથી. તાત્પર્ય એ કે ભક્ત સંસારથી સંબંધ વિચ્છેદ કરતો નથી. પરંતુ એને ભગવાન અને ભગવદ્સ્વરૂપ માને છે.

વિવેક પારમાર્થિક વિષયમાં પણ કામ કરે છે. અને ભૌતિક વિષયમાં પણ. લૌકિક વિષયમાં વિવેકનો ઉપયોગ કરી માણસ જાણીતો/મોટો વૈજ્ઞાનિક, જજ્જ, વકીલ, શિક્ષક આદિ બની શકે છે, વિવિધ સંશોધન કરી શકે છે, પરંતુ તત્ત્વપ્રાપ્તિ કરી શકતો નથી. કારણ કે રાગદ્વૈષથી તે પર રહી શકતો ન હોવાથી લૌકિક વિષયોનો વિવેક ભોગ અને સંગ્રહનું મહત્વ વધારી સંસારમાં ફસાતો જાય છે અને પાપોમાં પોતાની જાતને અર્પણ કરી પતનને માર્ગે જાય છે. તાત્પર્ય એ કે સંસારની સત્તા અને મહત્તા સાથમાં રહેવાથી વિવેક બહુ ઘાતક, અનર્થનો હેતુ બની જાય છે. વાસ્તવમાં લૌકિક વિષયોનો વિવેક 'અવિવેક' જ છે. પારમાર્થિક વિષયનો વિવેક અર્થાત્ સત્-અસત્નો વિવેક જ વાસ્તવિક વિવેક છે.

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धि : सा पार्थ सात्त्विकी ॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા : ૧૮:૩૦)

અર્થાત્ :

'સારા-નરસાના વિવેકથી પારમાર્થિક અથવા લૌકિક બંને કાર્ય સારી રીતે થાય છે, કેમકે વિવેકી મનુષ્યની બુદ્ધિ દરેક વિષયમાં કાર્યરત રહે છે.'

પારમાર્થિક વિવેકવાળો મનુષ્ય લૌકિક વિષયોનો ઉપયોગ સારી

રીતે કરી શકે છે. પરંતુ લૌકિક વિવેકવાળો મનુષ્ય વિષયોનો પણ સારી રીતે ઉપયોગ કરતો નથી. એટલે જ સંસ્કૃતમાં એક સુભાષિત છે.

उपभोक्तु न शक्नोति श्रियं प्राप्यापि मानवः ।
आकण्ठ जलमग्नोनोऽपि श्वा लेढिति स्वजिहवया ॥

અર્થાત્ :

'પ્રારબ્ધવશ ધન-સંપત્તિ કરીને પણ અવિવેકી માણસ એનો સદ્ઉપયોગ (ઉપભોગ) કરી શક્તો નથી. જે રીતે ગળા સુધી પાણીમાં ડૂબેલો શ્વાન જીભથી જ જળને ચાટે છે.'

વાસ્તવમાં વિવેક વૈરાગ્યનો જનક છે. જો વૈરાગ્ય ન ઉદ્ભવે તો વિવેક વાસ્તવિક નથી. વિવેકમાં સત્ અને અસત્ હોય છે. એટલે જ વૈરાગ્ય થવા છતાં પણ અન્તઃકરણમાં અસત્ની અતિ સૂક્ષ્મ સત્તા રહેવાથી એની સૂક્ષ્મ સત્તા રહેવાથી એની સૂક્ષ્મવાસના રહી જાય છે. એ વાસના પ્રેમભક્તિથી જ દૂર થાય છે.

प्रेम भगति बिनु रघुराई ।
अभिअंतर मल कवहँ न जाई ॥

(રામચરિતમાનસ : ઉત્ત. ૪૯ - ૩)

આ સૂક્ષ્મ વાસનાને સર્વ રીતે નષ્ટ કરવાની શક્તિ પ્રેમમાં જ છે. પ્રેમ વગર વિચાર્યે સ્વતઃ અસત્ના આકર્ષણનો નાશ કરે છે, કેમ કે સત્તત્ત્વમાં પ્રેમ સમાયેલો છે, એટલે જ અસત્ તરફ દ્રષ્ટિ જતી નથી. सपने है आन पुरुष जग नाहीं (રામચરિત માનસ : અરણ્ય. ૫:૬) તાત્પર્ય એ કે પ્રેમ ભગવાન તરફ આકર્ષે છે. સંસારમાં જે રીતે અર્થપ્રાપ્તિ માટે લોભનું મહત્ત્વ છે. તે રીતે ભગવાનને આકર્ષિત કરવાની શક્તિ પ્રેમમાં છે. આ શક્તિ વિવેકમાં નથી.

હા, જો તીવ્ર જીજ્ઞાસા હોય તો વિવેકમાં પણ સત્તત્ત્વની ઓળખ થાય છે. સત્તત્ત્વની ઓળખ થવાથી તે વિવેક માત્ર વૈરાગ્યનો જનક જ રહેતો નથી, પરંતુ તત્ત્વબોધને પ્રાપ્ત કરનારો બને છે.

વિવેકમાર્ગમાં સત્ અને અસત્, બંનેની માન્યતા સાથે રહેવાથી અસત્ની અતિ સૂક્ષ્મ સત્તા અર્થાત્ અતિ સૂક્ષ્મ અહમ્ લાંબો સમય સાથે રહે છે. આ સૂક્ષ્મ અહમ્ મુક્ત થવા છતાં પણ આંશિક તો રહે છે. આ સૂક્ષ્મ અહમ્ જન્મ-મરણના ચક્કરમાંથી મુક્તિ આપવા દેતો નથી, એટલું જ નહીં, આ પરમાત્માથી અભિન્ન થવામાં પણ બાધક નીવડે છે. એટલે જ વિવેકમાર્ગમાં જ્ઞાનીઓ અથવા દાર્શનિકોની મુક્તિ તો થાય છે, પરંતુ પરમાત્મા સાથે અભિન્નતા અર્થાત્ પ્રેમસંગ થતો નથી, આ સૂક્ષ્મ અહમ્ને કારણે જ દાર્શનિકોમાં અને એમનાં દર્શનોમાં મતભેદ રહે છે. વિશ્વાસમાર્ગમાં આરંભથી જ ભક્ત એક પરમાત્મા સિવાય બીજા કોઈની સ્વતંત્ર સત્તા માનતો નથી. એટલે જ તે પરમાત્મા સાથે એકરૂપ થઈ જાય છે. પરમાત્મા સાથે એકરૂપ થઈ જવાથી સૂક્ષ્મ અહમ્ રહેતો નથી અને એનાથી ઉત્પન્ન થનાર મતભેદ સંપૂર્ણ સમાપ્ત થઈ જાય છે. એટલે જ્ઞાનની એકતાથી પ્રેમની એકતા શ્રેષ્ઠ છે. કારણ કે જ્ઞાનમાં ભેદ રહી જાય છે, પરંતુ પ્રેમમાં કોઈ ભેદ રહેતો નથી.

વિવેકમાર્ગમાં વિવેકપૂર્ણ કરવામાં આવતા સાધનો બે પ્રકારનાં છેઃ વિધેયાત્મક અને નિષેધાત્મક. વિધેયાત્મક સાધનમાં સૂક્ષ્મ અહમ્ રહેલો હોય છે, કારણ કે એમાં અભ્યાસ મુખ્ય હોવાથી અસત્નો આશ્રય રહેલો છે. એમાં સાધકનો એ વિચાર રહે છે કે મારે સત્માં સ્થિતિ કરવી છે. આ વિચાર રહે છે કે મારે સત્માં સ્થિતિ કરવી છે. આ વિચાર રહેવાથી અસત્નો સંગ છૂટવા છતાં પણ સત્માં 'સ્થિતિવાળો' રહી જાય છે. આ સૂક્ષ્મ અહમ્ છે. આ

સૂક્ષ્મ અહમ્ભાવ દાર્શનિકોમાં એકતા થવા દેતો નથી. દાર્શનિકોમાં મતભેદ રહેવાથી એમનાં દર્શનોમાં પણ મતભેદ રહે છે. અર્થાત્ તે પોતપોતાના મત અનુસાર પરમાત્માને માને છે, જો કે સમગ્રનો અંશ (આંશિક) હોય છે, સમગ્ર નહિ. તે પરમાત્માને એના સમગ્રરૂપને જાણતો નથી, જેમાં કોઈ મતભેદ નથી.

દાર્શનિકોની દૃષ્ટિમાં એનો પોતાનો મત સાધ્ય છે, જે વાસ્તવમાં સાધ્ય ન હોતાં સાધનતત્ત્વ છે. (સાધન તો અલગ અલગ હોય છે, પરંતુ સાધનતત્ત્વ એક હોય છે.) વાસ્તવિક સાધ્ય (સમગ્ર પરમાત્મા) કોઈ દાર્શનિક મતભેદ નથી. સૂક્ષ્મ અહમ્ રહેવાથી દાર્શનિકોનો પોતાનો મત (માર્ગ) શ્રેષ્ઠ જણાય છે બીજાનો મત એટલો શ્રેષ્ઠ, લાભદાયક જણાતો નથી. અને એવી માન્યતા હોય છે કે જ્ઞાન વગર મુક્તિ થઈ શકતી નથી અથવા તો નિષ્કામકર્મ વગર મુક્તિ થઈ શકતી નથી. એટલે તે પોતાના મતને સ્થાપિત (મંડન) કરે છે. બીજાના મતનું ખંડન કરે છે પરંતુ તેમાં વિવેકબુદ્ધિથી પોતાનો મત સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે અને તે એવી શુદ્ધ ભાવનાથી કરે છે કે લોકો વિપરીતગામી ન થતાં પોતાનું કલ્યાણ કરી લે. લોકોમાં કલ્યાણનાં ઉદ્દેશથી તે પોતાના મત (માર્ગ)નો પ્રચાર કરે છે, કારણ કે એ મતનો એણે જાતે અનુભવ કર્યો છે અને એમાં તે નિઃસંદેહ થયેલો છે, એને શાંતિ મળી છે એટલે જ એનું એમ કહેવું ઉચિત જ છે. પરંતુ એ દાર્શનિકોના અનુયાયીઓ કદાચ દેહાભિમાનને કારણે પોતાના મતનો આગ્રહ રાખે છે. આગ્રહ રહેવાથી તે પોતાના મતનું અનુસરણ ન કરતાં બીજાનાં મતનું ખંડન કરે છે અને બીજાના મતને માનવાવાળાઓ સાથે દ્વેષભાવ રાખે છે. 'બીજાના મતને માનવાથી પણ કલ્યાણ થઈ શકે છે' - એ વાત એને રુચતી નથી. ઉપરથી તે બીજાના મતને ભ્રમ સમજે છે. તે

એમ માને છે કે બીજાઓને અમારા મતમાં આવવું જ પડશે, ત્યારે જ એનું કલ્યાણ થશે ! એનો બીજાના મતને માનવાવાળાઓથી જે દ્વેષ હોય છે, તે સામાન્ય સાંસારિક રાગદ્વેષથી પણ મજબૂત અને ભયંકર હોય છે. એ દ્વેષને કારણે તે બીજાના મતને સર્વથા નષ્ટ કરવા ઈચ્છે છે! એ રીતે મતભેદ દાર્શનિકોમાં નથી, પરંતુ એના અનુયાયીઓમાં છે.

પોતાના સાધન પ્રતિ કૃતજ્ઞતા મહત્તાનો ભાવ રહેવો એ દોષ નથી, પરંતુ બીજાના મતનું ખંડન કરવું એ દોષ છે. એટલે કે સાધકે બીજાના મતનું ખંડન ન કરીને વધુમાં વધુ એ કહી શકે છે કે 'એ પ્રણાલીને હું જાણતો નથી!' પોતાના ગુણ ગાવામાં આત્મશ્લાઘા કરવામાં દોષ છે. કારણ કે પોતાની અજ્ઞાનતા (અપૂર્ણતા) પ્રકટ કરવામાં બીજામાં પૂર્ણતા દેખાય છે અને પોતાના ગુણ કહેવાથી બીજામાં દોષ જણાય છે. એટલે જ સાધકે પોતાને ક્યારેક સિદ્ધ માનવો નહી. પરંતુ સદાય સાધક અને જિજ્ઞાસુ જ માનવો જોઈએ. પોતાનામાં સિદ્ધ, પૂર્ણતા માનવાથી એની પ્રગતિ અટકી જાય છે. ત્યાંથી એના પતનની શરૂઆત થાય છે અને તે પોતાની જાતને છેતરતો રહે છે. એથી તો એનામાં રહેલ દોષ નિર્મૂળ થતો નથી. માટે જ અંતર્મુખી થઈ જાતને ઓળખી વિવેકપૂર્ણ વ્યવહાર કરી ઈશ્વરની ઓળખ કરી જીવનો શિવ સાથે સેતુ રચી મુક્તિને માર્ગે જવું એ જ ઈષ્ટ છે. તેમાં જ પોતાનું અને જગતનું શ્રેય રહેલું છે.



૪૧. શ્વાસનો વિશ્વાસ

શ્વાસનો સરવાળો કરી શકાય ? કદાચ આધુનિક ટેક્નોલોજીથી એક કલાક કે એક દિવસનો સરવાળો જાણી શકાય. પરન્તુ જીવનના અંતિમ શ્વાસ સુધી એ સરવાળાનાં આંકડાં મેળવી શકાય ખરા ? પરન્તુ આ બધુ જૂઠું. શાયર 'શયદા' કહેતા કે 'શ્વાસનો વિશ્વાસ કરવો નકામો છે.' શ્વાસનો સરવાળો તો જન્મની સાથે જ નક્કી થયેલ હોય છે. એ સાચા સરવાળાનું અંતિમ ચરણ, અંતિમ આંકડો આવે કે તરત જ શ્વાસના દરવાજા બંધ થઈ જાય છે. દસે દરવાજે તાળાં વસાઈ જાય છે. આ અંતિમ શ્વાસ સુધી આપણે જીવનની કેટલી સફર કરી, એ સફરમાં સાથે રહેલી, દૂર રહેલી વ્યક્તિઓનું હિત-અહિત કર્યું. સારા-નરસા વિચારો કર્યા તેનો સરવાળો આપણે મેળવી શકતા નથી. તો પછી શાયર 'શયદા' એટલે જ સાચા હશે કે, 'શ્વાસનો વિશ્વાસ કરવો નકામો છે.'

કોઈ કહે કે, 'કાલે મળીશું.' આ વ્યક્તિને કાલ ઉપર કે કાળ ઉપર કદાચ વિશ્વાસ હશે પણ એ વ્યક્તિ ઘરનાં પગથિયાં ઊતરે ન ઊતરે ત્યાં જ તેના શ્વાસ ખૂટી જાય તો ! આ વિશ્વાસ કેટલો સાચો? અહીં મારા મુરબ્બી કવિશ્રી હસિતભાઈ બૂચનું સ્મરણ થાય છે. તા. ૭-૫-૧૯૮૯ના રોજ તેઓ મારે ત્યાં આવ્યા ત્યારે તેમણે છાતીમાં દુઃખાવાની ફરીયાદ કરેલી. મેં તેમને પૂછ્યું, 'આટલી ઉંમરે પણ આપ આપની તંદુરસ્તી જાળવી શક્યા છો તેનું રહસ્ય શું?' ત્યારે તેમણે કહેલું કે,'માત્ર કવિતા'. અને તા. ૧૪- ૫ -૧૯૮૯ એ તો તેઓ આપણને મૂકીને અનંતની યાત્રાએ નીકળી પડ્યા. આમ શ્વાસનો વિશ્વાસ કરવો નકામો છે. તેથી જ તો દરેક વ્યક્તિ કાળના વિશ્વાસ ઉપર જીવી રહી છે. આવું કહેવા માટે આપણામાં રહેલી

જિજીવિષા જ કદાચ માણસને જિવાડતી હશે અને ઈશ્વરે પણ આ રહસ્ય તેની પાસે રાખ્યું હશે. ખરેખર આ રહસ્ય જ્યાં સુધી ઈશ્વર પાસે છે ત્યાં સુધી માણસ જીવશે.

એક વૃદ્ધ જીવનના અંતિમ શ્વાસ લેતા હોય તેવું તેમના સંબંધીઓને ખબર પડતાં જ તેમને દવાખાનામાં દાખલ કરી દીધા. રાતનો અગિયારનો સમય. પલંગની આજુબાજુ કેટલાંય સગાં, સંબંધીઓ, મિત્રો ભેગાં થઈ ગયાં. આ બધાં જ કદાચ વૃદ્ધના અંતિમ શ્વાસની રાહ જોઈ રહ્યા હશે તેવું તેમના ચિંતિત ચહેરાઓ ઉપરથી જાણી શકાતું હતું. પરન્તુ આ વૃદ્ધના જીવનના શ્વાસનો સરવાળો કદાચ પૂરો થયો નહોતો. ડોક્ટરોએ તેમના શ્વાસની ચોક્કસ ગણતરી થાય માટે ફેફસામાં કાણું પાડીને રબ્બરની ટ્યુબ દાખલ કરી. બીજો છેડો પલંગ નીચે ગોઠવેલી કાચની શીશીમાં દાખલ કર્યો. બીજી ટ્યુબ કે જે ઓક્સીજનના બાટલા સાથે જોડેલી હતી તે વૃદ્ધના નાકમાં દાખલ કરી જેમાંથી ઓક્સીજન પસાર થતો હતો. આ જીવનવાયુ વૃદ્ધના નાકમાં જાય છે કે કેમ તે ઓક્સીજનના બાટલા સાથે જોડેલી નાની શીશીમાં રહેલા પાણીમાં રચાતા વિલિન થતા પુદ્‌ગલો પરથી જાણી શકાતું હતું. આમ પુદ્‌ગલ પર રમતો શ્વાસ કેટલો ટકે છે તેની તો આપણે નોંધ જ રાખવાની હોય છે. બાકી તો શ્વાસ કેટલો વખત ચાલુ રાખવો, રોકી રાખવો, બંધ કરી દેવો તેની જાણ ઈશ્વર સિવાય કોઈને નથી.

પેલા વૃદ્ધની જિજીવિષા તો તેની આંખમાં ડોકાતી હતી. જીવવાની આશા છોડી બેઠેલાં સંબંધીઓની આંખ પણ હર્ષાશ્રુથી જળકીલી થઈ અને આ વૃદ્ધ જીવી ગયો. યશ કદાચ આપણે ડોક્ટરોના નિઃસ્વાર્થ પ્રયત્નને આપીએ પરન્તુ એના શ્વાસનો સરવાળો પૂરો થયો નહોતો.

ભયંકર અકસ્માત થયો હોય. કેટલાક માણસો એ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હોય પણ આશ્ચર્યની વાત તો એ કે અકકસ્માતમાં એક વર્ષનું નાનું બાળક બચી જાય, એટલું જ નહીં પણ જીવવા માટે પોતાના પગનો

અંગૂઠો મોંમાં મૂકીને જીવનરસ ચૂસતો હોય, તો તેને જીવાડનારું આ તત્ત્વ આવ્યું ક્યાંથી ? ખરેખર એટલે જ જીવન અને મરણ તો માણસના જન્મની સાથે નક્કી થયેલું છે. તેમ છતાં પણ આપણે મૃત્યુથી ડરતા હોઈએ છીએ. જન્મ જેટલો આનંદદાયક છે, તેમ મૃત્યુ પણ એક ઉત્સવ છે. એનાથી ડરવાનું કોઈ કારણ નથી. કારણ કે એ તો નિર્મિત કરેલું જ હોય છે. ભયંકર અકસ્માતમાંથી બચી ગયેલો માણસ ઠોકર વાગતાં જ મૃત્યુ પામે છે. ઈશ્વરે તો શ્વાસના ચરણ સુધી પહોંચાવા કેટલા શ્વાસોચ્છ્‌વાસ લેવાના છે તે નક્કી જ કરી રાખ્યું છે તો પછી આપણે આપણા શ્વાસનો કેટલો સરવાળો થયોતે જાણવાની ઈચ્છા કરવી મિથ્યા છે.



૪૨. શુભ અને લાભ

રોજ સવારે બા આંગણામાં પાણી છાંટી ઝાડુ વડે આંગણું સાફ કરતી અને સૂરજ આંગણામાં પોતાની ગુલાબી ગુલાબી પગલીઓ પાડતો. આંગણું ગુલાબી રંગે રંગાઈ જતું અને બા આંગણામાં અબીલ, ગુલાલ, કંકુ, હળદળને ચપટીમાં લઈ સુંદર ભાત ચીતરતી અને એ ચોરસ કે ગોળ દોરેલા ચિત્રની એક બાજુએ લાભ અને બીજી બાજુએ શુબ લખતી, પછી તુલસીક્યારે પાણી રેડીને તેની ચારેબાજું પાંચસાત ફેરા ફરતી અને સૂર્યને નમસ્કાર કરી બે હાથ વડે પાણીનો લોટો પકડી હાથ ઊંચા કરી સૂર્યને અર્ઘ્ય અર્પતી અને તુલસીક્યારામાં દીવો પ્રગટાવતી. પછી બારસાખે કંકાવટીના ભીના કંકુમાં છેલ્લેથી બીજી આંગળી બોળીને લાભ અને શુભ લખતી, સાથિયો ચીતરતી, તેના દરેક ખાનામાં ચાર ચાંલ્લા કરતી. ને સાથિયાની નીચે પાંચ ચાંલ્લા કરતી. પછી રાયણના લાકડામાંથી બનાવેલા અને બે બારણાં વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતા ઉંબરાને સ્વચ્છ પાણીથી ધોઈ, સાફ કરી બે બાજુ સાથિયા દોરતી અને ચાંલ્લા કરતી. ઘરમાં આવીને તરત જ મારા કપાળમાં અને મારાથી બે વર્ષ મોટી બહેનના કપાળમાં અને મોટાંભાઈનાં કપાળમાં

ચાંલ્લો કરતી. ત્યારે હું પાંચ કે છ વર્ષનો હોઈશ. ગામ જવાનું થાય છે ત્યારે બાની આ ક્રિયા આજે પણ જોવા મળે છે. એટલું જ નહીં પાંચ વર્ષનો હતો ત્યારે જે ભાવથી ચાંલ્લો કરતી તેટલા જ ભાવથી આજે પણ ચાંલ્લો કરે છે. જે ભાવ હું નાનો હતો ત્યારે તે ચાંલ્લો કરતી હતી તેટલા જ ભાવથી પ્રેમથી આજ ચાલીસનો થયો ત્યારે પણ બા, કપાળમાં કંકુનો ચાંલ્લો કરે છે. આજે પણ આંગણામાં તુલસીક્યારો છે, લીલાં-પીળાં પર્ણ વેરતો લીમડો છે અને તેની છાયામાં તડકાની સળીઓ વીણી લેવાનું મન થાય છે. વાદળમાં પથરાયેલો સોનેરી તડકો ઊંચકી લેવા મન લલચાય છે. પતંગિયાની પાંખ પર બેઠેલા તડકાની ટીપકીને ખણી લેવા જીવ દોડી જાય છે. જેમ દાબડીમાં મોતી સાચવી રાખીએ તેમ આ સ્મૃતિ આજે પણ દાબડીમાં સાચવી રાખવા મન લલચાય છે.

બારણાં, બારસાખ કે આંગણામાં આ બે શબ્દો બા કેમ લખતી હશે? ત્યારે નહોતું સમજાતું તે આજે સમજાય છે. ધૂંધળું ધૂંધળું જીવનમાં મંગલની આરાધના અને ઈચ્છા આ શબ્દપ્રતીકોથી પ્રગટ થાય છે. માણસ પોતે પોતાનું ભલું ઈચ્છે તે સ્વાભાવિક છે. પોતાના સુખ માટે તે લક્ષ્મીજીની કે ગણપતિની સ્થાપના કરીને પ્રાર્થના કરે તે સાહજિક છે. કલ્યાણલક્ષી આ સંસ્કૃતિ છે. ભાવના છે. લક્ષ્મી કે ગણપતિ જેવાં દૈવીપ્રતીકોની સાક્ષીએ એને તેમની કૃપાથી જીવનમાં સુખ મેળવવાની ભાવના ધરાવે તે માત્ર આપણા દેશમાં જ છે એવું નથી. દુનિયાના બધા દેશોમાં જ્યાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ

છે ત્યાં ત્યાં આવાં પ્રતીકો દ્વારા માણસ પોતાના મંગલ માટેનાં પ્રતિબંધ પાડતાં રહે છે. મુસલમાનો ૭૮૬ નાં આંકને, ખ્રિસ્તીઓ ક્રોસને, પારસીઓ અગ્નિને, હિન્દુઓ સાથિયાને શુભ ચિહ્ન માને છે. આમ ઈશ્વરમાં શ્રદ્ધા રાખતો દરેક માણસ આવાં શુભ ચિહ્ન ધરાવતો હોય છે.

ઘરમાં માતાપિતાની છબીઓ હોય છે તે પણ વડીલોના આશીર્વાદ મેળવવાની આકાંક્ષાનો જ સંકેતી છે. ઈશ્વરના સ્મરણથી, માતાપિતાના સ્મરણથી, દર્શનથી સુખશાંતિ અને પ્રગતિ વધારે તે ઈચ્છા હોય છે.

લાભ અને શુભ શબ્દો કેમ લખીએ છીએ ! કેમ લખાય છે ! તેનો કદી વિચાર કર્યો છે ખરો? આ બંને શબ્દો આપણું કલ્યાણ કરનારા છે એવું કંઈક આપણે અસ્પષ્ટ રીતે સમજતા હોઈએ છીએ. લાભ એટલે દરેક ક્ષેત્રે, પછી તે આર્થિક ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર હોય કે ધંધો રોજગાર હોય, તેમાં લાભ થાય. જેને જીવનમાં રસ છે તેવી દેરેક દરેક વ્યક્તિને આવી ઈચ્છા હોય છે અને એ દિશામાં તેના પ્રયત્નો આગળ વધતા હોય છે, પરંતુ આપણા શાસ્ત્રકારો, ઋષિમુનિઓ અને સંતોએ લાભની સાથોસાથ શુભ પણ માગવાની પ્રજાને પ્રેરણા આપી છે. એકલો લાભ એ જીવનનો સ્થૂળ આનંદ છે. તેની સાથે શુભ પણ હોય તો જ સમતુલા જળવાય.

શુભ એટલે મંગલ કરનારું, ખુશીનો અવસર આપનારું. અહીં શુભ દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ ઈચ્છવાનો નિર્દેશ છે. માત્ર ભૌતિક સુખમાં જીવનની

પરિપૂર્ણતા નથી સાથોસાથ આધ્યાત્મિક સુખ પણ માણસને મળવું જોઈએ. તે વિના ઉચ્ચ સ્થિતિ મળતી નથી. અને ઉચ્ચ સ્થિતિ વિના જીવન ઉચ્ચ બનતું નથી. ભૌતિક અને આધ્યાત્મિક સુખના સંગમથી જ જીવન એક તીર્થ બની જાય છે. તીર્થ એટલે શુદ્ધિ, શાંતિ, ભક્તિ, તત્ત્વદર્શન, મુક્તિ ને મંદિરે જવાનો વચલો વિસામો.

વિચાર કરીશું તો સમજાશે કે આપણું જીવન એ મોક્ષમાર્ગને પામવાના પ્રવાસમાં માત્ર વિસામો છે. તીર્થમાં તનશુદ્ધિની સાથોસાથ મનશુદ્ધિ પણ થાય છે. થવી જોઈએ. માત્ર તનશુદ્ધિ નહિ પરંતુ મનશુદ્ધિ જ ધીમે ધીમે જન્મે જન્મે આગળ વધતાં વધતાં મોક્ષ સુધી લઈ જશે અને મોક્ષ એ જ શુભ છે, જ્યાં 'શુભ' હોય ત્યાં 'લાભ' સમાવિષ્ટ છે, પરંતુ એ લાભનું ઉચ્ચ કક્ષામાં સ્વરૂપાંતર થઈ જાય છે, ભૌતિક વૈભવના લાભની લાલસા જ મટી જાય છે અને શુભમાં જ લાભનો સાક્ષાત્કાર થાય છે.



૪૩. સમર્પણ

कायेन वाचा मनसेन्द्रियैर्वा
बुद्ध्यात्मना वा प्रकृति स्वभावात् ।
करोमि यध्यत्सकलं परस्मै
नारायणायेति समर्पयामि ॥

શરીરેયુક્ત જે કાર્ય કરીએ તે ભગવાનને સમર્પણ કરીને કરીએ. શરીરમાં શક્તિ આપનાર ભગવાન છે. તેમણે આપેલું તેમને જ સમર્પણ કરવાનું છે. ભગવાને વાણી આપી છે. તેમની ઈચ્છાથી બોલાય છે. આપણાથી કંઈ જ થતું નથી, ભગવાનની ઈચ્છાથી જ થાય છે. આપણે જે કંઈ વિચારીએ છીએ તે પણ મનથી વિચારીએ છીએ, આ મનમાં પ્રેરણા અને સંકલ્પ પણ ભગવાનની ઈચ્છાથી જ થાય છે. માટે તે બધું પણ તેમને અર્પણ કરીએ.

ઈન્દ્રિયોથી જે કંઈ કાર્ય થાય છે, તે પણ તેમને સમર્પણ કરવાનું છે. દરેક કાર્યમાં સમર્પણનો ભાવ રાખવાનો છે. કર્તા થવું નહીં, ભગવાનનું જ છે અને ભગવાન જ કરાવે છે. શરીર આપનાર પણે એ જ बीजप्रद पिता છે, માટે આપણામાં રહેલ 'હું' નો ત્યાગ કરવાનો છે. 'હું'નું અસ્તિત્વ છે ત્યાં સુધી અહમ્ રહેવાનો છે. 'હું' નો ત્યાગ કરીએ તો અહમ્ પણ દૂર થઈ જાય. 'હું કરું હું કરું છું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.'

ભગવાનની આજ્ઞાથી જે કંઈ કરીએ તે નિવૃતિ છે. ભગવાનને આગળ રાખીને કાર્ય કરવું. જે કંઈ છે તે ભગવાનનું જ છે. તેમને જ રાજી કરવા કાર્ય કરું છું, તેવી ભાવના રાખવાની છે.

આજે આ ભાવના ચાલી ગઈ ને ક્રિયાઓ રહી ગઈ છે. તેથી મુશ્કેલી છે. લોકોમાં સારું દેખાય એટલે ક્રિયાકાંડ, કર્મકાંડ કરે/કરાવે પણ શુદ્ધ ભાવનાથી જે જે કર્મ કરીએ તેનું ફળ પરમાત્માને અર્પણ કરીએ તો પૂર્ણ પ્રાપ્તિ થાય.

ઝાંઝવાનાં નીર જેવાં સાંસારિક સુખો પાછળ માણસ ઘણું દોડે છે. અર્થદોડ વધી છે. માણસ વિષ્ણુને ભૂલીને લક્ષ્મીની પાછળ પડ્યો છે, પરંતુ લક્ષ્મી ચંચળ છે, હાથમાં આવે એટલે ગલગલિયાં કરાવે. પણ તે તો ક્ષણિક જ અને સરકી જાય એટલે દુઃખ પણ કરાવે. આમ અર્થદોડની પાછળ મનુષ્યને કશું જ પ્રાપ્ત થતું નથી. કોઈકે સાંસારિક સિદ્ધિઓ મેળવી હોય તેવું આપણને લાગે ખરું પણે તેને મેળવ્યા છતાં સુખ, સંતોષ કે શાંતિ મળતાં જ નથી. માટે જ મારું એ મારું નહીં પણ તારું જ છે. એવો ભાવ રાખીને જે કંઈ કાર્ય કરીએ તે ભગવાનને સમર્પણ કરીને કરીએ તો કાર્યસિદ્ધિ થાય. નહીં તો મૃગદોડ જેવું થાય.

રોજ રાત્રે સૂતી વખતે ભગવાનને પ્રાર્થના કરીએ કે આખા દિવસ દરમિયાન જાણતાં, અજાણતાં મેં પાપકર્મો કર્યાં હોય, કરાવ્યાં હોય કે કરવાને અનુમોદન આપ્યું હોય કે આંગળી ચીંધી હોય તે માટે હું અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કરું છું. જાતને તપાસીને એને શુદ્ધ સ્થિતિએ લાવવા પ્રયત્ન કરું છું. જે જે જીવોને જાણતાં, અજાણતાં કંઈ પણ દુઃખ થયું હોય તે સર્વ જીવોની અંતઃકરણપૂર્વક ઊંડાણથી પ્રભુ સમક્ષ સમર્પણભાવ રાખીને ક્ષમા

માંગનાર પ્રભુને ગમે છે. કરેલાં કર્મોનો સરવાળો બાદબાકી કરી સરવૈયું કાઢવું. આ છે નિદ્રા પહેલાંની મનઃશુદ્ધિની પ્રાર્થના.

માટે સત્કર્મો કરવાને મનને કેળવવું જોઈએ. જેનામાં જ્ઞાન નથી તે અભિમાની છે. અભિમાનીથી ભગવાન દૂર રહે છે. ભગવાન જગતમાં અણુએ અણુમાં રહેલો છે. પણ જેઓ અજ્ઞાની છે, અભિમાની છે. તેમને તે દેખાતો નથી. જ્ઞાનાગ્નિની હૂંફ વગર ભગવાન દેખાય નહીં. આપણામાંથી સમર્પણભાવ લુપ્ત થતો જાય છે અને તૃષ્ણા વધતી જાય છે. આ તૃષ્ણા જ માણસને દ્વંદ્વમાં ફસાવે છે. તૃષ્ણા દૂર થતાં જ સાંસારિક, પદાર્થોની વાસનાઓમાં ચાલતી મનની દોડ અટકી જશે. મન સમગ્રને ધારણ કરશે અને આ ચિત્તની સમતામાં જ સાચું સુખ છે, શાંતિ છે, આનંદ છે, તૃષ્ણાનો ત્યાગ થાય તો સમર્પણભાવ કેળવાય અને આપણામાં રહેલા 'હું'નો ત્યાગ થાય.

જે મનુષ્યના સ્વભાવમાં સમર્પણભાવ હોય છે, તે પૂજાય છે. અહમ્ કરનાર સમાજથી તરછોડાય છે. સમર્પણભાવથી બધા જીવો પ્રત્યે સમભાવ અને મૈત્રી જન્મે છે.

આપણામાં રહેલ – રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર આ છ અસુરોને – છ શત્રુઓને હણવાના છે. તેમનો નાશ કરવાનો છે. જો આ છ શત્રુઓનો નાશ કરીએ તો હૃદયમાં સમતા, સરળતા, નિર્મળતા, ક્ષમા અને ત્યાગરૂપી દેવોનો વાસ થાય અને આત્મકલ્યાણ થાય. સમર્પણ કર્યા વગરનું કોઈ કાર્ય ભગવાન સ્વીકારતા નથી. ભગવાન જ સર્વેશ્વર છે. તે જ સર્વ કંઈ કરી રહ્યા છે. એવો દૃઢ વિશ્વાસ કેળવવાનો છે.

'नाहं कर्ता हरिः कर्ता'। આપણે કશું જ કરતા નથી. આપણા દ્વારા જે કંઈ કાર્ય થાય છે, તે તો 'हरिः कर्ता'ઈશ્વર જ કરે છે. માટે આપણે

જે કંઈ કાર્ય કરીએ તે ઈશ્વરને સમર્પણ કરીએ તો એ કાર્યનો પ્રભુ સ્વીકાર કરે છે અને આત્મકલ્યાણ થાય છે. ભગવાન જે પ્રમાણે પ્રેરણા કરે તે પ્રમાણે પ્રામાણિકપણે ચીવટથી કાર્ય કરવાનું છે. ભગવત્ શરણાગતિ મહત્વની છે. કેમ કે જીવ તો અજ્ઞાની છે. ભ્રમમાં પડેલો ભ્રમમાં રહીને જ બધું કરવાનો, કાદવમાં ફસાયેલો માણસ બહાર નીકળવાનો જેમ જેમ પ્રયત્ન કરશે તેમ તેમ તે વધુ ને વધુ ઊંડો ઊતરવાનો, પરંતુ કાદવની બહાર ઊભેલાની મદદ લે તો તે તરત જ બહાર કાઢશે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જ છે કે, " આ ત્રિગુણમયી માયામાંથી બહાર નીકળવું બહુ અઘરું છે. જે મારે શરણે આવે છે તે આ માયાને તરી જાય છે." આપણે સર્વ જીવો તો કાદવમાં ફસાયેલાં છીએ, માયામાં ફસાયેલા છીએ, યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન તો નિર્મોહી છે. કિનારે ઊભેલાં છે, તેમને શરણે જવાથી આપણને આ માયારૂપી કાદવમાંથી છોડાવે છે. સમર્પણમાં ભગવાન પરત્વેનું જ્ઞાન બરાબર થાય. તો 'હું' નો નાશ થાય, અહમ્‌નો નાશ થાય, 'આ મારું છે' એ ભાવનો નાશ થાય. આમ અહમ્ જાય તો સમર્પણ આપોઆપ જ થઈ જવાનું.



૪૪. સહાનુભૂતિના બે શબ્દો

પારકાનું દુઃખ આપણે દૂર ન કરી શકીએ તો વાંધો નહીં, પરન્તુ જો તેને આશ્વાસનના/સહાનુભૂતિના બે શબ્દો કહીએ તો તે મનની હળવાશ અનુભવે છે. દુઃખ ઓછું થયાનો તેને અહેસાસ થાય છે. દુઃખી માણસની વેદનાની વાતો આપણે ધીરજપૂર્વક શાંતચિત્તે અને સહાનુભૂતિથી સાંભળીએ તો તે માણસ દુઃખ ઓછું થયાની લાગણી અનુભવે છે.

હોસ્પિટલમાં આપણા સ્વજનની તબિયતની દેખભાળ કરવા, સમાચાર જાણવા, આશ્વાસન આપવા જઈએ છીએ ત્યારે પણ આપણાથી જે અપરિચિત છે તેવા દર્દીઓને પણ સહાનુભૂતિપૂર્વક દવા નિયમિત લેવા, શરીરની કાળજી લેવા વગેરે આશ્વાસનના બે શબ્દો હેતપૂર્વક કહીએ તો વધુ સારી અસર કરે છે. જગતમાં કોઈક તો તેનું છે તેવી લાગણી અનુભવે છે. દવા કરતાં દુઆ વધુ અસર કરે છે.

માણસને કેટલાંક દુઃખ જન્મની સાથે જ મળે છે. જેવાં કે, નબળાઈ, હૃદયનો વાલ્વ બરાબર કામ ન કરતો હોય, બ્લડકેન્સર, કાનની બહેરાશને કારણે બાળક જન્મથી જ બહેરું અને બોબડું (Deaf an Dumb) તેમજ મગજની અસ્થિરતાને કારણે માનસિક રીતે અસ્વસ્થ વગેરે તો જેવાં કે વાવાઝોડાને કારણે, પૂરને કારણે, ધરતીકંપને કારણે માલમિલકતનું નુકશાન કે સ્વજનના મૃત્યુનો આઘાત કે પેરાલિસીસ થઈ

જવો, હાર્ટએટેક, કેન્સર, ટી.બી. જેવા રોગો વગેરે, કેટલાંક દુઃખો અકસ્માતે આવી પડતાં હોય છે – જેવા કે સ્વજન ગુમાવવું પડે, એકાદ અંગ ગુમાવવું પડે વગેરે શારીરિક સ્વસ્થતા ભોગવતો માણસ પણ માનસિક સ્વસ્થતા ગુમાવી દેતો હોય છે. કારણ કે તેણે ખોટા ખર્ચ કરીને દુઃખોને આવાહન આપેલું હોય છે. અને અકારણ દુઃખી થતો હોય છે. આવો માણસ માનસિક રીતે અપંગ બની જાય છે. આવી વ્યક્તિઓને માટે કોઈ દવા કે દુઆ કારગત નીવડતી નથી. તેની જાતે જ સારવાર કરવાની હોય છે.

આ બધાં દુઃખોમાં માણસે સ્વસ્થતા,ધીરજ અને મક્કમ મનોબળ રાખવું જરૂરી છે અને આવી પડેલ દુઃખોને હસતાં હસતાં સહન કરી દુઃખથી સુખ તરફ જવાનો માર્ગ શોધવાનો છે. અપંગ બાળકોને જિંદગીભર તે જ અવસ્થામાં જીવન વ્યતિત કરવું પડે છે. અકસ્માતમાં શરીરનું કોઈ અંગ ગુમાવ્યું હોય તો તેવી દશામાં આખી જિંદગી વ્યતિત કરવી પડતી હોય છે. કોઈ આપ્તજનના અવસાનથી જીવન એકાકી થઈ ગયું હોય તો તેવાં દુઃખોનાં પોટલાં બાંધીને બોજો વેંઢારવાની જરૂર નથી. તેને યાદ કરી કરીને સતત દુઃખી થવાની જરૂર નથી. પરન્તુ દુઃખોનો સ્વસ્થતાપૂર્વક સામનો કરવાનો હોય છે. દુઃખને દુઃખ ન સમજીને આવી પડેલ દુઃખમાંથી પણ સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ મનને વાળવું જોઈએ. હાથ કપાયેલ માણસ પગ વડે લખતો હોય છે. આંખ ગુમાવેલ માણસ બ્રેઈનલિપિ વડે લખી-વાંચીને સ્નાતક સુધીની ઉપાધિ મેળવે છે, પગથી પીંછી ચલાવીને સુંદર, મનમોહક ચિત્રો દોરે છે. પગ વગરનો પંગુ ગિરિ-કંદરાઓ ખૂંદી વળે છે તો 'હું દુઃખી છું, મને કોઈ મદદ કરતું નથી, મારી સામે પણ કોઈ જોતું નથી, મારી સતત અવહેલના-અવગણના થતી રહે છે.' આવા વિચારો કર્યા કરીને આપણી પ્રવૃત્તિને કુંઠિત કરી દઈએ તો આપણે વધુ દુઃખી થતા રહીએ છીએ. શારીરિક

અપંગ પરન્તુ માનસિક સ્વસ્થ રહેનાર વ્યક્તિ સર્જનાત્મક પ્રવૃત્તિ કરી શકે છે એને કોઈના પણ સહકારની જરૂર નથી પરન્તુ માર્ગદર્શન અને સહાનુભૂતિની જરૂર છે.

ઉદ્યોગોમાં, સરકારી કચેરીઓમાં, કારખાનાંઓમાં શારીરિક ક્ષતી ધરાવતી વ્યક્તિઓને નોકરીમાં અગ્રતા આપવામાં આવે છે. આવી વ્યક્તિઓ શારિરિક રીતે સ્વસ્થ મનુષ્યો કરતાં પણ અધિક અને ખંતથી કામ કરતી હોય છે.

અંધ અને અપંગ વ્યક્તિઓ તો 'પંગુમ્ લંઘયતે ગિરિમ્' જેવા હોય છે. તેઓ કળાના કોઈ પણ ક્ષેત્રે ઉ.ત. સાહિત્યક્ષેત્રે, સંગીતક્ષેત્રે, કળા-કારીગરી ક્ષેત્રે, રમતગમતક્ષેત્રે, નૃત્યક્ષેત્રે નામના મેળવતા હોય છે. આવા પ્રામાણિક મનુષ્યો પોતાના દુઃખનો બોજો પોતાની પાસે રાખતા નથી. પરંતુ તેઓ હંમેશા પ્રવૃત્તિમય આનંદમય ક્ષણો વ્યતિત કરતા હોય છે.

માણસ જેટલો વધુ પ્રવૃત્તિમય રહે તેટલો વધુ સ્વાસ્થ્યમય રહે છે. પ્રવૃત્તિવગરનો માણસ માત્ર હાડમાંસનો પિંડ બની રહે છે. આવા માણસો પોતાની જાતને અને સમાજને ભારરૂપ બની રહે છે. તે પોતાની જાતનું કલ્યાણ કરી શકવાનો હતો ?

એક અપંગ બહેનને બાળપણથી જ પોલિયો થઈ જવાથી તેઓ ઘોડીના સહારા વગર ચાલી જ ન શકે ! તેમ છતાં તેઓ દુઃખો સહન કરીને સ્નાતક થયાં બાદ પીએચ.ડી થયાં. સવારનાં દૈનિક કામોથી પરવારી - કચરો, વાસણ, કપડાં, જમવાનું વગેરે એકલે હાથે કરીને બાળકોને શાળામાં અને પતિને નોકરીએ મોકલીને પોતે પણ નોકરીમાં નિયમિતતા જાળવતાં. તેમના ચહેરા ઉપર ક્યારેય પણ દુઃખ વર્તાતુ નહોતું. હોઠ ઉપર હમેશાં મંદહાસ્ય તરવર્યા કરે ! ક્યારેક પૂછીએ તમને પગથિયાં ચઢઊતર કરવામાં તકલીફ નથી પડતી? તો તેઓ કહે કે, 'તમે જેટલી ત્વરાથી પગથિયાં ચઢઊતર કરો એટલી ત્વરા તો ન હોય પણ ધીરજ અને કાળજી રાખવી પડે.

એમાં કોઈ જ તકલીફ ન પડે. અને દુઃખને દુઃખ કહીને સાથે જ વેંઢારવાથી તો માનસિક રીતે વધુ દુઃખી થઈ જવાય! અસ્વસ્થ થઈ જવાય!' ત્યારે પણ આ બહેનની આંખોમાં કે ચહેરા ઉપર ક્યાંય વેદના તરવરતી નહોતી. શારીરિક અને માનસિક સ્વસ્થતા તેમના ચહેરા ઉપર સતત વર્તાતી.

કેટલીક દૃષ્ટિવિહીન વ્યતક્તિઓ તો તેઓ જે સ્થળે રહેતી હોય ત્યાંથી નોકરીના સ્થળ સુધી દેખતી વ્યક્તિઓની જેમ જ સરળતાથી જતા-આવતા હોય છે. ત્યારે આપણને આશ્ચર્ય થાય કે એમના પગને આંખો ફૂટી હશે! અવાજ ઉપરથી માણસની પરખ કરી શકે, બ્રેઈનલિપિથી વાંચી શકે, સમય કહી શકે, 'કરન્સી નોટો' ઓળખી શકે તે ઉપરાંત જે દેખતાં માણસ કરી શકે તે બધાં જ કામો કરી શકે ! આવી વ્યક્તિઓ શારીરિક રીતે ભલે પંગુ હોય પણ આ પંગુતાના તેમણે સાથે વેંઢારી નથી, તો કોઈનો બોજ બનવા દીધી નથી. માનસિક રીતે તેઓ પૂરી સ્વસ્થતા ભોગવતા હોય છે. આવી વ્યક્તિઓને આપણા સહારાની કોઈ જ જરૂર નથી માત્ર સહાનુભુતિનાં બે શબ્દો જ જોઈએ છે. આપી શકશો ?



૪૫. સ્મરણ અને સાક્ષાત્કાર

'तृणादपि सुनीचरेन तरोरपि सहिष्णुना
अमानिना मानदेन कीर्तनीयः सदा हरीः '

વૈષ્ણવશાસ્ત્રમાં કહ્યું છે કે, તણખલા કરતાં પણ વિશેષ નમ્ર હોય, ઝાડ કરતાં પણ વિશેષ સહનશીલ હોય અને સર્વને નમસ્કારાદિ દ્વારા માન આપતો હોય એવા નિર્માની ભક્તને હમેશાં શ્રી હરિનું જ કીર્તન કરવું, સાંભળવું યોગ્ય લાગે છે.

આ શ્લોકમાં જણાવેલા ગુણો આપણા હૃદયમાં ખીલી ઊઠે તો મુક્તાવસ્થાનું સત્ ચિત્ આનંદનું ઝરણું સતત વહ્યા કરે છે. નિત્યકર્મ સાચવીને ક્ષણે ક્ષણે ભગવાનનું સતત સ્મરણ કરવાથી અમૃત તત્ત્વ પ્રાપ્ત થાય છે. જે આ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે અને જે એથી પણ અત્યંત પર છે, તે પરબ્રહ્મ પરમાત્મા જ ઘરઘરમાં, સ્થાવર-જંગમમાં, આપણામાં અને પ્રાણમાં પણ વ્યાપી રહ્યા છે. આપણા હૃદયમાં, લોહીમાં, ત્વચામાં તે પ્રભુ જ રમણ કરી રહ્યા છે અને તે સર્વત્ર રમનારો ઈશ્વર જ સત્ય છે. એ ઈશ્વરનું સતત સ્મરણ કરવાથી રોમેરોમમાંથી આનંદલહરી વહી રહે છે. મહાપ્રભુનો સાક્ષાત્કાર થવાથી, પ્રેમાશ્રુ, રોમાંચ વગેરે જે જે લક્ષણો વ્યક્ત થવાં જોઈએ તે આપણને થયા કરે છે. પરમ આનંદનો અનુભવ થાય છે. પુરુષ અને પ્રકૃતિની એક્તા પૂરેપૂરી સધાય નહિ ત્યાં સુધી નિરૂપાધિક શુદ્ધ બ્રહ્મમાં પ્રવેશવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સૃષ્ટિના સર્જનહાર ઈશ્વરને ઉદ્દેશીને કહ્યું છે કે, 'વિનાશના પ્રવાહમાં વહી જાઉં ત્યારે 'તું મારી રક્ષા કર, મને બચાવી લે.' એવી પ્રાર્થના નહીં કરું પણ એ પ્રવાહમાં તરવાનું બાહુબળ

કાયમ રહે એટલું જ હું તારી પાસે માગીશ. મારા પર જે બોજ છે એ હલકો થાય એવી સહાયતા હું નહીં ચાહું પણ જેટલો બોજ મારા પર આવે એને ઉઠાવી શકું એટલી શક્તિ મને દે એટલું જ ચાહીશ. સુખ સમયે ગર્વિષ્ઠ ન થઈ નમ્રતાથી તને ઓળખી શકું અને જ્યારે દુખરાત્રી આવે, બધે અંધારું છવાઈ જાય અને પગ તળેની ધરતી પણ ખસતી લાગે એવા સમયે પણ તારા વિશે, તારી હયાતી વિશે અને તારી કૃપાને માટે મનમાં જરાય શંકા ન થાય એટલું હું ઈચ્છું છું.'

આપણે તો ગીચ જંગલની ઝાંખરા અને કાંટાની ઝાડીમાં ફસાયેલા મનુષ્યો છીએ. જેમ જેમ બહાર નીકળવાનો પ્રયત્ન કરીએ છીએ તેમ તેમ અઘોર વનમાં અટવાતા જ જઈએ છીએ. આપણી ચારે તરફ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા રૂપી હિંસક પશુઓ આપણું ભક્ષણ કરવા આપણી સામે ધસી રહ્યા છે. આમાંથી આપણો જ બચાવ કરી શકતા નથી અને આખી જિંદગી સતત ફફડાટમાં વ્યતીત કરીએ છીએ. આ હિંસક ફફડાટમાંથી બચવાનો એક માત્ર માર્ગ છે પ્રભુ સ્મરણ.

ગરમ કરવા મૂકેલું દૂધ શરૂઆતમાં તો ઊકળીને ઊભરાઈ જવા લાગે છે. એ વખતે ઊભરાનું જોર એવું હોય છે કે પાત્રમાં તે રહી શકતું નથી, પણ જેમ દૂધ ઘાટું થવા માંડે છે, તેમ તેમ ઊભરાઈને બહાર જવાની બીક રહેતી નથી અને બધી ક્રિયા પાત્રની અંદર જ થાય છે. તે જ પ્રમાણે નવાનુરાગી એવી પ્રબળ ભાવાવસ્થા અનુભવે છે કે, તે તેને જીરવી શકતો નથી. આ અવસ્થામાં તે ઘણો જ વિહ્વળ - આકુળવ્યાકુળ બની જાય છે, પરંતુ ભાવાવસ્થાનો પરિપાક થતો જાય છે, તેમ તેમ તે આંતરિક અનુભવનું રૂપ લે છે, અને સાધક નિજાનંદમાં જ મસ્ત રહી તેનું આસ્વાદન કરે છે. આવી પરિસ્થિતિમાં સાધક ખાવું-પીવું, નહાવું વગેરે પણ ભૂલી જઈ રાત-દિવસ નિજાનંદમાં જ રહે છે. આવી સ્થિતિએ માણસ પહોંચે છે ત્યારે પરમહંસોને પણ દુર્લભ એવી ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરે છે.

પુરાણમાં લખ્યું છે કે, એક વખતે દેવર્ષિ નારદ ફરતા ફરતા હિમાલય તરફ જઈ ચઢ્યા. ત્યાં ઋષિમુનિઓને ઉગ્ર તપશ્ચર્યા કરતા જોઈ તેમના મનમાં

થયું કે, 'અહો ! ભગવાનને પ્રસન્ન કરવા માટે આ બધા ઋષિમુનિઓ કેવી ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા છે, અને હું તો ખૂબ ખાઉં છું, પીઉં છું અને વીણા બજાવતો આનંદથી ફરતો રહું છું ! ધિક્કાર છે મને!' આ પ્રમાણે વિચાર કરીને નારદજી હિમાલયની એક ગુફામાં તપશ્ચર્યા કરવા લાગ્યા. આ તરફ વૈકુંઠમાં ત્રણ દિવસ પર્યંત નારદજીની ગેરહાજરીથી હાહાકાર વર્તી રહ્યો. નારદજી વિના, વીણા બજાવી સુમધુર ગાનથી ભગવાનને તથા તેમના સેવકોને આનંદ કોણ આપશે ? નારદજી તો જણાતાય નથી. અંતર્યામી ભગવાન દેવર્ષિ નારદનો મનોભાવ જાણી લઈ તેમને દર્શન દેવા પધાર્યા નારદજી તો આંખો મીંચીને તપશ્ચર્યા કરી રહ્યા હતા. થોડી વાર પછી નારદજી ધ્યાનમાંથી જાગ્રત થતાં ભગવાને પૂછ્યું કે, 'હે નારદ ! અહીં બેઠા બેઠા શું વિચારી રહ્યા છો ? તમારા વિના વૈકુંઠમાંથી આનંદનો લોપ થવા બેઠો છે.' નારદજીએ કહ્યું કે, 'હિમાલયના ઋષિમુનિઓને ઉગ્ર તપશ્ચર્યા કરતા જોઈને મને એવો વિચાર આવ્યો કે, 'ધન્ય છે આ ઋષિમુનિઓને, કે જેઓ ભગવાનને પ્રસન્ન કરવા ઉગ્ર તપશ્ચર્યા કરે છે અને મને ધિક્કારે છે કે આવી કોઈ પણ તપશ્ચર્યા મેં કરી નથી, એટલે થોડા દિવસ એકાંતમાં તપશ્ચર્યા કરવાના વિચારથી અહીં બેઠો છું.' આ સાંભળી ભગવાને પૂછ્યું, 'પણ તપશ્ચર્યાનો હેતુ શું છે તે તો કહો ?' નારદજીએ જવાબ આપ્યો કે, 'ભગવાનનો સાક્ષાત્કાર કરવો એ જ.' ત્યારે ભગવાને કહ્યું કે, 'તો હવે વૈકુંઠ ચાલો, તમારે તપશ્ચર્યા કરવાનું કંઈ પ્રયોજન નથી. ભગવાન શું તમને નિત્યપ્રાપ્ત નથી ?'

આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે, ભગવાનને પ્રાપ્ત કરવા ગુફાવાસી જીવન જીવવાની કે ઉગ્ર તપશ્ચર્યા કરવાની કોઈ જ જરૂર નથી. પોતાનાં નિત્ય કર્મો કરતાં કરતાં સતત પ્રભુ સ્મરણ કરતા રહીએ તો ભગવાન હંમેશા આપણી સાથે જ રહ્યા કરે છે.



૪૬. સાધક અને સાધન

- હરીશ વટાવવાળા

- છે અજંપો જીવને બસ એટલો,
કોણ કોનામાં પછી પાછા થશે.

- હરીશ વટાવવાળા

સાધન ગમે તેટલું ઉત્તમ હોય પણ જો સાધક તેના ઉપયોગ વિશે અજ્ઞાત હોય તો તેનો તે યોગ્ય રીતે ઉપયોગ કરી શકતો નથી. તે રીતે સાધક જ્ઞાની હોય પણ સાધન બરોબર ન હોય તો તેનો ઉપયોગ યોગ્ય રીતે થઈ શકતો નથી. માટે જ સાધન અને સાધક બંને એકબીજાના સ્થાને સક્ષમ હોય તો સાધનાકર્મ યોગ્ય રીતે થઈ શકે છે અને પરિણામ પણ ધાર્યું આવે છે, આ બંને માનવીય વિકાસમાં મુખ્ય આધારસ્થંભો છે.

સાધન અને સાધક એ બંને એક જ રથનાં ગતિ કરતાં બે ચક્રો છે, બંનેનો એકબીજા સાથે આવિનાભાવી સંબંધ છે. એકના આધારે જ બીજાનું સ્વરૂપ નિર્ધારીત થાય છે. જો ભાવના શુદ્ધ હશે તો પરિણામ પણ પવિત્ર જ હશે, પવિત્ર લક્ષ્યને જોઈને સાધનનો અંદાજ સહેજે લગાવી શકાય છે. પરંતુ સાધન જ અયોગ્ય હોય, તો તેના દ્વારા યોગ્ય અને સારા ધ્યેયની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ? આ જ રીતે ખરાબ પ્રયોજન માટે સારાં સાધન વાપર્યા હોય એમ પણ ન કહી શકાય.

અણુબોમ્બના સર્જકને એના વિનાશક ભયની ખબર નહિ હોય,નહીં તો એ ક્યારેય આવા ભયંકર વિનાશક બોમ્બની શોધ ન કરત. પરંતુ એ અણુબોમ્બના ભય દ્વારા શાંતિ ફેલાવવા માટે ઉપયોગ થાય છે. દરેક વ્યક્તિ

શાંતિ ઈચ્છે છે. પણ આવાં ભયંકર સાધનો દ્વારા શાંતિ લાવી શકાતી નથી. જો શાંતિ લાવવી હોય તો અહિંસક અને આધ્યાત્મિક સાધનો દ્વારા જ લાવી શકાય છે. બળનો ઉપયોગ કરીને કોઈ શાંતિ લાવવા માગે તો તે અશક્ય છે. હા, પ્રથમ દૃષ્ટિએ આપણને એમ લાગે કે આપણને લક્ષ્યની પ્રાપ્તિ થઈ. પંરતુ વાસ્તવમાં ઉક્ત સાધનથી જે ધ્યેયપૂર્તિની આશા રાખવામાં આવે છે તેમ થઈ શકતું નથી. ખરેખર તો આવાં સાધનોના ઉપયોગથી તો માત્ર ભયમિશ્રિત શાંતિ જ મળે છે. આવી શાંતિને આત્માની આંતરિક શાંતિ મળી ન કહેવાય. વાસ્તવમાં તો એ અશાંતિ જ છે. જેમ કે શહેરમાં કરફ્યુ નાંખી દેવામાં આવે તો જનજીવનની અવરજવર બંધ થઈ જાય છે. જેમ કે સમુદ્રમાં તોફાન આવતા પહેલાંની સ્થિરતાનો પૂર્ણ રીતે અભાવ હોય છે. જેમ કે રડતા બાળકને છાનું રાખવા લાફો મારવામાં આવે. આવા સાધનથી તો ભયમિશ્રિત શાંતિ મળે આત્માની આંતરિક શાંતિ ન મળે. માટે જ જેવું સાધન હશે, સાધકની પ્રકૃતિ પણ એવી જ થશે.

આપણે ઘૃણાને ઘૃણાથી જીતી શકતા નથી, દુર્ગુણો દુર્ગુણોને નિર્મૂળ કરી શકતા નથી. હિંસા, હિંસાને નિર્મૂળ કરી શકતી નથી, જેઓ આમ કરવાની કોશિશ કરે છે. તેમની સમસ્યાનો ઉકેલ આવતો નથી. વિશેષમાં આવા સાધકને નુકશાન વેઠવું પડે છે. અથવા ક્યારેક તો આ નીતિ તેમને પતનની સ્થિતિએ પહોંચાડી દે છે. લોકો એમ માને છે કે, 'ભય વિના પ્રીતિ નહી.' પણ એ પ્રીતિમાં પ્રેમ હોતો નથી. અંદર તો નફરતની આગ ભભૂક્તી હોય છે. એ ભયનો જ્યારે વિસ્ફોટ થાય છે ત્યારે એમાંથી પ્રકટતી આગ વિનાશનું સર્જન કરે છે. પરંતુ આવા લોકોનો સમાજનો એ વર્ગ વિશ્વાસ કરે છે, જે અમંગળ સાધન દ્વારા મંગળની પ્રાપ્તિ પર વિશ્વાસ રાખે છે. આથી ન તો અપેક્ષિત લક્ષ્યની પ્રાપ્તિ કરી શકાય છે અને ન તો સ્વયંનું

કલ્યાણ થઈ શકે છે. અશાંતિ અને અરાજકતા જેવી સ્થિતિ પેદા થાય છે, જેનું અંતિમ પરિણામ વિનાશના રૂપમાં આવે છે.

જો ક્રોધનો પ્રતિકાર ક્રોધથી કરવામાં આવે, ક્રોધના બદલે ક્રોધ પ્રદર્શિત કરવામાં આવે અને આ જ શૃંખલા આગળ વધતી જાય તો પરિણામ વિનાશ જ હશે અને વિનાશ કોઈ સમસ્યાનું સમાધાન એ અર્થમાં રોગને સમાપ્ત કરવા માટે રોગીને જ સમાપ્ત કરી દેવો. વાસ્તવમાં આ પ્રવૃત્તિ અજ્ઞાનને કારણે છે. એટલે જ સાધક અને સાધન બંને સમાનાર્થી અને ઉચ્ચ કક્ષાના હોવા જોઈએ. જે અનીતિના બદલે અનીતિ અને અધર્મના બદલે અધર્મનું સમર્થન નથી કરતા, પરંતુ એનો વિરોધ કરે છે. સંપૂર્ણ આધ્યાત્મ આના પર ટકેલું છે.

આજે ભૌતિકવાદ 'ક્રોધનો પ્રતિકાર ક્રોધથી કરવામાં આવે' તેવું માને છે. જો કોઈ ગાળ દે તો પ્રત્યુત્તરમાં ગાળ દેવી અને ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવે. આથી તો હિંસા-પ્રતિહિંસા અને ક્રોધ-પ્રતિક્રોધની નીતિ સમગ્ર સંસારમાં વ્યાપી જશે. બધે જ અસ્થિરતા, અરાજકતા, અશાંતિ, અને અંધકાર ફેલાઈ જશે. માટે જ દ્વેષનું સમાધાન પ્રેમમાં જ થઈ શકે છે. અને ક્રોધ સામે શાંતિ. આ એક એવું સમાધાન છે જેના ઘણા લાભ છે. શાંત ચિત્તે સમસ્યાનું સમાધાન થાય છે. તથા પરસ્પર પ્રેમ અને સદ્‌ભાવનું સિંચન થાય છે. જેથી બંને પક્ષે નુકશાન ટાળી શકાય છે. સમાધાનની વૃત્તિ રાખનાર વ્યક્તિ પૂર્ણતા તરફ આગળ વધે છે અને પ્રતિકૂળતાઓને પણ વિકાસનું સોપાન બનાવી લે છે. વિષયમાં પણ વિષમ પરિસ્થિતિમાં અને જ્યાં પતનની પૂરેપૂરી શક્યતા રહેલી છે ત્યાં પણ તે પોતે બચી જાય છે. માટે જ સાધન જો શુભ હોય તો સાધક પણ કલ્યાણકારી હોય છે.



૪૭. સાધના

ચિત્તને વૃત્તિઓ રૂપે વિખરાઈ જતું અટકાવનારું શાસ્ત્ર તે યોગશાસ્ત્ર છે. – '**योगश्चित्त वृत्तिनिरोधः ।**' ચિત્ત એ વિષયસમૂહની છાપ અને અનુભૂતિ, અર્થાત્ ક્રિયા અને પ્રતિક્રિયાના મિશ્રણ સ્વરૂપ છે. તેથી એ નિત્ય કહેતાં ચિરસ્થાયી હોઈ શકે નહીં. મનુષ્યને એક સૂક્ષ્મ શરીર દ્વારા મન સ્થૂળદેહ ઉપર કાર્ય કરે છે. વેદાન્ત કહે છે કે, એ મન અથવા અંતઃકરણની પાછળ વાસ્તવ આત્મા રહેલો છે, કે જે અનંત, અંતિમ તત્ત્વરૂપ, પૃથક્કરણના અંતિમ પરિણામરૂપ એક અખંડ વસ્તૂ અમિશ્રણ છે. તેના ભાગ પડી શકે તેમ નથી. જન્મ એ પુનર્યોજનની ક્રિયા છે. એ સઘળાં પૃથક્કરણોને અંતે આત્મતત્ત્વ હાથવગું થાય છે. એ આત્મતત્ત્વના વિભાગ નથી તેથી એ આત્માને પહોંચતાં જ નિત્ય સનાતન તત્ત્વની ઓળખ થઈ જાય છે.

સમુદ્રના પ્રત્યેક મોજાની પાછળ સમગ્ર સમુદ્ર રહેલો છે અને આવિર્ભાવરૂપે જે કંઈ જણાય છે તે જ મોજાં છે. કેટલાંક મોટાં ને પ્રચંડ તો કેટલાંક નાનાં ને હલકાં, પણ વસ્તુતઃ તે બધાં જ મોજાં સ્વરૂપથકી સમુદ્ર જ છે. પરંતુ મોજાં તરીકે દરેક મોજું એ સમુદ્રનો અંશ છે. એ મોજાંઓ જ્યારે શાંત થઈ જાય છે ત્યારે બધું જ એકરૂપ બની જાય છે. પતંજલિ કહે છે તેમ – '**दृश्यविहीन द्रष्टा**' જેવું બની જાય છે.

જેઓ ઉત્તમ અધિકારીઓ હોય છે તેઓની પ્રગતિ યોગસાધનામાં ઝડપી થાય છે અને છ મહિનામાં તો યોગીરૂપ થઈ જાય છે. ઊતરતા અધિકારી યાને જેમનો વિકાસ ઓછો હોય છે. તેમને તો યોગસિદ્ધિ મેળવતાં કેટલાંક વર્ષો લાગે છે, તે એટલે સુધી કે જે વ્યક્તિ નિષ્ઠાપૂર્વક

સાધના કરે અને બીજાં બધાં જ કાર્ય છોડી સદાય યોગસાધનામાં જ રચ્યા રહે તો તેને બાર વર્ષે યોગસિદ્ધિની પ્રાપ્તિ થાય છે. યોગના એ બધા માનસિક વ્યાયામ કર્યા વગર કેવળ ભક્તિ દ્વારા પણ એ અવસ્થાએ પહોંચી શકાય છે, પણ એ રસ્તો કંઈક વધારે લાંબો છે.

ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ નામ ૐ છે. તેથી ૐકારનો જપ કરો, તેનું ધ્યાન ધરો અને તેની અંદર જે અપૂર્વ અને અદ્‌ભૂત અર્થસમુહ રહ્યો છે. તેની ભાવના કરો. અર્થની ભાવનાપૂર્વક આ ૐકારનો સતત જપ કર્યા કરવો એ જ સાચી ઉપાસના છે.

ગુરુની સહાય, માર્ગદર્શન વિના કરાતો યોગાભ્યાસ સાધકની કામવાસનાનું ઉદ્દીપન કરનાર નીવડે છે, પણ અનુભવસિદ્ધ સુયોગ્ય ગુરુની સહાય હોય તો એવું ભાગ્યે જ બને છે.

મંત્ર એ વિશિષ્ટ આદર્શને વ્યક્ત કરનારો શબ્દ છે. એ મંત્રનો સતત જપ કરવાથી પોતાના આદર્શને મનમાં દૃઢ અને સ્થિર કરવામાં સાધકને ઘણી સહાયતા મળે છે. મન શાંત થાય છે.



૪૮. સામાજિક મૂલ્યો

પ્રસિદ્ધ અંગ્રેજ તત્ત્વચિંતક બર્કલએ લખ્યું છે કે, 'મનુષ્યની નૈતિક્તા વ્યક્તિગત નહીં પણ સામાજિક હોય છે. તે સમાજમાં પોતાના સ્થાનને ઓળખે અને બીજું એ કે તે સ્થાનસંબંધિત કર્તવ્યોનું પાલન સંપૂર્ણ પ્રામાણિક્તાથી કરે.' જે લોકો એમ માને છે, કે વ્યક્તિના પોતાના અને કૌટુંબિક જીવનના નિર્વાહ માટે જે કામ કરવામાં આવે છે તે એના સામાજિક કાર્યોથી અલગ છે તો આ વાત સત્યથી તદ્દન વેગળી છે. સૌથી ઉત્તમ વાત તો એ છે કે સ્વાર્થ અને પરમાર્થ એક સાથે સિદ્ધ થઈ શકે છે. પરન્તુ તે માટે આંખોને ખુલ્લી રાખવી પડે અને સ્વાર્થ ઉપર ઉચિત મર્યાદા રાખવી જોઈએ.

જીવનનિર્વાહ અને સામાજિક જવાબદારી એ એક જ સિક્કાની બે બાજુ છે. એક જ રથનાં બે ચક્રો છે. આ બે બાબતોને જુદી પાડી શકાય નહીં. જીવન એ તો સમાજની થાપણ છે. એટલા માટે જ્યારે એક ડૉક્ટર યા વકીલ, શિક્ષક યા રાજનીતિજ્ઞ પોતાનું કામ કરે તેમાં પૂરી નિષ્ઠા અને સમાજસેવાની ભાવના હોવી જોઈએ પછી તેમાં સમાજ સાથેના સંઘર્ષને સ્થાન ન હોવું જોઈએ. કંઈ મેળવી લેવાની અમર્યાદ અર્થોપાર્જનની ભાવના હોવી ન જોઈએ. શરત ફક્ત એટલી જ છે કે, દરેક વ્યક્તિ પોતાના કામના સાચા સ્વરૂપને ઓળખે. ઉ.ત. શિક્ષક અને ડૉક્ટરના ધંધાને લઈને બંને પોતાના ધંધાથી જીવનનિર્વાહ કરે છે.

ડૉક્ટરનો સાચો ધર્મ સમાજમાંથી શારીરિક પીડા, વ્યાધિ અને વેદનાનું નિવારણ કરવાનો છે. જો તે પોતાના દર્દી પ્રત્યે પ્રેમભાવ રાખે અને તેનું મન કરૂણાસભર હશે તો અર્થ અને પરમાર્થ બંને આનંદથી પ્રાપ્ત કરશે, એવું પણ બને કે કોઈ ગરીબ દર્દી ફી ન આપી શકે તો તે વખતે ડૉક્ટર પોતાના ધર્મને ભૂલ્યા સિવાય તે ગરીબ દર્દીની સેવા કરે ત્યારે આપણે કહીશું તે સાચો ડૉક્ટર છે અને સમાજે તેને જે કેળવણી આપી છે તે સાર્થક થઈ.

આ રીતે શિક્ષક પોતાના કાર્યથી જીવનનિર્વાહ ચલાવવાની સાથે માનસિક આનંદ પ્રાપ્ત કરે અને એનું ધ્યાન રાખે કે મારો ધર્મ સમાજમાંથી અજ્ઞાનતા દૂર કરી સત્યનો પ્રકાશ પ્રકટાવવાનો છે. તો સમાજનો નકશો જ બદલાઈ જશે. જો શિક્ષક જીવનનિર્વાહની ગોઠવણ સાથે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને સામાજિક ચારિત્ર્યની કેળવણી આપશે તો સમાજમાં તેનું અસ્તિત્વ દીપી ઊઠશે અને શિક્ષણનું સ્તર પણ ઘણું ઊંચુ આવે અને ચારિત્ર્યનું ઘડતર થાય. પરન્તુ ચારિત્ર્યની કેળવણી આપવા માટે આપણું ચારિત્ર્ય ઘડવું પડે.

આજે સમાજમાં ડોકટરો પર શ્રદ્ધા રહી નથી અને શિક્ષકોનું માન રહ્યું નથી. તેનું કારણ એ છે કે એમણે પોતાના કામને સમાજસેવાનું માધ્યમ બનાવવાને બદલે માત્ર વ્યવસાય તરીકે જ ગણ્યું અને માનવતાની પરવા રાખ્યા વગર તેઓ સ્વાર્થમાં અંધ બનીને અર્થપ્રાપ્તિને જ જીવનનું અંતિમ લક્ષ્ય માની બેઠા છે. આ ફક્ત ડોકટરો અને શિક્ષકોની જ વાત નથી. સમાજના દરેક સ્તરે આજે આ મનોદશા છે. ડોકટર દર્દીનો રહ્યો નથી. વકીલ અસીલનો રહ્યો નથી, શિક્ષક વિદ્યાર્થીઓનો નથી રહ્યો. અને વિદ્યાર્થી શિક્ષકનો રહ્યો નથી. શિક્ષકોને ભણાવવું નથી અને વિદ્યાર્થીઓને ભણવું

નથી. દર વર્ષે પાસ થયાનું પ્રમાણપત્ર મેળવીને વિદ્યાર્થી આગળ વધે છે. છેલ્લે જ્યારે એ ડીગ્રી મેળવીને સમાજમાં આવે ત્યારે તે સમાજનું કેટલું હિત કરી શકવાનો હતો ? ડોકટર, વકીલ, એન્જિનિયર, શિક્ષક જેઓનો સમાજ સાથે સીધો સંપર્ક છે. ત્યાં ન્યાય, સમાજનું સ્વાસ્થ્ય અને યોજનાઓ ક્યાંથી સફળ થાય? પછી ભળતી દવાથી કોઈનું મૃત્યુ થાય તેમાં જવાબદાર કોણ?

આપણા વહેપારીઓ ખાવાપીવાની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરે છે અને મજૂરોનું શોષણ કરે છે. શું આમ કર્યા વિના વેપારથી નિર્વાહ/વ્યવહાર ન ચાલી શકે? નિર્વાહ તો જરૂર થઈ શકે પણ ધનની અમર્યાદ લાલસા એમને આ દુષ્કૃત્યો માટે પ્રેરિત કરે છે. કોઈ એમને પૂછે કે શું સંપત્તિનો એ અર્થ છે કે એકને માટે તે પ્રચુર સાધનો આવે અને બીજાઓને દુઃખમાં ધકેલે? સાચું તો એ છે કે, સંપત્તિ વિપત્તિનો નાશ કરનારી હોવી જોઈએ, નહિ કે વિપત્તિનું સર્જન કરનારી. આ ત્યારે જ બને છે જ્યારે આપણે સમતુલા ખોઈ બેસીએ છીએ. અને એમ માનીએ છીએ કે બીજાંઓને જે પ્રાપ્ત નથી થતું તે પ્રાપ્ત કરવામાં આપણું ગૌરવ છે. જે દિવસે એવું લાગશે કે એમાં શાન નથી પણ શરમ છે તે દિવસે આ સ્થિતિ બદલાઈ જશે.

હવે એવો સમય આવી ગયો છે કે આપણે ઉપર ઉપરની વાતોને છોડીને સમસ્યાના ઊંડાણમાં પ્રવેશ કરીએ અને અંતઃકરણને જાગૃત કરી પ્રામાણિકતાથી વિચારીએ કે આપણે શું ઈચ્છીએ છીએ ? એક મનુષ્ય બજારમાં દવા વેચી રહ્યો છે, બિચારો દર્દી એમની શ્રદ્ધા અને ભરોસો રાખીને દવા ખરીદે છે. પૂરા પૈસા પણ આપે છે પણ તેના બદલામાં એને ભેળસેળવાળી દવા મળે છે. ભેળસેળવાળી અને નકામી દવાથી દર્દીનં મૃત્યુ

થાય છે. તો શું એનાથી દવામાં ભેળસેળ કરનારને કોઈ પાપ નથી લાગતું? એના મનમાં કોઈ પ્રકારનું દુઃખ નથી થતું ? તે સહેજ પણ નથી પસ્તાતો? જો આ પ્રશ્નોના ઉત્તર ના માં મળે તો એમ સમજવાનું થાય કે માનવતાનું ગળું રહેંસાઈ ગયું છે. એક અણુબોમ્બ ફૂટવાથી જે વિનાશ થાય તેનાથી પણ વિશેષ આ દવા વેચનારો કે તેમાં ભેળસેળ કરનારો ઉત્પાદક સર્જી શકે છે. ભેળસેળ એ અણુબોમ્બથી પણ ખતરનાક છે. સમાજમાં જ્યારે માણસ આટલી હીન કક્ષાએ ઊતરી જાય ત્યારે આપણું પતન થઈ રહ્યું છે. એમ માનવાનું રહે. માટે જે આપણે સુધારવાનો પુરુષાર્થ કરવો જોઈએ. જે સમાજનો નાગરિક આટલી હીન કક્ષાએ ઊતર્યો હોય તે સમાજની રક્ષા શસ્ત્રાસ્ત્રથી પણ નહીં થઈ શકે.



૪૯. સ્વત્વબોધથી સ્વાધ્યાય

શ્રી વલ્લભાચાર્યજીના મત અનુસાર સ્વાધ્યાય શબ્દના યૌગિક અને રૂઢ સાથે અર્થ વેદ છે. સુ વત્તા આ વત્તા અધ્યાય એમ એની સંધિ છૂટી પાડી તેઓ લખે છે કે સુ એટલે શોભન-દેશ, કાળ, ગુરુ અને શિષ્યના અપેક્ષિત ગુણો તથા નિયમોનો સુયોગ. આ એટલે સર્વરીતે – શબ્દ, અર્થ અને અનુષ્ઠાનમાં શંકા ન થાય એમ અધ્યાય એટલે અધ્યયન. સ્વાધ્યાય કહેવાય. તેનાથી કર્મ તેમજ જ્ઞાનના કાંડોમાં દર્શાવેલાં ચિત્તશુદ્ધિ અને મોક્ષ એ બન્ને ધ્યેયો પાર પડે છે. તેઓ આવા સ્વાધ્યાયની જવાબદારી પિતા અને આચાર્ય ઉપર રહેલી છે. એમ જણાવે છે, કેમકે બાળકની સમજણ ખીલી ન હોય એને જવાબદારી ગણી ન શકાય. (બૃહદારણ્યક : ઉપનિષદઃ ૪ : ૨ :૨૨) સ્વાધ્યાય કે વેદાનુવચનના પ્રયોજન વિશે નવું દૃષ્ટિબિન્દુ રજૂ કર્યું છે કે વેદાનુવચન ઉપરાંત યજ્ઞ, દાન અને તપ વડે બ્રાહ્મણો આત્માને જાણવાની ઈચ્છા કરે છે. આમ સ્વાધ્યાય અને તેનાથી પ્રેરીત ઉત્તમ કર્મોનો હેતુ આત્માનો તત્વને જાણવાની ઈચ્છા ઉત્પન્ન કરવાનો છે. આ વિધાન આત્માની પરમ્ સત્ય કે હૃદયમાં આવેલા આકાશમાં અંતિમતત્વ તરીકે મહાન, અજન્મા, વિજ્ઞાનમય અને પ્રાણોમાં કે હૃદયમાં આવેલા આકાશમાં રહેતો હોવા છતાં સર્વનો ઈશ્વર, ભૂતાધિપતિ, લોકોને ધારણ કરનાર વર્ણવ્યો છે. એને જાણીને મનુષ્ય-મૂનિ, મનિષી, કવિ કે દ્રષ્ટા બને છે.

અંતિમ તત્ત્વરૂપ આત્મા માટે છન્દોગ્યમાં 'સત્' અને 'સ્વ'એમ બે શબ્દો પ્રયોજ્યા છે. તેનો અનુભવ સૌ કોઈને ગાઢ સુષુપ્તિની અવસ્થામાં થાય છે.

यत्रै तत्पुरुषः स्वपिति नाम सता सोम्य
तदा सम्पन्नो भवति । स्वमपितो भवति ।
तस्मादेनम् स्वपिती त्वाचक्षते ।
स्वम् हि अपीतो भवति ॥

અર્થાત્ –

– જ્યારે આ પુરુષ સૂઈ જાય છે ત્યારે સૌમ્ય એ સત્ સાથે એકરૂપ થાય છે, 'સ્વ' માં વિલિન બને છે. તેથી એને 'સ્વપતિ' એમ કહે છે, કેમકે એ 'સ્વ'માં લય પામે છે. (છન્દોગ્ય ઉપનિષદ : ૬ : ૮ : ૧)

સ્વત્વબોધ કે આત્મસાક્ષાત્કાર માટે સ્વાધ્યાયનું મહત્ત્વ ઉપનિષદ કાળ પછીનાં વેદાન્ત ગ્રંથોમાં બધા આચાર્યોએ સ્વીકાર્યું છે. પ્રારંભમાં વેદમંત્ર, પાઠ એ જ સ્વાધ્યાય ગણાતો. ઉપનિષદોમાં સ્વાધ્યાયના આવા સ્થૂળ તેમજ વાચિક રૂપને ત્યજીને આત્માના એટલે કે આત્માનું પ્રતિપાદન કરનાર ગ્રંથોના શ્રવણ, મનન અને નિદિધ્યાસન જેવા તેના સૂક્ષ્મ સ્વરૂપનો પુરસ્કાર કરવામાં આવ્યો. તેના કારણ તરીકે આત્માના જ્ઞાનને સર્વ તત્ત્વોના જ્ઞાનનો હેતુ દર્શાવવામાં આવ્યો છે.

आत्मा वा अरे दृष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य...
आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्वा विज्ञने दं सर्व विदितम् (भवति)

(બૃહદારણ્યક ઉપનિષદ : ૨ : ૪ : ૫)

આત્મા વિશ્વનું કારણ હોવાથી તેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય એવી પ્રતિજ્ઞા ઉપનિષદો કરે છે બધા તત્ત્વોના નિરીક્ષણ, પરીક્ષણ ઉપરાંત મન, તેની પ્રવૃત્તિઓ, તેમજ ચેતનઆત્માનું જ્ઞાન તર્કસંગત વિચારણાથી થઈ શકે. તેથી અર્વાચીન વિજ્ઞાનનો બૌદ્ધિક અભિગમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ ન્યાયસંગત વિચાર પદ્ધતિનો પુરસ્કર્તા હોઈ ઉપાધ્યેય છે. એ હકીકત ધર્મ વિશે પ્રસરેલા વહેમો જેવાં અંધ પરિબળોના નિષેધથી સ્પષ્ટ થતી ચાલી છે. સાધારણ જનસમુદાયની દૃષ્ટિમાં શરીર જ આત્મા છે. શરીર ભૌતિક પરિસ્થિતિનો

એક ભાગ છે. તેથી ભૌતિક પ્રકૃતિનું વૈજ્ઞાનિક અધ્યયન તેમજ શારીરિક સ્વસ્થતા તેમજ સામર્થ્ય અને ભૌતિક સુવિધાઓ નિપજાવનાર વિદ્યાશાખાઓ સ્વાધ્યાયનું મહત્વનું અંગ છે. એ સમજી શકાય એવું છે.

આત્મા મનુષ્યનું /પ્રાણીમાત્રનું / પદાર્થનું સ્વકેન્દ્ર હોવા છતાં અને પ્રત્યેક બોધ તેના જ ચૈતન્ય પ્રકાશથી ઉદ્‌ભવિત થતો હોવા છતાં તેનું જ્ઞાન ખંતપૂર્વકની દીર્ઘકાલીન અને પ્રમાણિક વિચાર પદ્ધતિને વૈજ્ઞાનિક ઢબે અનુસરતી શોધ વિના તપ શક્ય બનતું નથી. વૈજ્ઞાનિકોમાં જોવા મળતી ચિત્તની એકાગ્રતા કરતાં પણ ઉચ્ચ કોટિની વિશુદ્ધ એકાગ્રતા વિના આત્માનો – સ્વ–નો સાક્ષાત્કાર કે પરિચય સાધી શકાય નહીં. તેથી સ્વરૂપાવસ્થા કે મોક્ષને ભારતીય સાંસ્કૃતિક– સામાજિક – પરિવેશમાં મનુષ્ય જીવનનું ચરમ અને ઉચ્ચતમ મૂલ્ય તથા લક્ષ્ય કે પુરુષાર્થ ગણવામાં આવ્યો છે. ખરી રીતે તો માણસની પ્રત્યેક ક્રિયા અને ભાવના આત્મલક્ષી હોય છે. છતાં વ્યવસ્થિત, તબક્કાવાર પ્રગતિ સંભવિત બને એ હેતુથી આર્ય તત્ત્વ ચિંતકોએ કર્મ, ભક્તિ અને જ્ઞાનને આત્મસાક્ષાત્કારના સાધન ગણ્યા છે અને તે તે માર્ગની સ્પષ્ટ રૂપરેખા પણ ઉપસાવી આપી છે.



૫૦. 'સ્વ'ની ઓળખાણ

જ્ઞાન માત્ર સાંભળવાથી થતું નથી. જો માણસનું હૃદય કઠોર હોય તો જ્ઞાન થાય નહિ. પથ્થરને દસ વર્ષ સુધી પાણીમાં રાખીએ તો પણ પાણી તેને ઓગાળી શક્તું નથી. એને ચમકાવવાનો પ્રયત્ન તો કરે છે, પરંતુ એમાં પીણીનો દોષ નથી પણ પથ્થરનો દોષ છે. જ્યારે માટીના ઢેફાને ક્ષણવારમાં જ ઓગાળી નાખે છે. જ્ઞાન મળવાથી કે ભક્તિથી જ્ઞાની કઠોર બનતા નથી,કોમળ બનેછે. આપણે પથ્થર જેવા કઠોર નહી પણ માટીના ઢેફા જેવા મુલાયમ બનવાનુ છે.

આપણી બુદ્ધિ ભટકતી હોય, ચૈતસિક શાંતિ ન હોય અને આપણે અહીંતહીં જોતા હોઈએ તો આપણા મન ઉપર બહુ અસર થતી નથી, પણ આપણે ચિત્ત એકાગ્ર કરીએ એટલે બાકી બધી વસ્તુઓ જગતમાંથી ચાલી જાય અને એક જ વસ્તુ રહે. તેની મન ઉપર ઊંડી અસર થાય. માટે જ સગુણોપાસના અત્યંત આવશ્યક છે. ચિત્ત એકાગ્ર કરવા વસ્તુની જરૂર પડે, પછી તે મૂર્તિ સ્વરૂપે, તસ્વીર સ્વરૂપે, દીપ સ્વરૂપે કે માળા સ્વરૂપે. પણ આ સ્વરૂપોમાં જ ધ્યાન ન રહેતાં પરમતત્ત્વમાં ધ્યાન રહેવું જોઈએ.

ભક્તિ પરમાત્માને શોધવાની કળા નથી, સ્વને શોધવાની કળા છે. માટે 'સ્વ' ની કુંડળીમાંથી જો આપણે બહાર નીકળીએ તો જ ભગવાન પ્રાપ્ત થાય, પણ આપણે 'સ્વ'ની કુંડળીમાંથી ક્યારેય બહાર આવી શક્તા નથી. મારું મારું કરતાં જ જિંદગી પૂરી થઈ જાય છે.

પ્રાર્થનાથી ઊભરાતા હૃદયના ભક્તની ભક્તિ અદ્વૈતને આંબે છે. સ્વયંની ગહનગુહામાં ડૂબીને ભક્ત ભક્તિના પરમતત્ત્વમાં એકરૂપ બની જાય તો જ પ્રભુ પ્રત્યેની નિષ્ઠા, તન્મયતા અને એકરૂપતા ચરમ સીમાએ

પહોંચે છે.

આ માટે આત્મનિરીક્ષણ એટલે કે ‘સ્વ’ની ઓળખાણ જાતની ઓળખાણ ‘હું કોણ છું’?તેના જવાબની શોધમાં ‘સ્વ’સાથે એકાંતમાં વાર્તાલાપ કરવા માટે ચિંતન જરૂરી છે, ધ્યાન જરૂરી છે. સમાધિ જરૂરી છે. ધ્યાન થાય અને સ્વ ની ઓળખ થાય તો આત્માનો પરમાત્મા સાથે સેતુ રચાય અને સેતુ રચાય તો પરમાત્મામાં એકરૂપ થઈને પરમાત્માં થવાય.

ચિંતન જેવી કોઈ સરળ બાબત નથી હકીકતમાં જે વાસ્તવિક છે. તેને આપણે વાસ્તિવકતામાં જે વાસ્તવિકતા છે તેને આપણે વાસ્તવિકતા સમજીએ છીએ. આ ખોટી વાસ્તવિકતાના પરિત્યાગમાં જ સાચો સાક્ષાત્કાર છે. પછી તો કંઈ જ નવું શોધવાનું કે મેળવવાનું નથી. આત્માની ઓળખાણ થાય તો લખચોર્યાસીનો ફેરો ટળે.

આત્મસાક્ષાત્કાર માટે આત્મપૃચ્છા કે આત્મવિચાર જ એકમાત્ર સીધો અને ક્ષતિરહિત માર્ગ છે. દરેક પ્રકારની સાધનાની પદ્ધતિમાં મનોનિગ્રહની પૂર્વે આવશ્યકતા સ્વીકારાઈ છે અને મન વિના તે સિદ્ધ થઈ શકતુ નથી. જો સાધના પોતે જ મર્યાદાઓના અસ્તિત્વ નું અવલંબન કરે તો પછી તે ભક્તિ ને શી રીતે પદરૂપ થઈ શકે?

આત્મા જ સાચો ગુરુ છે, સદ્ગુરુછે. જયારે બાહ્યગુરુ વ્યક્તિ અંદરની તરફ ધકેલે છે ત્યારે અંદરનો ગુરુ અથવા આત્મા વ્યક્તિને તેની તરફ ખેંચે છે.

બ્રહ્માને ઓળખીને મનુષ્ય અમર બને છે અને પરબ્રહ્મ ને પ્રાપ્ત કરે છે. વિશ્વ એ માણસના મન સિવાય કાંઈ નથી અને મન પણ અંતઃકરણ સિવાય કશું જ નથી. વિશ્વ ની તમામ ઘટનાઓ હૃદયમાં જ આકાર પામે છે. ઘટનાઓ તમારા મનનું સંતુલન ડોલાવે છે/ સ્થિર પણ કરે છે. ડહોળે છે અને ડૂબાડે પણ છે. તો તારે પણ છે માટે ‘સ્વ’ની ઓળખાણ કરી ક્ષતિરહિત માર્ગે પગ ઉપાડવા જોઈએ.



૫૧. ‘સ્વ’ સાથે વાર્તાલાપ

પ્રજ્વલિત આત્મા અથવા શુદ્ધ ચૈતન્ય અથવા ઈશ્વર કે જે આપણે જે છીએ તેની વચ્ચે જડ શરીરમાંનો ખોટો અહમ્ અદેહી પિશાચની જેમ ઓગળી ગયો છે અને અકળ નામ અને રૂપના બાહ્ય જગતમાં પોતાની માન્યતા મુજબના ઉપદેશની પૂર્તિ માટે સતત ફાંફાં માર્યા કરે છે. જો આત્મનિરીક્ષણ કરવામાં આવે તો અહમ્ ઓગળી જાય છે, દૂર થઈ જાય છે. આત્માની ઓળખ થાય છે – અને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

આત્મનિરીક્ષણ એટલે ‘સ્વ’ની શોધ, આત્મપરીક્ષણ, ‘સ્વ’ની ઓળખાણ, જાતની ઓળખાણ. હું કોણ છું ? તેના જવાબની શોધમાં ‘સ્વ’ સાથે એકાંતમાં વાર્તાલાપ કરવા માટે ચિંતન જરૂરી છે, ધ્યાન જરૂરી છે. ધ્યાન થાય તો જ્ઞાન મળે અને જ્ઞાન મળે તો સૌની ઓળખાણ થાય અને સૌની ઓળખાણ થાય તો આત્માનો પરમાત્મા સાથે સેતુ રચાય અને સેતુ રચાય તો પરમાત્મામાં એકરૂપ થઈને પરમાત્મા થવાય.

ચિંતન જેવી કોઈ સરળ બાબત નથી. હકીકતમાં જે વાસ્તવિક છે તેને આપણે વાસ્તવિકતા સમજીએ છીએ. આ ખોટી વાસ્તવિકતાના પરિત્યાગમાં સાચો સાક્ષાત્કાર છે. પછી તો કંઈ જ નવું શોધવાનું કે મેળવવાનું નથી. આત્માની ઓળખ થાય તો લખચોર્યાસીનો ફેરો ટળે.

‘હું કોણ છું ?’ એ પ્રશ્નના જવાબમાં જો આત્મા કહે કે ‘મારા માટે’ ત્યારે જ ‘હું કોણ છું ?’ એ વિશે જાત સાથે પૃચ્છા કરો અને ત્યાં જ અટકી જાવ. આ માત્ર વ્યાખ્યા જ નથી પરંતુ તેનો હેતુ તો સમગ્ર મનને તેના મૂળ પરત્વે કેન્દ્રિત કરવાનો છે. કે જેથી વિક્ષેપાત્મક વિચારોનો ધ્વંશ જ થઈ જાય.

આત્મસાક્ષાત્કાર માટે આત્મપૃચ્છા કે આત્મ વિચાર જ એકમાત્ર સીધો અને સરળ માર્ગ છે. દરેક પ્રકારની સાધનાની પદ્ધતિમાં મનોનિગ્રહની પૂર્વ આવશ્યકતા સ્વીકારાઈ છે અને મન વિના તે સિદ્ધ થઈ શકતી નથી. જો સાધના પોતે જ મર્યાદાઓના અસ્તિત્વનું અવલંબન કરે તો પછી તે વ્યક્તિને શી રીતે મદદરૂપ થઈ શકે ?

મનુષ્ય હમેશાં સુખની શોધ કરતો ફરે છે. કસ્તૂરીમૃગ જેમ સુગંધની શોધમાં દોડ્યા કરે છે તેમ. પરંતુ માણસ જાણતો નથી કે સુખ તો તેની અંદરથી જ ઉદ્‌ભવે છે. દુઃખનું કારણ જીવનમાં નથી. પરંતુ આપણી જાતમાં જ અહમ્ સ્વરૂપે રહેલું છે. તેને દૂર કરવું જોઈએ.

જે અનુગ્રહ હમેશાં તમારા માટે જ છે તેની પ્રાપ્તિ માટે એક માત્ર ઉપાય એ જ છે કે તમે જે છો તે જ આત્મસ્વરૂપ બની રહો.

આત્મા જ સાચો ગુરુ છે. જ્યારે બાહ્યગુરુ વ્યક્તિને અંદરની તરફ ધકેલે છે ત્યારે અંદરનો ગુરુ અથવા આત્મા વ્યક્તિને તેની તરફ ખેંચે છે.

આત્મા તો પંચ મહાભૂતોમાં રહે છે. સાચો સંન્યાસી મનથી હોય છે. મનુષ્યનું મન જ્યાં દોરાય છે. તેથી કોઈ ગૃહસ્થ એમ માને કે હું ગૃહસ્થ નથી તો તેને સંન્યાસી માનવો. તેવી જ રીતે 'બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ' એટલે કે 'બ્રહ્મ'ને જાણનારા બ્રહ્મ બને છે. આત્મસાક્ષાત્કાર એ કાંઈ જીવનની સંધ્યાએ શોધ કરવાની પ્રવૃત્તિ નથી, તે તો તમામ સાધનાઓ તથા માણસના અનિશ્ચિત પ્રારબ્ધનું લક્ષ્યસ્થાન છે.

બ્રહ્મને ઓળખીને માણસ અમર બને છે. અને પર બ્રહ્મને પ્રાપ્ત કરે છે. વિશ્વ એ માણસના મન સિવાય કાંઈ નથી અને મન પણ અંતઃકરણ સિવાય કશું જ નથી. વિશ્વની તમામ ઘટનાઓ હૃદયમાં જ આકાર પામે છે.

આ હૃદય વિશ્વ છે. પ્રભુ એક જ છે. પ્રાણી માત્રમાં છુપાયેલો છે અને તમામ પદાર્થોમાં વ્યાપેલો છે. તે તમામ કર્મોનો કર્તાહર્તા છે. તમામ

પ્રાણીમાત્રમાં વસેલો છે. તમામ પ્રવૃત્તિઓના દ્રષ્ટા અને જ્ઞાતા છે. આમ છતાં નિર્ગુણ છે અને બધા ગુણદોષથી પર છે.

પંચમહાભૂતોમાં વસનારા આત્માને આંખથી, વાણીથી, બીજી ઈન્દ્રીયોથી, આત્મસંયમથી કે બીજાં કાર્યોથી સમજી શકાય તેમ નથી. જ્ઞાનની નિર્મળ જ્યોતથી જ્યારે માનવીનો આત્મા શુદ્ધિ પામે ત્યારે 'ધ્યાન' દ્વારા તે નિરાકાર કોણ છે તે જોઈ શકે છે.

આત્મતત્ત્વને જાણનારો વિદ્યા અને વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ (જ્ઞાની) ગાય, હાથી, કૂતરાં અને ચાંડાળ એ તમામને એક જ દૃષ્ટિથી નીરખે છે.

બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ. નાત, જાત કે સામાજિક મોભાની દૃષ્ટિએ ઊંચ કે નીચ વગેરેના ભેદભાવ વગર પરમાત્મા અથવા આત્મા સર્વમાં વ્યાપ્ત છે.

જ્યારે વ્યક્તિ જાગ્રત થાય છે ત્યારે તેની ઈન્દ્રિયો જેવી કે નાક, કાન, આંખ વગેરેથી દુનિયાના નામ અને સ્વરૂપથી અનુભવ કરે છે. તેનો અંતરઆત્મા જાગ્રતાવસ્થામાં 'વિશ્વમ્' સ્વપ્નાવસ્થામાં 'તેજસ્' અને સુષુપ્તાવસ્થામાં 'પ્રજ્ઞા' અવસ્થાની અનુભૂતિ કરે છે. ત્રણે લોકમાં અનંત પ્રકાશમાં અને છેક બ્રહ્માથી લઈને કીડી જેવા તમામ જીવોમાં અંતર્યામી એવો આત્મા એ જ પરમાત્મા છે, બ્રહ્મા છે. એ જ સમગ્ર સર્જનનો અનંત જાગ્રત સાથી છે. એ જ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સર્જનહાર છે / સર્જક છે. નામ અને સ્વરૂપના માધ્યમથી ઊભા કરાતા ભેદ વિચારો સાચે જ એક ભ્રમ છે. જે એના હૃદયમાં એવી દૃઢ અનુભૂતિ કરે છે કે 'હું જ તે બ્રહ્મ છું – अहम् ब्रह्मास्मि । – તે જ મારો ગુરુ છે... આપણે તો આત્મનિરીક્ષણથી, આત્મપરીક્ષણથી 'સ્વ'ની શોધ કરીને આત્માને ઓળખી પરમાત્મા થવાનું છે. આવો દૃઢ સંકલ્પ આજના ઊગતા પ્રભાતે કરીએ.



૫૨. સુખ અંદરથી ઉદ્‌ભવતું અમૃત

ભૌતિક સુખ વિશે લખતો હતો ત્યારે મને એક વિચાર એ પણ આવેલો કે 'ખરેખર સુખ કઈ વસ્તુમાંથી મળે છે ?' માણસ હમેશાં સુખની શોધ કરતો ફરે છે. કસ્તૂરીમૃગ જેમ સુગંધની શોધમાં દોડ્યા કરે છે તેમ મનુષ્ય પણ સુખરૂપી મૃગજળ પાછળ દોડ્યા કરે છે. તેને એ પણ ખબર નથી કે સુખ તો તેની અંદરથી ઉદ્‌ભવે છે. દુઃખનું કારણ જીવનમાં નથી, પરંતુ આપણી અંદર અહમ્ સ્વરૂપે રહેલું છે. તેને દૂર કરવાની જરૂર છે. અહમ્ નામનું તત્ત્વ આપણાથી છૂટે તો સુખ આપોઆપ આપણામાં પ્રવેશ કરે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે, આ હૃદય વિશ્વ છે. હું પ્રાણીમાત્રમાં છુપાયેલો છું અને તમામ પદાર્થમાં વ્યાપ્ત છું. તમામ કર્મોનો કર્તાહર્તા છું. તમામ પ્રવૃત્તિઓનો દ્રષ્ટા અને જ્ઞાતા છું. આમ છતાં પણ નિર્ગુણ છું અને બધા ગુણદોષથી પર છું. વળી, ભગવાન શ્રીકૃષ્ણએ એ પણ કહ્યું છે કે, 'આત્મતત્ત્વને જાણનારો વિદ્યા અને વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરાં અને ચાંડાળ એ તમામને એક જ દૃષ્ટિથી નીરખે છે.' 'બ્રહ્મ જે જાણે તે બ્રાહ્મણ.' નાત, જાત કે સામાજિક મોભાની દૃષ્ટિએ ઊંચ કે નીચ વગેરેના ભેદભાવ વગર પરમાત્મા અથવા આત્મા સર્વમાં વ્યાપ્ત છે.

જ્યારે વ્યક્તિ જાગ્રત થાય છે ત્યારે તેની ઈન્દ્રિયો જેવી કે નાક, કાન, આંખ વગેરેથી દુનિયાના નામ અને સ્વરૂપથી અનુભવ કરે છે. તેનો

અંતરઆત્મા જાગ્રતાવસ્થામાં 'વિશ્વમ્' સ્વપ્નાવસ્થામાં 'તેજસ્' અને સુષુપ્તાવસ્થામાં 'પ્રજ્ઞા' અવસ્થાની અનુભૂતિ કરે છે. ત્રણે લોકમાં અનંત પ્રકાશમાં અને છેક બ્રહ્માથી લઈને કીડી જેવા તમામ જીવોમાં અંતર્યામી એવો આત્મા એ જ પરમાત્મા છે, બ્રહ્મ છે. એ જ સમગ્ર સર્જનનો અનંત જાગ્રત સાથી છે. એ જ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સર્જનહાર છે.

નામ અને સ્વરૂપનાં માધ્યમથી ઊભા કરાતા ભેદ વિચારો સાચે જ એક ભ્રમ છે. જે એના હૃદયમાં એવી દૃઢ અનુભૂતિ કરે છે કે 'હું જ તે બ્રહ્મ (પરમાત્મા)છું. તે જ મારો ગુરુ છે. આપણે તો આત્મનિરીક્ષણથી, આત્મપરીક્ષણથી 'સ્વ'ની શોધ કરીને આત્માને ઓળખી પરમાત્મા થવાનું છે.

આ પરમાત્માની પ્રાપ્તિ થાય તો સુખ આપોઆપ જ મળી જાય છે. પછી સુખની શોધમાં દોડવાની જરૂર નથી. તેને આપણી અંદરથી જ શોધવાનું છે. આપણે જેટલી અપેક્ષાઓ થોડી રાખીએ તેટલું સુખ વધુ પ્રાપ્ત થાય છે. આપણે કોઈ ઉચ્ચ હોદ્દા ઉપર હોઈએ અને તે હોદ્દો ત્યજવાનો સમય આવે તો જેમ કપડાં ઉતારીએ તેટલી સહજતાથી તે હોદ્દાનો ત્યાગ કરવો જોઈએ. હોદ્દાનો જેટલો ભાર લઈને ફરીએ તેટલું વધારે દુઃખી થવાય. ભૌતિક સુખ તો ક્ષણિક છે પરંતુ આધ્યાત્મિક સુખ જ આપણને 'બ્રહ્મપદ'ની પ્રાપ્તિ કરાવે છે. આ આધ્યાત્મિક સુખ તો પ્રકટે છે આપણી અંદરથી. જેટલી જિજીવિષા ઓછી, જેટલી અપેક્ષાઓ ઓછી તેટલું સુખ વધુ, એટલે જ સુખ તો અંદરથી ઉદ્‌ભવતું અમૃત છે.



૫૩. સંસ્કાર પરિવાર

૨૧ મી સદીમાં પગ મૂકી રહ્યા છીએ ત્યારે શિષ્ટાચારને આપણે ભૂલીને દુરાચાર આચરી રહ્યા છીએ. વાણી અને વર્તનમાં દુરાચાર સ્પષ્ટ વર્તાઈ રહ્યો છે. વાણી અને વર્તનના સંસ્કાર ઘરમાંથી આવે છે.

ઘર એક નાજુક યંત્ર છે. જેના ભાગો (કુટુંબ) એકબીજા સાથે ગાઢપણે સંકળાયેલાં છે. ફક્ત નિષ્ણાત-Lubrication-(ઊંજણ) જ એને સરળ રીતે ચાલુ રાખી શકે. કઈ રીતે મદદરૂપ, વિવેકી, આનંદી અને નમ્ર થવું એ જાણવું એ સુખી ઘર બનાવવાનો મહત્ત્વનો ઘટક છે. સભ્યતા અને બીજાઓની લાગણીઓ પ્રત્યે વિચારશીલતાની રોજની સ્વીકૃત વાણી – જેવી કે : 'આપનો આભાર', 'મહેરબાની કરીને', 'માફ કરજો', 'હું દિલગીર છું' – કઈ રીતે ઉચ્ચારવા એ શીખવું, આપણી સોબતોથી વિનાશક ઘર્ષણ દૂર કરવા ઘણું કરશે. આ નાના શબ્દોનો અર્થ મોટો થાય છે. દરેક જણ એ યોગ્ય રીતે કહી શકે છે. એની આપણે કોઈ કિંમત ચૂકવવી પડતી નથી. પરંતુ એનાથી આપણે મિત્રો ખરીદીએ છીએ. આપણે આપણા ઘરમાં રોજ સારી રીતભાત આચરીએ તો, આપણે ઘર બહાર જઈશું તથા લોક વચ્ચે હોઈશું ત્યારે આપણે જુદા તરી આવીશું. આપણી વાણી અને વર્તનમાં સુસંસ્કારોનું સિંચન કરીશું તો.

સારી વર્તણૂંક બીજાઓની લાગણીઓ પ્રત્યે વિચારશીલ બનવાનો, તેઓને આદર આપવાનો, આપણે જેવો વ્યવહાર ઈચ્છીએ છીએ તેવો વ્યવહાર તેઓ પ્રત્યે રાખવાનો સમાવેશ થાય છે. છતાં ઘણાના ધ્યાન પર આવ્યું છે કે સારી વર્તણૂંકની આશા ઠગારી છે. યુવાધનમાં ઉચ્છૃંખલતા વધી રહી છે. સભ્યતાના માથે મીંડું વળી ગયું છે. વ્યક્તિવાદનું વર્ચસ્વ વધી રહ્યું છે.

લંડનના 'ડેઈલી મેઈલ' દૈનિકના એક અહેવાલ અનુસાર પાંચ વર્ષ જેટલી નાની વયના બાળકો વધતા જતા પ્રમાણમાં હુમલાખોર, બીજા બાળકોની ચીજવસ્તુઓ પ્રત્યે અનાદરવાળાં, મોટાઓને આદર ન કરનારા અને બીભત્સ ભાષા બોલનારાં બન્યાં છે.

સર્વેક્ષણ કરતાં મોટા ભાગના શિક્ષકોને લાગે છે કે માબાપો બાળકોને બગાડી રહ્યા છે. અસામાજિક વર્તણૂકમાં થયેલા વધારાનું આ મૂળ કારણ છે. એક સર્વેક્ષણમાં શિક્ષકોની મુલાકાત લેતાં ૮૬ ટકા શિક્ષકો 'ઘરે સ્પષ્ટ ધોરણો તથા અપેક્ષાઓની ખામી'ને દોષ આપે છે. ૮૨ ટકા શિક્ષકો, 'માબાપના સંસ્કારના અભાવ'ને ગુનેગાર તરીકે ચીંધે છે. વિભાજિત ઘરો, છૂટાછેડા, વધારે પડતું ટેલિવિઝન જોવું, શિસ્તનો અભાવ, કોઈ નિશ્ચિત ધારાધોરણોનો અભાવ – આ બધાં કારણોને પરિણામે કુટુંબો તૂટતાં જાય છે અને અનિષ્ટ તત્ત્વો જન્મે છે.

એક પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકે કહ્યું : 'મને આજના બાળકોમાં આદરના ભાવની ચિંતા થાય છે. તેઓ સમોવડિયાઓનું અપમાન કરે કે મોટાઓને માઠું લગાડે, એની તેઓને કંઈ જ દરકાર હોતી નથી.' બાળકોમાં

શિષ્ટાચારનો અભાવ જણાય છે. ગુનાઈત ઈશારાઓ, બીભત્સતાઓ, સાદા હુકમો માનવાની પણ ના પાડવી. આ માટે બાળકોમાં શરૂઆતથી જ સારા સંસ્કારોનું સિંચન કરવાની જરૂર છે. આથી સભ્યતા, બીજાઓની લાગણી પ્રત્યે વિચારશીલતા, ધૈર્ય, સહિષ્ણુતા અને માનવ હક્કો પ્રત્યે આદરની લાગણી દૃઢ થશે.

લોકો એકબીજા પ્રત્યે ઈર્ષાભાવે જોતા થયા છે, તેને કારણે લોકોમાં પાશવી ગુણ વધી રહ્યા છે. લાગણી નામનું તત્ત્વ જ લોકોમાંથી નાશ પામ્યું છે. જે દેશ એની સભ્યતા માટે ગૌરવ અનુભવતો હતો તે દેશ અસંસ્કારી લોકોનો દેશ બની ગયો છે.

ટેલિવિઝને, ખાસ કરીને બાળકો, તરુણો અને યુવા માનસને ભડકાવ્યું છે. સભ્યતા, વર્તુણૂક અને વાણીને ભ્રષ્ટ બનાવી છે. આપણે અને આપણા બાળકો હમેશાં કાલ્પનિક અને છીછરા કાર્યક્રમો જોયા કરતા હોઈએ છીએ. પરિણામે આપણી વર્તણૂક અને વ્યવહારમાં છીછરાપણું, તોછડાપણું અને અનાદરણીય વલણના દર્શન થાય છે. કેટલાક કાર્યક્રમો તો માબાપ કે વડીલો સાથે બેસીને બાળકોને ન જોવાલાયક પણ બાળકોની હાજરીમાં માબાપો-વડીલો સાથે બેસીને જોતા હોય છે. પરિણામે બાળકોમાં તેવા સંસ્કારોનું સિંચન થાય છે.

આજની ફિલ્મો હિંસાને મહત્ત્વ આપે છે. તેનાં પાત્રો અધિકારથી ધમકી આપતાં હોય તેમ બોલવામાં સંતોષ મેળવે છે. પ્રભુત્વ હોવાનું અભિમાન, ઉગ્ર બનવું, બડાઈ મારવી, ઉશ્કેરાઈ જવું, પડકાર ફેંકવા આ બધું બાળ અને યુવા માનસને બહેકાવી મૂકે છે. હિંસા વકરે છે. પછી ધર્મને નામે,

કોમને નામે, જાતિને નામે તોફાનો થાય તેમાં નવાઈ પામવા જેવું નથી. આજે તો સમાજમાં ગુનેગારને સમાજ માન આપે છે. કોઈ પણ જાતના ડર વગર ગુનો કરી શકે છે. બળાત્કાર કરી શકે છે. હેરાફેરી કરી શકે છે, ખૂન કરી શકે છે અને કોઈ વાંધો ઉઠાવે તો તેના પર શારીરિક હુમલો કરવામાં આવે છે ! ઘોંઘાટિયા વૃંદોમાં ફરતા કેટલાક યુવાનો અને યુવતીઓ પણ ગંદી ભાષા, મદ્યપાનનું સેવન, બીભત્સ હાવભાવ, જોનારાઓ પણ શરમાય તેવી ઉદ્ધત વર્તણૂકથી ઉદ્ધતાઈના પ્રદર્શનથી મોટેરાઓને આઘાત પહોંચાડવા જાણી જોઈને કોકટેલ પાર્ટીઓ, ડાન્સ પાર્ટીઓની સાથે સાથે કપડાં ઉતારવાની રમત શરૂ થાય છે. આ બધી ગેરવર્તણૂક ટેલિવિઝન અને આજની બીભત્સ ફિલ્મો છે.

માનવજાતની વર્તણૂકની જાળવણી કરવા માણસે ઘડી કાઢેલા કાયદાઓથી પુસ્તકાલયો ભરાઈ જાય, તોપણ એ માનવજાતને જરૂરી માર્ગદર્શનમાં પરિણમ્યા નથી. કહેવાય છે કે સમાજ જેટલો સારો, તેને કાયદાની એટલી ઓછી જરૂર પડે છે.

માણસ કોમવાદ, જાતિવાદ, ભાષાવાદ, પ્રદેશવાદની ભીંસમાં ભીંસાઈ રહ્યો છે. જેને કારણે ઘણાં અનિષ્ટો પેદા થાય છે, ગેરસમજ પેદા થાય છે, હિંસાવાદને, આતંકવાદને પુષ્ટિ મળે છે. હિંસાવાદ વકરે છે. પરંતુ માણસ એ સમજે તો માણસ માણસ વચ્ચે કોઈ કોમ, જાતિ કે ભાષા નથી. કોઈ પણ વ્યક્તિ જન્મથી હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ કે પારસી હોતો નથી. માત્ર માણસ જ હોય છે. માણસ જ્યારથી સમજણો થાય છે તે સાથે જ તેનામાં આસુરીતત્ત્વોનો પ્રવેશ થાય છે. ધર્મ-જાતિને બાજુ પર રાખીએ તો માણસ

એ સૌ પ્રથમ તો માણસ જ છે. માણસે આંતરમનને જાગ્રત કરીને માણસના હૃદય સુધી પહોંચાડવાનું છે. જો માણસ માણસના હૃદય સુધી પહોંચી એકબીજાની લાગણીઓને સમજે તો 'સંસ્કાર પરિવાર'ની સ્થાપના થાય અને સુસંસ્કૃત સમાજની રચના થાય.



૫૪. હિંસા - અહિંસા

ભગવાન મહાવીર, ગૌતમબુદ્ધ, ઈસુખ્રિસ્ત અને ગાંધીજીના સિદ્ધાંતો અહિંસાના પાયા પર ચણાયા છે. મહાવીર સ્વામીએ તો ત્યાં સુધી કહ્યું છે કે, 'હે માનવ ! જો તને ઝગડામાં રસ પડતો હોય તો તું જરૂર એમાં સામેલ થા, પરન્તુ એટલું ધ્યાન રાખજે કે જ્યારે તું લડે, હિંસા કરે ત્યારે તારામાં રહેલા શત્રુઓની સાથે લડજે અને તેનો સંહાર કરજે તારામાં રહેલા કામ, ક્રોધ, લોભ અને મોહ એ આત્માના ભિષણ શત્રુઓ છે. એમની હિંસા કરીને તું પરાસ્ત કરજે. એમાં જ તારું હિત છે. પૂર્ણતા છે. બહારની લડાઈથી ક્યારેય સુખ મળતું નથી.

ગૌતમ બુદ્ધ થયા તે પહેલાં તે રાજકુમાર સિદ્ધાર્થ હતા અને જ્યારે એમણે સમાજમાં પડેલા દૂષણોને નજરો નજર જોયાં, એટલું જ નહીં માણસની જન્મથી મૃત્યુ સુધીની અવસ્થાઓ જોઈ, દુઃખો જોયાં ત્યારે તેમને લાગ્યું કે મારે પણ આ અવસ્થામાંથી પસાર થઈને મૃત્યુ સુધી પહોંચવાનું છે ! તો પછી આવા સંસારમાં રહેવાથી તો જીવનો શિવ સાથેનો સેતુ ન રચાય અને સિદ્ધાર્થ રાજમહેલની ચમકદમક ઝાકઝમાળનો ત્યાગ કરી વૈરાગ્ય ધારણ કરી વિરાગી બન્યા.

આ બધા મહાત્માઓએ પોતાનામાં રહેલ રાગ, દ્વેષ, લોભ, મોહ, માયા, મત્સરની સાથે સતત લડીને હિંસા કરીને તેમને હણ્યા હતા. જેથી તેઓના આત્માનો શિવ સાથે સેતુ રચાયો અને શિવના આત્મામાં જોડાઈ ગયા. આ સર્વ મહાત્માઓ અહિંસાની સામે હિંસાનો સામનો કરતાં કરતાં બ્રહ્મલીન થયા.

ભગવાન ઈસુખ્રિસ્તને ક્રોસ ઉપર ખીલા ઠોકીને મૃત્યુદંડ આપ્યો ત્યારે પણ તેમણે મૃત્યુદંડ દેનારાઓને માફી આપી કહ્યું કે, 'તેઓ શું કરી રહ્યા છે તેની તેમને ખબર નથી...'

દયાનંદ સરસ્વતીને પણ તેમના જ વિશ્વાસુ નોકરે દૂધમાં ઝેર આપ્યું ત્યારે ઝેર દેનારને પણ દયાનંદે દયા બતાવી માફી આપી. અને તે સ્થળેથી તેને કાઢી મૂક્યો. મતલબ કે તેને જતા રહેવામાં મદદ કરી.

મહાન ચિંતક અને તત્ત્વવેત્તા સોક્રેટીસને જ્યારે ઝેર આપવામાં આવ્યું ત્યારે પણ તેઓ કોઈ પણ જાતનો વિરોધ. વિવાદ કર્યા વગર ઝેરને ગટગટાવી ગયા.

ગાંધીજીને ગોડસેએ વીંધી નાખ્યા ત્યારે 'હે રામ' કહીને ગોડસે તરફ પોતાનો હાથ ઊંચો કરીને જીવનની છેલ્લી ક્ષણોએ તેને માફી આપી.

આ બધા મહાત્માઓએ 'સર્વ'નો ત્યાગ કર્યો. 'સર્વ' એટલે સંસારની માયા અને શરીરમાં રહેલાં છ દુશ્મનો. આત્મજ્ઞાનીઓએ તો શરીરમાં રહેલા ષડ્‌રિપુઓનો, સંસારનો અને 'સર્વ'નો ત્યાગ કરી જાતને પ્રભુચરણોમાં સમર્પિત કરીને લોકકલ્યાણ કર્યા છે. આત્માને પવિત્ર કર્યા વગર કરવામાં આવતું લોકકલ્યાણ તે લોકકલ્યાણ નહિં, પણ પોતાના સ્વાર્થ માટે લોકોને દેખાડવામાં આવતું કાર્ય છે. એથી મોક્ષ ન મળે પણ પોતાના આત્મા સાથે કરેલી ભયંકર છેતરપીંડી છે.

આત્માને રાગદ્વેષ રૂપી લાગેલા ડાઘને દૂર કરી પવિત્ર બનાવવો જોઈએ. વ્યવહારમાં રાગદ્વેષ તરફ દોરી જતા લોભને સંતોષ દ્વારા જીતી લેવો જોઈએ.

લોભ એ પાપ છે. લોભ પાપ કરવા પ્રેરે છે. પશુ-પક્ષીનો લોભ તો પેટ પૂરતો હોય છે. મનુષ્યનો લોભ તો પેટ, પેટી, પટારાં અને તેથીય આગળ સુધી વિસ્તરેલો છે. પેટ પૂરતું ખાવા મળે એટલે પેટી પટારાં ભરવા તરફ લક્ષ્ય જાય છે. એ ભરાય એટલે કીર્તિનો લોભ લાગે. સાથે સાથે બધી

ઈન્દ્રિયો પોતપોતાનું સુખ માગે. ક્યાંય સંતોષ નહિં, નિરાંત નહીં આ લોભ જ મનુષ્યને હિંસા તરફ દોરી જાય છે. પોતાનું ધાર્યું કરવા માણસ હિંસાનો સહારો લે છે.

આ હિંસા આવી ક્યાંથી ? જ્યારથી માણસની જિજીવિષા, લોભ અને લાલચ વધ્યાં ત્યારથી હિંસાની શરૂઆત થઈ. હિંસા એ તો આપણામાં રહેલો ક્રોધ રૂપી રાક્ષસ છે. લોભમાંથી જ મોહ ઉત્પન્ન થાય છે. તો આપણામાં રહેલા આ બધા શત્રુઓની સાથે સતત યુદ્ધ કરીને તેને હણવાનાં છે.

